
INDEX

બાળ સંસ્કાર

વર્ષ-3



પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

કરું વંદના હું તમને




શ્રી ઠાકોરજી મહારાજ - લોયાધામ



સદ્‌ગુરુ
શ્રી રામાનંદ સ્વામી




સદ્‌ગુરુ
શ્રી મુક્તાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી આધારાનંદ સ્વામી



સદ્‌ગુરુ
શ્રી હરિપ્રિયદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી




સદ્‌ગુરુ
શ્રી નંદકિશોરદાસજી સ્વામી



સદ્‌ગુરુ
શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

INDEX



શ્રી લોયાધામ પરિવાર સાથે જોડાયેલા
ધોરણ ૯ માં ભણતા આત્મીય
બાળ-બાલિકાઓને સંસ્કાર-સત્સંગ અને
સમજણને સંવર્ધન કરાવતું પાઠ્યપુસ્તક

બાળ સંસ્કાર

વર્ષ-૩

પ્રેરક

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક-સંપાદક

સાધુ સત્સંગવલ્લભદાસ

પ્રકાશક

શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ



બાળ સંસ્કાર વર્ષ-3

પ્રેરક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

લેખક - સંપાદક : સાધુ સત્સંગવલ્લભદાસ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

કોપીરાઇટ : © સર્વહક પ્રકાશકને આધીન.

(આ પુસ્તકનો કોઈ પણ અંશ કોઈ પણ સ્વરૂપે રજૂ કરવા માટે પ્રકાશકની લેખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે.)

રજૂકર્તા : બાળ-કિશોર-યુવા-સત્સંગ સંસ્કાર કેન્દ્ર - લોયાધામ

પ્રકાશન તિથિ : **શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરુ શતાબ્દી મહોત્સવ - લોયાધામ - તા. ૨૧ થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૫**

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૦૦૦

પડતર કિંમત : ૩૦૦/-

વેચાણ કિંમત : ૧૦૦/- (લોયાધામ મંદિરના અનુદાનથી ઘટાડેલી કિંમત)

મુદ્રક : હરિકૃષ્ણ ગ્રાફિક્સ એન્ડ પ્રિન્ટ પ્રા. લી, અમદાવાદ

મો. ૯૮૭૯૯ ૬૧૭૮૯, મો. ૯૮૨૫૮ ૫૦૫૫૯

પ્રાપ્તિ સ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ અને તેની તમામ શાખાઓમાં ઉપલબ્ધ.

Web. : www.loyadham.in, Email : loyadhamnj@gmail.com

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ

મૂ.પો : લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર.પીન : ૩૬૩૪૧૦

મો. ૯૦૯૯૮૯૭૮૦૦, મો. ૯૯૨૫૨૦૭૫૦૪



આશીર્વાદ

આપણી સનાતન વૈદિક સંસ્કૃતિમાં સત્સંગ અને સંસ્કારનું આગવું મહત્વ રહેલું છે. પ્રત્યેક કુટુંબ-પરિવારના વડીલો પોતાના બાળકો, દીકરા-દીકરીઓ, યુવાનો સંસ્કારી બને; સદ્‌ગુણી બને; ભક્તિ સંપન્ન બને એવી અપેક્ષા સેવે છે.

નાના નાના ભૂલકાઓના બાળમાનસમાં સંસ્કારોનું સિંચન કરવાનું કામ જેટલું ઉપદેશ કરે છે તેના કરતા વધુ સારી રીતે વાર્તાઓ કરી શકે છે. બાળકો વાર્તાઓ સાંભળીને સ્વતઃ તેમાંથી બોઠપાઠ મેળવી તેને જીવનમાં અપનાવે છે. આમ, વાર્તાઓ બાળજીવનના ઘડતર માટે ખુબજ ઉપયોગી નીવડી છે.

આપણે સૌ સનાતન ભારતીય સંસ્કૃતિના સંતાનો છીએ. વાર્તાઓનો ચમત્કાર આદિથી માંડી આજ સુધી આપણે સૌએ અનુભવ્યો છે. પહેલાના જમાનામાં ઘરમાં દાદા-દાદી કે માતા-પિતા બાળકોને રોજ રાત્રે વાર્તાઓ કહેતા. ઉપનિષદ્, મહાભારત, રામાયણ, પુરાણોની કથાઓ,

પંચતંત્રની બોધાત્મક પ્રાણીકથાઓ, દેશભક્તોની કથાઓ, દંતકથાઓ વગેરેના સિંચન દ્વારા બાળમાનસ એવું મજબુત બનતું કે તે પોતાને વૈદિક સંસ્કૃતિના વારસદાર હોવાનું, સંસ્કારી હોવાનું, મનુષ્ય હોવાનું, સદ્‌ગુણી હોવાનું ગૌરવ અનુભવતા. હાલ, પાશ્ચાત્ય વિકૃતિ અને આધુનિકતાના કારણે એ પરંપરાઓ લુપ્ત થતી જાય છે અને તેના માઠા પરિણામો પણ આપણે ભોગવી રહ્યા છે.- અસ્તુ....

ઘડતર વિનાના માણસની કોઈ ઝાઝી કિંમત હોતી નથી. ભણતરની સાથે સાથે ઘડતરની સુંગધ ઉમેરાય તો એ જ વ્યક્તિની કિંમત અમૂલ્ય થઈ જાય છે. મનુષ્યનું ઘડતર કરવું એ પથ્થરના શિલ્પ કંડારવા કરતા પણ ઘણું કપરૂ, કઠિણ છે. લોયાધામ સંસ્થા દ્વારા પ્રકાશિત થઈ રહેલ આ પાઠ્યપુસ્તકશ્રેણી જુદી જુદી વાર્તાઓ દ્વારા બાળકોના જીવન ઘડતરની તાલીમ આપશે. અને બાળવયમાં કેવી રીતે સંસ્કાર, સત્સંગ, સદ્‌ગુણ અને સમજણ કેળવવા જોઈએ તેની સમજ આપશે. નાના નાના કુમળા બાળકોના અંતરમાં સત્સંગ, સંસ્કારના પાયાના મૂલ્યોનું સિંચન જો બાળપણથી જ કરવામાં આવે તો તે આદર્શ બાળક અને આદર્શ માનવીથી માંડીને આદર્શ સત્સંગીની એકાંતિક સ્થિતિ કે મુક્તસ્થિતિ સુધી પણ પહોંચી શકે છે. આવું વિચારી લોયાધામ પરિવાર સાથે જોડાયેલા તમામ બાળકો અને બાલિકાઓના સર્વાંગી વિકાસ માટે **લોયાધામ શિશુ ભાગ - ૧-૨-૩** અને **લોયાધામ ભૂલકું - ભાગ - ૧-૨-૩** અને **બાળ સંસ્કાર - ભાગ - ૧-૨-૩** અને **લોયાધામ સંસ્કાર ભાગ - ૧-૨-૩** આ **૧૨ પાઠ્યપુસ્તકો** પ્રકાશિત થઈ રહ્યા છે તે અતિ આનંદ અને રાજીપાની વાત છે. આ પાઠ્યપુસ્તકોના લેખન અને સંપાદન કાર્યમાં અમારા કૃપાપાત્ર વિદ્વાન્ શિષ્ય **શાસ્ત્રી સત્સંગવલ્લભદાસજી**એ ખુબ જ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ભગીરથ પ્રયાશ કર્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમના પર ખુબ રાજી થાય અને મૂર્તિનું ખુબ સુખ આપે એવા રૂડા શુભાશિષ છે.

વિશેષમાં લોયાધામ પરિવારના સર્વે સંતો, સંચાલકો, વડીલો, વાલીઓ, કાર્યકરો જો બાળકોની સાથે બેસીને આ પુસ્તકોનું વાંચન અને અભ્યાસ કરાવશે તો બાળકો વધુ સારી રીતે સંસ્કારી અને સત્સંગી અને સદ્‌ગુણી થશે.

આ પાઠ્યપુસ્તકોના માધ્યમથી બાળકો સત્સંગ, સંસ્કાર, સદ્‌ગુણ અને સમજણના ઉચ્ચ આદર્શોને જીવનમાં આત્મસાત્ કરી દેશ, સમાજ, સત્સંગ અને સ્વજીવનને મૂલ્યસભર બનાવે એ જ શ્રી ઠાકોરજી મહારાજનાં ચરણકમળોમાં પ્રાર્થના સાથે.....



લી.

શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસજીના

જય શ્રી સ્વામિનારાયણ.....



લેખકની કલમે

બાળક વાર્તારસિયું છે. કેટલીક વાર તો એ રમવાનું અને જમવાનુય પાછું ઠેલીને વાર્તા સાંભળવાનું પસંદ કરે છે. કોઈ પણ વાર્તા સરસ રીતે કહેવાતી હોય ત્યારે એ એમાં ખોવાઈ જઈને ખુબ સુખ અનુભવે છે. ઘણીકવાર તો કેટલાક બાળકો ઘરમાં દાદા-દાદી પાસે વાર્તાની ઉઘરાણી પણ કરવા માંડે છે. વાર્તા સાંભળવાના અવસરો મેળવવાનો બાળકોનો જન્મસિદ્ધ અધિકાર છે. એમને આ અધિકાર માણવા દેવો એ આપણું બાળવત્સલ કર્તવ્ય છે.

બાળકો દ્વારા વાર્તાની માંગ થતા આપણે મોટે ભાગે તેમને વાર્તાઓ કહીએ છીએ ખરા; પણ એ સાંભળતા સાંભળતા બાળક શા માટે બીજે ધ્યાન આપતું હશે? એ શા માટે ઊંઘી જતું હશે ? એ શા માટે જોલે ચડતું હશે ? બાળકના આ ચાળા સૂચવે છે કે એને આપણે યોગ્ય રીતે વાર્તા કહી શક્યા નથી. આપણને જો વાર્તાને યોગ્ય રીતે કહેતા આવડતી હોય તો બાળક ઊંઘવાનૂંય છોડી મૂકીને આખી રાત વાર્તા સાંભળે છે. બાળકોને વાર્તા સાંભળીને આનંદ અને સંતોષ મળે તે માટે આપણે **'વાર્તા કહેવાની કલા'** જાણવી, સમજવી અને અપનાવવી જોઈએ.

* **વાર્તા કહેવાની કલા :**

૧. વાર્તા કહેવાનું શરૂ કરતા પહેલાં આપણા મનમાં વાર્તાની વિગતો અંગે પૂરી સ્પષ્ટતા હોવી જોઈએ. ફાવે તેમ વાર્તા કહેવી શરૂ કરી દઈએ પછી એ આગળ વધારતા જવાનો ખ્યાલ ખૂબ જોખમી ગણાય છે. રસભંગ અને અનૌચિત્યથી બચવા માટે બાળકોને કહેવાતી વાર્તા આપણને અચૂક કંઠસ્થ હોવી જોઈએ.

૨. કેટલીક વાર્તાઓ સમજી શકવા માટે વાર્તાની ઐતિહાસિક, ભૌગોલિક, શાસ્ત્રીય, રાજકીય કે ભાષાકીય પૂર્વ ભૂમિકા (Preface) બાંધવી જરૂરી હોય છે. આથી એવી વાર્તા કહેતા અગાઉ જરૂરી ભૂમિકા સરસ ઢબે બાંધવી જોઈએ.

૩. બાળક સમક્ષ રજૂ થતી વાર્તા જે તે વખતે સંપૂર્ણપણે રજૂ થવી જોઈએ. કિશોરવયનાં બાળકોને લાંબી વાર્તા હપતાસર સાંભળવી કદાચ ફાવે પરંતુ શિશુઓતો અખંડ વાર્તા જ માણી શકે.

૪. બાળકોને હંમેશા નવીનકોર જ વાર્તા સાંભળવા જોઈએ એવું નથી હોતું. તે પોતાને માનીતી વાર્તાઓ ફરી ફરી સાંભળવાને પણ ઈચ્છતું હોય છે. કેટલીક વાર્તામાં વારંવાર આવતા ખાસ વાક્યો, પંક્તિઓ કે સંવાદોનું પુનરાવર્તન પણ બાળક માણતું હોય છે.

૫. વાર્તાઓ સસ્મિત ચહેરે સીમિત ભાવચેષ્ટાઓ સાથે જ રજૂ થવી જોઈએ.

૬. બોલવાની ઝડપ મધ્યમ રાખવી જોઈએ.

૭. વાર્તામાં આવતા સંવાદોને અનુરૂપ પોતાના અવાજમાં ફેરફાર આણવાની કુશળતા પણ કેળવવી જોઈએ.

૮. અવાજનો સહજ ઉતાર-ચઢાવ વાર્તામાં જમાવટ માટે જરૂરી છે.

૯. વાર્તા ફક્ત વાંચી જવાથી કોઈ અર્થ સરતો નથી પરંતુ વાર્તા જાણે આપણે જોયેલી કે હાલમાં જ જાણેલી હકીકત કહેતા હોઈએ તે રીતે કહેવાવી ઘટે.

૧૦. વાર્તાના અંતે સારાંશ (બોધપાઠ) પણ બાળકોને પુછવો અને કહેવો જોઈએ...

આ પાઠ્યપુસ્તકોમાં અસરકારક વાર્તા કથન માટે એવી કેટલીય રસપ્રદ-બોધપ્રદ વાર્તાઓ આલેખાયેલ છે જેનાથી બાળકોનો સર્વાંગી વિકાસ થશે. પૌરાણિક કથા, ઐતિહાસિક કથા, અવતાર કથા, મહાપુરૂષો અને ઋષિઓની કથા, વૈજ્ઞાનિકકથા, પ્રવાસકથા, લોકકથા, પ્રાણીકથા, સત્યકથા, દંતકથા, સાહસકથા, હાસ્યકથા, દેશભક્તોની કથા, સમાજસેવકોની કથા, શ્રીજીમહારાજ અને નંદસંતોની કથાઓ હરિભક્તોની કથાઓ, આદર્શ સ્ત્રી ભક્તોની કથાઓ, આદર્શ બાળકોના આખ્યાનો વગેરેની સાથે સાથે બાળકોને ગમે તેવા રંગબેરંગી ચિત્રો પણ મુકવામાં આવ્યા છે. બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય અને સત્સંગ સમજણ દૃઢ થાય તે માટે વિવિધ એક્ટિવિટીઝ જેવી કે ઊખાણાં, કોયડા ઉકેલ, સુટેવ-કુટેવ, રંગપુરણી, બાળગીતો, સૂત્રો, સુવાક્યો, સુભાષિતો, કીર્તનો-પદો, સંપૂર્ણ નિત્યનિયમ, વચનામૃત અને નંદસંતોના અમૃતવચનો, વાણી-વર્તનના વિવેક, નાનીનાની પંક્તિઓ, કડીઓ વગેરે દ્વારા આ પાઠ્યપુસ્તકશ્રેણી સમૃદ્ધ બનેલી છે. ગમ્મત સાથે જ્ઞાન આપે તેવી પ્રવૃત્તિઓથી તૈયાર થયેલ આ પાઠ્યપુસ્તકોના પ્રત્યેક પેજ ઉપર જીવન જીવવાની ઉત્તમ કળાઓ છે. આ પાઠ્યપુસ્કોથી બાળકો આપણી સનાતન વૈદિક સંસ્કૃતિથી સુવિદિત થશે. આના નિયમિત વર્ગો, અભ્યાસ અને પરીક્ષા દ્વારા તેમની ભાવનાઓમાં વધારો થશે અને તેમનામાં ભક્તિ, સત્સંગ, સંસ્કાર, સદ્‌ગુણ અને સમજણના બીજ પણ રોપાશે. આ પુસ્તકો માત્ર બાળકોને જ નહિ પણ કથાકારોને, હરિચરિત્રના રસિકોને, વાલીઓને, શિક્ષકોને અને સંચાલકોને પણ ખૂબ જ ઉપયોગી નિવડશે એવી આશા છે.

શ્રી મુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરૂ શતાબ્દી મહોત્સવ તારીખ ૨૧ થી ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ નિમિત્તે બાળકોના જીવન ઘડતર માટે લોયાધામમાં આ પાઠ્યપુસ્તકોનું પ્રકાશન થઈ રહ્યુ છે. શ્રી ઠાકોરજી મહારાજ, મુક્તાનંદીય ગુરૂપરંપરાના ભગવત્સ્વરૂપ બ્રહ્મનિષ્ઠ સમર્થ સદ્‌ગુરૂઓ અને પરમ પૂજ્ય ગુરૂજીની શુભપ્રેરણા અને આશીર્વાદથી જ આ પાઠ્યપુસ્તકશ્રેણીનું આલેખન થયું છે. અહીં જે કાંઈ આપણે સારૂં લાગે તે એમનો કૃપાપ્રસાદ છે; અને જે કાંઈ અણગમતું હોય તે આ સેવકની ક્ષતિ છે એમ માની રાજી રહેજો.

પુસ્તકને ક્ષતિ રહિત બનાવવા પૂરતાં પ્રયાસો થયા છે છતાં પણ કાંઈ પ્રેસભૂલ જણાય તો અનુકંપા કરશોજી અને આ આત્માનું ભગવાન સારૂં કરે એવા આશીર્વાદ આપશોજી. આ પુસ્તકો દ્વારા સહું કોઈનું જીવન ઉર્ધ્વગામી બને; શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસના દૃઢ થાય અને સત્સંગમાં દૃઢ પાયો કરી, એકાંતિક સ્થિતિ પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના સાથે...

લી.
સાધુ સત્સંગવલ્લભદાસના
જય શ્રી સ્વામિનારાયણ

પ્રકાશકીયમ્

આજની બાળ-કિશોર-યુવા પેઢીને દિન પ્રતિદિન વધતાં જતાં વિષય-વ્યસન અને ફેશનના કલુષિત વાતાવરણથી બચાવી સત્સંગનાં શુભ સંસ્કારો સિંચી ભગવદ્‌સન્મુખ કરવાં માટે પરમ પૂજ્ય સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીએ (લોયાધામ) બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર પ્રવૃતિ ચાલું કરાવી છે. જેમાં ઘણી મોટી સંખ્યામાં બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતીઓ જોડાયાં છે / જોડાય રહ્યાં છે.

પરમ પૂજ્ય ગુરૂજીની પ્રેરણાથી આપણા ગામમાં/ શહેરમાં અઠવાડિક સત્સંગ સભા ચાલે છે / શરૂ કરી છે; તેમાં પૂજ્ય ગુરૂજીએ યુવાનોને પણ કથા-વાર્તા કરવા શીખવાની પ્રેરણા આપી છે. આજે કેટલાય બાળ- કિશોર-યુવા-યુવતીઓ- હરિભક્તો શ્વેતાંબરી સાધુ બનીને શ્રીજીમહારાજ, આદિગુરૂદેવશ્રી મુક્તાનંદ સ્વામી, સદ્‌ગુરૂઓ અને લોયાધામના ઉત્કૃષ્ટ જ્ઞાનનું પ્રવર્તન સુપેરે કરી રહ્યાં છે. આ કાર્ય સરળતાથી થઈ શકે અને તેની પરીક્ષાઓ પણ યોજી શકાય તે માટે આ **બાર પાઠ્યપુસ્તકો** ખૂબ જ સહાયરૂપ બની



રહેશે. આ પાઠ્યપુસ્તકો દ્વારા લોયાધામ પરિવાર સાથે જોડાયેલા ધોરણ ૧ થી ૧૨માં ભણતા બાળકો અને બાલિકાઓને **પાઠશાળા ધોરણે** વ્યવસ્થિત એકધારૂ સત્સંગ અને ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન સરળ અને શુદ્ધભાષામાં મળતું રહેશે.

શ્રી ઠાકોરજી મહારાજ અને મુક્તાનંદીય ગુરૂપરંપરાના સમર્થ પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ પૂજ્યપાદ્ ગુરૂજીની શુભપ્રેરણા અને આશીર્વાદથી **લોયાધામ પરિવારના વિદ્વાન સંત શાસ્ત્રીશ્રી સત્સંગવલ્લભદાસજી સ્વામી**એ ખુબ જ શ્રદ્ધા અને ભક્તિપૂર્ણ પરિશ્રમ કરીને **ધોરણ ૧ થી ૧૨ની આ પાઠ્યપુસ્તકશ્રેણી** તૈયાર કરી છે. બાળકોને આ પુસ્તકો ભણાવી શકે એવું કોઈ ન હોય કે વાર્તા કહી સંભળાવે એવું કોઈ ન હોય ત્યારે પણ બાળકોને જાતે પણ આ પુસ્તકો અને વાર્તાઓ વાંચવી ગમે તેવી સરળ અને રસાત્મકશૈલીમાં વાર્તાઓને આલેખી છે. સોનામાં સુગંધ ભળે તેમ પાને પાને વાર્તાઓને અનુરૂપ બહુરંગી ચિત્રો દ્વારા આ પુસ્તકો વધુ દિવ્ય, ભક્તિપ્રધાન અને સુશોભિત કરાયા છે. રંગબેરંગી ચિત્રો દ્વારા બાળકોની કલ્પના શક્તિ પણ વિકશસે અને ચિત્રકળામાં પણ રસ જાગશે.

આ પાઠ્યપુસ્તકો ગાગરમાં સાગર સમાન છે અને જ્ઞાનવૃદ્ધિનો ખજાનો છે. આના અભ્યાસથી નાના-મોટા સૌ કોઈમાં સદ્‌ગુણો કેળવવાની સ્વાભાવિક ઉત્કંઠા જાગશે અને સત્સંગ, સંસ્કાર અને સમજણ દ્રઢ થશે. આ પાઠ્યપુસ્તકો દ્વારા પૂજ્ય સંતો, શિક્ષકો, વાલીઓ અને સંચાલકોને પણ બાળકોમાં સંસ્કારનું સિંચન કરવામાં સરળતા અનુભવાશે. આશા છે આ પાઠ્યપુસ્તક શ્રેણી આપને ગમશે અને સર્વેના જીવનને ઉર્ધ્વગામી બનાવવામાં સહાયરૂપ નિવડશે.

આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત કરવા માટે બનતા પ્રયાસો થયા છે છતાં પણ કોઈ દોષ જણાય તો આપ રાજી રેજો અને જે તે ક્ષતિઓને અમારા સુધી પહોંચાડશો જેથી નવી આવૃત્તિઓમાંથી તે કચાશ કાઢી શકાય.

☞ વિશેષમાં પૂજ્ય સંતો, સંચાલકો, વાલીઓ, વડીલો અને બાળકોએ આ પાઠ્યપુસ્તકોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિગતો પણ આગળના પૃષ્ઠોમાં આપવામાં આવી છે, જેનો ઊંડો અભ્યાસ કર્યા બાદ જો આ પુસ્તકોને ઉપયોગમાં લેવામાં આવશે તો ધાર્યું ફળ મેળવી શકાશે.

આ પુસ્તકોનાં પ્રકાશન કાર્યમાં મદદરૂપ થનાર સૌ કોઈ પર ભગવાનની કૃપા વર્ષા થતી રહે એવી પ્રાર્થના સાથે....

બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર

લોયાધામ

પુસ્તક ભણાવવા વિષે

૧. સંચાલકો-શિક્ષકો-વાલીઓ-વડીલો માટે :

- એક વર્ષનાં કુલ **૫૨** રવિવારમાંથી **દિવાળીનો દોઢ મહિનો અને ઉનાળાનો દોઢ મહિનો** બાદ કરતા **૪૦** રવિવાર બાકી રહે છે. આમ, એક વર્ષમાં કુલ **૪૦** સભા થાય તે રીતે આ પુસ્તકમાં **૪૦** પાઠ તૈયાર કરાયા છે.
- અઠવાડિક બાળસભાનો વાર કે દિવસ પરિસ્થિતિ પ્રમાણે ગમે તે હોય પણ બાળસભાનો કાર્યક્રમ અને સમય બંધારણ નીચે મુજબ જ કરવું. જો શક્ય હોય તો સભા રવિવારે જ કરવી.

સભાનું સમય બંધારણ	**સમય**
ધૂન	૫ મિનિટ
કીર્તન/પ્રાર્થના	૫ મિનિટ
ચરિત્રામૃત વિભાગ	૨૦ મિનિટ
સત્સંગ સમજણ વિભાગ	૨૦ મિનિટ
વિશેષ/અન્ય	૧૦ મિનિટ
કુલ સમય	**૧:૦૦ કલાક**

- પ્રત્યેક સભામાં ધૂન-કીર્તન બાદ **૨૦** મિનિટ **ચરિત્ર નિરુપણ** કરવાનું રહેશે. જેને પહેલેથી વાંચી-વિચારી-સમજી લેવું.
- પ્રત્યેક સભામાં ચરિત્રામૃત પછી **'સત્સંગ સમજણ વિભાગ'** આપવામાં આવ્યો છે; જેમાં સત્સંગના પારિભાષિક શબ્દો જેવા કે, આજ્ઞા, ઉપાસના, નિશ્ચય, સેવા, સત્સંગ, સત્સંગી



વગેરેની સમજણ આપવામાં આવી છે. તે વાંચી બાળકોને સમજાવવાનો રહેશે.

- આ પુસ્તકના અંત ભાગમાં **હ.ચ.સા.**ની કેટલીક ચુંટેલી **કડીઓ** મૂકવામાં આવી છે જેને સમયની સાનુકૂળતાએ દરેક સભામાં એક-એક કડી ગાઈ-ગવડાવી બાળકોને કંઠસ્થ કરાવવાની રહેશે.
- દરેક પાઠના અંતે આપેલ **સ્વાધ્યાયને** બાળકો પાસે ગૃહકાર્ય તરીકે કરાવવાનો રહેશે અને લેખિત-મૌખિક પરીક્ષા પણ લેતા રહેવાની રહેશે.
- પુસ્તકના અંત ભાગમાં **શ્રીજી મહારાજના જીવનચરિત્રલક્ષી પ્રશ્નોતર** પણ આપવામાં આવ્યા છે જેને બાળકો પાસે કંઠસ્થ કરાવવાના રહેશે.
- સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ પાઠ્યપુસ્તકોનું વર્ગીકરણ નીચે પ્રમાણે સમજવું અને ત્યાર બાદ આ પુસ્તકોનો ઉપયોગ બાળકોને ભણાવવા માટે કરવો.

ધોરણ	પાઠ્યપુસ્તકનું નામ	ઉંમર મર્યાદા (વર્ષમાં)
૧	લોયાધામ શિશુ - વર્ષ-૧	૫-૬
૨	લોયાધામ શિશુ - વર્ષ-૨	૬-૭
૩	લોયાધામ શિશુ - વર્ષ-૩	૭-૮
૪	લોયાધામ ભૂલકું - વર્ષ-૧	૮-૯
૫	લોયાધામ ભૂલકું - વર્ષ-૨	૯-૧૦
૬	લોયાધામ ભૂલકું - વર્ષ-૩	૧૦-૧૧
૭	બાળ સંસ્કાર - વર્ષ - ૧	૧૧-૧૨
૮	બાળ સંસ્કાર - વર્ષ - ૨	૧૨-૧૩
૯	બાળ સંસ્કાર - વર્ષ - ૩	૧૩-૧૪
૧૦	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૧	૧૪-૧૫
૧૧	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૨	૧૫-૧૬
૧૨	લોયાધામ સંસ્કાર - વર્ષ - ૩	૧૬-૧૭



- આ **"બાળ સંસ્કાર વર્ષ ૩"** પુસ્તકની રચના **ધોરણ-૯**માં ભણતા બાળકો અર્થાત્ ૧૩-૧૪ વર્ષની ઉંમરના બાળકોની બૌદ્ધિક ક્ષમતાના આધારે કરવામાં આવી છે. નવા આવેલા ૧૫થી ૪૦ વર્ષના યુવાનોને પણ બાળકની કક્ષામાંજ ગણવા.
- આ **બાળ સંસ્કાર** પુસ્તક કુલ ૩ ભાગમાં પ્રકાશિત છે. આમ, બાળ-બાલિકાઓ માટે ૩ વર્ષનો કોર્સ રહેશે.
- **પાઠ ૧ થી ૨૦** ની **૬ માસિક** અને **પાઠ ૧ થી ૪૦**ની **વાર્ષિક પરીક્ષા** લેવાની રહેશે. જેનાં પરીક્ષા પેપર **"શ્રી લોયાધામ બાળ-કિશોર-યુવા સત્સંગ સંસ્કાર કેન્દ્ર"** માંથી નીકળશે. અથવા ગામના/શહેરના સંચાલકો સ્વયં પેપર કાઢી પરીક્ષા લેશે.
- વાર્ષિક પરીક્ષાનાં સમય પહેલાં સંપૂર્ણ પુસ્તક ભણાવી દેવાનું રહેશે.
- પ્રત્યેક સંચાલકે બાળસભાના સભ્યોનું **એડમીશન ફોર્મ** ભરવાનું રહેશે. અને પ્રત્યેક સભામાં **હાજરીપત્રક** રાખી હાજરી પુરવાની રહેશે.
- જે બાળકનું વાણી-વર્તન અયોગ્ય અને અનિયમિત હોય તેનું એડમીશન રદ કરી તેને પ્રેમથી રજા આપવાની રહેશે.

(૨) સંચાલકોનું નૈતિક કર્તવ્ય :

- સંચાલકોનાં જીવન વ્યવહારની સભ્યો પર ખૂબ જ ઊંડી અસર થાય છે. માટે મહારાજ અને મોટા પુરુષને ગમે તેવું અને એક **સભ્ય સંસ્કારી માણસ**ને શોભે તેવું જ વાણી-વર્તન-જીવન રાખવું.
- આ પુસ્તકમાં જે જે શીખવવામાં આવ્યું છે તે બધું જ **સંચાલકનાં જીવન-વ્યવહારમાં** અવશ્ય પળાતું હોવું જોઈએ.
- **લોયાધામ પરિવાર** સાથે ઓછામાં ઓછા **૨ વર્ષ**થી જોડાયેલ આત્મીય ભક્તને **સંચાલકની** સેવા માટે પૂજ્ય સંતો દ્વારા નિમણુંક કરવામાં આવશે.
- પ્રત્યેક સંચાલક **પૂજ્ય ગુરુજી** અને લોયાધામ પરિવારનાં **ઓછામાં ઓછા બે સંતો**ના **લાઇવ કોન્ટેક્ટ**માં રહેતાં હોવા જોઈએ.



- પ્રત્યેક સંચાલકે પોતાનાં ગામ/શહેર કે સભાની પરિસ્થિતિથી પોતાનાં ઉપરી સંચાલકને વાકેફ રાખવા.
- પ્રત્યેક સંચાલકે અવશ્યપણે **સફેદ ઝભ્ભો-લેંઘો** પહેરીને જ સભા કરવી.
- ક્યારેય કોઈ પણ બાળક ઉપર હાથ ઉપાડવો નહિ. સખતાઈ અને ક્રોધની ભાષા કરતાં **પ્રેમની ભાષા**થી બાળકને સમજાવશો તો પરિણામ અવશ્ય મળશે.
- સભાનાં સમય દરમ્યાન પોતાનો **મોબાઇલ ફોન સ્વીચ ઓફ** અથવા **સાયલન્ટ** રાખવો. ચાલુ સભામાં કોઈ સાથે ફોનમાં વાત કરવી નહિ.
- **બાળકો કેળવી સંસ્કારી, નિષ્ઠાવાન્ બનાવવાં એ એક કળા-કૌશલ છે. તેમાં જેટલો વધારે સમય ગાળશો એટલાં જ સારા ફળ મળશે.**
- કોઈ પણ બાળકને **'તુંકારે'** બોલાવવા નહિ. તેના નામની પાછળ **'ભગત'** લગાડીને જ બોલાવવા. દા.ત. **દર્શન ભગત.**
- પ્રત્યેક સંચાલકે અને બાળકે **"નિત્ય નિયમાવલી"** પણ સાથે રાખવી. સમયની સાનુકૂળતાએ નિત્યનિયમ પણ બોલાવી કંઠસ્થ કરાવવાનાં રહેશે.
- **સભાના ૪૦ રવિવારને બાદ કરતા બાકી રહેલા ૧૨ રવિવારે સંચાલક સ્વૈચ્છિક રીતે આનંદોત્સવ, રમતોત્સવ, તીર્થસ્થાન દર્શન વગેરેનું આયોજન કરી શકે છે.**

(૩) સભાનું આયોજન અને પૂર્વતૈયારી :

- સભા સ્થળની સાફ-સફાઈ કરી એક સુંદર ટેબલ ઉપર આસન પાથરી **શ્રી ઠાકોરજી મહારાજ**ની મૂર્તિ પધરાવી અને તેનાથી નીચું બીજું આસન પાથરી તેના ઉપર **ગુરુપંરપરાની મૂર્તિ** દર્શન માટે પધરાવવી. સભામાં શ્રી ઠાકોરજી મહારાજ સમક્ષ **વચનામૃત, મુક્તાનંદ કાવ્ય** જેવાં મૂળ ગ્રંથને તો અવશ્ય રાખવા. શ્રી ઠાકોરજી મહારાજ અને ગ્રંથને પ્રણામ કરી, પોતાનાં સ્થાને બેસી **"બાળ સંસ્કાર"** પુસ્તકનું વાંચન અને નિરુપણ કરવું.
- સભાની શરૂઆતમાં પ્રાર્થના બાદ નીચે જણાવેલ છ (૬) જય અવશ્ય બોલાવવી. જય બોલાવવાની પદ્ધતિ એક જ રાખવી પણ અદલાબદલી ન કરવી.



(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય (૨) શ્રી ઠાકોરજી મહારાજની જય (૩) શ્રી હરિકૃષ્ણ મહારાજની જય (૪) શ્રી ઘનશ્યામ મહારાજની જય (૫) શ્રી સદ્‌ગુરુદેવની જય (૬) શ્રી પાંચસો પરમહંસની જય.

- ધૂન-પ્રાર્થના-કીર્તન કોણ બોલાવશે તેની સોંપણી પહેલેથી જ કરી રાખવી અથવા સ્વયં ઉચ્ચ મધુર સ્વરે બોલાવવું. જો બાળકને પણ ગાવા કે બોલવા દેવાનો અવસર આપવામાં આવે તો સર્વને સભા પોતાની લાગશે અને બાળકો તૈયાર થશે.
- બાળસભા રસપ્રદ બનાવવા માટે દરેક પાઠની પૂર્વતૈયારી અને મનન ખૂબ જ જરૂરી છે, તો જ આ પુસ્તકનો હેતુ સફળ થશે. ચરિત્રોનો રસાળ ઉલ્લેખ આ પુસ્તકમાં છે; છતાં તેના વિસ્તાર અને રોચકશૈલીની રજુઆત માટે વક્તાસંચાલકે પૂર્વતૈયારી કરવી આવશ્યક છે.

(૪) બાળકોનું કર્તવ્ય :

(૧) આપણી રમત-ગમત, મોજશોખ છોડી દર અઠવાડિયે બાળસભામાં નિયમિત-સમયસર હાજરી આપવી. બાળસભાનાં સમય કરતાં દશ મિનિટ પહેલા પહોંચી જવું.

(૨) બાળસભામાં આપણા બૂટ-ચંપલ લાઈનમાં જ ઉતારવા અને અન્યનાં બૂટ-ચંપલ આપણે ન પહેરવા.

(૩) બાળસભામાં ફરજીયાત સફેદ વસ્ત્રો (ઝભ્ભો-લેંઘો) અથવા સંસ્થા દ્વારા નક્કી કરાયેલ ડ્રેસ પહેરીને જ જવું અને તિલક-ચાંદલો ફરજીયાત કરવો.

(૪) બાળસભામાં બોલાતી ધૂન, પ્રાર્થના, કડી, શ્લોક, વાતો, કીર્તન, પ્રતિજ્ઞા વગેરે ઉચ્ચ સ્વરે મુખપાઠ બોલવાં.

(૫) બાળસભામાં બાળસભાની ચોપડી નોટ-પેન લઈને જવું અને સભા દરમ્યાન અગત્યનાં મુદ્દા નોટબુકમાં નોંધવા.

(૬) સભામાં બેસતા પહેલા મહારાજની મૂર્તિ સમક્ષ છ (૬) દંડવત્ કરીને સંચાલકશ્રીને પગે લાગીને જ બેસવું.



(૭) સભામાં શિસ્ત, વિનય, વિવેક અને મર્યાદા જાળવવી. બેસવામાં આડી-ઊભી લાઈન જોઈ શિસ્તમાં બેસવું.

(૮) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકોની આજ્ઞામાં જ રહેવું. મનનું ધાર્યું મુકવું.

(૯) બાળસભાના બાળકો અને સંચાલકશ્રીનાં નામ પાછળ ભગત લગાડીને જ આદરપૂર્વક બોલીએ. **દા.ત. જીજ્ઞેશ ભગત.**

(૧૦) સભામાં સંચાલક સાહેબને આદર આપીએ. તેમને 'તુંકારે' ન બોલાવીએ તથા તેમની સાથે અવિવેકી વર્તન ન કરીએ.

(૧૧) સંતોના આખા નામ આદરપૂર્વક બોલીએ. **દા.ત. પૂજ્ય સુવ્રતવલ્લભસ્વામી.**

(૧૨) સભામાં કોઈ પ્રશ્ન પુછાય ત્યારે અથવા આપણે કંઈક પૂછવું હોય ત્યારે આંગળી ઊંચી કરવી, પરંતુ વચ્ચે ન બોલવું.

(૧૩) જો મોબાઈલ ફોન લઈને બાળસભામાં જવાનું થાય તો સભા દરમ્યાન મોબાઇલ ફોન સ્વીચ ઓફ અથવા સાયલન્ટ રાખવો.

(૧૪) સભામાં પૂજ્ય સંતો અને સંચાલકશ્રી સાથે એક પલંગ, સોફા કે ખુરશી પર ન બેસવું. પણ તેમની સન્મુખ નીચા આસને જ બેસવું.

(૧૫) બાળસભા જે સ્થળે હોય તે સ્થળે કોઈપણ વસ્તુને પૂછ્યા વિના અડવું નહિ તથા નુકશાન પણ ન થાય તે ધ્યાન રાખવું.

(૧૬) બાળસભામાં ધમાલ-મસ્તી કે અટકચાળા ન કરીએ, તથા અંદરોઅંદર વાતો ન કરવી. પૂજ્ય સંતો અને સંચાલકોની વાતને એકાગ્રતાથી સાંભળવી.

(૧૭) બાળસભામાં યોજાતા કાર્યક્રમોમાં, સ્પર્ધાઓમાં ઉત્સાહ અને ઉમંગથી ભાગ લેવો.

(૧૮) આરતી અને પ્રસાદ માટે દોડાદોડી ન કરવી પણ લાઈનમાં ઉભા રહેવું.

(૧૯) નવાં-નવાં બાળકોને આપણી બાળસભામાં આગ્રહપૂર્વક લઈ આવવા અને તેમનો સંચાલકશ્રી તથા પૂજ્ય સંતોને પરિચય કરાવવો.

(૨૦) આપણા જન્મદિવસે તથા શુભપ્રસંગોમાં તથા મહારાજને રાજી કરવા અનુકૂળતા મુજબ આપણી બાળસભામાં પ્રસાદીની સેવાનો લાભ લેવો.

(૨૧) બાળસભામાં જે વાત શીખવાડવામાં આવે તે વાત ઘરે આવીને માતા-પિતાને તથા અન્ય સભ્યોને કહેવી તથા તે પ્રમાણે આગ્રહપૂર્વક વર્તવું.

(૨૨) સભા પૂર્ણ થયા બાદ પૂજ્ય સંતો અને સંચાલકશ્રીને પગે લાગીને "જય સ્વામિનારાયણ" કહીને જ જવું.

(૨૩) સભા પૂર્ણ થયા બાદ વાતો કરવામાં સમય પસાર ન કરવો તથા બહાર ફરવા ન જવું. સીધા ઘરે જ જવું. જેથી આપણા માતા-પિતાને ચિંતા ન થાય.

(૨૪) અઠવાડિયે અથવા પંદર દિવસે એકવાર પૂજ્ય ગુરુજી અને પૂજ્ય સંતોને અવશ્ય ફોન કરવો.

(૨૫) વેકેશનના સમયે પૂજ્ય ગુરુજી અને સંતો સાથે રહેવાં માટે જવું.

પ્રતિજ્ઞાપત્ર

- સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા આરાધ્ય ઉપાસ્ય ઇષ્ટદેવ છે.
- તે મને આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવિત શ્રી ઠાકોરજી મહારાજના રુપે પ્રગટ અને પ્રત્યક્ષ મળ્યાં છે.
- હું શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને આજ્ઞા દ્રઢ કરીને રાખીશ.
- શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરાના પ્રગટ સત્પુરુષ મારા મોક્ષનાં દાતા છે.
- શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ મારા આત્યંતિક કલ્યાણનું કેન્દ્ર છે.
- હું તેને તન-મન-ધનથી સમર્પિત રહીશ અને તેની સેવા વફાદારીપૂર્વક ખંતથી કરીશ.
- શ્રી લોયાધામ પરિવારનાં સંતો ભક્તો મારા પરમ આત્મીય અને આત્માનાં સાચા સગા છે.
- હું હંમેશા મારા ગુરુજી અને સંતો ભક્તોનું નિર્દોષ ભૂલકું બનીને રહીશ.
- મારા કોઈપણ કર્મથી મારા ગુરુજી અને સંતોને શરમથી માથું ઝુકાવવું પડે એવું કોઈપણ કૃત્ય હું નહિ કરું.
- "શ્રી પુરુષોત્તમનારાયણને પામી જ જવું છે" એ જ મારું જીવનલક્ષ્ય છે.
- તે અર્થે ગરજુ-રાંક થઈને શ્રી ઠાકોરજી મહારાજ, પૂજ્ય ગુરુજી અને સંતો-ભક્તોને રાજી કરીશ.
- શ્રી ઠાકોરજી મહારાજ, શ્રી મુક્તાનંદીય સદ્‌ગુરુપરંપરા અને લોયાધામ પરિવારનાં સંતો ભક્તોનો હું દાસ છું. એનો મને ગર્વ છે.



INDEX

અનુક્રમણિકા



ઘનશ્યામ ચરિત્ર ૧

૧ સત્સંગ ૩



સેવક : નીલકંઠવર્ણી ૭

૨ સત્સંગી ૧૧



પ્રસાદીના કેશ ૧૪

૩ મહિમા ૧૮



બાળ શિવાજી ૨૦

૪ આશરો ૨૨



મલ્લોનો પરાજય ૨૪

૫ મંદિર ૨૬



અન્ન તેવું મન ૩૦

૬ ઘર મંદિર ૩૩



સત્પુરુષમાં જોડાણ ૩૬

૭ પ્રીતિ-આત્મબુદ્ધિ ૩૮



લોજમાં નીલકંઠવર્ણી ૪૦

૮ ધર્મ ૪૨



દધીચિ ઋષિનો ત્યાગ ૪૫

૯ જ્ઞાન ૪૮



સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી ૫૨

૧૦ વૈરાગ્ય ૫૪



પટ્ટાભિષેક ૫૬

૧૧ ભક્તિ ૫૮



જોબનપગી ૬૦

૧૨ તિલક ૬૨



સૌનું કલ્યાણ કરવું છે ૬૫

૧૩ સર્વોપરી ૬૮



પૃથ્વી પરનું અમૃત : વચનામૃત ૭૦

૧૪ કલ્યાણ ૭૨



જ્ઞાની ભગવાનને ગમે છે ૭૫

૧૫ પુસ્તક વાંચન ૭૭



મહાપ્રતાપી શ્રી ઠાકોરજી મહારાજ ૮૦

૧૬ મૂર્તિપૂજા ૮૨



પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા ૮૮

૧૭ ઉપાસના ૯૧



સ્વામી શ્રીજીનો સ્નેહ સંબંધ ૯૪

૧૮ દિવ્યભાવ ૯૭



દુઃખો સામે અડગ ૯૯

૧૯ કર્તા ૧૦૨



ભગવાનનો સાક્ષાત્ સંબંધ ૧૦૪

૨૦ ધ્યાન ૧૦૭



નિયમની દૃઢતા ૧૧૦

૨૧ નિયમ પાલન ૧૧૩



જેવા કર્મ તેવા ફળ ૧૧૫

૨૨ પક્ષ ૧૧૭




પ્રેમીજનને વશ પાતળિયો ૧૧૯

૨૩ નિશ્ચય ૧૨૧



ગુરુભક્ત ઉપમન્યુ ૧૨૩

૨૪ આપણા વ્રત-ઉત્સવો ૧૨૬




સૌના ભલા માટે પ્રાર્થના ૧૨૮

૨૫ પ્રાર્થના ૧૩૦



કચરા ભગત ૧૩૪

૨૬ ગુણગ્રહણ ૧૩૬



અજામિલ ૧૩૯

૨૭ કુસંગ ૧૪૨



ધોરાજીની ધાબળી ૧૪૫

૨૮ અભાવ-અવગુણ ૧૪૭



કિસા ગૌતમી ૧૪૯

૨૯ સહનશીલતા ૧૫૨



સેવાનો આદર્શ : આપણા દાદાગુરુજી ૧૫૪

૩૦ સેવા ૧૫૬

INDEX



૩૧ અંધશ્રદ્ધાથી હરિ દૂર રહે ૧૫૮
આજ્ઞા ૧૫૯



૩૨ ખરા દાસ ૧૬૨
સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી ૧૬૩



૩૩ ખોપાળાના જેઠામાણિયા ૧૬૮
ખપ-ગરજ ૧૭૧



૩૪ હું આત્મા છું ૧૭૩
આત્મનિષ્ઠા ૧૭૭




૩૫ હેતના ટેભા ૧૮૧
નિર્માનીપણું ૧૮૪



૩૬ ભૂતોએ પાયા પૂર્યા ૧૮૬
સાકાર ૧૯૧



૩૭ પરમધર્મ : બ્રહ્મચર્ય ૧૯૩
સંયમ-બ્રહ્મચર્ય ૧૯૫



૩૮ ડાંગરવાના જતનબા ૨૦૦
પંચ વર્તમાન ૨૦૨



૩૯ જુગાર એટલે વિનાશ ૨૦૭
જીવનના શત્રુરૂપ દોષો ૨૧૧



૪૦ કર્તા હર્તા મહારાજ છે ૨૧૩
શિખા (ચોટલી) ૨૧૪



પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ ૨૧૮



શ્રીજી મહારાજના જીવનચરિત્રલક્ષી પ્રશ્નોત્તર ૨૨૨



વિશેષ મુખપાઠ (હ.ચ.સા.ની કડીઓ) ૨૨૭



લોયાધામ મહિમા ૨૨૯



લોયાધામ પરિવારમાં મોક્ષ પાક્કો ૨૩૨

સભા-૧ : ઘનશ્યામ ચરિત્ર

સુવાસિની ભાભી એક સવારે **રસોઈ** કરતાં હતાં. **ઘનશ્યામ** રસોડામાં આવ્યા ને ભાભીને કહ્યું : ભાભી ! ભાભી ! **ભૂખ બહુ લાગી છે.** માટે જલ્દી ખાવાનું આપો.

ભાભીએ કહ્યું : રસોઈને હવે થોડી જ વાર છે ; **બહુ ભૂખ** લાગી હોય તો **ચણા** કે **સુખડી** આપું !

ઘનશ્યામ ન માન્યા. એમણે તો એવી **હઠ** લીધી કે મારે તો **પેંડા જ ખાવા** છે. ભાભીને ખૂબ આશ્ચર્ય થયું ! ઘનશ્યામનો તો એવો સ્વભાવ હતો કે ભુખ લાગી હોય તો પણ કોઈ દિવસ કાંઈ ન બોલે ને **મિષ્ટ ભોજન**માં તો એમને જરાય રુચિ નહોતી. તે ઘનશ્યામ આજે પેંડા માંગતા હતા !

લોટ બાંધતાં બાંધતાં ભાભીએ **સોનાની વીંટી** બાજુમાં મૂકીને હસીને કહ્યું : **પેંડા ખાવા હોય તો જાવ પેલા કંદોઈ-મીઠાઈવાળા પાસે. અહીં કંઈ ન મળે.**

ઘનશ્યામ કહે : હા હા, હું તો ત્યાં જ જાઉં છું. એટલું કહીને દોડતાં તેમણે **ભાભીની વીંટી લઈ લીધી.**

ભાભી એકદમ ચમક્યાં ને ઘનશ્યામને **પકડવા** દોડ્યાં. પણ ઘનશ્યામ એમ કંઈ પકડાય ? એક ઓરડામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજા ઓરડામાં ભાભીને **ખૂબ દોડાવ્યાં.** ભાભીએ મોટાભાઈની બીક બતાવતાં કહ્યું : આમ **વીંટીની ચોરી** કરીને પેંડા ખાશો તો **મોટાભાઈ** મારશે.



ઘનશ્યામે કહ્યું : આમાં વળી ચોરી શાની ? હું તો તમારાં દેખતાં જ લઈ જાઉં છું.

ભાભીને લાગ્યું કે ઘનશ્યામ તો કોઈ રીતે પકડાશે નહિ. તેથી છેવટે બહારથી ઓરડાનું **બારણું બંધ** કરી દીધું ને ઘનશ્યામને અંદર **પૂરી દીધા**. પણ જ્યાં ભાભીએ ફરીને જોયું તો ઘનશ્યામ તો બહાર ચોકમાં ઊભા ઊભા વીંટી બતાવતાં હસતા હતા ! **આ શું** ? હમણાં તો અંદર પૂરી દીધા હતા ને બહાર કયાંથી આવ્યા ? સુવાસિની ભાભી મૂંઝાયાં.

ઘનશ્યામ તો વીંટી બતાવીને દોડતાં ઘરની બહાર નીકળી ગયા ને સીધા **કંદોઈની દુકાને પહોંચ્યા**. કંદોઈને વીંટી બતાવીને કહ્યું મને **બધી જ મીઠાઈઓ** આપો તો આ વીંટી આપું.

કંદોઈને સોનાની વીંટીનો લોભ જાગ્યો. તેણે બધી જ મીઠાઈઓ ટોપલામાં ભરી આપી. ઘનશ્યામ તો તે બધું જ લઈને મિત્રો સાથે **વાડીએ ઉજાણી કરવા** નીકળી ગયા.

થોડી વારે **ધર્મપિતા** અને **રામપ્રતાપભાઈ** આવ્યા. તેમણે ઘનશ્યામની આ બધી વાત સાંભળી. તેથી એકદમ **ગુસ્સે** થઈ ગયા. એટલામાં ઘનશ્યામ પણ દોડતાં દોડતાં આવ્યા ને સીધા **ભક્તિમાતાના ખોળામાં** જઈને બેસી ગયા.



રામપ્રતાપભાઈએ લાલપીળાં થતાં ઘનશ્યામને પૂછ્યું : **વીંટી ક્યાં ગઈ, ઘનશ્યામ** ?

ઘનશ્યામે કહ્યું : મને વીંટીની કાંઈ ખબર નથી.

એટલે એક **તમાચો** ગાલ પર પડ્યો. ઘનશ્યામ તો **રડવા** લાગ્યા. સુવાસિની ભાભી એકદમ દોડ્યાં ને ઘનશ્યામને તેડી લીધા. ભક્તિમાતા પણ વચ્ચે પડ્યાં. છેવટે બધાં **કંદોઈની દુકાને** ગયાં. ઘનશ્યામ પણ સાથે ગયા.

ધર્મપિતાએ તથા રામપ્રતાપભાઈએ કંદોઇને પૂછ્યું : આ ઘનશ્યામ તમને વીંટી આપી ગયા છે ?

કંદોઈએ કહ્યું : મારી દુકાનની **બધી જ મીઠાઈ** માં તેને આ વીંટીના બદલામાં આપી દીધી છે. અંદર જુઓ, **બધું જ ખાલી છે.** ઘનશ્યામે રડતાં રડતાં કહ્યું : ના, ના, એ તો **જૂઠું બોલે** છે. મેં **તેની મીઠાઈ લીધી જ નથી.** ચાલો તેની દુકાનમાં. એમ કહી ધર્મપિતા અને રામપ્રતાપભાઈનો હાથ ઝાલીને ઘનશ્યામ તેમને દુકાનમાં લઈ ગયા.

દુકાનમાં જઈ ઘનશ્યામે કહ્યું : **જુઓ, મીઠાઈ તો બધી અહીં જ છે,** આ બધા **ટોપલાં ભરેલાં** છે. બધાંએ જોયું તો મીઠાઈ બધી ટોપલાંમાં **અકબંધ** હતી. કંદોઈને તો આ જોઇને ખૂબ **આશ્ચર્ય** થયું ! તેણે બે હાથ જોડીને ધર્મપિતાને કહ્યું : **ધર્મદેવ ! આપના આ પુત્ર બહુ મહાન છે.**

પછી સૌ વીંટી લઈને આશ્ચર્ય પામતાં ઘરે આવ્યાં.

વ્હાલા બાળભક્તો !

ઘનશ્યામે આ લીલા **હલવાઈનો લોભ** અને **સુવાસિની ભાભીનું અંગૂઠી પરનું હેત** દૂર કરવા જ કરી હતી. આમ, અવનવી લીલાઓ કરી ઘનશ્યામ મહારાજ બધાને આનંદ અને બોધપાઠ કરાવતા હતાં.

સત્સંગ સમજણ વિભાગ

સત્સંગ

સારી સોબત, સંતોનો સંગ, સત્ય વસ્તુ જેવી કે બ્રહ્મ, પરબ્રહ્મ આદિનો સંગ કે સંબંધ.

☞ **આત્મા, પરમાત્મા, સત્પુરુષ અને સચ્છાસ્ત્ર એ ચારનો સંગ...**

આત્યંતિક કલ્યાણનું અર્થાત્ જન્મ-મરણથી રહિત થઈ, દેહ છતાં અક્ષરધામનું સુખ અનુભવવું, તે માટેનું એકમાત્ર સાધન **સત્સંગ** છે.

સત્સંગનો **મહિમા** અપાર છે. ભગવાન જેવા અષ્ટાંગયોગ, સાંખ્યવિચાર, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ, યાગાદિ સાધન વડે રાજી થતા નથી તેવા સત્સંગે કરીને વશ થાય છે. તેથી **સર્વ સાધનના ફળરૂપ આ સત્સંગ છે.**

✳ **વસિષ્ઠ અને વિશ્વામિત્ર ઋષિના સંવાદની વાત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.**

વિશ્વામિત્ર કહે : 'મારું **સાઠ હજાર** વર્ષનું **તપ** અધિક.'

જ્યારે વસિષ્ઠ કહે : 'એ તપ કરતાં **લવ સત્સંગનું ફળ અધિક**.'

બંને જણ **ન્યાય** કરાવવા **બ્રહ્મા, વિષ્ણુ** ને **મહેશ** પાસે ગયા, પરંતુ 'બેમાંથી એકનું પણ સાચું કહીશું તો બીજાને ખોટું લાગશે ને શાપ આપશે,' એવી બીકથી તેમણે **સહસ્ત્ર મુખવાળા શેષજી** પાસે તેમને મોકલ્યા. **શેષજી કહે :** 'મારે માથે **પૃથ્વીનો ભાર** છે, તે તમારા **તપના ફળથી હળવો કરો** તો ન્યાય કરી શકું.'

વિશ્વામિત્રે તપ મૂકી **સંકલ્પ** કર્યો પણ પૃથ્વી ઊંચી થઈ નહિ. વસિષ્ઠ મુનિએ **લવ સત્સંગનું ફળ મૂકી** સંકલ્પ કર્યો, તરત જ **પૃથ્વી એક હાથ ઊંચી થઈ**. શેષજી કહે : 'હવે મારે કહેવાની જરૂર નથી. **ન્યાય થઈ ગયો.** 'આમ, **સત્સંગનો મહિમા સ્પષ્ટ સમજાય છે.**

☞**ભાગવત**માં અનેક આખ્યાનો છે. વૃત્રાસુર, પ્રહ્લાદ, વૃષપર્વા, બળિરાજા, બાણાસુર, વિભિષણ, સુગ્રીવ, કુબ્જા, ગજેન્દ્ર, જટાયુ પક્ષી, તુલાધાર વાણિયો, વ્રજની ગોપીઓ, ઋષિપત્નીઓ વગેરે અનેક સત્સંગથી ભગવાનને પામ્યાં છે. શ્રીજીમહારાજના સમયમાં કાઠી, કોળી, કણબી વગેરેએ શાસ્ત્રપઠન, તપ, વ્રત, દાનાદિક સાધન નહોતાં કર્યાં, છતાં સત્સંગે કરીને તેમનું આત્યંતિક કલ્યાણ થયું. લીમલીનો સગરામ વાઘરી, જેતલપુરની વેશ્યા, ભાલની બીબડી, જોબન પગી, માનસિંહ રાજા વગેરેનાં જીવનમાં સત્સંગના પ્રતાપથી **સમૂળું પરિવર્તન થઈ ગયું.**




✳તો સત્સંગ શું હશે ? સત્સંગ એટલે કેવળ સારા કે નીતિમાન માણસનો સમાગમ જ નહિ, પરંતુ,

सच्छब्देन परब्रह्म साधवश्च तदाश्रयाः । प्रोक्तस्तदीयो धर्मश्च शास्त्रमेतत् त्रिकाश्रयम् ॥

सत् શબ્દ એટલે (૧) પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદા દિવ્ય સાકાર-મૂર્તિ પ્રત્યક્ષ **ભગવાન શ્રીજીમહારાજ**, (૨) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, માહાત્મ્યે સહિત ભક્તિ એ ચારે ગુણે યુક્ત એવા પરમ **એકાંતિક સાધુ**, (૩) ભગવાન અને ભગવાનના પરમ એકાંતિક સંતે પ્રતિપાદન કરેલો **સદાચારરૂપી ધર્મ** અને (૪) એ ત્રણનો મહિમા સમજાવતું **શાસ્ત્ર** જે હોય તે **સત્‌શાસ્ત્ર — એ ચારનો સંગ કરવો તેનું નામ સત્સંગ.** (સત્સંગિજીવન : ૩-૨૨-૪)

✳ ભગવાનના પરમ એકાંતિક સંત — જેને શ્રીજીમહારાજ સાથે મનથી - વૃત્તિથી અખંડ સંબંધ છે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચારે ગુણો પરિપૂર્ણ છે અને પોતાના શરણે જે આવે તેનું પણ એવી જ જાતનું હિત ઇચ્છે કે **‘આ મારો સંગી છે તેને પણ જગતની વાસના - ઇચ્છા છૂટી જાય ને ભગવાનનો સંબંધ થઈ જાય.’ એવા સંતનો મન, કર્મ, વચને સંગ કરવો તે જ સત્સંગ.** મને કરીને તેમને **નિર્દોષ** જાણવા, કર્મે કરીને **સેવા** કરવી તથા વચને કરીને તેમના **ગુણ ગાવા**. આવા સંતના વચનમાં શાસ્ત્રનો આજ્ઞારૂપી સત્સંગ પણ સહેજે આવી જાય.

☞ બીજા અનેક ઉપાયો કરે પણ **સંત-સમાગમરૂપી સત્સંગ** વિના વાસના - ઇચ્છા ટળતી નથી. એટલા જ માટે શાસ્ત્રકારો સત્સંગને **કલ્પતરું** તથા **ચિંતામણિ** કરતાં પણ **અધિક** કહે છે, કારણ કે ચિંતામણિની પ્રાપ્તિ થવાથી દારિદ્રતા દૂર થાય, પણ જન્મ-મરણ અને મોહરૂપી બંધનથી છુટાય નહિ. તેને માટે સત્સંગ જ જરૂરી છે.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના આપેલા પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ઘનશ્યામ મહારાજે વીંટી ચોરવાની લીલા શા માટે કરી હતી?

.....

(૨) ઘનશ્યામ મહારાજના ભાભીનું નામ શું હતું?

.....

(૩) ઘનશ્યામ મહારાજે ચોરેલી વીંટીનું શું કર્યું?

.....

(૪) રામપ્રતાપ અને ધર્મદેવ કોણ હતાં?

.....

(૫) કંદોઈની દુકાને શું ચમત્કાર થયો?

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) શ્રી ઘનશ્યામ મહારાજે સુવાસિની ભાભીની ..... ચોરી કરી.
(મીઠાઈ, ઘરેણાં, વીંટી, પૈસા)

(૨) ઘનશ્યામ મહારાજના મોટાભાઈનું નામ ..... હતું.
(ઈચ્છારામ, ધર્મદેવ, રામપ્રતાપ, બળરામ)

(૩) વીંટીના બદલામાં ઘનશ્યામે ..... લીધુ.
(સોનુ, મીઠાઈઓ, રમકડાં, પુસ્તકો)

(૪) ઘનશ્યામ મહારાજ છપૈયામાં ..... વર્ષ રહ્યા હતાં. (૩, ૪, ૫, ૨)

(૫) નીલકંઠવર્ણીએ વનવિચરણ ..... વર્ષ કર્યું હતું? (૧૧, ૧૨, ૨૧, ૭)

પ્રશ્ન-૩ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) ઘનશ્યામ	(૧) મુક્તાનંદ સ્વામી
(૨) નીલકંઠવર્ણી	(૨) સ્વયં (પોતે)
(૩) સર્જુદાસ	(૩) ભક્તિમાતા
(૪) સહજાનંદ સ્વામી	(૪) રામાનંદ સ્વામી
(૫) સ્વામિનારાયણ	(૫) જંગલના લોકો

પ્રશ્ન-૪ નીચે આપેલ વિષય પર પાંચ વાક્યો લખો.

(૧) સત્સંગ

.....

.....

.....

સભા-૨ : સેવક - નીલકંઠવર્ણી

વ્હાલા બાળભક્તો ! ૧૮ વર્ષના વર્ણીરાજ વનવિચરણ કરી લોજગામમાં આવ્યા અને કેવા આશ્ચર્યકારી ચરિત્રો કર્યા તે સાંભળો !

કચ્છ-ભુજથી પ્રાણપ્યારા **ગુરુદેવે** કહી મોકલ્યું કે, **"થાંભલાને બાથ ભીડીને રહેજો."** આ શબ્દો ઉપરથી વર્ણીએ નક્કી કરી લીધું કે, **"સત્સંગના સ્તંભ સમા સદ્‌ગુરુશ્રી મુક્તાનંદસ્વામી અને સંતોની આજ્ઞા અને સેવામાં આ કાયાને ચૂર-ચૂર કરી દેવી છે."** અને ખરેખર સાચા થઈને સેવામાં **મંડી જ પડ્યા**. રાત કે દિવસ, ભૂખ કે તરસ, થાક કે ઉજાગરો ક્યારેય યાદ જ નથી કરતા. નાનામાં નાના સંત કોઈ પણ **સેવા** બતાવે કે **આજ્ઞા** કરે તેમાં કોઈ જ દલીલ નહિ. તેમનો એક જ જવાબ, **"હા, સ્વામી ! જેમ કો એમ."**

આજે આપણે બધા **બી.કોમ., બી.ફાર્મ.** એવી વિવિધ **ડિગ્રી**ઓ રાખીએ છીએ પણ નીલકંઠજીની જેમ **'જેમ કો એમ'** ડિગ્રી રાખતા નથી, એટલે જ **જન્મ-મરણમાં ગોથા** ખાઈએ છીએ. જો શ્રીહરિ અને સાચા સંતો પાસે સંપૂર્ણ **મનનું ધાર્યું મૂકી 'જેમ કો એમ'** આવડી જાય તો આ જ જન્મ **અક્ષરધામ** મળી જાય. વર્ણીરાજ તો સ્વયં સર્વોપરી ભગવાન છે. ઈશ્વરોના ઈશ્વર છે. કોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ છે છતાં તેમણે **સેવકના સેવકનું પદ** ધારણ કર્યું.

આ ચરિત્ર ઉપરથી તેમણે સર્વ કોઈને શીખવ્યું છે કે, **"જે સહુનો દાસ થઈને રહે છે તે સહુનો સ્વામી બને છે."**

આવું તેમનું **નિર્માનીપણું** અને **નીચી સેવા** જોઈને **સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામી**ને સર્વ કોઈ પૂછવા લાગ્યા, "હે સ્વામી ! આ **નવા ભગત** ક્યાંના છે ?




બહુ **સારા** છે. એનું નામ તો **કહો** અમને ?" આ બિચારા ગામડાનાં ભલા-ભોળાં ભક્તોને સીધુ સમજાવવા માટે સ્વામી કહેતા **સરજૂ પારથી આવ્યા છે** એટલે **'સરજૂદાસ'** એમનું નામ છે." ત્યારથી અનંત નામના નામીનું એક **નવું નામ** પડી ગયું.

એક દિવસ વર્ણીએ સંતોને **ટોપલા** લઈને છાણ લેવા જતાં જોયાં. એટલે પોતે સંતોની આજ્ઞા લઈ એ સેવામાં જોડાઈ ગયા. જેણે **નવલખા** પર્વત ઉપર **નવ લાખ સ્વરૂપો ધારી દર્શન દીધા** હતા ; તેણે આજે સેવકના સેવકનું સ્વરૂપ લઈ **છાણ વીણવાનું કામ** શરૂ કર્યું.

લોજ ગામને **પાદર** ગાયો-ભેંસો બેસે તેનું **છાણ** ઘણું જ હતું પણ ગામના **બૈરાઓ**નો પાર નહિ તેથી સંતોના ભાગમાં કાંઈ ઝાઝું આવ્યું નહિ. ત્યાગીના નિયમ-ધર્મ સાચવવામાં છાણ **સંસારી સ્ત્રીઓ** લઈ ગઈ.

બીજે દિવસ વર્ણીએ **યોગેશ્વર્ય** વાપર્યું. જે છાણ લેવા આવે તે તમામ સ્ત્રીઓને **સમાધિ** કરાવી દીધી. જ્યારે બધું જ છાણ લેવાય ગયું ત્યારે સમાધિ ઉતારી દીધી. આશ્રમમાં આજે છાણનો **મોટો ઢગલો** થયો. પણ ગામ આખામાં મોટો **કોલાહલ** થયો.

ત્રીજે દિવસે વર્ણીએ સમાધિ બંધ રાખી પણ **બુકિંગ સિસ્ટમ** અજમાવી. નાના-નાના **સાંઠિકા** હાથમાં લઈ **અનેક સ્વરૂપો** ધારી લીધા. જ્યાં-જ્યાં પશુઓ પોદળો કરે ત્યાં-ત્યાં તરત જ **પેલું સાંઠિકુ તેમાં ખોસી દે.** એટલે એ **રિઝર્વેશન** થઈ ગયું, પછી ગામડાની **તંત્ર વ્યવસ્થા** પ્રમાણે **કોઈથી અડાય નહિ**. આ રીતે આજે પણ **બીજાને** છાણ બહુ ખાસ ન મળ્યું.



બસ હવે તો આખા લોજ ગામના **દરેક બાઈ-ભાઈની જીભે સરજૂદાસનું જ રટણ** ચાલતું હોય. આ રીતે પણ પ્રભુનું ભજન ધમધોકાર ચાલુ થઈ ગયું.

બે-ત્રણ દિવસ થયા. ગામમાંથી મુક્તાનંદ સ્વામી પાસે **ફરિયાદ** આવી. **"આ તમારા સરજૂદાસની સાંઠિકા લીલા બંધ કરાવો."**

સ્વામીની આજ્ઞાથી એ બંધ થયું. સરજૂદાસે ગ્રામજનોની માફી માંગતા કહ્યું, **"કાલથી હવે હું કાંઈ નહિ કરું, કાંઈ નહિ બોલું. બસ, તમે રાજીને, હવે પછી વારે વારે તમારી ડોસીયુંનું સાંભળી અમને સાધુઓને વઢવા આવતા નહિ."**

ચોથે દિવસ સંતોને સરજૂદાસે સૂચના આપી,

"સંતો ! આપણે એકબાજુ ઊભા રહી જવાનું. ગામની ડોસીઓ જેટલા પોદળાને છોડી દે તે જ આપણે લેવાનાં."

સવારમાં બધા સંતો **ગરીબડા** થઈ એકબાજુ ઊભા રહી ગયા. સ્ત્રીઓ આવી, પોદળા જોઈ દોડા-દોડ લેવા ગઈ. જે પોદળો હાથથી ઉપાડે ને તરત જ **ઓય બાપ... કરી છોડીને નાસી જાય.** કોઈને કાંઈ સમજાયું નહિ પણ સંતો પાછળ ઊભેલો **સૂકલકડી સરજૂદાસ મોંઢા આડો હાથ રાખી મરક મરક હસી રહ્યો હતો.** એટલે સંતોએ જાણ્યું, **"યોગીરાજના કામણ કામ કરી રહ્યા છે."**

ડોસીઓ અરસપરસ ભેળી થઈ આપ વીતી કહેવા લાગી, **"અલી મૂઈ, આ શું થાય છે. મેં તો જ્યાં પોદળો ઉપાડ્યો ત્યાં તો નીચે મોટા-મોટા ડુંગરા-નદીઓ, વાઘ-દીપડા અને આખું ભરમાંડ દેખાય છે."**

દરેકે કહ્યું : મારેય એવું જ થયું. પછી સંતોમાં ભાવવાળા એક **વૃદ્ધ ડોસીમાં** હતા. તેણે કહ્યું, "અલી બાઈઓ, **આપણાં કરેલા આપણને વાગ્યાં.** કાલે આવા બિચારા સીધા-સાદા સરજૂદાસ અને સંતોને આપણે દુઃખવ્યા એટલે **દૈવ કોપ્યા.**" બધાને એ વાત ગળે ઊતરી ગઈ, પછી તો ડોસીઓ એકબાજુ બિચારી થઈ ઊભી રહી એટલે સંતોને જોઈતું હતું એટલું છાણ લઈ લીધું.

બસ આજથી ગામ લોકોએ નક્કી કર્યું, **'પહેલાં સંતો છાણ લઈ લે પછી આપણે લેવું.** એટલે બધું બરાબર ગોઠવાઈ ગયું.'

એક દિવસની વાત છે. લોજથી **બે ગાઉ** (૬ કિલોમીટર) દૂર **'શીલ'** ગામ છે. ત્યાં **અથાણાં** માટેના **ચીભડાં** લેવા જવાનું થયું. **કોણ જાય** ? એ પ્રશ્ન મોટો હતો. કેમ જે, હરિભક્તો સ્ત્રી-છોકરાં અને સંસારની દુર્લભ સેવામાં રોકાયેલા હતા.



સરજૂદાસે કહ્યું, "સ્વામી ! કોઈની જરૂર નથી. **'હું' અને 'દેવો ભક્ત' જઈશું.** બધા જ ચીભડાં લઈ આવીશું." સ્વામીએ હા ના કરી પણ વર્ણીની હિંમત અને તેમની યોગશક્તિના વિશ્વાસે **હા** પાડી.

શીલ ગામના ઉત્સાહી ભક્તોએ **૧૮ મણ ચીભડાં** ભેગાં કર્યા. એટલે એક સેવાભાવી સત્સંગીએ **બળદગાડું** લાવવાની વાત કરી પણ વર્ણીરાજે **ના પાડી** અને તેના બદલે મોટો **ચોફાળ** આપવા કહ્યું. પછી **બે મણ** ચીભડાનું એક **નાનું પોટલું દેવાભગત** માટે બનાવ્યું. બાકીના **૧૬ મણનો મોટો ગાંસડો** ૮-૧૦ જણ મળી **નીલકંઠને માથે** ચડાવ્યો. પણ ભાઈ... ભાઈ... **આ તો ભગવાન પોતે** એટલે એ મોટો જબરો ગાંસડો વર્ણીના માથાથી **એક વેંત ઓટોમેટિક અધ્ધર જ રહે.** સહુને બહુ જ **આશ્ચર્ય** થયું.

રસ્તે જતા **દેવા**ને તો ભાર લાગ્યો એટલે વર્ણીએ એક **ખાડો** આવ્યો તેમાં ઉતરી, **દેવાનું પોટલું** પણ **પોતે લઈ લીધું**, મોટા પર્વત ઉપર નાનો પથ્થર પડ્યો હોય તેવું લાગ્યું. લોજમાં આવી દેવા ભગતે વાત કરી. સહુને આશ્ચર્યનો પાર ન રહ્યો. **બસ, પ્રભુના આવા ચરિત્રોને સંભારી પ્રભુમય બનતા રહેવું. એ આપણે કરવાનું છે.**



સત્સંગ સમજણ વિભાગ

સત્સંગી

સત્સંગ કરનાર, સત્પુરુષનો સંગ કરનાર.
આત્મા, પરમાત્મા, સત્પુરુષ અને સચ્છાસ્ત્રનો સમાગમ કરનાર.

આગળ જણાવ્યા પ્રમાણે **'સત્સંગ'**રૂપી સાધનને મુખ્ય રાખી શ્રીજીમહારાજે આ લોકમાં **'સંપ્રદાય'**ની સ્થાપના કરી. એટલે તો સ્વામિનારાયણ ભગવાનના 'આશ્રિત - સેવક'ને સૌ **'સત્સંગી'** કહે છે. **જે મુમુક્ષુ સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરીને વર્તમાન ધારણ કરે છે તે જ સત્સંગી કહેવાય છે.** આ **વર્તમાન** એટલે કે **વર્તવાના નિયમો** શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યા છે, તેના સારરૂપે **પંચવર્તમાન**ની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે : **(૧) દારૂ ન પીવો, (૨) ચોરી ન કરવી, (૩) માંસ ન ખાવું, (૪) વ્યભિચાર ન કરવો અને (૫) વટલવું નહિ તથા વટલાવવું નહિ.**

☞ **'વચનામૃત'**માં શ્રીજીમહારાજે **સત્સંગી** કોને કહેવાય ? **પાકો સત્સંગી કેવો હોય ?** વગેરે સ્પષ્ટ રીતે સમજાવ્યું છે. જેવી પોતાના દેહને વિષે **આત્મબુદ્ધિ** છે, સગાં-વહાલાંને વિષે **મમત્વબુદ્ધિ** છે, જળને વિષે **તીર્થની બુદ્ધિ** છે અને મૂર્તિને વિષે **પૂજ્યપણાની બુદ્ધિ** છે, તેવી ચાર પ્રકારની બુદ્ધિ — **આત્મબુદ્ધિ, મમત્વબુદ્ધિ, તીર્થબુદ્ધિ** ને **પૂજ્યબુદ્ધિ — એકાંતિક સંતને વિષે** જેને થઈ છે તે **સાચો સત્સંગી** છે. તેણે જ અષ્ટાંગયોગ, તપ, વ્રત, દાનાદિક સાધન કરતાં પણ સત્સંગને અધિક જાણ્યો કહેવાય.

☞ તેમજ વિષય ભોગમાંથી જેની **ઇન્દ્રિયોની વૃત્તિ** નીકળીને એક **ભગવાનમાં વળગે** એ જ સત્સંગી છે. સત્યરૂપ એવો જે **આત્મા** તથા સત્યરૂપ એવા જે **ભગવાન — પરમાત્મા**, તેનો જેને સંગ થયો **તે સત્સંગી છે.**

☞ વળી, શ્રીજીમહારાજે કહ્યું છે કે જેનામાં **નિયમ, નિશ્ચય ને પક્ષ** — એ ત્રણ વાનાં પરિપૂર્ણ હોય તે **પાકો સત્સંગી** કહેવાય.

વળી, જેનો **સત્સંગ દૃઢ** હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેવું સત્સંગમાં અપમાન થાય પણ તેનું મન કોઈ રીતે સત્સંગમાંથી પાછું પડે નહિ. શ્રીજીમહારાજ કહે છે : **'આ જ દૃઢ સત્સંગી વૈષ્ણવ છે.** આ જ અમારે તો **સગાંવહાલાં** છે અને આ જ અમારી **નાત** છે. ને આ દેહે કરીને પણ આવા **વૈષ્ણવ** ભેળું જ રહેવું છે.'

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) કચ્છભુજથી સદ્‌ગુરૂ રામાનંદ સ્વામીએ વર્ણીને શું કહેવડાવ્યું?

.....

.....

(૨) નીલકંઠવર્ણી લોજ આશ્રમમાં કેવી રીતે રહેતા હતાં?

.....

.....

(૩) મુક્તાનંદ સ્વામી ગામ લોકોને નીલકંઠવર્ણીની ઓળખ કઈ રીતે આપતા?

.....

.....

(૪) લોજગામની સ્ત્રીઓને નીલકંઠવર્ણીએ શું ચમત્કાર દેખાડ્યો?

.....

.....

(૫) નીલકંઠવર્ણી શીલ ગામથી ચીભડાં લાવતા હતાં ત્યારે શું ચમત્કાર થયો?

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) નીલકંઠવર્ણી લોજ ગામથી કયાં ગામમાં ચીભડાં લેવા ગયા હતાં?

( ) A - ભીલ ( ) B - શીલ

( ) C - જીલ ( ) D - માંગરોળ

(૨) નીલકંઠવર્ણી લોજગામમાં આવ્યા ત્યારે તેમની ઉંમર કેટલી હતી.

( ) A - ૧૧ ( ) B - ૨૧

( ) C - ૨૦ ( ) D - ૧૮

(૩) નીલકંઠવર્ણી સાથે લોજ ગામથી શીલગામ ચીભડાં લેવા કોણ ગયું હતું?

( ) A - જીવણભક્ત ( ) B - અમૃતભગત

( ) C - દેવાભગત ( ) D - નાથભગત

(૪) શીલ ગામના ભક્તોએ કુલ કેટલા ચીંભડાં ભેગાં કર્યા હતાં?

( ) A - ૧૮ કિલો ( ) B - ૧૬ કિલો

( ) C - ૧૮ મણ ( ) D - ૧૬ મણ

(૫) લોજની સ્ત્રીઓને પોદળામાં શું દેખાયું ?

( ) A - રંગોળી ( ) B - રામાનંદ સ્વામી

( ) C - રાસલીલા ( ) D - બ્રહ્માંડ

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) થાંભલે બાથ ભીડીને રહેજો. ⇨ .....

(૨) આ નવા ભગત ક્યાંના છે? બહુસારા છે. ⇨ .....

(૩) આ તમારા સરજુદાસની સાંઠિકા લીલા બંધ કરાવો. ⇨ .....

(૪) સંતો ! આપણે એકબાજુ ઊભા રહી જવાનું. ગામની ડોસીઓ જેટલા પોદળાને છોડી દે તે જ આપણે લેવાના ⇨ .....

(૫) અલી બાઈઓ , આપણાં કરેલાં આપણને વાગ્યાં. ⇨ .....

(૬) સ્વામી ! કોઈની જરૂર નથી હું અને દેવો ભગત જઈશું. ⇨ .....

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) સત્સંગીના પંચવર્તમાન જણાવો.

.....

.....

.....

.....

(૨) સત્સંગી કોને કહેવાય?

.....

.....

.....

.....


.....


સભા-૩ : પ્રસાદીના કેશ

તમને ખબર પડે કે **મથુરામાં શ્રીકૃષ્ણ ભગવાને પહેરેલો મુગટ મળી આવ્યો છે !** તો **જોવાની ઇચ્છા** થાય કે નહિ ? તમને બતાવવામાં આવે કે **આ હનુમાનજીની એ જ ગદા છે,** જેનાથી તેમણે આખી લંકામાં હાહાકાર મચાવેલો ! તો **એ ગદા**ને અડવાનું મન થાય કે નહિ ?

પરંતુ મિત્રો, આપણા માટે **ખેદની વાત** એ છે કે શ્રીકૃષ્ણ ભગવાનની **મોરલી**, હનુમાનજીની **ગદા**, રામચંદ્ર ભગવાનનું **ધનુષ્ય** કે શિવજીનું **ત્રિશૂળ** આજે તો ક્યાંય દેખાતાં નથી. પણ આનંદની વાત એ છે કે **શ્રીજીમહારાજની પ્રસાદીની કેટલીય વસ્તુઓ, આજે પણ આપણને એ જ સ્વરૂપે જળવાયેલી જોવા મળે છે.** તમારી પાસે શ્રીજીમહારાજનાં **વસ્ત્રો** હોય તો ? કે એમને વાપરેલાં **વાસણ** હોય તો ? તો તો કેવું સારું !

આવો જ **વિચાર** એકવાર **ગઢડાના એક બાળકને** આવ્યો, **'જો મારી પાસે શ્રીજીમહારાજના કેશ (વાળ) હોય તો કેવું સારું !** જ્યારે-જ્યારે હું તેનાં દર્શન કરું, ત્યારે-ત્યારે મને શ્રીજીમહારાજની **સ્મૃતિ** થયા જ કરે, થયા જ કરે.' પછી બાળકે વિચાર કર્યો કે,





'આ વખતે શ્રીજીમહારાજ **મુંડન** કરાવવા બેસે ત્યારે ત્યાં પહોંચી જાઉં. અને **કેશ લઈ લઉં.**'

'પણ મને કોણ કેશ લેવા દેશે ? કારણ કે શ્રીજીમહારાજ મુંડન કરાવતા હોય, ત્યારે તો **મોટા-મોટા સંતો** અને **હરિભક્તો** વીંટળાઈને બેઠા હોય. વળી, **શ્રીજીમહારાજના પ્રસાદીના કેશ** લેવાની ઇચ્છા કોને ન હોય ? મારા હાથમાં કેશ ક્યાંથી આવશે ?'

અચાનક બાળકને એક વિચાર સૂઝ્યો. તે શ્રીજીમહારાજનું **મુંડન** કરવાની સેવા કરતા **વાળંદને** મળ્યો. ને કહ્યું, **'વાળંદભાઈ ! મારે શ્રીજીમહારાજના પ્રસાદીના કેશ જોઈએ છે. મને આપશો ?'** વાળંદ કહે, 'તું એનું શું કરીશ ? એના કરતાં શ્રીજીમહારાજની **પ્રસાદીનો થાળ** બ્રહ્મચારી પાસેથી માંગી લેને. એમાં તારું **પેટ** ભરાશે. કેશ ભેગા કરવાથી તને શું મળશે ?'

બાળક બોલ્યો, 'વાળંદભાઈ ! **ભોજનની પ્રસાદી** તો થોડો સમય સુખ આપે, **કેશની પ્રસાદી** તો **કાયમ** સુખ આપે. માટે મારે તો શ્રીજીમહારાજના કેશ જ જોઈએ છે.

એને **સાચવીને** રાખીશ. **કાયમ દર્શન કરીશ.'** બાળકનું શ્રીજીમહારાજ પ્રત્યેનું આવું **હેત** જોઈ વાળંદને **દયા** આવી. બાળકને નજીક બોલાવી તેણે ધીરેથી કહ્યું, 'સાંભળ ! **આવતીકાલે** જ **હું શ્રીજીમહારાજનું મુંડન કરવા જવાનો છું.** તું **ત્યાં આવજે**. હું **તને કેશ આપીશ.** '

'કાલે ક્યારે ?'

'સવારે.'

બાળક **રાજી-રાજી** થઈ ઘરે ગયો. 'ક્યારે સવાર પડે ને **હું અક્ષર ઓરડીએ પહોંચું.** ' આ વિચારમાં ને વિચારમાં તેને **રાત્રે ઊંઘ જ ન આવી**.

સવાર પડી. સ્નાન-પૂજાથી પરવારી બાળક **દોડતો - દોડતો** અક્ષર ઓરડીએ પહોંચ્યો. જોયું તો, અક્ષર ઓરડીની ઓસરીમાં **નાની ખાટલી** પર **શ્રીજીમહારાજ** બિરાજમાન હતા. આજુબાજુ સંતો-ભક્તો દર્શન માટે ગોઠવાયા હતા. ઓસરીમાં **ભીડ** જામી હતી. એટલામાં **વાળંદ** આવ્યો. અને **મુંડનની પૂર્વ તૈયારી** કરવા લાગ્યો. પરંતુ બાળકને કોણ નજીક જવા દે ? એ તો **દૂર ઓસરીની ધારે** ઊભો રહ્યો અને **મૂંગોમંતર** બની વાળંદ શું કરે છે, તે જોવા લાગ્યો. વાળંદે શ્રીજીમહારાજની **દાઢી** અને **મસ્તક** ઉપર સાબુ ચોપડ્યો અને થેલામાંથી **અસ્ત્રો** કાઢી, તેની ધાર તેજ કરી, હળવા હાથે **મુંડન** કરવા લાગ્યો.

બાળક તો ઘડીકમાં આમ જુએ ને તેમ જુએ. અને વિચારે, **'હમણાં મુંડન પૂરું થશે. ને મને કેશ મળશે. બહુ મજા આવશે.'** થોડીવારમાં મુંડન પૂરું થયું. વાળંદ તો હજામતનાં સાધનો લઈ, **બીજી બાજુના રસ્તેથી વિદાય થયો.** સાથે-સાથે શ્રીજીમહારાજના **પ્રસાદીના કેશ પણ લઈ ગયો.** તે બાળકની વાત સાવ **ભૂલી જ ગયો હતો.**

પોતાની અંતરની ઇચ્છા પૂરી ન થતાં બાળક **ધ્રુસકે ધ્રુસકે રડવા** લાગ્યો. શાંત **વાતાવરણમાં રડવાનો અવાજ** સાંભળી સૌનું **ધ્યાન** બાળક તરફ ગયું. હજુ તો શ્રીજીમહારાજ **સ્નાન** કરવા માટે ઊભા થતા હતા, પણ સીધા જ રડતા બાળકની પાસે પહોંચી ગયા. **તેના માથે હાથ ફેરવી વ્હાલ કરવા લાગ્યા.** માથા પર ને ગાલ પર હાથ ફેરવતા જાય ને પૂછતા જાય,



‘અરે, **તું શા માટે રડે છે** ? તને કોઈએ કંઈ કહ્યું ? કોઈ ખીજાયું ?’

‘ના’, બાળકે જવાબ આપ્યો.

‘તો શું તને કોઈએ માર્યું ?’

‘ના’‘

તને ભૂખ લાગી છે ? તારે ખાવું છે ?’

‘ના” તો...’બાળકે રડતાં-રડતાં જ કહ્યું, **‘વાળંદભાઈએ મને આપના પ્રસાદીના કેશ આપવાનું કહ્યું હતું. પણ તેઓ તો કેશ આપ્યા વગર જ જતા રહ્યા.’** આ સાંભળી શ્રીજીમહારાજ **કરુણા** વરસાવતાં બોલ્યા, **‘રડ નહિ બેટા !** એમાં શું ? **તારે મારા કેશ જ જોઈએ છે ને !** હું તને જરૂર આપીશ. અને તે પણ અત્યારે જ.’

શ્રીજીમહારાજનું આ વચન સાંભળી સૌ અંદરો-અંદર **ગુસપુસ** કરવા લાગ્યા, ‘શ્રીજીમહારાજનનું **મુંડન** તો **પૂર્ણ થઈ** ગયું છે. હવે ?....’ પરંતુ **આ તો શ્રીજીમહારાજ હતા ને !** નાના બાળકને રાજી કરવા ગમે તે રસ્તો શોધી કાઢે. તેમણે **કાતર** મંગાવી. **પોતાના હાથે જ પોતાની ચોટલી જરાક કાપીને બાળકના હાથમાં આપી.** શ્રીજીમહારાજનું આ **ચરિત્ર** નિહાળી ઉપસ્થિત સૌ **તાળી પાડી ઊઠ્યા**. બાળક તો હરખાતો-હરખાતો, નાચતો-કૂદતો **પ્રસાદીના કેશ** મુઠ્ઠીમાં લઈ ઘર તરફ દોડી ગયો.



સૌ બાળકના ભાગ્યને વખાણવા લાગ્યા.

આવા હતા શ્રીજીમહારાજ ! બાળકને વ્હાલ કરે. બાળકની ઇચ્છા પૂરી કરે. અને... આવા હતા શ્રીજીમહારાજના બાળભક્તો ! પોતાના ભગવાનના સંબંધમાં આવેલી વસ્તુઓનો ખૂબ મહિમા સમજે.

વ્હાલા બાળભક્તો ! આપણા પરમ પૂજ્ય ગુરુજીને પણ પ્રસાદીની વસ્તુઓનો ખૂબ મહિમા છે. ગુરુજી પાસે ઘણી બધી પ્રસાદીની વસ્તુઓ છે જેને તેઓએ લોયાધામ નૂતન મંદિરના મ્યુઝિયમમાં દર્શન માટે રાખેલ છે.

સત્સંગ સમજણ વિભાગ

મહિમા

મોટાઈ, મહત્તા, માહાત્મ્ય, ગૌરવ, અહો અહો પણું

✳ **ભગવાન સ્વામિનારાયણ** સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. તેઓ કર્તા, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, દિવ્ય અને સદા પ્રગટ છે. ભગવાન સ્વામિનારાયણ સર્વ દોષ રહિત, સર્વ માયિક ગુણે રહિત, નિર્દોષ અને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. **તેમના જેવું ઐશ્વર્ય, રૂપ, ગુણ** કે **સામર્થ્ય અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈનું નથી.** તેઓ અક્ષરબ્રહ્મ, અક્ષરમુક્ત, માયા, ઈશ્વરો અને જીવો એ સર્વથી પર છે. સર્વના અંતર્યામી છે, સર્વના સ્વામી છે, સર્વના આધાર છે અને સર્વને ઉપાસના કરવા યોગ્ય છે. તેમને માયા કે માયાનું કાર્ય લેશમાત્ર અડતું નથી. આવી સ્પષ્ટ સમજણ સાથે દૃઢ નિશ્ચય કરવો તે **પુરુષોત્તમ નારાયણનો મહિમા** કહેવાય.

✳ **પોતાને મળ્યું જે પરમ એકાંતિક સંતનું સ્વરૂપ ગુણાતીત સમજવું.** તેમના **દ્વારા** શ્રીહરિ આ પૃથ્વી ઉપર અખંડ **વિચરી** રહ્યા છે અને મુમુક્ષુઓને સુખ દઈ **કલ્યાણ** કરી રહ્યા છે. તેમનામાં શ્રીહરિ નખશિખા પર્યંત સમ્યક્ પ્રકારે રહ્યા છે. તેમનાથી અણુમાત્ર પણ છેટા જતા નથી. **તેમનું સ્વરૂપ દિવ્ય, નિર્દોષ અને માયારહિત સમજવું.** જે મુમુક્ષુ જીવ તેમને મન, કર્મ, વચને નિર્દોષભાવે સેવે, તે જ ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ બ્રહ્મરૂપ થાય છે. **પ્રગટ સંત** હોય તેનો આવો **મહિમા** સમજવો.

✳ **ભગવાન સ્વામિનારાયણ અને સંતના સંબંધવાળા દરેક ભક્તને પણ બ્રહ્મની મૂર્તિ સમાન ગણવા.** તેમને ભગવાનનો સંબધ છે માટે તેમનો અવગુણ લેવો નહિ, તેમની સાથે રીસની આંટી બાંધવી નહિ. ઉદ્ધવજી ગોપીઓનો જેવો મહિમા સમજતા તેવો **મહિમા ભગવાનના ભક્તોનો** સમજવો.

✳ આવો મહિમા નિરંતર સાધુના સંગે જ જાણ્યામાં આવે છે. આવો મહિમા જેને સમજાય તેને ભગવાનના ભક્ત સાથે ક્યારેય વેર બંધાય નહિ. સમગ્ર સત્સંગ તેને દિવ્ય ભાસે અને સહેજે સહેજે સત્સંગમાં સંપ, સુહૃદભાવ અને એકતાના ભાવે વર્તે. નિરંતર પોતાના જ દોષ જુએ, તેને ટાળવા ખટકો રાખે.

આવો મહિમા સમજતો હોય તો પણ ભગવાનની બાંધેલી **ધર્મમર્યાદાને** લોપે નહિ. બીજા કરતાં તે અધિક વર્તે, પણ ધર્મમાંથી ક્યારેય પડે નહિ.

આવો **મહિમાવાળો ભક્ત** હંમેશાં પોતાને **કૃતાર્થ** અને **પૂર્ણકામ** માની આનંદમાં રહે. **'મારું નિશ્ચય જ કલ્યાણ થઈ ગયુ છે અને હું અક્ષરધામને પામી ચૂક્યો છું'** – એમ તે ભક્ત માને. મહિમાએ યુક્ત ભક્તિ કરે તે જ ભક્તિ નિર્વિઘ્ન રહે છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કોની પ્રસાદીની વસ્તુઓ આજ સુધી જળવાયેલી/સચવાયેલ છે?

( ) A - શ્રીજીમહારાજ ( ) B - શ્રીકૃષ્ણ ( ) C - શિવજી

(૨) ગઢડામાં એક બાળકને શું લેવાની ઈચ્છા થઈ?

( ) A - પ્રસાદીના કેશ ( ) B - પેંડા ( ) C - પ્રસાદીનો થાળ

(૩) પ્રસાદીના કેશ બાળકે કોની પાસે માંગ્યાં ?

( ) A - બ્રહ્મચારી ( ) B - વાળંદ ( ) C - સંત

(૪) શ્રીજી મહારાજે બાળકને શું આપ્યું?

( ) A - થાળ ( ) B - વસ્ત્રો ( ) C - શિખાના વાળ

(૫) પોતાને મળ્યું જે એકાંતિક સંતનું સ્વરૂપ કેવું સમજવું?

( ) A - માયિક ( ) B - ગુણાતીત ( ) C - મનુષ્યજેવું

પ્રશ્ન-૨ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) શ્રી કૃષ્ણ ભગવાન	(૧) ગદા
(૨) શ્રી રામ ભગવાન	(૨) ત્રિશૂળ
(૩) શિવજી	(૩) ધનુષ
(૪) હનુમાનજી	(૪) મોરલી
(૫) શ્રીજી મહારાજ	(૫) માણકી

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) બાળક લાડુડીની પ્રસાદી માટે રડતો હતો. ☐

(૨) શ્રીજી મહારાજે બાળકને પ્રસાદીના વસ્ત્રો આપ્યા. ☐

(૩) સત્સંગી બાળભક્તો પ્રસાદીની વસ્તુઓનો ખુબ મહિમા સમજે. ☐

(૪) શ્રીજીના સંબંધવાળા દરેક ભક્તો બ્રહ્મની મૂર્તિઓ છે. ☐

(૫) સંત એતો ભગવાનનું જ સ્વરૂપ છે. ☐

પ્રશ્ન-૪ ટૂંકનોંધ લખો.

(૧) મહિમા એટલે શું?

.....

.....

.....

.....

સભા-૪ : બાળ શિવાજી



વહાલા બાળમિત્રો ! તમે **છત્રપતિ શિવાજી**ને તો ઓળખો છો ને ? શિવાજી મહારાજને કોણ નથી ઓળખતું ? **મહારાષ્ટ્રના તેઓ મહાન મરાઠા રાજા. તેમના માતાનું નામ જીજાબાઈ.** શિવાજી જ્યારે નાના હતા ત્યારે જીજાબાઈએ દેશપ્રેમ, ધર્મપ્રેમ, સાહસ, નીડરતાના હાલરડા ગાઈ-ગાઈને શિવાજીમાં સંસ્કારોનું સિંચન કર્યું હતું. રોજ રાત્રે રામાયણ, મહાભારત અને પુરાણોની વીરકથાઓ સાંભળ્યા પછી જ શિવાજી સુતા. પરિણામે શિવાજી ઘણી નાની ઉંમરથી જ વીર, નીડર અને ધર્મપ્રેમી હતા.

તેઓ બાળપણમાં બાળકોની ટોળી બનાવી તેમનું નેતૃત્વ કરતાં ને યુદ્ધના ખેલો ખેલતાં. તેમણે બાળપણથી જ વિધર્મીઓથી **હિન્દુ ધર્મનું રક્ષણ, દેવમંદિરોનું રક્ષણ** અને **ગૌમાતાનું રક્ષણ** કરવાની દૃઢ ટેક લીધી હતી. તેમના જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવી પણ પોતાની ટેક ખાતર પોતાનો પ્રાણ પણ કુરબાન કરી દીધો.

• • •


શિવાજીના ગુરુનું નામ સ્વામી રામદાસ હતું.

એક દિવસ **સ્વામી રામદાસ** એમના શિષ્યોને કાંઈ શીખવી રહ્યા હતા. એકાએક આકાશમાં વાદળાં ઘેરાવા લાગ્યાં. થોડી વારમાં વીજળીના ચમકારા થવા લાગ્યા. વાદળાં ગર્જી ઊઠ્યાં અને કડાકા-ભડાકા સાથે ઘોઘમાર **વરસાદ** તૂટી પડ્યો. પવન જોરથી ફૂંકાવા લાગ્યો ને ભયંકર ઘમસાણ થવા લાગ્યું. બધે પાણી-પાણી થઈ ગયું.

એ જ વખતે અચાનક **સ્વામી રામદાસના પેટમાં કાંઈક દુઃખાવો ઊપડ્યો.** વખત જતો ગયો તેમ **દુઃખાવો વધતો** ગયો. ઘરગથ્થુ ઉપાય કર્યો પરંતુ કાંઈ ફાયદો જણાયો નહિ.

હવે શું કરવું ? સહુ કોઈ બહુ **મૂંઝવણ**માં પડી ગયા. છેવટે સ્વામીજીએ જ **ઉપાય** બતાવ્યો, 'જો મને **જિવાડવો** હોય તો તમારામાંથી કોઈ જઈને **સિંહણનું દૂધ** લાવી આપે તો સારું થાય.'

ગુરુભક્ત અને **શૂરવીર શિવાજીએ બીડું ઝડપ્યું.** તરત જ નીકળી પડ્યા. જંગલમાં જતાં વચ્ચે વચ્ચે નાનાં-મોટાં કોતરો અને નદીઓ આવતી હતી. ને વરસાદ તો મુશળધાર ચાલુ જ હતો. આવી ઘનઘોર ભયંકર પરિસ્થિતિમાં આગળ જવું કેવી રીતે ?



પણ ગુરુજીના માટે એ બહાદુર શિવાજી **હિંમતભેર** નીકળી પડ્યા. ભલભલા નરવીરો પણ આવે વખતે એ જંગલ વીંધીને પાર જવાની હામ ન ભીડે, એવા ભેંકાર જંગલમાં શિવાજી ચાલવા માંડ્યા. નાના નાના વહેણો તો એમણે વટાવી દીધા. પણ આગળ જતાં **મોટી નદી** આવી.

હવે..? 'હવે ?' એવો પ્રશ્ન એમને થયો જ નહિ, **પડ્યા એ તો પાણીના વહેણમાં ને તરી ગયા નદી.** પહોંચી ગયા એ તો સિંહણની પાસ.

આ બાજુ ગુરુજીની **બીમારી** વધતી જતી હતી. સહુ કોઈ ચિંતામાં ડૂબ્યા હતા. અને **ચાતક નજરે** શિવાજીની આવવાની રાહ જોઈ રહ્યા હતા. એ જ વખતે શિવાજી **સિંહણનું દૂધ લઈને આવી પહોંચ્યા.** ગુરુજીએ પ્રભુને યાદ કરી **દૂધ પીધું.** તરત જ ગુરુજીને રાહત થઈ.

રામદાસજીએ શિવાજીના માથે હાથ મૂકી તેને **આશીર્વાદ**થી છલકાવી દીધો. બાથમાં ઘાલી **ભેટી** પડ્યા. તેઓ વીર શિવાજી ઉપર ખુશ-ખુશ થઈ ગયા. સહુ કોઈ **શિવાજીની ગુરુભક્તિ** પર આફરીન(ખુશ) થઈ ગયા.

આવી હતી શિવાજીની ગુરુભક્તિ, શૂરવીરતા અને નીડરતા.

બાળકો, શિવાજીએ એમના ગુરુ માટે કેવું હિંમતભર્યું કામ કર્યું ? ગુરુજીના વહાલા શિષ્ય બન્યા. આપણે પણ જો આપણા ભગવાન, ગુરુજી અને સંતોના વહાલા બનવું હોય તો જીવનમાં નિષ્ઠા, નીડરતા અને સાહસિકતા જેવાં ગુણો કેળવવા જોઈએ.

સત્સંગ સમજણ વિભાગ

આશરો

આધાર, આશ્રય, અવલંબન, શરણું..

આશરો એટલે ભગવાનની અનન્ય શરણાગતિ, આશ્રય.

એમના સિવાય અન્ય કોઈ સુખ દેનાર કે કલ્યાણકારી નથી એવી દૃઢ મતિ.

૧. ભગવાનનો દૃઢ આશ્રય તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઇચ્છે, પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય. **— વચ. વરતાલ : ૫**

૨. ભગવાનનો જે દૃઢ આશરો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે તેણે કરીને ભગવાન રાજી થાય છે. અને તે આશરો અતિ દૃઢ જોઈએ જેને વિષે કાંઈ પોલ રહે નહિ. **— વચ. ગઢડા પ્રથમ : ૩૩**

૩. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે. **— વચ. વરતાલ : ૧૦**

૪. જીવ જીવકે આશરે, જીવ કરત હે રાજ
તુલસી રઘુવીર આશરે, કયો બીગડેગા કાજ.

૫. જેને જેનો આશરો, તેને તેની લાજ.

૬. જંગલમાં ભુલી પડેલી બકરીને સિંહના પગલાનો આશરો થયો. તો રક્ષા થઈ.

૭. **આશરો ત્રણ પ્રકારે થાય (વચ. ગઢડા-પ્ર-૩૩)**

(A) **મુઢપણે** - વિજાપુરના વજીબા- સુરાખાચર - હું ને મારો ઠાકોર, ઠાકોર બેઠો પારણે વગેરે.

(B) **પ્રીતિ** - મૂળજી બ્રહ્મચારી- આણંદજી સંઘેડીયા

(C) **સમજણ**- મુક્તાનંદ સ્વામી- ગોપાળાનંદ સ્વામી



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) છત્રપતિ શિવાજી મહારાજ કોણ હતા?

.....

(૨) શિવાજી મહારાજના ગુરૂ કોણ હતા?

.....

(૩) સ્વામી રામદાસને કઈ પીડા શરૂ થઈ?

.....

(૪) શિવાજીએ પોતાના ગુરૂને કઈ રીતે દુ:ખમાંથી ઉગાર્યા?

.....

(૫) છત્રપતિ શિવાજી મહારાજના પુત્રનું નામ શું હતુ?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સ્વામી રામદાસને કયાં દુ:ખાવો ચાલુ થયો?

( ) A - માથામાં ( ) B - પેટમાં ( ) C - કમરમાં

(૨) સ્વામી રામદાસે જીવવા માટે ઔષધી તરીકે શેની માંગણી કરી?

( ) A - ગાયનું દૂધ ( ) B - બકરીનું દૂધ ( ) C - સિંહણનું દૂધ

(૩) સિંહણનુ દૂધ લેવા કોણ ગયું?

( ) A - વૈદ્ય ( ) B - શિવાજી ( ) C - શિષ્યો

(૪) શિવાજીનો સ્વભાવ કેવો હતો?

( ) A - શૂરવીર ( ) B - ડરપોક ( ) C - મોજીલો

(૫) શિવાજીનું કાર્યક્ષેત્ર ક્યું હતું?

( ) A - ઉત્તરપ્રદેશ ( ) B - પંજાબ ( ) C - મહારાષ્ટ્ર

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) શિવાજી સાચા ગુરૂભક્ત , નીડર અને શૂરવીર પુરૂષ હતા. ☐

(૨) દૃઢ આશરાવાળા ભક્તનું કાળ-કર્મ માયા ભુંડુ કરી શકે નહિ. ☐

(૩) હરિભક્તિની જેમ ગુરૂભક્તિ પણ કલ્યાણકારક છે. ☐

(૪) ભગવાનનો દૃઢ આશરો કલ્યાણનું સર્વશ્રેષ્ઠ સાધન છે. ☐

(૫) સુરાખાચરને શ્રીજીમહારાજનો મુઢપણે આશરો હતો. ☐

સભા-૫ : મલ્લોનો પરાજય




ઘનશ્યામ ત્રણ વર્ષના થયા ત્યારે બાદ **છપૈયાથી અયોધ્યા** રહેવા આવ્યાં. અહીં તે રોજ મિત્રો સાથે **સરયુ નદીએ** ન્હાવા જાય છે, રોજ મંદિરે જાય છે, કથા સાંભળે છે, સંતોનો સમાગમ અને સેવા કરે છે. એમ કરતાં મોટા થયા. **મલ્લ-કુસ્તી શીખ્યા.**

એક દિવસ **નેપાળ દેશના ત્રણ મલ્લો દિગ્વિજય કરતાં કરતાં અયોધ્યામાં** આવ્યા. તેણે અયોધ્યાના **રાજાને** પડકાર ફેંક્યો કે, **'તમારા કોઈ બળવાન મલ્લ હોય તો અમારી સામે આવે, નહિ તો અમને જીત્યા જાહેર કરો અને પુરસ્કાર આપો.'**

આ ત્રણેય મલ્લો **સરયુ** કિનારે આવ્યા. ત્યાં **ઘનશ્યામ** તથા **બાળકો કુસ્તી** કરતા હતા. આ મલ્લો બાળકોની કુસ્તી જોઈ ન શક્યા. તેમણે બાળકોની આગળ જઈને કહ્યું, '**એય... છોકરાઓ** ! કુસ્તી બંધ કરો ! અને જો કુસ્તી કરવી જ હોય તો ચાલો **અમારી સાથે** તૈયાર થઈ જાઓ !'

મલ્લોની વાત સાંભળી છોકરાઓ **ડરી** ગયા. પણ ઘનશ્યામે પોતાના **મિત્રોમાં હજાર-હજાર હાથીનું બળ** મૂક્યું અને હિંમત આપી. પછી મિત્રોએ મલ્લો સાથે કુસ્તી કરીને **મલ્લોને હરાવ્યા**; તેથી અયોધ્યામાં **ઘનશ્યામની વાહ..! વાહ...!** થવા લાગી.



આ વાતની જાણ આખા અયોધ્યામાં ઘેર-ઘેર થઈ એટલે **રાજાના ભત્રીજા** એવા **ભીમસંગ, દિલ્લીસંગ**



અને **માનસંગ**થી ઘનશ્યામની **પ્રસિદ્ધિ** સહન ન થઈ. તેમણે **અયોધ્યાના રાજા દર્શનસિંહજીને** કહ્યું કે, 'અમારે **ઘનશ્યામ સાથે મલ્લ-યુદ્ધ** કરવું છે.'


રાજાએ ત્રણેય મલ્લોને સમજાવતાં કહ્યું કે, 'જુઓ ! એ ધર્મદેવના પુત્ર **ઘનશ્યામ** સાથે કુસ્તી કરવી રહેવા દો ! એને તમે ઓળખતા નથી. એ કોઈનાથી જીતાય એમ નથી. એ તો **ઈશ્વરનો અવતાર** કહેવાય છે.'

પરંતુ **અભિમાન** ભરેલા ત્રણેય મલ્લોએ રાજાની વાત માની નહિ. તેઓએ રાજાને કહ્યું જે, 'મહારાજ! અમે **અમારા બળથી તેને જીતી** લઈશું. અને તમે અમને વિજય બદલ **બક્ષીશ** આપજો.'

રાજાએ કહ્યું, 'ભલે જાઓ, તૈયારી કરો. પરંતુ બહુ બડાઈ મારો છો તે હારીને નાક ન કપાવતા !'

બીજે દિવસે અયોધ્યામાં **ઢંઢેરો** પિટાવવામાં આવ્યો. તેથી **આખું અયોધ્યાનગર મલ્લયુદ્ધ** જોવા ઊમટી પડ્યું. **કુસ્તીના મેદાન** ફરતા લોકો મલ્લકુસ્તી જોવા બેસી ગયા. **રાજા દર્શનસિંહજી** પણ જોવા આવ્યા.

આ બાજુ ધર્મપિતા અને ભક્તિમાતાને **ચિંતા** થવા લાગી કે, **'મારા નાનકડા ઘનશ્યામને આજે મલ્લો મારી નાંખશે !'** માતા-પિતાની ચિંતા ઘનશ્યામે **અંતર્યામીપણે** જાણી. ઘનશ્યામ મહારાજે માતા-પિતાને **હજાર હાથ** અને **હજાર પગવાળા વિરાટનારાયણ** રૂપે દર્શન આપ્યું. તેથી માતા-પિતાની ચિંતા ટળી ગઈ.



મલ્લયુદ્ધ શરૂ થયું. **ભીમસંગ** મેદાનમાં આવ્યો. **૨૪ મણ વજનની સાંકળ** પોતાના પગે બાંધી. પછી પ્રેક્ષકોમાંથી ઘણા માણસોને બોલાવી સાંકળ ખેંચાવી. પેલા માણસોએ ખૂબ બળ કર્યું; પણ ભીમસંગ **એક તસુ** જેટલો પણ ન ખસ્યો.

મદ ભરેલો ભીમસંગ **અટ્ટહાસ્ય** કરી ઘનશ્યામને કહેવા લાગ્યો, 'જોઈ લે મારી તાકાત ! હજુ તક છે, **હાર કબૂલ** કરી લે અને જો હાર ન માનવી હોય તો તું પણ આ **સાંકળ ખેંચી જો.**'

નાનકડા મનોહર ઘનશ્યામે હળવેકથી નીચા નમીને સાંકળ ડાબે હાથે ઊંચી કરી... અને... એક જ ઝાટકે ભીમસંગને ખેંચીને એવો દૂર ફેંક્યો કે છેક.. દૂર આંબલીના ઝાડ સાથે અથડાયો. નાક-મોંમાંથી લોહી નીકળી ગયું. સાંકળના તો **અગિયાર ટુકડા** થઈ ગયા.

ભીમસંગ હાર્યો એટલે વધુ **ક્રોધે** ભરાયો. ઊભો થઈ બીજી સાંકળ મંગાવી અને બોલ્યો, 'ઘનશ્યામ ! તારામાં બહુ તાકાત હોય તો **તું પગે સાંકળ બાંધીને ઊભો રહે.** પછી જો તને **મચ્છરની** જેમ ઉડાડી ન દઉં, તો મારું નામ ભીમસંગ નહિ !'

ઘનશ્યામ કહે, 'ચાલો ત્યારે એમ કરીએ.'

ઘનશ્યામ પોતાના ડાબે પગે સાંકળ બાંધીને સિંહની જેમ અડગ ઊભા રહ્યા. પ્રેક્ષકોમાંથી કેટલાકને ચિંતા થવા લાગી કે, 'ઓહોહો..! આ **પાડા જેવો** મલ્લ નાનકડા ઘનશ્યામને દૂર ફેંકી દેશે તો..?' ત્યારે ઘનશ્યામે બધા પ્રેક્ષકોને હજાર હાથવાળા ને હજાર પગવાળા **વિરાટનારાયણ સ્વરૂપે** દર્શન આપ્યાં. તેથી બધાં પ્રેક્ષકો આનંદમાં આવી ગયાં.

હવે પેલો ભીમસંગ ઘનશ્યામ નજીક આવ્યો ને બે હાથથી સાંકળ પકડી. પછી જેટલું બળ હતું તેટલું બળ કરીને સાંકળ ખેંચવા લાગ્યો. સાંકળ એવી તો જોરથી ખેંચી કે, સાંકળ તૂટી ગઈ અને ભીમસંગ તો.... સામે રહેલા મોટા ઝાડ સાથે એવો ભટકાયો.. કે **મૂર્છિત** થઈને પડી ગયો, તે પોણા કલાકે ભાનમાં આવ્યો !

ભીમસંગના આવા હાલ જોઈ બાકીના બંને મલ્લો બોલ્યા કે, 'હે ઘનશ્યામ ! અમે તો ફક્ત તમારા દાવ જોવા જ આવ્યા છીએ, કુસ્તી કરવા નહિ.'

ઘનશ્યામનું આ પરાક્રમ જોઈ રાજાએ તથા ગામના લોકોએ તેમને તાળીઓથી વધાવી લીધા. રાજાએ ધર્મદેવના પુત્ર ઘનશ્યામનો **વિજય** જાહેર કર્યો અને ઇનામમાં **વસ્ત્રો** તથા **આભૂષણો** આપ્યાં.

પેલા ત્રણેય મલ્લો ઘનશ્યામ પાસે આવી પગે લાગ્યા અને **માફી** માંગી કે, **'હે ઘનશ્યામ ! તમે તો સાક્ષાત્ પ્રભુ છો.** અમારી ભૂલ થઈ ગઈ. હવે અમે ક્યારેય **અભિમાન** નહિ કરીએ.'

રાજાએ ઘનશ્યામ મહારાજને **હાથી** પર બેસાડી નગરમાં ફેરવ્યા. સારાયે નગરમાં ઘનશ્યામનો **જય જયકાર** થઈ ગયો.

જોયું ને બાળમિત્રો ! આ ચરિત્ર પરથી એટલું શીખવા મળે છે કે, ક્યારેય પોતાની વિદ્યા, કળા કે આવડતનું અભિમાન રખાય નહિ. અને રાખીએ તો ભગવાન એક દિવસ આપણું અભિમાન ઉતારી નાંખે. કારણ કે, ઘનશ્યામને અભિમાન ગમતું નથી.

સત્સંગ સંસ્કાર વિભાગ

મંદિર

મંદિર એટલે ભગવાનનું ઘર;
જેમાં ભક્તો ભગવાનની મૂર્તિ પધરાવીને સેવા પૂજા કરે છે.

મંદિરમાં મૂર્તિ પધરાવીને તેમાં ભગવાનનો પ્રાણ પૂરવા માટે બ્રાહ્મણ દ્વારા વિધિ કરવામાં આવે છે, જેને **'પ્રાણ પ્રતિષ્ઠા'** કહે છે અને તેને ભોગ એટલે કે અન્નકૂટ ધરાવીને આરતી ઉતારવામાં આવે છે.

આવી મૂર્તિમાં ભગવાન કાયમી નિવાસ કરીને રહે છે અને ભક્તોની સેવા પૂજા અંગીકાર કરીને તેમના મનોરથો પૂર્ણ કરે છે.

પ્રાણ-પ્રતિષ્ઠાના દિવસને દર વર્ષ **'પાટોત્સવ'** તરીકે ઉજવવામાં આવે છે.

* સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું આગવું સ્થાન છે અને વિશેષ આદર આપવામાં આવે છે. જેના ભાગરૂપે તેના માટે મંદિરમાં દર્શન માટે અલગ વ્યવસ્થા હોય છે. ઉપરાંત તેમના અલગ મંદિરો પણ હોય છે જે **બહેનોના મંદિરો** તરીકે ઓળખાય છે. તેમાં પુરુષોને પ્રવેશ મળી શકતો નથી જેથી બહેનો પોતાની રીતે સેવા પૂજા અને ભજન-કીર્તન કરી શકે.

* સામાન્ય રીતે **હરિમંદિરો**માં સવારે અને સાંજે **બે વખત આરતી** થાય છે. જ્યારે **શિખરબંધ** મંદિરોમાં **પાંચ વખત આરતી** થાય છે.

વહેલી સવારની આરતીને **'મંગળા આરતી'** કહે છે ત્યારબાદ ભગવાનને વસ્ત્ર અલંકાર ધરાવીને આરતી કરવામાં આવે છે તેને **'શણગાર આરતી'** કહે છે ત્યારબાદ બપોરે ભોજન (ભોગ) ધરાવવામાં આવે છે પછીની આરતીને **'રાજભોગ આરતી'** કહે છે ત્યારબાદ સંધ્યાકાળે આરતી કરવામાં આવે છે તેને **'સંધ્યા આરતી'** કહે છે અને રાત્રે ભગવાનને પોઢાડતા પહેલા આરતી કરવામાં આવે છે તેને **'શયન આરતી'** કહે છે.



દર્શનાર્થીઓ ભગવાન માટે વિવિધ ભેટ જેવી કે ફળ, ફૂલ, વસ્ત્ર વગેરે લાવે છે. કેટલાંક રોકડ રૂપે દાન પેટીમાં નાખે છે અને ભગવાનનો રાજીપો મેળવે છે.

સામાન્ય દિવસોમાં ભગવાનના ભક્તો સમગ્ર દિવસ દરમિયાન કથા-વાર્તા, કીર્તન, ધૂન-ભજન કરીને વાતાવરણ દિવ્ય બનાવે છે. પરંતુ **એકાદશી** આદિક દિનમાં રાત્રી જાગરણ કરીને વાતાવરણને વધારે દિવ્ય અને ભક્તિમય બનાવે છે.

આપણે રોજ સવાર-સાંજ મંદિરે, મહારાજના સંતોનાં દર્શન માટે જવું જ જ જોઈએ. આપણો જીગરજાન મિત્ર હોય તો એક દિવસેય તેને મળ્યા વગર આપણે રહીએ છીએ ખરા ? એને એક દિવસ ન મળ્યા હોય તો ત્યાં સુધી નિરાંત ન થાય. એમ આપણેય આપણા પ્યારા ઘનશ્યામ પ્રભુને એક દિવસ ન મળીએ તો દુ:ખ થવું જોઈએ. એમનાં અને સંતોનાં દર્શન વગર આપણાથી રહેવાય કેમ ?

મંદિરમાં ઘનશ્યામ પ્રભુની આપણા ઉપર દૃષ્ટિ પડે તો આપણા દોષ ટળી જાય, ખોટા વિચારો અટકી જાય, ખોટી ક્રિયા થતી અટકે અને ખોટું બોલવાનું અટકે. અને સંતોનાં દર્શન કરીએ, ચરણસ્પર્શ કરીએ તો આપણા મસ્તકે તેમનો દિવ્ય હસ્ત પડે અને **આશીર્વાદ** મળી જાય. જે આશીર્વાદથી આપણે ભણવામાં હોશિયાર થઈએ અને મોટા થઈ જીવનમાં ખૂબ સુખી થઈએ.

મંદિરમાં આવતા ભક્તો આપણા ભાઈઓ છે. બધાં મહારાજનાં બાળકો છે, એટલે એમની સેવા ભગવાનની સેવા તુલ્ય છે.

મંદિરમાં આવી આપણે આટલું તો કરવું જ

બાલમિત્રો, **મંદિરમાં રહેલી મૂર્તિ તે સાક્ષાત્ ભગવાન છે.** પણ કોઈ ફોટો કે પ્રતિમા નથી; એવું બરાબર દૃઢ કરી, **એકચિત્તે મૂર્તિનાં દર્શન** કરી, મૂર્તિને અંતરમાં ઉતારવાનો પ્રયત્ન કરવો. પણ દર્શન કરતાં કરતાં ચારે બાજુ ડાફોરિયાં ન મરાય; મહારાજ કુરાજી થાય. આપણે **'મહારાજના સેવક છીએ - દાસ છીએ'** તે ભાવ દૃઢ કરવા પુરુષો અને બાળકોએ ઓછામાં ઓછા **પાંચ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ** કરવા. જ્યારે મહિલાઓએ અને બાલિકાઓએ **પંચાંગ પ્રણામ** કરવાં.

મહારાજને રાજી કરવા અને મૂર્તિઓમાં **પ્રેમ** કેળવવા, મહારાજની **મૂર્તિ ધારી** મૂર્તિનાં **કીર્તન** બોલવાં.

મંદિરમાં મહારાજના નિજ મંદિરની-સિંહાસનની ફરતી પહોળી જગ્યા હોય છે. જેને **પ્રદક્ષિણા** કહેવાય છે. આપણે સદાય માટે મહારાજ સાથે વરેલા છીએ અને આપણા **કેન્દ્રસ્થાને** મહારાજ છે. તે ભાવ પ્રદક્ષિણા દ્વારા ફલિત થાય છે. એટલે **ઓછામાં ઓછી પાંચ પ્રદક્ષિણા** તો કરવી જ.

મહારાજની મૂર્તિ સાથે એકાગ્રતા કેળવાય એ માટે **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' મહામંત્ર**ની મનોમન ઉચ્ચારથી **માળા** પણ ફેરવવી.

મંદિરમાં બિરાજતા **સંતોને પણ દિવ્યભાવથી દંડવત્ પ્રણામ** અને દિવ્યભાવથી **ચરણસ્પર્શ** કરી દર્શન કરવા અને તેમની પાસે બેસી તેમનો **સમાગમ** કરવો. આમ, **મંદિર એટલે જગતની વિટંબણાઓને ભૂલી જઈ ભગવાનમાં જોડાવાનું સ્થાન.**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કયા દેશના મલ્લો દિગ્વિજય કરતાં કરતાં અયોધ્યા પહોચ્યા?

( ) A - ગુજરાત ( ) B - નેપાળ ( ) C - પાકિસ્તાન

(૨) નેપાળના મલ્લોએ કોની સામે પડકાર ફેક્યો?

( ) A - અયોધ્યાના રાજા ( ) B - બાળકો ( ) C - ઘનશ્યામ

(૩) ઘનશ્યામે હજાર હાથીનું બળ કોનામાં મુક્યું?

( ) A - મિત્રોમાં ( ) B - મલ્લોમાં ( ) C - રાજામાં

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) અયોધ્યાના રાજાનું નામ શું હતું?

.....

(૨) રાજાના ભત્રિજાનું નામ શું હતું?

.....

(૩) કોનાથી ઘનશ્યામની પ્રસિદ્ધિ સહન ન થઈ?

.....

(૪) ઘનશ્યામે વિરાટ્નારાયણરૂપે કાને દર્શન આપ્યા?

.....

(૫) ઘનશ્યામે કોની સાથે મલ્લકુસ્તી કરી?

.....

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) ભીમસંગે પોતાના પગમાં ..... બાંધી. (સાંકળ, દોરડુ, દોરી)

(૨) રાજાએ આખા નગરમાં ..... પીટાવ્યો. (ઢંઢેરો, પટારો, એલાર્મ)

(૩) મંદિરમાં મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠાના દિવસને દર વર્ષે ..... તરીકે ઉજવવામાં આવે છે. (પ્રાગટ્યોત્સવ, પાટોત્સવ, દિપોત્સવ)

(૪) બપોરે થાળના સમયે થતી આરતીને ..... કહેવાય. (રાજભોગઆરતી, મંગળાઆરતી, ઉત્થાન આરતી)

(૫) મહિલાઓએ ભગવાનને .....પ્રણામ કરવાના હોય છે. (સાષ્ટાંગ, પંચાગ, અગિયાર)

પ્રશ્ન-૪ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) શિખરબંધ મંદિરોમાં દિવસમાં સાત વખત આરતી થાય છે. ☐

(૨) મંદિરમાં રહેલી મૂર્તિ તે સાક્ષાત્ ભગવાન છે. ☐

(૩) હરિમંદિરોમાં રોજ બે વખત આરતી થાય છે. ☐

(૪) માણસે અભિમાન રાખવું જોઈએ. ☐

સભા-૬ : અન્ન તેવું મન

મહાભારતના યુદ્ધની આ વાત છે. **ભીષ્મ પિતામહ શર-શૈયા** ઉપર **સૂતેલા** છે. **યુધિષ્ઠિર** તેમની પાસે **ધર્મનો ઉપદેશ** સાંભળતા હતા. **ધર્મની ગંભીર લાભની વાતો** ચાલું હતી. તે વખતે **દ્રૌપદી**એ કહ્યું : 'પિતામહ ! મારો **એક પ્રશ્ન** છે. તમે આજ્ઞા આપો તો પૂછું ?'

ભીષ્મ બોલ્યા : 'પૂછો, દીકરી ! તમે પણ સવાલ પૂછો, હું જવાબ આપીશ.'



દ્રૌપદીએ કહ્યું : 'મહારાજ ! પ્રશ્ન પૂછતાં પહેલાં **ક્ષમા** માંગું છું. **મારો પ્રશ્ન** જરા **વિચિત્ર** છે. તમને બરાબર નહિ લાગે. ખરાબ લાગે તો **ક્રોધ** કરશો નહિ.'

ભીષ્મ બોલ્યા : 'નહિ દીકરી ! હું ગુસ્સે નહિ થાઊં, તમારે **જે પૂછવું હોય તે પૂછો.**'

દ્રૌપદીએ કહ્યું : 'પિતામહ ! તમને યાદ છે. જ્યારે **દુર્યોધનની સભામાં દુઃશાસન મને નગ્ન કરવાનો પ્રયત્ન કરી રહ્યો હતો** ? **હું રડતી હતી,** બૂમો પાડતી હતી, તમે પણ ત્યાં **હાજર** હતા. મેં તમને પણ **સહાય** માટે **પ્રાર્થના** કરી હતી. આજે તમે **જ્ઞાનની મોટી મોટી વાતો** કરો છો. તે સમયે તમારું આ **જ્ઞાન** અને **ધ્યાન** ક્યાં ગયું હતું ? તે સમયે એક **અબળાનું અપમાન** તમે **કેવી રીતે સહન કર્યું** ? તેનો **પોકાર** કેમ ન સાંભળ્યો ?'



ભીષ્મ બોલ્યા : 'દીકરી ! તમે બરાબર કહો છો. **તે સમયે હું દુર્યોધનનું પાપથી ભરેલું અન્ન ખાતો હતો.** તે પાપ મારા શરીરમાં હતું. અને તે લોહી બનીને મારી નસોમાં દોડતું હતું. તે સમયે હું **ઇચ્છવા છતાં** ધર્મની વાત કહી શક્યો નહિ. હવે **અર્જુનના** બાણોએ **તે લોહી** બહાર **કાઢી** નાખ્યું છે. હું ઘણા સમયથી બાણની પથારી ઉપર છું. **પાપનું અન્ન શરીરમાંથી નીકળી ગયું છે.** તેથી **ધર્મની વાતો** કહેવા લાગ્યો છું.'

વ્હાલા બાળકો ! આવો છે અન્નનો પ્રભાવ !

જૈસા અન્ન-જલ ખાઈએ, વૈસાહી મન હોય ।
જૈસા પાની પીજીએ, તૈસી વાણી હોય ॥

આટલું આપણાથી ન જ ખવાય

બાળમિત્રો ! જો **ચોરના ઘર**નું કે એના હાથનું ખવાય તો **ચોરીના વિચાર** આવે. પાપીના હાથનું ખવાય તો **પાપના વિચાર** આવે અને વાસનિકના હાથનું કે સ્પર્શ કરેલું ખવાય-પિવાય તો **વાસના વધે.**



આપણે તો મહારાજનાં બાળકો. આપણે તો સદાય **ભગવાનના વિચાર** આવે તેવા થવું છે. માટે આજે આપણે નક્કી કરીએ કે,

બહારનું કે **બજારનું-હોટલ**નું ખવાય-પિવાય નહિ. કારણ કે એમાં ગાળ્યા વગરનું ઘી-દૂધ-તેલ અને પાણી વપરાયું હોય. આપણા શ્રીજીમહારાજે તો કહ્યું કે, **'અણગળ પાણીનું એક ટીપું જો વપરાઈ જાય તો માછીમાર છ માસ માછલાં મારે અને જેટલું પાપ લાગે તેટલું પાપ તે પીનારને લાગે છે.'** ઘી-દૂધ અને તેલમાં પણ સૂક્ષ્મ જીવાણુઓ હોય, તેવું જમવું તે **માંસભક્ષણ** કર્યા તુલ્ય બને છે.



બજારની કે બહારની વસ્તુમાં કે લગ્નપ્રસંગોમાં શું આવી શુદ્ધતા રહે છે ખરી ? આવું ખાવાથી સગાં-સંબંધીઓને ખોટું ન લાગે પણ જેની પાસેથી આપણે સુખ જોઈએ છે, જેને આપણે રાજી કરવા છે તે **મહારાજને** અને **મોટાને** તો **જરૂર ખોટું લાગે જ. એ કુરાજી થાય જ.**

બજારની વસ્તુમાં કોણ લોટ ચાળતું હશે ? અનાજ કેવુંક સાફ કરીને દળાવાતું હશે ? આ બધું **ભ્રષ્ટ અન્ન** જમવાથી આપણા **વિચારો** કેવા **ભ્રષ્ટ થશે** એનો વિચાર કર્યો ?

વળી, **ડુંગળી-લસણ** અને **હિંગ** જેવા **તમોગુણી પદાર્થ** પણ આપણે ખવાય નહિ. તો પછી **ઈંડાં** કે **માંસનો નિષેધ** તો હોય જ ને !

જ્યારે **દારૂ** અને **દારૂ તુલ્ય કેફ કરનારી** તમામ વસ્તુઓ જેવી કે બીડી, તમાકુ, સિગારેટ, પાન, મસાલો, અફીણ, ગાંજો, ચા-કોફી, ઠંડાં પીણાં પણ કેફ કરતાં હોવાથી **દારૂ તુલ્ય** ગણાય છે.

માટે જ બાળમિત્રો ! **ધ્યાન રાખજો.** ભેળપૂરી, ચેવડો, હલવો કે પૂરી-પકોડીનો તો સંકલ્પ જ કેમ કરાય?

આ બધું ખાવાથી જીભને મજા આવે છે. લાગે છે મીઠું પણ શરીરનેય નુકસાન કરે છે, મનનેય નુકસાન કરે છે અને **મહારાજનો કુરાજીપો** થાય એ તો નુકસાન છે જ. માટે આપણે તો જેમ મહારાજ રાજી થાય તેવો જ **આહાર-વિહાર** રાખવો.



અત્યારે આ બધું પાળવું પડે એ ઝેર જેવું લાગે પણ એનું ફળ મહારાજની **મૂર્તિનું સુખ** છે તે અમૃત સમાન છે.

હવે આપણું સુખ આપણા હાથમાં છે.

સત્સંગ સમજણ વિભાગ

ઘર મંદિર

આપણે **સત્સંગી** કહેવાઈએ છીએ તો આપણા ઘરનું વાતાવરણ **દિવ્ય** અને સાંજ સવાર **ભગવાનનાં ભજન-કીર્તન**થી ગુંજતું હોવું જોઈએ. **ઘરમાં ભગવાનની મૂર્તિ ના હોય તે ઘર સ્મશાન તુલ્ય ગણાય.** આપણા ઘરની અંદર **ભગવાનની મૂર્તિ** તો અવશ્ય હોવી જોઈએ. આપણા ઇષ્ટદેવ શ્રીજીમહારાજની મૂર્તિ અથવા ઠાકોરજી મહારાજની મૂર્તિ જે આપણને ગમે તે રાખવી જોઈએ, **મહારાજની મૂર્તિ એ મહારાજનું સ્વરૂપ છે.** તે સાક્ષાત્ ભગવાન છે. એમ જાણ્યું હોય તો એક સુંદર





વ્યવસ્થિત સિંહાસન કે કબાટ બનાવવામાં આવે તેમાં મહારાજની મૂર્તિ પધરાવવામાં આવે તેને કહેવાય **'ઘર મંદિર'**. ઘરના તમામ નાના મોટા સભ્યોએ ભેગા મળી ભગવાન ભજવાનું સ્થાન એટલે **ઘર મંદિર**.

ઘર મંદિરમાં પધરાવેલ મૂર્તિની ઋતુ ઋતુ પ્રમાણે **સેવા** થવી જોઈએ. જેમ આપણને ગરમી લાગે છે તેમ મૂર્તિ માટે પંખાની વ્યવસ્થા પણ હોવી જોઈએ. વળી જેમ આપણા ઘરમાં આપણને જેમ બરાબર હવા ઉજાસ મળી રહે તેવી કાળજી રાખીએ છીએ, તેમ ઘરમંદિરનું **સ્થાન** પણ યોગ્ય હવા અને પ્રકાશની અવર-જવર થાય તેવી રીતે પસંદ કરવું જોઈએ. ભગવાનને જગાડવા-પોઢાડવા માટે પડદા અને જરૂર લાગે ત્યારે ગોદડીની વ્યવસ્થા પણ હોવી જોઈએ. **જેવું દેહને તેવું દેવને**. આપણને ઠંડી લાગે તો મહારાજનેય ઠંડી લાગે. સેવા કેમ કરવી તો સવારમાં ઉઠી સ્નાનાદિક વિધિ પતાવી ગદ્ ગદ્ કંઠે અને વિનય વચને **જાગો... જાગો...મારા નાથ ! હે અધમ ઉદ્ધારણ ! પ્રભુ જાગો.... દયાળુ ! પ્રભાત થયું છે પ્રાણ પ્યારા જાગો...**

કહી મહારાજને **પ્રભાતિયા** સાથે પડદો ખોલી **ટોકરીના મધુર રણકાર** સાથે જગાડવા. શુદ્ધ સારા વસ્ત્રથી મહારાજની મૂર્તિને હળવે હાથે મારા પ્રિયતમને નેત્રમાં વાગી ન જાય, વસમું ન લાગે એવા સતત ખટકા સાથે લૂછવી. **સવારે-સાંજે આરતી કરવી. સવારે** ભગવાનને ગરમ દૂધ ધરાવવું અને **બપોરે** આપણાં ઘરમાં જે ભોજન બનાવ્યું હોય તે દાળ, ભાત, શાક, રોટલી કે રોટલા, અથાણાં વગેરે ધરાવવું. **ચાર** વાગ્યે પાણી ધરાવીને જગાડવા. **સંધ્યા સમયે** ખીચડી, શાક, ભાખરી જે હોય તે ભગવાનને ધરાવવું. શક્ય હોય તો ઘરના તમામ સભ્યોએ ભેગા મળી **સંધ્યા આરતી** કરવી. ધૂન, અષ્ટક, સ્તુતિ પ્રાર્થના કરી **પોઢાડવા**. આવી રીતે સેવા કરવી જોઈએ, આપણા ઘરમાં કોઈ પણ વસ્તુ ઘરેણાં કે વસ્ત્રો વિગેરે લાવીએ તે ભગવાનના ચરણે ધરીને જ આપણે ઉપયોગમાં લેવાય. ઘરમાં કોઈ પણ વાનગી બનાવી હોય તો **પ્રથમ ભગવાન**ને ધરાવીને પછી આપણે **પ્રસાદ** તરીકે લેવાય. ઘરમંદિરમાં કોઈ પણ વસ્તુ મુકવી જોઈએ નહિ. જેવી કે કપડાં, રૂપિયા ન મૂકાય તેમજ દાતણ, ચશ્મા, કાંસકો, દર્પણ, સોય, કાતર, ચપ્પુ, દોરી, દોરાની દડી વગેરે ના મૂકાય. ટૂંકમાં ભગવાનના ઉપયોગમાં આવતી વસ્તુ જેવી કે, આરતી, ટોકરી, અગરબત્તી, માચીસ, દિવેટ, દિવા માટે નાનકડી વાટકી કે રકાબી આટલી વસ્તુની જરૂર પડે એટલે તે રાખવી જરૂરી છે. ઘર મંદિરની **મર્યાદા** રાખવી જોઈએ. બહુ ઊંચા સાદે બોલાય નહિ, તેમજ મૂર્તિ સન્મુખ રૂદન ન કરાય. ઝઘડો ન કરાય. ગાળ ન બોલાય વગેરે મર્યાદા રાખવી જોઈએ. **શ્રીજી મહારાજની મૂર્તિ એ સાક્ષાત્ ભગવાન છે.** પ્રતિમા ભાવ ટાળી દિવ્યભાવ કેળવવાનું સ્થાન એટલે જ ઘરમંદિર.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) દુર્યોધનની સભામાં દ્રૌપદીને નગ્ન કરવાનો પ્રયત્ન કોણ કરી રહ્યું હતું?

( ) A - દુર્યોધન ( ) B - દુઃશાસન ( ) C - કર્ણ

(૨) ભીષ્મ પિતામહ કોનું અન્ન ખાતા હતા?

( ) A - યુધિષ્ઠિર ( ) B - શકુનિ ( ) C - દુર્યોધન

(૩) ભરી સભામાં દ્રૌપદીને અંતે કોણે મદદ કરી?

( ) A - યુધિષ્ઠિર ( ) B - ગુરૂદ્રોણ ( ) C - શ્રીકૃષ્ણ

(૪) અન્નનો પ્રભાવ કોના પર પડે છે?

( ) A - મન ( ) B - શરીર ( ) C - વિચાર

(૫) મહાભારતના યુદ્ધમાં કોનો વિજય થયો?

( ) A - પાંડવો ( ) B - કૌરવો ( ) C - ધર્મ

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) ચોરના હાથનું કે એના ઘરનું અન્ન ખવાય તો ..... ના વિચાર આવે.

(૨) જે ઘરમાં ભગવાનની મૂર્તિ ન હોય તે ઘર ..... તુલ્ય ગણાય.

(૩) આપણને શ્રીજી મહારાજે ..... વર્તમાન આપ્યા છે.

(૪) પાંડવો દ્રૌપદીને .....માં હારી ગયા હતા.

(૫) જેવું ..... તેવું મન થાય છે.

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(૧) ઘર મંદિર કોને કહેવાય ?

.....

.....

(૨) ઘર મંદિરમાં ઠાકોરજી મહારાજની સેવા કેવી રીતે કરવી જોઈએ?


.....

.....

(૩) આપણે કેવું અન્ન જમવું જોઈએ?

.....

.....



સભા-૭ : સત્પુરૂષમાં જોડાણ


આપણને મળેલા આ **મોટાપુરુષ** બહુ જ **હિતકારી** છે અને મારા **પરમ હિતેચ્છુ** છે એમ માનવું. એમના ગુસ્સામાં પણ **અનહદ પ્રેમ** છે. એમના કુરાજીપામાં પણ **અનહદ રાજીપો** છે. એમના વઢવામાં પણ નજીકને નજીક ખેંચવાની ઉત્તમ **ભાવના** છે. એ કૃપા-કરુણાનો **મહાસ્તોત્ર** છે. આવું સમજાય એ જ એમની સાથે **જોડાણ** થયું કહેવાય ને એમની મોટ્યપનો સ્વીકાર કર્યો કહેવાય.

આપણું ધાર્યું ન થાય કે આપણા મનમુખી સ્વભાવોનું મોટા પુરુષ ખંડન કરે કે આપણું ગમતું ન કરે એવે સમયે પણ આપણા મોઢાની રેખાઓમાં સહેજ પણ ફેર ન પડે કે **દિવ્યભાવ**માં સહેજે પણ ઓટ ન આવે તો એમની **મોટ્યપનો** સમય આવ્યે **સ્વીકાર** કર્યો કહેવાય. દુનિયાની ગમે તેવી વિકટ પરિસ્થિતિનું મહારાજ અને મોટા પુરુષ મારા માટે સર્જન કરે, મન-બુદ્ધિ પરના પ્રહારો કરે, છતાં મનમાં સંકલ્પ ન ઊઠે કે એ **આલોક**નું સ્વરૂપ નથી જ એવો **અલૌકિક ભાવ** થાય, ત્યારે **મોટા પુરુષમાં સાચું જોડાણ થયું કહેવાય** અને એ જ મહારાજ અને મોટા પુરુષના વારસદાર થઈ શકે છે.

શ્રીજી મહારાજ વચનામૃત વરતાલના અગિયારમાં કહે છે : **સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.**


જેને **સત્પુરુષમાં આગવી પ્રીતિ** ને **જોડાણ** થયું હોય તે **સત્પુરુષને વિષે દેવની બુદ્ધિ** રાખે અને તેમની **તમામ ક્રિયાઓ તેને બહું જ ગમે.**

- ⇨ **તેમની સેવા કરવી બહું ગમે.**
- ⇨ **તેમના દર્શન બહું ગમે.**
- ⇨ **તેમનો સંગ બહું ગમે.**
- ⇨ **તેમનો સ્વભાવ બહું ગમે.**
- ⇨ **તેમનું વટવું-ખીજાવું બહું ગમે.**
- ⇨ **તેમના વચનમાં વિશ્વાસ રાખે.**
- ⇨ **તેમની અનુવૃત્તિ-રુચિમાં વર્તે**
- ⇨ **તેમને દિવ્ય-અલૌકિક જાણે.**
- ⇨ **તેમની સાથે જોડાયેલ તમામ વ્યક્તિ-વસ્તુ-બાબતો બહું ગમે.**



આપણા પૂજ્ય ગુરુજીને દાદાગુરુજીમાં આવું જ અપાર-અમાપ **હેત-આત્મબુદ્ધિ** હતી/છે. આજે પણ ઘણી વાર દાદાગુરુજીને યાદ કરીને ગુરુજી **રડી** પડે છે. ગુરુજી કહે છે : મારા જીવનમાં જે કાંઇ સારું છે તે મારા ગુરુજીની **કૃપાનું જ ફળ** છે.

દાદાગુરુજીએ **વિનુ (ગુરુજી)**ને **મોગરીના બહાને મરચું** ખવડાવ્યું તે પ્રસંગ પછી ગુરુજીનું દાદાગુરુજીમાં **જોડાણ-હેત-પ્રીત વધતું ને વધતું જ** ગયું હતું. ગુરુજી જ્યારે સાધુ થયા અને **સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી બન્યા** ત્યાર પછી પણ રોજ દાદાગુરુજીની **સાથે ને સાથે જ રહેતાં**. તેઓ રોજ સવારે વહેલાં ઊઠી દાદાગુરુજીની **પૂજા** પાથરી આપતાં, **કપડાં** ધોઈ કાઢતાં, દાદાગુરુજીની રુચિ અનુસાર **થાળ** બનાવી જમાડતાં, દેવમંદિરોમાં દર્શન કરવા સાથે જતાં, **રાત્રે પથારી** પાથરી આપતાં, **ચરણચંપી** કરતાં અને મોડા સુધી સત્સંગની ગોઠડી પણ જામતી. દાદાગુરુજીને બહાર જવાનું થાય તો પણ સાથે ને સાથે જ રહેતાં. દાદાગુરુજીથી **દૂર રહેવું** કે **દૂર થવું** ગુરુજીને જરાય ગમતું નહિ.



દાદાગુરુજીએ ગુરુજીને **અનાજ ભરવાની કોઠીમાં પૂર્યા, છાજલી પર સુવાડ્યા, વ્રત-ઉપવાસો કરાવ્યા, અનુષ્ઠાનો કરાવ્યા, કઠણ-કડવાં વેણ કહ્યા** વગેરે અનેક રીતે **આકરી કસોટીઓ** કરી છતાં ગુરુજીને દાદાગુરુજી પ્રત્યેનો **પ્રેમભાવ** જરાય ઓછો ન થતો.



ઘણી વાર દાદાગુરુજી હરિભક્તો સાથે સત્સંગ-કથાવાર્તા કરતા હોય ત્યારે ગુરુજી તેમનાથી થોડે દૂર

બેઠા બેઠા કલાકોના કલાકો તેમના **હાવ-ભાવ જોયા કરતા**. દાદાગુરુજીને પણ ગુરુજીમાં અપાર હેત હતું તેથી જ તેમને **નવા વર્ષ**ના દિવસે મહારાજના **પ્રસાદીના ચરણારવિંદ** આપ્યા હતા. (જે ચરણારવિંદ આજે પૂજ્ય ગુરુજીની પૂજામાં છે) જ્યારે દાદાગુરુજીની **અંતિમ અવસ્થા** હતી ત્યારે ગુરુજીના હાથનું **અંતિમ ભોજન** કર્યું હતું અને ગુરુજીનો હાથ પકડી વડતાલના **દેવોના દર્શન**, અક્ષરભુવન તથા નંદસંતોના આસને સાથે લઈ ગયા હતા.

હા વ્હાલા બાળમિત્રો ! દાદાગુરુજીની જેમ **જીભ વળે તેમ ગુરુજીનું જીવન વળતું**. દાદાગુરુજીને ગુરુજીને સંસ્કૃત ભણાવવાની ઇચ્છા હતી તો સંસ્કૃત ભણ્યા. જ્યારે સેવા કરાવવી હતી ત્યારે સેવા કરી. જ્યારે તપ કરાવવું હતું ત્યારે તપ કર્યું. જ્યારે અનુષ્ઠાન અને પારાયણો કરાવવી હતી ત્યારે તે બધું જ કર્યું. આમ, ગુરુજી દાદાગુરુજીના કોઈ પણ વચનમાં **શંકા-કુશંકા** કરતા નહિ. બાળમિત્રો ! **દાદાગુરુજીની સ્મૃતિ**માં આપણા ગુરુજીએ ત્રણ મોટા **'સદ્‌ગુરુ સ્મૃતિ મહોત્સવો'** પણ કર્યા છે તે પણ તેમનું **સત્પુરુષમાં જોડાણ** જ દર્શાવે છે. આજે પણ ગુરુજી, **દાદાગુરુજીની વાતો કરતા થાકતા જ નથી.** આવું **દૃઢ જોડાણ** સત્પુરુષમાં હોય તો **અક્ષરધામ**માં જવાય અને **ભગવાનના દર્શન** થાય.

કદાચ તત્ત્વજ્ઞાન નહિ આવડતું હોય, વચનામૃત નહિ આવડતું હોય, બહુ માળા નહિ ફેરવતા હોય, સાવ અભણ હોઈશું પણ સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને આગવી પ્રીતિ હશે તો પણ ભગવાન જેવા ગુણો આવશે અને જગ જીતી જવાશે. મહાજ્ઞાની હોય, વ્યવહાર કુશળ હોય, બધી કળાઓથી યુક્ત હોય પણ જો સત્પુરુષથી છેટાપણું હશે તો પોતાનુંય નહિ સુધારી શકાય ને બીજાનુંય નહિ સુધારી શકાય. માટે સત્પુરુષમાં દૃઢ જોડાણ કરી દેવું.

સત્સંગ સમજણ વિભાગ

પ્રીતિ-આત્મબુદ્ધિ

'આત્મા' એટલે સ્વયં પોતે. પોતા વિષે જીવને જેવી બુદ્ધિ છે, તેવી બુદ્ધિ એટલે આત્મબુદ્ધિ. અર્થાત્ પોતાની જાત વિષે જેવો સ્નેહ, પ્રીતિ હોય છે, તેવી પ્રીતિ ભગવાન ને સંતમાં હોવી તે આત્મબુદ્ધિ કહેવાય.

૧. જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે, તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય, તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહિ. અને ગમે તેવા દેશકાળાદિક ભૂંડા આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહિ. **— વચ. ગઢડા અંત્ય : ૧૧**

૨. ભગવાનના સંત સાથે એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે મા-બાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. **— વચ. ગઢડા મધ્ય : ૫૯**

૩. સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એજ સાધન છે. **- વચ. વરતાલ : ૧૧**

૪. જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. **— વચ. ગઢડા પ્રથમ : ૫૪**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) આપણા દાદાગુરૂજીનું નામ શું છે?

.....

(૨) આપણા ગુરૂજીનું નામ શું છે?

.....

(૩) આપણા ગુરૂજીનું બાળપણનું નામ શું હતું?

.....

(૪) સત્પુરૂષમાં જોડાણ કોને કહેવાય?

.....

(૫) પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું સાધન શું છે?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) આપણા ગુરૂજી , દાદાગુરૂજીમાં કેવો ભાવ રાખતા?

( ) A - મિત્રભાવ ( ) B - પરમેશ્વરભાવ ( ) C - વૈરભાવ

(૨) ગુરૂજી અને દાદાગુરૂજીની પ્રથમ ભેટ કયા પ્રસંગથી થઈ ?

( ) A - મોગરીના બહાને મરચું ખવડાવ્યું

( ) B - પટારામાં પૂર્યા ( ) C - છાજલી પર સુવાડ્યા

(૩) દાદાગુરૂજીએ ગુરૂજીને નવા વર્ષના દિવસે શું આપ્યું ?

( ) A - પ્રસાદીની ચાખડી ( ) B - પ્રસાદીના ચરણારવિંદ

( ) C - પ્રસાદીનો થાળ

(૪) દાદાગુરૂજીની સ્મૃતિમાં ગુરૂજીએ કયો ઉત્સવ કર્યો?

( ) A - પંચાબ્દિ મહોત્સવ ( ) B - નંદ મહોત્સવ

( ) C - સદ્‌ગુરૂ સ્મૃતિ મહોત્સવ

(૫) મોક્ષનું દ્વાર ઉઘાડું થયાનું કયું વચનામૃત છે?

( ) A - ગ.પ્ર-૫૪ ( ) B - ગ.મ-૫૯ ( ) C - ગ.અં-૧૧

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.


(૧) મોટા પુરૂષના ગુસ્સામાં પણ .....છે.

(૨) આપણા જીવનમાં જે કાંઈ સારૂ છે તે .....નું ફળ છે.

(૩) દાદાગુરૂજીએ અંતિમ ભોજન .....ના હાથનું કર્યું હતું.

(૪) આપણે સત્પુરૂષ સાથે .....કરવાનું છે.

(૫) આપણને મળેલા સત્પુરૂષ .....છે.



સભા-૮ : લોજમાં નીલકંઠવર્ણી

નીલકંઠવર્ણી વનવિચરણ કરતા કરતા **લોજની વાવે** આવ્યા. **સુખાનંદ સ્વામી** સાથે નીલકંઠવર્ણી **મુક્તાનંદ સ્વામી** પાસે **આશ્રમમાં** આવ્યા. બંનેનો **પ્રથમ મેળાપ** થયો. અને **જે પ્રશ્ન** વર્ણીએ સુખાનંદ સ્વામીને પૂછ્યા **એજ પ્રશ્ન** મુક્તાનંદ સ્વામીને પૂછ્યા. **મુક્તાનંદ સ્વામી જ્ઞાની અને સમર્થ હતાં.** તેમણે જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ પાંચે પાંચ અનાદિ તત્ત્વોના સ્વરૂપ જુદા જુદા પાડીને બહુ સ્પષ્ટ રીતે સમજાવી અને કહ્યું જે, 'હે વર્ણીરાજ ! આ તો મેં **મારી સમજણ** પ્રમાણે કહ્યું છે. પણ અમારા બધાની વિનંતી છે કે આપ અહીં આશ્રમને તમારું **ઘર** માનીને રહો. અમારા **ગુરુ રામાનંદ સ્વામીના** સમાગમથી આપને ખૂબ આનંદ થશે. તેઓ અત્યારે કચ્છમાં **ભુજનગર**ને વિષે બિરાજે છે અને ટૂંક સમયમાં અહીં આવનાર છે. માટે ત્યાં સુધી આપ **અહીં રહી** અમોને સૌને સુખ આપો.'

નીલકંઠે જોયું કે **આ રામાનંદ સ્વામીના સર્વ સંતો સત્વગુણી, શુદ્ધ અને પવિત્ર છે.** કોઈ વ્યસની નથી અને અખંડ ભગવાનની **ભક્તિ** કરવાવાળા છે. માટે રામાનંદ સ્વામી ન પધારે ત્યાં સુધી અહીં રહેવું. તેથી તેમણે **મુક્તાનંદ સ્વામીની વિનંતીનો સ્વીકાર કરી** કહ્યું જે, 'હે મુક્તાનંદ મુની ! આપના ઉત્તરોથી મને આનંદ અને સંતોષ થયો છે. વળી અમને યાદ આવે છે કે **બાળપણ**માં અમને અમારા પિતા **ધર્મદેવે** કહેલું જે તેઓ **રામાનંદ સ્વામી**ના જ **શિષ્ય** હતા. માટે અમને પણ રામાનંદ સ્વામીનાં દર્શન સમાગમની ખૂબ **ઝંખના** છે. માટે ત્યાં સુધી તો અમે જરૂર મુકામ કરીશું.'


હવે વર્ણીએ **આશ્રમ**માં રહેવા માંડ્યું. છતાંય **તપ-ત્યાગ** અને **વૈરાગ્ય** તો એવો ને એવો રાખતા. ક્યારેક એકલા **ફળફૂલ** જમે તો ક્યારેક **નિર્જળા ઉપવાસ** કરે તો ક્યારેક **ધારણાં-પારણાં** કરે, વળી **અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય** એનો આગ્રહ તો અખંડ રાખતાં. **નારીનું કોઈ નામ લે તો પણ તેમને ઉલટી થઈ જાય.** આવી નારી જાતિ પ્રત્યે સૂગ હતી.


●●●

એક વખત આશ્રમની **બાજુ**માં આવેલા **જીવરાજ શેઠનાં ડેલા**માં મુક્તાનંદ સ્વામી **કથા** કરવા ગયા. ગામનાં પણ **બાઈઓ-ભાઈઓ** કથા સાંભળવા આવતા. એક બાજુ ત્યાગી સંતો પણ આવીને કથામાં બેસતાં. નીલકંઠવર્ણીએ આવીને આ જોયું. તેમને **ઠીક ન લાગ્યું**. તે તો ઊગ્ર સ્વરે બોલી ઉઠ્યા, **'સંતો, જ્યાં સ્ત્રી પુરુષની સભા ભેગી બેસે ત્યાં ત્યાગીનો ધર્મ ન રહે.** બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થયો કહેવાય. માટે ચાલો **પુરુષોની સભા જુદી કરી અમે વાતો કરીએ.**' એમ કહી **ઉઠી**ને વર્ણી બહાર ચાલ્યા ગયા ને સર્વે સાધુ અને પુરુષો પણ ઉઠીને પાછળ ચાલ્યા અને આશ્રમ પાસે જઈ **પુરુષોની સભા અલગ** કરી.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તે વાતનો **મર્મ** સમજી ગયા. તેઓ પણ તુરત ઊઠ્યા અને **છેલ્લા 'રામ રામ'** કહી જાહેર કર્યું કે **આજથી બાઈઓ-ભાઈઓની સભા નોખી** થશે.

પછી તો નીલકંઠે **નિષ્કામી વર્તમાનની** દૃઢતાની ઘણી ઘણી વાતો કરી. **દેવમંદિરમાં જવાના રસ્તા પણ જુદા કરાવ્યા**. આમ જે માટે પોતાનું અવતરણ હતું તે **એકાંતિક ધર્મ**ની સ્થાપનાના **બીજ** નીલકંઠે અહીં વાવી દીધા.





એક વખત નીલકંઠે **બીજુ** એક દૃશ્ય જોયું કે આશ્રમને અડીને એક **હજામનું ઘર** હતું. જેની વચ્ચેની **દીવાલ** એક હતી. તે **દીવાલમાં એક નાનું બાકોરું હતું.** જેમાંથી સંતો અને **હજામની બાઈ** ક્યારેક **દેવતાની લેવડ-દેવડ કરતાં.**

નીલકંઠે તરત કહી દીધું કે, 'સંતો, **આ દીવાલમાં કાણું નથી પણ ધર્મમાં કાણું છે.** માટે તત્કાળ એ **કાણું પુરાવી દો.'**

આમ, એ રસ્તો પણ બંધ કરાવ્યો.

આમ, આશ્રમમાં રહી નીલકંઠે ત્યાગીના ધર્મમાં શુદ્ધિ લાવવા માંડી.

વ્હાલા બાળભક્તો ! આપણે પણ ધર્મ-નિયમની બાબતમાં દૃઢ રહેવું.

તો જ મહારાજ રાજી થાશે.

સત્સંગ સમજણ વિભાગ

ધર્મ — **સારું આચરણ, અવશ્ય કરવા યોગ્ય અને પાળવા યોગ્ય આચાર, વેદશાસ્ત્રો પ્રમાણેનું આચરણ.**

'શિક્ષાપત્રી'માં શ્રીજીમહારાજે કહ્યું છે કે **'શ્રુતિ-સ્મૃતિ તેણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો.'**

શ્રુતિ અને સ્મૃતિમાં મનુષ્યમાત્રને **કરવા યોગ્ય એટલે વિધેય (વિધિ) અને ન કરવા યોગ્ય એટલે નિષેધ;** એ બંને માર્ગ બતાવ્યા છે. એ પ્રમાણે રહેવાથી અને પોતાના વર્ણ અને આશ્રમના ધર્મો પ્રમાણે ચાલવાથી મનુષ્યને આ લોકમાં સુખ, વૈભવ, કીર્તિ યશ મળે છે અને દેહ મૂકીને દેવલોકની પ્રાપ્તિ થાય છે.

પરંતુ આથી તેનો મોક્ષ થતો નથી. એટલે કે તેને **જન્મ-મરણના ફેરા** મટતા નથી, કારણ કે પુણ્ય ખૂટી પડતાં **દેવલોકમાંથી** પણ **પાછું આવવું પડે છે.**

☞ **તો પછી મોક્ષ આપે તે ધર્મ કયો ?**

આ ધર્મનો વિશેષ અર્થ 'વચનામૃત'માંથી મળે છે. **સદાચાર એટલે ધર્મ.** સત્ એટલે પરબ્રહ્મ, સત્ એટલે બ્રહ્મ. બ્રહ્મ અને પરબ્રહ્મના આચારને અનુસરવું એટલે સદાચાર અને તે જ ધર્મ. **શ્રીજીમહારાજનાં વચન એ મોટો ધર્મ છે.** પરબ્રહ્મ પરમાત્માના ધારક ભગવત્ સ્વરૂપ સંત પૃથ્વી પર વિચરતા હોય, તેમના આચરણને અનુસરવું એ પણ ધર્મ. તેમના આચરણને અનુસરવાથી **મોક્ષ** થાય છે. તેમનું જીવન 'શિક્ષાપત્રી'ના નિયમ પ્રમાણે અને શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે જ હોય છે, તેથી આપણે પણ 'શિક્ષાપત્રી'ની આજ્ઞાઓનું પાલન કરવું. તેમ કરવાથી અંતરમાંથી અધર્મના સંકલ્પો બધા જ નાશ પામી જાય છે અને ધર્મને માર્ગે ચલાય છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) નીલકંઠવર્ણી વનવિચરણના અંતે કયા ગામમાં પધાર્યા?

( )A - લોયા ( )B - લોજ ( )C - ભુજ

(૨) લોજ ગામમાં સર્વપ્રથમ કયા સંત સાથે નીલકંઠવર્ણી મળ્યા?

( )A - સુખાનંદ સ્વામી ( )B - મુક્તાનંદ સ્વામી ( )C - રામાનંદ સ્વામી

(૩) લોજગામમાં કોનો આશ્રમ હતો?

( )A - મુક્તાનંદ સ્વામી ( )B - શ્રીજી મહારાજ ( )C - રામાનંદ સ્વામી

(૪) ધર્મદેવ કોના શિષ્ય હતા?

( )A - મુક્તાનંદ સ્વામી ( )B - રામાનંદ સ્વામી ( )C - આત્માનંદ સ્વામી

(૫) સ્ત્રી-પુરૂષોની સભા કોણે અલગ કરાવી?

( )A - મુક્તાનંદ સ્વામી ( )B - રામાનંદ સ્વામી ( )C - નીલકંઠવર્ણી

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) નીલકંઠવર્ણી લોજ ગામે આવ્યા ત્યારે રામાનંદ સ્વામી ..... હતા.
(અમદાવાદ, ભુજ, વૃન્દાવન)

(૨) .....ના ડેલામાં મુક્તાનંદ સ્વામી કથા કરવા ગયા હતા.
(જીવરાજ શેઠ, પ્રેમજી શેઠ, જીવરામ શેઠ)

(૩) નીલકંઠવર્ણીએ .....માં જવાના રસ્તા પણ અલગ કરાવ્યા.
(ખેતર, ઉત્સવ, દેવમંદિર)

(૪) લોજ આશ્રમની બાજુમાં જ અડીને .....નુ ઘર હતું.
(શેઠ, હજામ, બ્રાહ્મણ)

(૫) શ્રુતિ-સ્મૃતિ તેણે પ્રતિપાદ કર્યો એવો જે ..... તે ધર્મ જાણવો.
(સુવિચાર, સદાકાળ, સદાચાર)

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) હે વર્ણીરાજ! આ તો મે મારી સમજણ પ્રમાણે કહ્યું છે. ☞ .....

(૨) હે મુક્તાનંદમુની! આપના ઉત્તરોથી મને આનંદ અને સંતોષ થયો છે.
☞ .....

(૩) સંતો, જ્યાં સ્ત્રી પુરૂષોની સભા ભેગી બેસે ત્યાં ત્યાગીનો ધર્મ ન રહે.
☞ .....

(૪) આજથી બાઈઓ-ભાઈઓની સભા નોખી થશે. ☞ .....

(૫) આ દીવાલમાં કાણું નથી પણ ધર્મમાં કાણું છે. ☞ .....

પ્રશ્ન-૪ 'ધર્મ' વિષે પાંચ વાક્યો લખો.

.....

.....

.....


.....

.....

.....

.....

સભા-૯ : દધીચિ ઋષિનો ત્યાગ



ભારતના અત્યાર સુધીના ઇતિહાસમાં અનેક **દાનવીરો** થઈ ગયા પરંતુ તેમાં **સર્વોપરી નામ** પોતાનાં **પ્રાણનું બલિદાન** અને **અસ્થિઓનું દાન** કરનાર **મહર્ષિ દધીચિનું** છે. તેમણે પોતાનાં અસ્થિઓનું દાન કરીને **દેવતાઓ** અને **સંસારની રક્ષા** કરી હતી. દર વર્ષે **ભાદરવા સુદ આઠમ**ના દિવસે તેમની **જન્મજયંતી** ધામધૂમથી ઉજવાય છે. તેમના **પિતા** મહાન **ઋષિ 'અથર્વા'** હતા અને તેમની **માતાનું નામ 'શાંતિ'** હતું. તેમની **પત્નીનું નામ 'વેદવતી'** હતું. દધીચિએ પોતાનું સંપૂર્ણ જીવન **ભગવાન શિવની ભક્તિમાં** વ્યતિત કર્યું હતું. તેમણે કઠોર **તપ** દ્વારા પોતાના શરીરને પણ કઠોર બનાવી દીધું હતું. પોતાની **તપસ્યા** તથા અતૂટ **શિવભક્તિ** દ્વારા તેઓ બધા જ લોકો માટે આદરણીય બન્યા.


એક વાર મહર્ષિ દધીચિએ **કઠોર તપ** શરૂ કર્યું. તેમની તપસ્યાથી બધા જ લોકો **ભયભીત** થવા લાગ્યા. **ઇન્દ્રનું સિંહાસન** ડોલવા લાગ્યું. તેમની તપસ્યાનું **તેજ ત્રણે લોકોમાં** ફેલાઈ ગયું. આ રીતે બધા જ લોકો તેમની તપસ્યાથી **પ્રભાવિત** થયા. બધા જ **દેવતાઓની** સાથે **ઇન્દ્ર** પણ તેમની તપસ્યાથી પ્રભાવિત થયા. ઇન્દ્રને એવું લાગ્યું કે પોતાની કઠોર **તપસ્યા દ્વારા** દધીચિ **ઇન્દ્રાસન** મેળવવા માગે છે, તેથી તેમણે મહર્ષિની **તપસ્યા ભંગ** કરવા માટે એક **અપ્સરા**ને મોકલી.

અપ્સરાના અથાક પ્રયત્નો કરવા છતાં પણ મહર્ષિ **તપમાં લીન** જ રહ્યા. પોતાના કાર્યમાં **અસફળ અપ્સરા** ઇન્દ્ર પાસે પાછી આવે છે. ત્યારબાદ ઇન્દ્રને **તેમની** શક્તિનું ભાન થાય છે અને તેઓ **ઋષિ સમક્ષ** પોતાની ભૂલ માટે **ક્ષમાયાચના** કરે છે.

• • •

એક વાર **વૃત્રાસુર** નામના **અસુરના** ભયથી ઇન્દ્ર પોતાનું સિંહાસન છોડીને દેવતાઓની સાથે આમતેમ ભટકવા લાગ્યા. તેણે **સ્વર્ગ** પર પોતાનો અધિકાર કરી લીધો. બધા જ દેવતાઓ **ત્રિદેવ** પાસે વારાફરતી ગયા પરંતુ છતાંય તેમની સમસ્યાનું સમાધાન ન થઈ શક્યું. છેવટે **બ્રહ્માજી**એ દેવતાઓને એક ઉપાય જણાવ્યો કે **પૃથ્વીલોક**માં એક મહાન **મહર્ષિ દધીચિ** રહે છે. જો તેઓ પોતાનાં **અસ્થિઓનું દાન** કરે અને તે અસ્થિઓમાંથી શસ્ત્ર બનાવવામાં આવે તો તેનાથી વૃત્રાસુરને **મારી** શકાય, કારણ કે વૃત્રાસુરને કોઈ પણ અસ્ત્ર-શસ્ત્રથી મારી શકાય તેમ નથી. મહર્ષિ દધીચિનાં અસ્થિઓમાં જ તે **બ્રહ્મ તેજ** છે જેનાથી વૃત્રાસુર રાક્ષસને મારી શકાય એમ છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.


મહર્ષિ દધીચિ પાસે આટલું મોટું **દાન** માગવાં જવાં માટે **દેવરાજ ઇન્દ્ર**ના પગ



નહોતા ઊપડતા, કારણ કે ઇન્દ્રએ એક વાર તેમનું બહુ **ઘોર અપમાન** કર્યું હતું તેથી તેઓ તેમની પાસે મદદ માગવાં જતાં સંકોચ અનુભવી રહ્યા હતા.

(એવું કહેવાય છે કે **બ્રહ્મવિદ્યાનું** જ્ઞાન સમગ્ર વિશ્વમાં માત્ર દધીચિ પાસે જ હતું. તેઓ કોઈ **સુપાત્ર**ને તેનું જ્ઞાન આપવા માગતા હતા. **ઇન્દ્ર** બ્રહ્મવિદ્યાનું જ્ઞાન મેળવવા માગતા હતા પરંતુ દધીચિની દૃષ્ટિમાં ઇન્દ્ર આ વિદ્યાને **પાત્ર** નહોતા. તેથી તેમણે જ્ઞાન આપવાની **ના** પાડી. ઇન્દ્રએ તેમને કોઈ અન્યને આ વિદ્યા ન આપવા કહ્યું અને જો આમ કર્યું તો તમારું માથું ધડથી અલગ કરી દઈશ તેમ જણાવ્યું. ત્યારે સહેજ પણ ડર્યા વગર દધીચિએ કહ્યું કે, **'જો કોઈ સુપાત્ર મળશે તો તેને હું આ જ્ઞાન જરૂર આપીશ.'** થોડા સમય પછી ઇન્દ્રલોકથી જ **અશ્વિનીકુમારો** મહર્ષિ દધીચિ પાસે આ વિદ્યા લેવા માટે પહોંચ્યા.તેઓ વિદ્યાને પાત્ર લાગતાં તેમણે ઇન્દ્રએ કરેલી વાતથી તેમને **અવગત** કર્યા, તેથી અશ્વિની કુમારોએ મહર્ષિ દધીચિના **શીશ** પર **અશ્વનું શીશ** લગાવીને વિદ્યા પ્રાપ્ત કરી લીધી. ત્યારથી મહર્ષિ દધીચિ **'અશ્વશિરા'** નામથી પણ ઓળખાવા લાગ્યા.

ઇન્દ્રને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તે પૃથ્વી પર આવ્યા અને પોતાની



ચેતવણી પ્રમાણે દધીચિનું **માથું ધડથી અલગ કરી** દીધું. પછી અશ્વિનીકુમારોએ મહર્ષિનું **અસલી શીશ** તેમના ધડ પર લગાવી દીધું, તેથી ઇન્દ્રે અશ્વિની કુમારોને ઇન્દ્રલોકમાંથી કાઢી મૂક્યા. આ જ કારણ હતું કે હવે તેઓ **કયા મોંએ** દધીચિ પાસે અસ્થિઓનું દાન માગવા જાય.)

વૃત્રાસુરનો અત્યાચાર વધી રહ્યો હતો. તે દેવતાઓને પણ અનેક પ્રકારે **ત્રાસ** આપી રહ્યો હતો. સ્વર્ગલોક અને દેવતાઓની રક્ષા માટે ઇન્દ્રએ મહર્ષિ દધીચિના **શરણમાં** જવું જ પડ્યું. તેમણે ઇન્દ્રને માન-સન્માન આપ્યું તથા આશ્રમમાં આવવાનું કારણ પૂછ્યું. ઇન્દ્રએ મહર્ષિને પોતાની વ્યથા સંભળાવી. ત્યારે તેમણે કહ્યું, 'હું આમાં તમારી શું મદદ કરી શકું ?' દેવતાઓએ બ્રહ્માજીની વાત વિગતે કહી સંભળાવી તથા તેમનાં **અસ્થિઓનું દાન** માગ્યું. ત્યારે દધીચિએ કહ્યું. 'દેવરાજ ! જીવધારી માટે **સ્વયંના પ્રાણ ત્યાગવા** એ એક મુશ્કેલ કાર્ય છે, પરંતુ તમારી વાત સાંભળીને આવું કરવું જરૂરી બન્યું છે. **ત્રિલોકની રક્ષા** માટે હું તમને **મારાં અસ્થિઓ જરૂર આપીશ**, પરંતુ તેના પહેલાં હું **તીર્થદર્શન** કરવા ઇચ્છું છું.'

ઇન્દ્રએ મહર્ષિની ઇચ્છા પૂરી કરવા **નૈમિષારણ્ય**માં બધાં જ તીર્થોને બોલાવી લીધાં. દધીચિ તીર્થદર્શન કરીને **સમાધિમાં લીન** થઈ ગયા અને પોતાના **પ્રાણ ત્યાગ્યા**. ત્યારબાદ તેમના **અસ્થિઓ** લઈને ઇન્દ્ર **વિશ્વકર્મા** પાસે ગયા. તેમણે અસ્થિઓમાંથી **વજ** બનાવીને ઇન્દ્રને આપ્યું, જેનાથી **ઇન્દ્રએ વૃત્રાસુરનો વધ** કર્યો અને સ્વર્ગ પર પોતાનું રાજ્ય સ્થાપ્યું.

દધીચિ ઋષિના હાડકાંમાંથી ગાંડીવ, પિનાક અને સારંગ નામના અન્ય ત્રણ ધનુષ્યો પણ બનાવવામાં આવ્યા હતા. ગાંડીવનો ઉપયોગ કરી અર્જુને મહાભારતનું યુદ્ધ જીત્યું; સારંગની મદદથી રામ ભગવાને રાવણનો વધ કર્યો અને પિનાક શિવજી પાસે હતું જે રાવણે શિવજીને પ્રસન્ન કરીને માંગ્યું હતું પણ ધનુષ્યનો વજન સહન ન કરી શકવાથી રાવણે તેણે જનકપુરીમાં છોડી દીધું હતું. આજ ધનુષ્યને તોડીને ભગવાન રામના વિવાહ સીતાજી સાથે થયા હતા.

સત્સંગ સમજણ વિભાગ

જ્ઞાન **જ્ઞાન એટલે જાણવું. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મનાં સ્વરૂપને રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ.**

☞ **દેહ** અને **આત્મા** જુદા સમજવા એ જ્ઞાનનો પાયો છે. દેહ અને આત્માના ગુણો જુદા જુદા છે. દેહ જડ, મિથ્યા, દુઃખરૂપ અને નાશવંત છે. આત્મા ચૈતન્ય, સત્ય, સુખરૂપ અને અવિનાશી છે. દેહના ગુણ આત્માને વિષે ન માનવા અને આત્માના ગુણ દેહને વિષે ન માનવા. દેહથી પૃથક્ આત્મારૂપે વર્તાય ત્યારે માન-અપમાન, હર્ષ-શોક, ભૂખ-તરસ વગેરે દેહના ભાવો ટળી જાય છે. જ્ઞાનીનું આ પાયાનું લક્ષણ છે.

☞ વળી, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ – એ **પાંચ ભેદ**નું સ્વરૂપ યથાર્થ ઓળખવાની પણ જરૂર છે.

(૧) જીવ અલ્પજ્ઞ, અણુ સરખો સૂક્ષ્મ, ચૈતન્યરૂપ ને સમગ્ર દેહને વિષે વ્યાપીને રહેલો છે.

(૨) અહં-મમત્વરૂપી માયા, જડ ને સત્ત્વ, રજ તથા તમ એ ત્રણ ગુણે યુક્ત, અંધકારરૂપ છે ને ભગવાનના ભજનમાં અંતરાય કરનારી છે.

(૩) ઈશ્વર સર્વજ્ઞ, ચૈતન્યરૂપ ને મહત્ છે. ઈશ્વરને મહામાયાનું આવરણ છે. ઈશ્વર અનંત છે.

(૪) અક્ષરબ્રહ્મ નિર્વિકાર કહેતાં વિકાર રહિત અને કૂટસ્થ કહેતાં સ્થિર, એક અને અદ્વિતીય છે. આ અક્ષરબ્રહ્મ સાકાર સ્વરૂપે પુરુષોત્તમ નારાયણની સેવામાં અખંડ રહે છે. તે જ અક્ષરબ્રહ્મ ધામરૂપે અતિશય તેજસ્વી, જીવ, ઈશ્વર અને માયાના પ્રકાશક, આધાર અને પ્રેરક છે. તે **અક્ષરધામ**માં ભગવાન પુરુષોત્તમ તથા અનંત કોટિ મુક્તો નિવાસ કરીને રહે છે.

(૫) પરબ્રહ્મ પુરુષોત્તમ જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મના નિયામક ને આધાર છે. તે સર્વે દોષે રહિત ને અનંત કલ્યાણકારી ગુણોએ યુક્ત છે. એવી રીતે શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી, સર્વોપરી સમજવા એ જ્ઞાન છે.

☞ પોતાના આત્માને ત્રણ દેહ, ત્રણ અવસ્થા ને ત્રણ શરીરથી જુદો બ્રહ્મરૂપ માની પુરુષોત્તમ નારાયણની ભક્તિ કરવી એ જ્ઞાનનું ફળ છે.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) મહર્ષિ દધીચિએ શું દાન કરીને દેવતાઓ અને સંસારની રક્ષા કરી હતી ?

( ) A - અસ્થિ ( ) B - ધનુષ ( ) C - ત્રિશૂળ ( ) D - તલવાર

(૨) મહર્ષિ દધીચિની જન્મજયંતી ક્યારે ઉજવાય છે ?

( ) A - ભાદરવા સુદ આઠમ ( ) B - ભાદરવા સુદ નોમ

( ) C - ભાદરવા વદ આઠમ ( ) D - ભાદરવા વદ નોમ

(૩) મહર્ષિ દધીચિનાં પત્નીનું નામ શું હતુ ?

( ) A - માયાવતી ( ) B - વેદવતી ( ) C - લક્ષ્મી ( ) D - હેમલતા

(૪) કોણે મહર્ષિ દધીચિ પાસેથી બ્રહ્મવિદ્યાનું જ્ઞાન મેળવ્યું હતું ?

( ) A - અશ્વિનીકુમારો ( ) B - ઇન્દ્ર ( ) C - શ્રીરામ ( ) D - શ્રી કાર્તિકેય

(૫) ગાંડીવનો ઉપયોગ કરી કોણે મહાભારતનું યુદ્ધ જીત્યું હતું ?

( ) A - એકલવ્યે ( ) B - કર્ણે ( ) C - અર્જુને ( ) D - શ્રી કૃષ્ણે

(૬) કયા ધનુષની મદદથી રામ ભગવાને રાવણનો વધ કર્યો ?

( ) A - ગાંડીવ ( ) B - પિનાક ( ) C - સારંગ ( ) D - તાંડવ

(૭) કયા ધનુષને તોડીને ભગવાન રામના વિવાહ સીતાજી સાથે થયા હતા.

( ) A - પિનાક ( ) B - સારંગ ( ) C - ગાંડીવ ( ) D - તાંડવ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) બ્રહ્માજીએ વૃત્રાસુર નામના રાક્ષસને મારવા માટે શો ઉપાય બતાવ્યો ?

.....

(૨) મહર્ષિ દધીચિનાં માતા-પિતાનું નામ શું હતું ?

.....

(૩) મહર્ષિ દધીચિ અશ્વશિરા નામથી શા માટે ઓળખવામાં આવે છે ?

.....

(૪) ઇન્દ્રએ અશ્વિનીકુમારોને ઇન્દ્રલોકમાંથી શા માટે કાઢી મૂક્યાં ?

.....

(૫) દધીચિ ઋષિના હાડકાંમાંથી કયા ત્રણ ધનુષ્યો પણ બનાવવામાં આવ્યાં હતાં ?

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(૧) મહર્ષિ દધીચિએ ..... અને ..... નું દાન કર્યું.

(૨) ..... નું જ્ઞાન સમગ્ર વિશ્વમાં માત્ર દધીચિ પાસે જ હતું.

(૩) મહર્ષિ દધીચિએ અસ્થિ આપતાં પહેલાં ..... ઇચ્છા વ્યક્ત કરી.

(૪) મહર્ષિ દધીચિનાં અસ્થિઓ લઈને ઇન્દ્ર ..... પાસે ગયા.

(૫) ..... નો ઉપયોગ કરી અર્જુને મહાભારતનું યુદ્ધ જીત્યું.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના' માં આપો.

(૧) દર વર્ષે ભાદરવા સુદ નોમના દિવસે દધીચિઋષિની જન્મજયંતી ધામધૂમથી ઉજવાય છે? ☐

(૨) દધીચિએ પોતાનું સંપૂર્ણ જીવન ભગવાન શિવજીની ભક્તિમાં વ્યતિત કર્યું હતું? ☐

(૩) દધીચિ પાસેથી દેવરાજ ઇન્દ્રે બ્રહ્મવિદ્યાનું જ્ઞાન મેળવ્યું હતું? ☐

(૪) દધીચિનાં અસ્થિઓમાંથી વજ્ર બનાવીને ઇન્દ્રએ વૃત્રાસુરનો વધ કર્યો? ☐

(૫) સારંગની મદદથી રામ ભગવાને રાવણનો વધ કર્યો? ☐

પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) 'પૃથ્વીલોકમાં એક મહાન મહર્ષિ દધીચિ રહે છે. જો તેઓ પોતાનાં અસ્થિઓનું દાન કરે અને તે અસ્થિઓમાંથી શસ્ત્ર બનાવવામાં આવે તો તેનાથી વૃત્રાસુરને મારી શકાય.' ☞ .....

(૨) 'જો આમ કર્યું તો તમારું માથું ધડથી અલગ કરી દઈશ તેમ જણાવ્યું.' ☞ .....

(૩) 'જો કોઈ સુપાત્ર મળશે તો તેને હું આ જ્ઞાન જરૂર આપીશ.' ☞ .....

પ્રશ્ન-૬ 'જ્ઞાન' વિષય ઉપર દસ-પંદર વાક્યો લખો.

.....

.....

.....

.....

.....

.....

.....

સભા - ૧૦ : સદ્‌ગુરુશ્રી રામાનંદ સ્વામી


આજે વિશ્વભરમાં **'શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય'** તરીકે આપણો **સંપ્રદાય** પ્રખ્યાત છે. પરંતુ તેનું મૂળ નામ **'ઉદ્ધવ સંપ્રદાય'** હતું. કેમ જે, તેના **સંસ્થાપક સંત શ્રી રામાનંદ સ્વામી સાક્ષાત્ ઉદ્ધવનો અવતાર હતા.** તેમનો જન્મ વિક્રમ સંવત ૧૭૯૫ ના શ્રાવણ વદ-૮ **જન્માષ્ટમી**ના દિવસે સવારે ૧૦ વાગ્યે **અયોધ્યામાં** થયો હતો. તેમનું બાળપણનું નામ **'રામશર્મા'** હતું. તેમના પિતાનું નામ **અજય શર્મા** અને માતાનું નામ **સુમતિ** હતું. જ્ઞાતિએ **બ્રાહ્મણ** હતા. જન્મથી જ પૂર્વના સદ્‌ગુણો વડે પૂનમના ચંદ્રની જેમ શોભતા **રામશર્મા** મોટા થયા. યજ્ઞોપવિત પ્રાપ્ત કર્યા પછી વેદ ભણવા નિમિત્તે ગૃહત્યાગ કરીને **સદ્‌ગુરુની શોધ**માં નીકળી પડ્યા. **અયોધ્યાથી** નીકળેલા રામશર્માને **જૂનાગઢ ગિરનાર**ની તળેટીમાં **આત્માનંદ નામે સિદ્ધ ગુરુ મળ્યા**.

તેમણે **રામને દીક્ષા** આપી અને **'રામાનંદ સ્વામી'** નામ પાડ્યું. ત્યાર બાદ **અષ્ટાંગયોગ**ની સાધનાને અંતે ગુરુએ સમાધિમાં **નિરાકાર તેજ**નો સાક્ષાત્કાર કરાવ્યો. પણ રામાનંદજીને તેનાથી સંતોષ ન થયો. તે તો શ્રીહરિને **સદા સાકાર** સમજતા હતા. તેથી તે **નિરાકારવાદી ગુરુનો ત્યાગ** કરી **સાકારવાદી ગુરુની શોધ** શરૂ કરી.



દક્ષિણ ભારતના **શ્રીરંગક્ષેત્રમાં શ્રીરામાનુજાચાર્યને ગુરુ** સ્વીકાર્યા. તેમને રાજી કરી **સમાધિમાં દીક્ષા** પામ્યા. તે ગુરુની કૃપાથી સદા **સાકાર ભગવાનનો સાક્ષાત્કાર** થયો. પ્રભુ પ્રાપ્ત આ મહાપુરુષની મોટાઈ જોઈ બીજા બળી મર્યા. તેથી જુઠ્ઠી **ટીકા-નિંદા** કરી બહુ **ત્રાસ** આપવા લાગ્યા. અંતે તે સ્થાન છોડી રામાનંદસ્વામી **વૃંદાવન** આવ્યા. ત્યાં ભગવાન **શ્રીકૃષ્ણે દર્શન** આપ્યા અને **મંત્રો** આપી **નવો સંપ્રદાય** સ્થાપવાની **આજ્ઞા** કરી.

રામાનંદ સ્વામી **સૌરાષ્ટ્રમાં** પધાર્યા. **'ઉદ્ધવ સંપ્રદાય'**ની સ્થાપના કરી. ઠેર-ઠેર સાકાર ભગવાનની ઉપાસનાનો ઉપદેશ આપવા લાગ્યા. ધર્મે સહિત ભક્તિનો બોધ આપ્યો. સ્વામીનાં વચને અનેકનાં દુઃખો દૂર થયાં અને મનોરથો સફળ થયા. અનેકને **ભગવાનનો સાક્ષાત્કાર** થયો. સ્વામીએ ગામડે-



ગામડે **સદાવ્રતો** ખોલાવ્યાં. ભક્તિમાર્ગનો નાદ ગુંજાવ્યો અને ટૂંક સમયમાં **સૌરાષ્ટ્ર-કાઠિયાવાડમાં** ધર્મની ધજા લહેરાવી.

ફરતાં-ફરતાં તેઓ **છત્રાહા** ગામે આવ્યા. ત્યાં તેમને **જૂના ગુરુ આત્માનંદ સ્વામી** મળ્યા. આ વખતે ફરી તેમણે ગુરુ સાથે **ભગવદ્‌ચર્ચા** કરી અદ્વૈત મતનું ખંડન કરી, **સાકાર શ્રીહરિનું સ્થાપન કર્યું.** આત્માનંદસ્વામી હાર્યા. તેમણે અદ્વૈત મતનો ત્યાગ કર્યો અને **વિશિષ્ટાદ્વૈત મત** સ્વીકાર્યો. ભગવાનની મૂર્તિ-પૂજા અને ભક્તિ માન્ય કરી.

આત્માનંદ સ્વામીએ પોતાનો **અંતકાળ** નજીક જાણી **તમામ શિષ્યોને** બોલાવી કહ્યું, **'રામાનંદસ્વામી સાચા સદ્‌ગુરુ** છે. ભગવત્ સાક્ષાત્કારને પામ્યા છે અને બીજાને પણ સાકાર દર્શન કરાવી શકે તેવા સમર્થ છે. માટે આજથી હવે તમે બધા **મારા સ્થાને તેમને જ ગુરુ તરીકે માનજો.**' ' શિષ્યો પણ ગુરુ આજ્ઞા મુજબ સમર્થ ગુરુ રામાનંદસ્વામીને પામી ધન્ય બન્યા.

લોટવા ગામની એક બાઈ **લખુચારણે** આ વાત **ન સ્વીકારી**. થોડા સમય બાદ **આત્માનંદ સ્વામી સ્વધામ** પધાર્યા. રામાનંદ સ્વામીએ **લોજ** વગેરે સ્થાને **આશ્રમો** સ્થાપ્યા. ગામડે ગામડે ધર્મ સહિત ભગવદ્ ભક્તિનો ઉપદેશ આપ્યો. જ્યાં જાય ત્યાં કહેતાં કે, **'હું તો માત્ર ડુગડુગી વગાડનારો છું, ખરો ખેલ ભજવનાર તો ચાલ્યા આવે છે. જેની માણકીનાં પગલે અધર્મ અને અન્યાય ચૂરેચૂરા થઈ ઊડી જશે.' વહાલા બાળકો ! આ ખરા ખેલના ભજવનાર એટલે કોણ ? ઓળખો છો ? ધર્મ-ભક્તિના પુત્ર પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન નીલકંઠવર્ણીના વેશમાં ચાલ્યા આવે છે તે પોતે ! આવા મોટા ભગવાન આપણને મળ્યા છે. હવે તેને રાજી રાજી કરી લેવા એ જ કરવાનું છે. તો ચાલો હવે મંડી પડીએ.**

સત્સંગ સમજણ વિભાગ

વૈરાગ્ય રાગ રહિતપણું, આલોક અને પરલોકના વિષયોમાં સ્પૃહાનું વિરોધી એવું એક પ્રકારનું ચિત્તનું પરિણામ, ● વિષયમાં આસક્તિ નહિ રાખવી તે ● બ્રહ્મલોક સુધીના ભોગને કાકવિષ્ટાવત્ ગણી તેમાં ઉદાસીનતા રાખવી તે. ● હાથમાંથી છુટે તે ત્યાગ, હૈયેથી છુટે તે વૈરાગ્ય.

ભગવાન વિના બીજી કોઈ પણ વસ્તુમાં પ્રીતિ ન થાય તે વૈરાગ્ય. આ મૃત્યુલોકથી છેક પ્રકૃતિ પુરુષના લોક સુધી જેટલા વૈભવ છે, ભોગ છે, સુખ છે, તેમાં ક્યાંય આસક્તિ ન થાય તે **વૈરાગ્ય**. આપણો દેહ, દેહનાં સગાં-સંબંધી તથા જગતના બધા જ વિષયો, તેમાં જ્યારે દોષ દેખાય ત્યારે તેની સહેજે જ અરુચિ થાય છે. તેનો દૃઢ અભાવ થાય ત્યારે વૈરાગ્ય દૃઢ થયો કહેવાય.



આ દેહ તથા જગત નાશવંત છે, દુઃખરૂપ છે, તેથી તેમાં ક્યાંય મોહ ન થાય એવું જ્ઞાન થાય ત્યારે વૈરાગ્ય ઊપજે છે. વૈરાગ્ય થતાં સર્વ પદાર્થમાંથી પ્રીતિ તૂટી જાય છે અને ભગવાનમાં દૃઢ સ્નેહ બંધાય છે. મોક્ષ મેળવવા માટે વૈરાગ્ય એ જરૂરી સાધન છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) 'ઉદ્ધવસંપ્રદાય'ના સંસ્થાપક કોણ હતા?

( ) A - સહજાનંદ સ્વામી ( ) B - પ્રેમાનંદ સ્વામી

( ) C - રામાનંદ સ્વામી ( ) D - મુક્તાનંદ સ્વામી

(૨) શ્રીરામાનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો?

( )A - ગોકુળ ( )B - છપૈયા ( )C - મથુરા ( )D - અયોધ્યા

(૩) શ્રી રામાનંદ સ્વામીની માતાનું નામ શું હતુ?

( )A - સુમતિ ( )B - જાનકી ( )C - અનસૂયા ( )D - અહલ્યા

(૪) શ્રીરામાનંદ સ્વામીનું બાળપણનું નામ શું હતુ?

( )A - કૃષ્ણ શર્મા( )B - પ્રેમ શર્મા ( )C - રામ શર્મા ( )D - શ્યામ શર્મા

(૫) અયોધ્યાથી નીકળેલા રામશર્માને જૂનાગઢ ગિરનારની તળેટીમાં કયા સિદ્ધ ગુરૂ મળ્યા ?

( )A - આત્માનંદ સ્વામી ( )B - મુક્તાનંદ સ્વામી

( )C - પ્રેમાનંદ સ્વામી ( )D - અદ્વૈતાનંદ સ્વામી

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(જન્માષ્ટમી , ઉદ્ધવ , રામાનુજાચાર્ય , રામાનંદ સ્વામી , અદ્વૈત , વિશિષ્ટાદ્વૈત)

(૧) શ્રી રામાનંદ સ્વામીએ શ્રી રંગક્ષેત્રમાં આચાર્યવર શ્રી..... થકી દીક્ષા પામ્યા.

(૨) શ્રી રામાનંદ સ્વામીએ સૌરાષ્ટ્રમાં જઈને નૂતન ..... સંપ્રદાયની સ્થાપના કરી.

(૩) શ્રી રામાનંદ સ્વામીનો જન્મ .....ના દિવસે થયો હતો.

(૪) હું તો માત્ર ડુગડુગી વગાડનાર છું આવું .....કહેતાં હતાં.

(૫) રામાનંદ સ્વામીનો મત .....હતો.

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) રામાનંદ સ્વામીએ ફરેણી ગામમાં પોતાના પંચ ભૌતિક દેહનો ત્યાગ કર્યો. ☐

(૨) આત્માનંદ સ્વામીએ અંતે અદ્વૈતમતનો ત્યાગ કરી ' વિશિષ્ટાદ્વૈતમત ' સ્વીકાર્યો હતો. ☐

(૩) રામાનંદ સ્વામી નિરાકારવાદી ગુરૂની શોધમાં હતા. ☐

(૪) રામાનંદ સ્વામીએ લોજ ગામમાં પોતાનો આશ્રમ સ્થાપ્યો. ☐

(૫) રામાનંદ સ્વામીને ભગવાનનો સાક્ષાત્કાર નહોતો થયો. ☐

પ્રશ્ન-૪ વૈરાગ્ય એટલે શું ? ટૂંકનોંધ લખો.

.....

.....

.....

.....

.....


.....

સભા-૧૧ : પટ્ટાભિષેક

પિપલાણા ગામમાં **રામાનંદ સ્વામી**એ નીલકંઠવર્ણીને દીક્ષા આપી. **'સહજાનંદ સ્વામી'** અને **'નારાયણમુનિ'** એવાં બે નામ પાડ્યાં. (૨૮-૧૦-૧૮૦૦) ત્યારે **વર્ણીની ઉંમર ફક્ત ૨૦ વર્ષની હતી.** પછી તો રામાનંદ સ્વામી તેમને પોતાની સાથે જ રાખતા.

આમ **૧૨ મહિના** થવા આવ્યા. રામાનંદ સ્વામીએ વિચાર્યું, **'મારા પછી ગાદી કોને આપવી ?'** જૂનામાં જૂના **સંત મુક્તાનંદ સ્વામી** સહિત સૌએ સ્વીકાર્યું, **'ગાદી તો સહજાનંદ સ્વામીને જ આપો.'** બધાએ આ વાતને ટેકો આપ્યો. રામાનંદ સ્વામીની તો એ ઇચ્છા હતી જ, પણ એક જણે **ના** પાડી. એ કોણ હતા ?

સહજાનંદ સ્વામી પોતે જ ! એમણે કહ્યું, **'ના !'** આવું સાંભળી બધા ચોંક્યા, 'આવી સારી ગાદી મળે છે, ને આ છોકરો ના કેમ કહે છે ?' સહજાનંદ સ્વામીએ હાથ જોડી કહ્યું, 'મહંત થવું મને નહિ ફાવે. મને તો વસ્તી કરતાં **વનમાં** વધારે ગમે છે. માટે આશીર્વાદ આપો ને મને વનમાં જવા દો !' રામાનંદ સ્વામીએ કહ્યું, **'ગુરુની આજ્ઞા પણ તમે નહિ માનો ?'** સહજાનંદ સ્વામીએ કહ્યું, **'ગુરુની આજ્ઞા માથા સાટે પાળીશ !'** રામાનંદ સ્વામીએ કહ્યું, 'તો ગુરુની આજ્ઞા સમજી ગાદી સંભાળો !'



હવે બીજો ઉપાય રહ્યો નહિ. સહજાનંદ સ્વામીએ **ગુરુની આજ્ઞા** માથે ચડાવી. તેમણે બતાવી આપ્યું કે **ગુરુની આજ્ઞા જ શિષ્યની ઇચ્છા હોવી જોઈએ.**

ગાદી આપવાના ઉત્સવને **'પટ્ટાભિષેક'** કહે છે. એ **જેતપુર**માં ઊજવવાનું નક્કી થયું. આખરે એ દિવસ આવ્યો. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને હાથ પકડી પોતાની **ગાદી પર બેસાડ્યા**. કપાળમાં **ચાંદલો** કર્યો ને **હાર** પહેરાવ્યો. તે વખતે **સહજાનંદ સ્વામીની ઉંમર માત્ર ૨૧ વર્ષની હતી** !

'સહજાનંદ સ્વામી મહારાજની જય'ના નાદથી મંડપ ગાજી રહ્યો. રામાનંદ સ્વામીએ સૌ ભક્તોને કહ્યું, 'સૌ હવે પછી આ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેજો. **મેં ડુગડુગી વગાડી લીધી.** મારું કામ હવે પૂરું થયું ! **ખરો ખેલ હવે જ શરૂ થાય છે !**' પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને વરદાન માંગવા કહ્યું. બે હાથ જોડી ગદ્‌ગદ્‌ભાવે **૨૧ વર્ષના** સહજાનંદ સ્વામી મહારાજે માગ્યું, '**પહેલું વરદાન** એ માંગું છું કે **તમારા કોઈ ભક્તને એક વીંછી કરડવાનું દુઃખ થવાનું હોય; તો એ દુઃખ એને ન થતાં, મને એક એક રૂંવાડે રૂંવાડે કરોડ વીંછી જેટલું દુઃખ થાય.** અને **બીજું વરદાન** એ આપો કે **તમારા ભક્તના ભાગ્યમાં રામપાતર (ભિક્ષા માંગવાનું) લખ્યું હોય; તો એ મને મળે, પણ તમારો ભક્ત અન્ન-વસ્ત્રે દુઃખી ન થાય.**' રામાનંદ સ્વામીએ રાજી થઈ **'તથાસ્તુ'** કહ્યું.



આખો સભામંડપ 'સહજાનંદ સ્વામી મહારાજની જય' થી ગુંજી ઊઠ્યો.

આવા હતા શ્રીજી મહારાજ !

તેમણે ભક્તોનું દુઃખ પોતાને માથે લઈ લીધું. કેવા દયાળુ ! કેવા ભક્તવત્સલ ! આપણાં કેવાં ભાગ્ય કે આપણને આવા ભગવાન મળ્યા !

ઇતિહાસમાં આ પ્રાર્થના વિરલ બની ગઈ છે.

સત્સંગ સમજણ વિભાગ

ભક્તિ

પવિત્ર ભાવથી ભગવાન, ગુરુ વગેરેની સેવા કરવી,
ગુણ ગાવા અને પરાયણ રહેવું તે, ભજન કરવું તે.
ભગવાનની પૂજા વગેરેમાં પ્રીતિ, ભગવાનનું અનુસંધાન,
ભગવાનના વિરહમાં થતું દુઃખ...

(૧) માહાત્મ્યજ્ઞાન યુગ્ભૂરિ સ્નેહો ભક્તિશ્ચ માધવે। શિક્ષાપત્રી : ૧૦૩

અર્થ : માહાત્મ્યજ્ઞાને સહિત જે ભગવાનને વિષે સ્નેહ તેનું નામ ભક્તિ.

(૨) જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, 'ભગવાન તથા સંત તે મને જે જે વચન કહેશે તેમ જ મારે કરવું છે.' એમ તેના હૈયામાં હિમત્ય રહે અને 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય' એવું વચન તો ભૂલ્યે પણ ન કહે અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે. **— વચ. ગઢડા પ્રથમ : ૧૫**

(૩) ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે પ્રવૃત્તિમાર્ગમાં જોડાવું એનું નામ જ ભક્તિ છે.

— વચ. વરતાલ : ૧૭

(૪) ભક્તિના નવ પ્રકાર ભાગવતમાં વર્ણવ્યા છે :

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं सख्यं दास्यमात्मनिवेदनम् ॥

અર્થ : કથા સાંભળવી, કીર્તન ગાવાં, સ્મરણ કરવું, ભગવાનનાં ચરણકમળની સેવા કરવી, અર્ચન કરવું, વંદન કરવું, દાસભાવે સેવા કરવી, સખાભાવે સ્નેહ કરવો અને આત્મસમર્પણ કરવું — એ નવ પ્રકારની ભક્તિ કહી છે.

(૫) આપણો **ભક્તિ સંપ્રદાય** છે. ભક્તિ એ જ એક એવું સાધન છે જેનું આચરણ સહેલાઈથી થઈ શકે છે. જ્ઞાન, વૈરાગ્ય, તપ, યોગ, યજ્ઞ, યાગાદિ વગેરે વર્તમાન સમયમાં સિદ્ધ થવાં ઘણાં કઠણ છે. જેમ આંબો વાવ્યો હોય તેનું ઝાડ થાય ત્યારે છાંયો આપે, લાકડું આપે વગેરે અનેક ઉપયોગ આંબાના થઈ શકે પણ આંબાની પૂર્ણતા તો જ્યારે **કેરીરૂપી ફળ** આવે ત્યારે જ થાય છે, તેમ બીજા બધા ગુણો હોય પણ **ભક્તિ ન હોય તો મોક્ષ** થતો નથી. શ્રીજીમહારાજ

અક્ષરધામમાં દિવ્ય ઐશ્વર્ય સહિત બિરાજે છે. તે જ ભગવાન પોતાની ઇચ્છાથી આ લોકમાં પોતાના દિવ્ય પાર્ષદ, મુક્ત અને ઐશ્વર્ય સાથે પધાર્યા અને મનુષ્યરૂપે પ્રગટ થયા. તેમના આ સ્વરૂપનો મહિમા સમજી, તેમના મનુષ્યરૂપને દિવ્ય સમજી, તેમને **નવ પ્રકારે પ્રીતિપૂર્વક ભજવા તે ભક્તિ.** તેમજ તેમને અખંડ ધારી રહેલા એવા સત્પુરુષને પ્રીતિપૂર્વક પ્રગટપણે ભજવા તે ભક્તિ. **આ ભક્તિથી મોક્ષ થાય છે.**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) નીલકંઠવર્ણીને દીક્ષા કોણે આપી?.....

(૨) નીલકંઠવર્ણીને દીક્ષા ક્યા ગામમાં આપવામાં આવી?.....

(૩) રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીના ક્યા નામ પાડ્યા?.....

(૪) નીલકંઠવર્ણીનું સર્જુદાસ નામ કોણે પાડ્યું? .....

(૫) સહજાનંદ સ્વામીએ ગુરૂ રામાનંદ સ્વામી પાસે કેટલા વરદાન માંગ્યા? ક્યા ક્યા?

.....

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) નીલકંઠવર્ણીએ ભાગવતી દીક્ષા કેટલા વર્ષની ઉંમરે ગ્રહણ કરી.

( ) A - ૧૯ ( ) B - ૨૦ ( ) C - ૨૧

(૨) ગાદી આપવાના ઉત્સવને શું કહેવાય છે?

( ) A - ષોડશોપચાર ( ) B - મહોત્સવ ( ) C - પટ્ટાભિષેક

(૩) સહજાનંદ સ્વામીનો પટ્ટાભિષેક ક્યાં થયો ?

( ) A - પિપલાણા ( ) B - લોજ ( ) C - જેતપુર

(૪) ગાદીપટ્ટાભિષેક વખતે સહજાનંદ સ્વામીની ઉંમર કેટલી હતી?

( ) A - ૨૦ વર્ષ ( ) B - ૨૧ વર્ષ ( ) C - ૩૧ વર્ષ

(૫) સંપ્રદાયના જુનામાં જુના સંત કોણ હતા?

( ) A - ગોપાળાનંદ સ્વામી ( ) B - બ્રહ્માનંદ સ્વામી ( ) C - મુક્તાનંદ સ્વામી

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) ભક્તિના નવ પ્રકાર છે. ☐

(૨) આપણો ભક્તિ સંપ્રદાય છે. ☐

(૩) નારાયણમુનીએ રામાનંદ સ્વામી પાસે બે વરદાનો માંગ્યા હતા. ☐

(૪) માહાત્મ્યજ્ઞાને સહિત જે ભગવાનને વિષે સ્નેહ તેનું નામ ભક્તિ છે. ☐

(૫) સહજાનંદ સ્વામી તો ડુગડુગી વગાડનાર હતા. ખરો ખેલ ભજવનાર તો રામાનંદ સ્વામી હતા. ☐

સભા-૧૨ : જોબન પગી

કોઈ અસુર વ્યક્તિને મારી નાખવી સહેલી છે. પરંતુ તેની **આસુરીવૃત્તિ**ને મારી તેનું **જીવન પરિવર્તન** કરવું બહુ અઘરું છે. આવું અઘરું કાર્ય **ભગવાન સ્વામિનારાયણે** કરી બતાવ્યું છે. તેમણે કેટલાય **આસુરીવૃત્તિ** ધરાવતા જીવોનું હૃદય પરિવર્તન કરી અધ્યાત્મ માર્ગે ચાલતા કરી દીધા છે. **લૂંટારામાંથી ભક્તરાજ** બનેલા **વડતાલના જોબનપગી** તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

જોબનપગી ચોર-લૂંટારાઓનો **સરદાર** હતો. લોકો એના નામ માત્રથી ધ્રૂજતા. એનું નામ સાંભળી બજારો બંધ થઈ જતા, રસ્તાઓ સૂમસામ થઈ જતાં તથા ઘરના દરવાજા બંધ થઈ જતાં. ઘોળે દિવસે તે **રાજાના ખજાના**થી લઈને વરરાજાની જાનને લૂંટી લેતો. **જોબનપગી કાળ જેવો ભયંકર પાપનો પર્વત હતો.** તેના દિલમાં દયાનો એક છાંટોય જોવા ન મળે. ચીભડું ચીરવું કે માણસ મારવો એ બેય એના માટે સરખા હતાં.

એક વાર જોબનના કાને વાત આવી કે શ્રીજી મહારાજ **ડભાણ**માં મોટો **યજ્ઞ** કરવાના છે. તેમાં **હજારો માણસો** આવશે. કાઠિયાવાડથી કાઠીઓ **જાતવાન ઘોડા** લઈને આવશે અને એમાં પણ શ્રીજી મહારાજ પવનને પાછો પાડી દે એવી **'માણકી ઘોડી'** લઈ આવવાના છે. જોબનને થયું કે જો **માણકી ઘોડી** તેની પાસે આવી જાય તો **ચોરી-લૂંટફાટ** કરવામાં બહુ સરળતા રહે. આમ વિચારી જોબનપગીએ મહારાજની **માણકી ઘોડી ચોરવાની યોજના** બનાવી.

યજ્ઞનો દિવસ આવી ગયો. હજારો હરિભક્તો યજ્ઞનો લાભ




લેવા **ડભાણ** આવી ગયા. જોબનપગી પણ યોજના મુજબ **મધરાતે** માણકી ઘોડીની **ચોરી** કરવા **ઘોડાસાર**માં આવી પહોંચ્યો. એની નજર મહારાજની માણકી ઘોડી પર પડી. ઘોડીને જોઈને તેને આનંદ થયો. તે ઘોડીની નજીક જાય છે પણ આ શું ! જોબનપગીને ઘોડીની બાજુમાં જ શ્રીજી મહારાજનાં દર્શન થાય છે. મહારાજ ઘોડીના બરડા પર હાથ ફેરવતા હતા. તે તરત જ પાછો ફરી ગયો. એક ક્લાક રહીને આવે છે અને જુએ છે તો હજુ મહારાજ ઘોડીની બાજુમાં જ ઊભેલા દેખાયા !

જોબનપગીને થયું કે **આટલી રાતે** પણ **મહારાજ સૂતા નથી** ! એટલે લપાતો છુપાતો મહારાજના ઉતારે તપાસ કરવા ગયો તો જુએ છે કે મહારાજ પલંગ ઉપર શ્વેત વસ્ત્ર ઓઢી પોઢેલા હતા તેને નવાઈ લાગી, તે ફરી પાછો ઘોડાસારમાં આવીને જુએ છે તો અહીં પણ તેને મહારાજ ઘોડીની બાજુમાં ઊભેલા દેખાયા. આમ સાત વખત તે ઘોડાસારમાં ગયો ને **સાતે વખત** એણે ત્યાં **મહારાજને જોયા**. એમ કરતાં સવાર થઈ ગઈ.

બીજી રાતે તેણે ખૂબ જ **સાવચેતી** રાખી તો પણ પહેલી રાત જેવું જ બન્યું. જેટલી વાર એ ઘોડાસારમાં ગયો એટલી વાર તેને મહારાજનાં દર્શન ઘોડીની બાજુમાં થયાં. ત્રીજી રાતે તેણે વિચાર્યું કે આ વખતે તો મહારાજની ઘોડી હાથ ન આવે તો **બીજા બે-ત્રણ ઘોડા ચોરી જવા**, પણ આમ કરવા તે ઘોડાસારમાં આવ્યો, તો **ઘોડે ઘોડે તેને મહારાજના દર્શન થયાં જેટલાં ઘોડા એટલાં મહારાજ !**

જોબન વિચારમાં પડી ગયો કે આંખમાંથી કણ કાઢે તેમ પરાયું ધન લઈ લઉં એવો **હું જોબન**, આજે ત્રણ ત્રણ રાતના ઉજાગરા કરીનેય એક ઘોડો નથી છોડી શકતો એ કેવું કહેવાય ? નક્કી આમાં કંઈક **મોટો ભેદ** છે. તેણે સવારે મહારાજ પાસે જવાનું નક્કી કર્યું. મહારાજ પાસે જતી વખતે તેણે **મનોમન સંકલ્પ કર્યા** કે જો **મહારાજ મને મારું નામ લઈને બોલાવે, હું અહીં શા માટે આવેલ એ કહી દે અને મને માળા આપે તો માનું કે તે ભગવાન સાચા છે !**





આવા **સંકલ્પો** સાથે તે જ્યારે મહારાજની સભામાં પહોંચ્યો, ત્યારે મહારાજે તેના **તમામ સંકલ્પો પૂરા કર્યા.** સંકલ્પપૂર્તિ થવાથી જોબનપગીને **દૃઢ નિશ્ચય** થઈ ગયો કે **આ તો સાક્ષાત્ પરમેશ્વર છે. એ દિવસથી જોબનપગી લૂંટારામાંથી ભક્તરાજ બન્યો.**

જોબનપગીના **નિમંત્રણથી** મહારાજે **વડતાલમાં ફૂલડોલનો ઉત્સવ** ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાથી ઊજવેલો. **આજે વડતાલનું સ્વામિનારાયણ મંદિર સંપ્રદાયનું બહુ મોટું તીર્થધામ છે.** આ તીર્થધામ જ્યાં શોભી રહ્યું છે તે **જમીન** જોબનપગીએ મહારાજને **અર્પણ** કરેલ છે. તેઓ શ્રીજી મહારાજના **અંગરક્ષક** તરીકે મહારાજની સાથે રહેતાં. તેમણે સેવા અને ભક્તિથી મહારાજને ખૂબ જ પ્રસન્ન કર્યા હતાં.

મહારાજ સ્વધામ પધાર્યા પછી જોબનપગીને ક્યાંય ચેન પડતું નહિં. મોટા સદ્‌ગુરુ સંતોએ તેમને આશ્વાસન આપ્યું અને જીવવાની હિંમત પૂરી પાડી. અને જોબનપગીએ જાતે મહારાજની જે ચરણરજ ભેગી કરેલી તે દરરોજ જમતી વખતે થોડી થોડી ભોજનની સાથે લેતા તેથી કોળિયા ગળા નીચે ઉતરતા. એકવાર જોબનનપગી જમવા બેઠા, થાળીમાં રોટલા ને છાશ પીરસાયા પણ ચરણરજ ન આવી. જોબનપગીએ માંગી ત્યારે ઘરમાંથી ડરતાં-ડરતાં જવાબ અપાયો : **ચરણરજ તો નથી, પૂરી થઈ ગઈ !** આ સાંભળતાં જ જોબન ભક્તનો શ્વાસ રૂંધાવા લાગ્યો. અને એજ સમયે એમણે પ્રાણ છોડી દીધા. જોબનપગી મહારાજ પાસે અક્ષરધામમાં પહોંચી ગયા. આવા પ્રેમી ભક્ત હતા જોબન પગી .

સત્સંગ સમજણ વિભાગ

તિલક શા માટે ?




આપણી **ભારતીય સંસ્કૃતિ**માં **તિલક**નું વિશેષ મહત્ત્વ શાસ્ત્રોમાં વર્ણવેલું છે. જો આપણે પ્રાચીન સંસ્કૃતિને તપાસીશું તો સમજાય છે કે પૂર્વે તમામ મનુષ્યો પોતાના **કપાળની મધ્ય**માં તિલક અવશ્ય કરતા. જે પ્રમાણે **સ્ત્રીઓ** પોતાના **સૌભાગ્યની નિશાની** સ્વરૂપે **કુમકુમનો ચાંદલો** કરે તે પ્રમાણે પુરુષો **ધર્મના પ્રતીક** સમાન મસ્તક ઉપર તિલક કરે તેવી **પરંપરા** યુગોથી ચાલી આવે છે.





વિદ્વાન ઋષિ-મુનિઓએ પણ તિલક કરવાની પરંપરાનું અનુમોદન કર્યું છે તો તેમાં મનુષ્ય જાતિનું હિત જ હશે. તિલક કરવાથી આપણું **હિત** કેવી રીતે સચવાય છે તે વાતને વધુ ઊંડાણપૂર્વક સમજીએ. આપણા શરીરમાં કુલ **સાત ચક્રો** છે. આ સાત ચક્રો પૈકી **કપાળની મધ્યમાં** રહેલા **આજ્ઞાચક્ર** ખૂબ જ મહત્ત્વનું છે. **તિલક કરવાનું મૂળ સ્થાન પણ આજ્ઞાચક્ર જ** છે. તિલક કરવાથી આજ્ઞાચક્ર ખૂબ જ સક્રિય થાય છે અને તેનાથી આપણું **ચૈતનતંત્ર** ખૂબ સંતુલિત ઢબે કાર્ય કરે છે. આંખ, નાક, કાન, સ્વાદેન્દ્રિય (જીભ), મગજ વગેરે સંપૂર્ણ ચેતનતંત્ર આપણા **મસ્તક**માં જ સમાયેલું છે. આપણા શરીરનું સંપૂર્ણ સંચાલન ચેતનતંત્ર ઉપર જ આધારિત છે. મસ્તકના **આજ્ઞાચક્ર** ઉપર **શુભ તિલક** કરીએ ત્યારે આપણું **ચેતાતંત્ર** વધુ સક્રિય બને છે અને આપણી આંતરસૂઝ ખૂબ જ વિકસે છે.



વિદ્યાર્થીકાળમાં મસ્તકમાં તિલક કરવાથી **બુદ્ધિ** ખૂબ જ સતેજ બને છે જેથી અભ્યાસમાં ખૂબ સુંદર સફળતા આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. તિલક કરવાથી આપણી **એકાગ્રતા**માં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. એકાગ્રતામાં વૃદ્ધિ થવાથી આપણી **ગ્રાહ્યશક્તિ**માં અદ્‌ભુત સુધારો થાય છે જેથી જીવનમાં ઉત્તમ સફળતા મેળવી શકીએ છીએ.



મસ્તકમાં શુભ તિલક કરવાથી આજ્ઞાચક્રને બળ મળવાથી આપણે **નકારાત્મકતાને** દૂર ઠેલી શકીએ છીએ. જ્યારે નકારાત્મકતા દૂર થાય ત્યારે સ્વાભાવિક રીતે જ **સૌરમંડળની શુભ ઊર્જા** આપણા આજ્ઞાચક્ર ઉપર કેન્દ્રિત થાય છે અને આપણું **આરોગ્ય** પણ ઉત્તમ બને છે.

પ્રાતઃકાળે પૂજા કરતી કરતી વેળા સ્વામિનારાયણ મહામંત્રનો **જાપ જપતાં જપતાં તિલક અવશ્ય કરવું. તિલક કરવાથી આપણે ભગવાનના આશ્રિત થઈએ છીએ.** જે મનુષ્ય ભગવાનનો આશ્રિત થાય તેની સર્વપ્રકારે સુરક્ષાની જવાબદારી પણ ભગવાન પોતે સ્વીકારે છે. જે મનુષ્ય શ્રદ્ધાપૂર્વક નિયમિત તિલક કરે છે તેની બુદ્ધિ ક્યારેય અવળે માર્ગે જતી નથી. બુદ્ધિ અવળે માર્ગે જવી એટલે બુદ્ધિ ભ્રષ્ટ થવી. જે મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ ન થાય અને પવિત્ર રહે તે હંમેશાં પ્રગતિના પથ ઉપર આગળ જ વધતો જાય છે.



કેટલાક વિદ્વાનો તો એવું પણ કહે છે કે, આજ્ઞાચક્ર ઉપર શુભ તિલક કરવાથી મનુષ્યના આંતરચક્ષુ વધુ ચેતનવંતા થાય છે. જે મનુષ્યના આંતરચક્ષુ ચેતનવંતા થાય તે જીવનમાં ખૂબ ઝડપથી નવું નવું શીખી શકે છે અને પોતાની ઉત્તમ કારકિર્દીનું નિર્માણ કરવા સમર્થ થાય છે માટે, **તિલક અવશ્ય કરવું જોઈએ.**



સ્વાધ્યાય

પ્રશ્ન-૧. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જોબન પગી વ્યવસાયે શું કામ કરતો હતો ?

( )A - ચોરી-લૂંટફાટ ( )B - કડિયાકામ ( )C - ખેતી

(૨) ચોર-લૂટારાઓનો સરદાર કોણ હતો ?

( )A - જોબન પગી ( )B - વાલજી પગી ( )C - સેવકરામ

(૩) જોબનપગીએ શ્રીજી મહારાજની શું વસ્તુ ચોરવાની યોજના બનાવી ?

( )A - માણકી ઘોડી ( )B - પાઘડી ( )C - મોજડી

(૪) શ્રીજી મહારાજે મોટા યજ્ઞનું આયોજન ક્યાં કર્યું હતું ?

( )A - જેતપુર ( )B - ગોંડલ ( )C - ડભાણ

(૫) જોબનપગીના નિમંત્રણથી મહારાજે ફૂલડોલનો ઉત્સવ ક્યાં ઉજવેલો ?

( )A - વડતાલ ( )B - ગોંડલ ( )C - મૂળી

(૬) વડતાલ તીર્થધામ જ્યાં શોભી રહ્યું છે તે જમીન શ્રીજી મહારાજને કોણે અર્પણ કરી છે?

( )A - જોબનપગીએ ( )B - વાલજી ભગતે ( )C - પ્રેમજી ભગતે

(૭) મહારાજ સ્વધામ પધાર્યા પછી જોબન પગી જમતી વખતે પ્રસાદીમાં શું લે છે ?

( )A - પ્રસાદીના લાડુ ( )B - ચરણરજ ( )C - પ્રસાદીની ભસ્મ

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પૂરો.

(૧) શ્રીજી મહારાજે ..... ગામમાં યજ્ઞ કર્યો.

(૨) જોબનપગીને ..... દિવસોના ઉજાગરા થયા.

(૩) જોબનપગી જમતી વખતે ..... લેતા.

(૪) ..... માં મંદિર કરવા જોબનપગીએ જમીન આપી.

પ્રશ્ન-૩ પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) આપણા શરીરમાં કુલ કેટલાં ચક્રો છે ?

( )A સાત ( )B આઠ ( )C નવ ( )D દસ

(૨) કપાળમાં કયુ ચક્ર રહેલું છે ?

( )A વસંતચક્ર ( )B આજ્ઞાચક્ર ( )C ઋતુચક્ર ( )D અગ્નિચક્ર

(૩) તિલક કરવાથી કયુ ચક્ર સક્રિય થાય છે ?

( )A વાયુચક્ર ( )B અગ્નિચક્ર ( )C આજ્ઞાચક્ર ( )D ઋતુચક્ર

(૪) કયા કાળમાં મસ્તકમાં તિલક કરવાથી બુદ્ધિ ખૂબ જ સતેજ થાય છે ?

( )A વિદ્યાર્થીકાળ( )B યૌવનકાળ ( )C વૃદ્ધકાળ ( )D બાલ્યકાળ

સભા-૧૩ : સૌનું કલ્યાણ કરવું છે

પુરુષોત્તમ પોતે પધારી રે, લીધા અનેક જીવ ઉદ્ધારી રે,
આપ સામર્થી વાવરી ઘણી રે, જોઈ નહિ કરણી જીવતણી રે.

જેમ કોઈ **ચક્રવર્તી સમ્રાટ** રાજી થઈને દાન આપવા બેસે ત્યારે અનંત જીવો **ન્યાલ** થઈ જાય. તેમ સર્વ અવતારના અવતારી, પુરુષોત્તમનારાયણ પૃથ્વી પર પધારે ત્યારે **કરોડો જીવોનું સહેજે જ કામ** થઈ જાય છે. કેમ જે, તેઓ જીવોની **પાત્રતા** સામે નહિ પણ પોતાની **મોટપ** સામે જોઈ **અનરાધાર** વરસે છે. તેમના કેવળ કૃપામય સંકલ્પથી જ **અનંત જીવોનો ઉદ્ધાર** કરે છે.

એકવાર મહારાજે **મુક્તાનંદસ્વામીને કહ્યું :** 'અમારે **અનંત જીવોનું કલ્યાણ** કરવું છે. તે જે કોઈ અમને ભગવાન માનશે, અમારી સેવા કરશે, અમારા દર્શન કરશે તે સર્વેનું કલ્યાણ થાશે. એટલું જ નહિ પણ **અમારા સંતોના દર્શન કરશે**, તેને જમાડશે, વસ્ત્ર ઓઢાડશે, તેના વચન માનશે અને આ સંતો સાચા છે તેમ ગુણ લેશે તે સર્વેનું કલ્યાણ કરવું છે. અરે ! અમારા **સત્સંગીને** જમાડશે કે એનું અનાજ જમશે તેનું પણ કલ્યાણ થશે.'

આમ, શ્રીહરિએ અનંત જીવોના કલ્યાણનો ભવ્ય સંકલ્પ કર્યો હતો. તેથી જ સંતો કહે છે,

નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત પુરુષોત્તમ પ્રગટી રે...
બંધ કીધા બીજા બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ પુરુષોત્તમ પ્રગટી રે....

રાજાધિરાજ પુરુષોત્તમ પોતે પધાર્યા તેથી જે કોઈ તેમના સંબંધમાં આવ્યા તે તમામનું કામ થઈ ગયું. કેમ જે, કોઈ જીવની **કરણી** મહારાજે જોઈ નથી, કે એણે આટલું જ કર્યું છે તેથી એને આટલું જ આપવું. પણ બસ, **મારા પ્રસંગમાં** જે જીવ આવે તેને મારે મહાઆનંદ આપવો છે.






માંકડનો ઉદ્ધાર

ભગવાન **શ્રીહરિ** એકવાર **સરધાર**માં પધાર્યા. ત્યાં **કમળશી વાણિયા**ને ઘરે ઉતર્યા. તે સમયે શેઠ હાજર નહિ. એમના **બા** ઘરે હતા. તેમને ભગવાનનો જરાય **મહિમા** નહિ, અને **લોભનો** પાર નહિ. તેમણે ઘરે કોઈ મહેમાન વધુ ન રોકાય તેવી એક **કળ** શોધી કાઢેલી. આખા ઘરમાંથી જેટલા પણ **માંકડ** મળી આવે તે બધા જ **એક ખાટલામાં નાંખે** ને તે ખાટલો મહેમાનને આપે; તેથી મહેમાન બીજા દિવસે જ વગર પૂછે ભાગી જાય.

આજે ડોશીમાને ખબર નથી કે અનંતજીવનનો **નાથ** પ્રભુ પોતે પધાર્યા છે. તેથી **મહારાજ માટે** પણ **પેલો સ્પેશિયલ ખાટલો સૂવા માટે પાથર્યો.** પ્રભુ પોઢ્યા. પછી મહારાજે **મહેમાન, માંકડ** અને **માજી** ત્રણેને કાયમી સુખી કરવાનો સંકલ્પ કર્યો. તેથી **જે જે માંકડે** મહારાજનો **સ્પર્શ** કર્યો તે તમામનો મહારાજે **મોક્ષ** કરી દીધો.

પછી **કમળશી શેઠ** આવ્યા. માંકડવાળા ખાટલામાં પ્રભુને પોઢાડ્યા હતાં. તેની **જાણ થતા** ડોશીને ખૂબ જ વઢ્યા અને મહારાજની **માફી** માંગવા કહ્યું. પછી શેઠના આગ્રહથી **ડોશી** માફી માંગવા આવી. ત્યારે મહારાજે તેને **સમાધિમાં** કૃષ્ણરૂપે દર્શન આપ્યા. તેથી તેને ભૂલ સમજાણી અને માફી માગી જે, 'મારો અપરાધ માફ કરો... મેં તમને ઓળખ્યા નહિ. તમે તો **પ્રગટ પરમાત્મા** છો. હવે આપને વિનંતી કરું છું કે મારું **કલ્યાણ કરજો.**'



'માજી તમારું કલ્યાણ તો થઈ ગયું.'
શ્રીજીમહારાજે મરક મરક હસતાં કહ્યું.

'મારું કલ્યાણ થઈ ગયું ?' 'અરે ! તમારું જ નહિ માજી ! તમારી કૃપાથી આજે જેટલા **માંકડને અમારો સ્પર્શ** થયો તે સર્વેનું પણ કલ્યાણ થઈ ગયું.' આટલું કહી પ્રભુએ તેને એક આશ્ચર્ય બતાવ્યું. **પેલા માંકડમાં રહેલા આત્માઓને દિવ્યરૂપે વિમાનમાં બેસી ધામમાં જતા દેખાડ્યા.** ડોશીમાંના **આશ્ચર્ય**નો પાર ન રહ્યો.

આ હા...હા...પુરુષોત્તમનારાયણની કેટલી મોટી કરુણા ને કેવી અદ્‌ભુત સામર્થી !! અરે ! તેમના સમર્થ સંતો-ભક્તો દ્વારા પણ તેમણે અનેકનાં કલ્યાણ કર્યા છે.

સુરતમાં હાલ જ્યાં **નારાયણમુનિ દેવનું મંદિર** છે ત્યાં પહેલાં **અનેક ભૂત** રહેતાં હતાં. તેનો **સ.ગુ.મુક્તાનંદસ્વામીએ** સંકલ્પમાત્રથી **ઉદ્ધાર** કર્યો હતો. સ.ગુ.ગોપાળાનંદસ્વામીએ **જેતલપુર**ના દેવસરોવરના કિનારે કૂવામાં રહેલા હજારો **ભૂતોનો** તથા ઝાડવાના જીવોનો સહજમાં **મોક્ષ** કર્યો હતો. અરે ! **ગોંડલના રવજીમિયાંના શબને સ્પર્શેલ પવનથી** હજારો **ભૂતોનો** મોક્ષ થયો. **આવી સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની અદ્‌ભુત સામર્થી છે.**

અનેક જીવને ઉપરે, અઢળ ઢળ્યા અવિનાશ;

જગજાળ કાપી આપી પદવી, બ્રહ્મમોલે કરાવ્યો નિવાસ.

મહારાજે પૃથ્વી પર પધારી ટૂંકા કાળમાં **કરોડો જીવોના કલ્યાણ** કર્યા. અનેકને અક્ષરધામ ઇનામમાં આપ્યું. કેટલાય બુદ્ધિશાળી વિચારતા રહી ગયા અને પ્રગટ પ્રભુની કૃપાદૃષ્ટિથી અનંત સામાન્ય જીવો પુરુષોત્તમને પામી ગયા.

વ્હાલા બાલભક્તો ! આવા સર્વોપરી શ્રીહરિની આપણને પણ ઉપાસના મળી છે. તેના સંતોનો સમાગમ મળ્યો છે. હવે તેમનો મહિમા સમજી તેમને ખરેખરા રાજી કરી લઈશું તો આપણું પણ કામ થઈ જશે. માટે હવે તો તેમની સેવા-ભક્તિ અને આજ્ઞા પાળવા શૂરવીર થઈને મંડી પડવું.

સત્સંગ સમજણ વિભાગ

સર્વોપરી

સર્વથી પર સત્તારૂપ પરમાત્મા સહજાનંદ સ્વામી જ છે, તે એક જ અનન્ય ભગવાન છે, તે જ સર્વ અવતારોના અવતારી અને કારણ છે, તેવી સમજણ કરવી તે.

૧. એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે. ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. **— વચ. ગઢડા અંત્ય : ૩૮**

૨. ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, 'સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.

— વચ. ગઢડા મધ્ય : ૯

૩. ...અનંત અવતાર થઈ ગયા ને અનંત અવતાર થાશે, પણ આ સાધુ ને આ ભગવાન તે આવ્યા નથી ને આવશે પણ નહિ. **— ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૧૬૧**

૪. આ સૂર્યને જેમ કોઈની બરાબર કહેવાય નહિ, તેમ આ ભગવાનને પણ કોઈની ઉપમા દેવાય નહિ ને આગળ અનંત અવતાર થઈ ગયા ને વળી અનંત અવતાર થાશે તે સર્વે આ ભગવાનનું દીધું કણેથું ખાય છે ને એની આજ્ઞામાં વર્તે છે.

— ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૫/૨૮૧

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) પુરૂષોત્તમનારાયણ પૃથ્વી પર પધારે ત્યારે શું થાય છે. ?

.....

.....

(૨) શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને અનંતજીવોના કલ્યાણ કરવા વિશે શું વાત કરી?

.....

.....

(૩) શ્રીહરિએ માંકડનો ઉદ્ધાર કયા ગામમાં કર્યો ?.....

(૪) મુક્તાનંદ સ્વામીએ ભૂતોનો ઉદ્ધાર કયા કર્યો?.....

(૫) ઝાડવાના જીવોનો ઉદ્ધાર કોણે કર્યો ? કયા ગામમાં?.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કોઈ ચક્રવર્તી સમ્રાટ રાજી થઈને દાન આપવા બેસે ત્યારે અનંત જીવોને શું કરે છે?

( ) A - પાયમાલ ( ) B - ન્યાલ ( ) C - ખુવાર ( ) D - દુઃખી

(૨) ભગવાન સ્વામિનારાયણ કેવા છે?

( ) A - અવતાર ( ) B - અવતારી ( ) C - પરબ્રહ્મ ( ) D - ઈશ્વર

(૩) શ્રીહરિએ સરધારમાં કમળશી શેઠને ત્યાં કોનું કલ્યાણ કર્યું?

( ) A - ખાટલાનું ( ) B - માંકડનું ( ) C - ડોશીનું ( ) D - ઘરનું

(૪) કોના શબને સ્પર્શેલ પવનથી હજારો ભૂતોનો મોક્ષ થયો?

( ) A - ગોંડલના સવજીમિયાં ( ) B - ગઢડાના પ્રેમજી શેઠ

( ) C - ગોંડલના રવજીમિયાં ( ) D - સરધારના કમળશીશેઠ

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) મુક્તાનંદ સ્વામીએ સુરતમાં સત્સંગના પાયા નાખ્યાં. ☐

(૨) સહજાનંદ સ્વામીનો ગાદી પટ્ટાભિષેક ૧૯ વર્ષની ઉંમરે થયો. ☐

(૩) સર્વોપરી ભગવાન તો એક સ્વામિનારાયણ જ છે. ☐

(૪) મોક્ષના દાતા તો ભગવાન અને ભગવાનના સાધુ એ બેજ છે. ☐

(૫) પાંચસો પરમહંસોમાં મુખ્ય અને શ્રેષ્ઠ સંત મુક્તાનંદ સ્વામી હતા. ☐

પ્રશ્ન-૪ 'સર્વોપરી એટલે શું' તમારા શબ્દોમાં સમજાવો.

.....

.....

.....

સભા-૧૪ : પૃથ્વી પરનું અમૃત : વચનામૃત

જૂનાગઢમાં સભા ભરાઈ હતી. **ગુણાતીતાનંદ સ્વામી** આવ્યા અને કહે **'અમૃત લાવો.'** બાજુમાં ઊભેલા **સંતને** થયું, 'નક્કી બોલવામાં કાંઈ ભૂલ થઈ લાગે છે. પૃથ્વી પર અત્યારે અમૃત ક્યાંથી હોય ?' તેમણે સ્વામીને કહ્યું, **'શું લાવું ?'** ગુણાતીતાનંદ સ્વામી કહે, **'અમૃત... અમૃત લાવો.'** પેલા સંત કહે, 'પણ સ્વામી ! અમૃત ક્યાંથી કાઢવું ?'

હવે સ્વામીને સંતની મૂંઝવણ ખબર પડી. તેઓ હસતાં-હસતાં કહે, **'અમૃત એટલે વચનામૃત. વચનામૃત પૃથ્વી પરનું અમૃત છે.** અમૃત પીવાથી દેવ બની સ્વર્ગ મળે, તેમ વચનામૃતનું પાન કરે, તે અક્ષરમુક્ત બની અક્ષરધામ પામે.'

સૌ સંતો-ભક્તોને આ પ્રસંગથી વચનામૃતનો વિશેષ મહિમા સમજાયો.

● વચનામૃત પરિચય

- ગઢડા, સારંગપુર, કારિયાણી, લોયા, પંચાળા, વડતાલ અને અમદાવાદ. આ **૭ સ્થળો**માં શ્રીજી મહારાજે જે **દિવ્ય વાતો** કરી હતી, તે પરમહંસોએ **સભામાં જ નોંધી** હતી. તેનું સંકલન એટલે વચનામૃત.
- **વચનામૃતનું સંપાદન કરનાર ૪ પરમહંસો હતા :** (૧) મુક્તાનંદ સ્વામી (૨) ગોપાળાનંદ સ્વામી (૩) નિત્યાનંદ સ્વામી અને (૪) શુકાનંદ સ્વામી.



- ૨૧ નવેમ્બર, સને ૧૮૧૯માં ગઢડા પ્રથમનું પહેલું વચનામૃત બોલાયું. ગઢડા અંત્યનું ૩૯મું વચનામૃત ૨૫ જુલાઈ, સને ૧૮૨૯ના દિને બોલાયું. આમ શ્રીજી મહારાજની **૧૦ વર્ષની કથાનું સંકલન એટલે વચનામૃત.**
- દરેક વચનામૃતની શરૂઆતમાં **સ્થળ, તારીખ અને શ્રીજી મહારાજનું** વર્ણન આવે છે જેને **'પરથારો'** કહે છે, જે પરમહંસોની ઇતિહાસ નોંધવાની કળા દર્શાવે છે.
- વચનામૃતમાં **પ્રશ્નોત્તરી** છે. ક્યારેક સંતો-ભક્તો પ્રશ્ન પૂછે અને શ્રીજી મહારાજ જવાબ આપે. ક્યારેક શ્રીજી મહારાજ પ્રશ્ન પૂછે અને પોતે જ જવાબ આપે. આને **ઉપનિષદ શૈલી** કહેવાય.

કુલ ૨૬૨ વચનામૃતો છે.

ગઢડા પ્રથમ = ૭૮
સારંગપુર = ૧૮
કારિયાણી = ૧૨
લોયાધામ = ૧૮
પંચાળા = ૭
ગઢડા મધ્ય = ૬૭
વડતાલ = ૨૦
અમદાવાદ = ૩
ગઢડા અંત્ય = ૩૯



વચનામૃતનો મહિમા

- શ્રીજી મહારાજ કહે છે : 'આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે ? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે **કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે**, તે સર્વેનું અમે શ્રવણ કરીને, તેનું **સાર** કાઢીને આ વાર્તા કરી છે. તે **પરમ રહસ્ય** છે ને સારનું પણ સાર છે. અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે, તે સર્વેને આ વાર્તા છે તે **જીવનદોરી** રૂપ છે.' **(વચનામૃત : ગઢડા મધ્ય-૨૮)**

પૂજ્ય ગુરુજી કહે છે :

- જીવનના તમામ પ્રશ્નોના જવાબ વચનામૃતમાં છે. વચનામૃત વાંચવાથી આખી દુનિયાના બધા જ ધર્મગ્રંથો વાંચી લીધા કહેવાય.

વચનામૃત વાંચનનો નિયમ

- દરેક સત્સંગીએ રોજ ૧ વચનામૃત અને ૫ સ્વામીશ્રીની વાતો અવશ્ય વાંચવી જોઈએ.
- ગુણાતીતાનંદ સ્વામી કહે છે : વચનામૃતના અર્થ સમજાય તેવા નથી, પણ બહુ અભ્યાસ રાખે તો પોતાની મેળે સમજાય એવો મહારાજનો વર છે. (સ્વામીની વાતો : ૫/૨૨૧)

તો ચાલો બાળમુક્તો ! આજથી જ 'વચનામૃત' વાંચવા-સમજવાનો નિયમ લઈએ અને મહારાજ- સ્વામીશ્રીનો રાજીપો મેળવીએ.

સત્સંગ સમજણ વિભાગ

કલ્યાણ

મોક્ષ, ઉદ્ધાર, મુક્તિ, શ્રેય, કૈવલ્ય, નિર્વાણ, સદ્‌ગતિ, પરમપદ, અમૃતપદ, અપવર્ગ, હિત, ભલુ, બ્રહ્મપ્રાપ્તિ, અક્ષરધામની પ્રાપ્તિ.

☞ **કલ્યાણ એટલે મોક્ષ અથવા મુક્તિ.** મોક્ષ એટલે મોહનો ક્ષય. પરમ એકાંતિક સંતના સેવા-સમાગમથી અનાદિ અજ્ઞાન અને કર્મબંધનમાંથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનની સેવાના અધિકારી થવું તેનું નામ **મુક્તિ** અથવા **કલ્યાણ**. **મુક્તિ** એટલે **પરમપદ** અર્થાત્ ભગવાનના **અક્ષરધામની પ્રાપ્તિ**.

☞ ભગવાન સ્વામિનારાયણે વચનામૃત પંચાળા પ્રકરણ ૧માં કહ્યું છે કે 'પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.'

વળી, 'દેવલોકને ભગવાનના ધામ (અક્ષરધામ) આગળ મોક્ષધર્મને વિષે નરકતુલ્ય કહ્યા છે.' (વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૧). કારણ, દેવલોકનાં ભોગસુખ છે તે અક્ષરધામના દિવ્યસુખ આગળ નરક જેવાં છે. વળી, દેવલોકમાંથી પૃથ્વી ઉપર આવી જન્મ-મરણના ચકરાવામાં ફરવાનું રહે છે, ગર્ભમાં આવવાનું રહે છે; જ્યારે અક્ષરધામમાંથી પૃથ્વીલોક પર પાછું આવવાનું કે જન્મ-મરણ રહેતું નથી, સદાને માટે ભગવાનના અપાર સુખ અને સેવાની પ્રાપ્તિ થાય છે.

☞ શાસ્ત્રમાં કલ્યાણ **અનંત** પ્રકારનું કહ્યું છે, પરંતુ **આત્યંતિક કલ્યાણ** જે અક્ષરધામની પ્રાપ્તિ અને પુરુષોત્તમની અખંડ સેવા અને જન્મ-મરણનાં ચક્રોમાંથી છુટકારો, તે અતિશય દુર્લભ છે.

આવું આત્યંતિક કલ્યાણ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ અથવા તો પરમ એકાંતિક સત્પુરુષ સંતને સંગે જ થાય છે. જ્યારે પ્રગટ સંતના સેવા-સમાગમે કરીને પુરુષોત્તમના સ્વરૂપનો **યથાર્થ નિશ્ચય** થાય અને ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર બ્રહ્મરૂપ થાય ત્યારે જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ આ ચારે ગુણ પરમ એકાંતિક સંતનો સમાગમ કરીને સિદ્ધ થાય ત્યારે જ આત્યંતિક કલ્યાણ થાય.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) પૃથ્વી પરનું અમૃત કયુ છે?

.....

(૨) વચનામૃત કુલ કેટલા સ્થળોમાં બોલાયેલા છે ? નામ જણાવો.

.....

.....

(૩) વચનામૃત એટલે શું?

.....

.....

(૪) વચનામૃત સંપાદક સંતોના નામ જણાવો.

.....

.....

(૫) કલ્યાણ એટલે શું? તેના સમાનાર્થી શબ્દો જણાવો.

.....

.....

પ્રશ્ન-૨ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) ગઢડા મધ્ય	૧૮. વચનામૃત
(૨) લોયાધામ	૦૭. વચનામૃત
(૩) વડતાલ	૦૩. વચનામૃત
(૪) સાંગરપુર	૧૨. વચનામૃત
(૫) પંચાળા	૨૦. વચનામૃત
(૬) કારિયાણી	૬૭. વચનામૃત
(૭) અમદાવાદ	૧૮. વચનામૃત
(૮) ગઢડા પ્રથમ	૩૯. વચનામૃત
(૯) ગઢડા અંત્ય	૭૮. વચનામૃત

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(૧) વચનામૃત કુલ ..... સ્થળોમાં બોલાયેલા છે. (૯, ૧૦, ૭, ૧૧)

(૨) કુલ વચનામૃત ..... છે. (૨૬૨, ૨૭૩, ૨૬૬, ૨૧૨)

(૩) વચનામૃતમાં ..... છે. જેને ..... શૈલી કહેવાય છે.
(કથાવાર્તા, પ્રશ્નોત્તરી, ઉપનિષદ, કીર્તન ભક્તિ)

(૪) માનીપણું ને નિર્માનીપણું ક્યાં સારૂ? આ વચનામૃત ..... ગામનું છે.
(લોયા, ગઢડા, વડતાલ પંચાળા)

પ્રશ્ન-૪ ટૂંકનોંધ લખો : કલ્યાણ

.....

.....

.....

.....

.....

સભા-૧૫ : જ્ઞાની ભગવાનને ગમે છે

નિત્યાનંદ સ્વામીનું નામ કોણ નથી જાણતું ? શ્રીજી મહારાજના એ આગળ પડતા **પરમહંસ**. ખૂબ જ **વિદ્વાન**. આખા ભારતમાં તેમને કોઈ ન જીતી શકે. ગમે તેવા પ્રશ્નોનો ચપટીમાં ઉત્તર આપી દે. વળી, **તર્ક** તો એવા રજૂ કરે કે મોટા મોટા પંડિતો સવાલ પૂછતાં પણ વિચાર કરે !

અમદાવાદ, જૂનાગઢ, જામનગર, ખંભાત, વડોદરા, ઉમરેઠ વગેરે એ સમયે પંડિતોનાં શહેરો તથા ગામો ગણાતાં. બધે જ નિત્યાનંદ સ્વામીનો **ભાર** પડે. જે કોઈ નગરમાં પંડિતો વિરોધ કરે, શ્રીજી મહારાજ નિત્યાનંદ સ્વામીને મોકલે. અને તેઓ **શાસ્ત્રાર્થ જીતીને જ આવે**. તેઓ શાસ્ત્રાર્થ કરવા જાય ત્યારે **૭ ગાડાં** હોય. **એકમાં પોતે બેસે ને ૬ ગાડાંમાં પુસ્તકો હોય.** ઘણા પંડિતો તો આ સવારી જોઈને જ ગભરાઈ જાય.

એ સમયે **ઉમરેઠ** ગામમાં એક મોટા **વિદ્વાન** રહેતા હતા. તેઓ સ્વામિનારાયણનો ખૂબ **વિરોધ** કરતા હતા. તેથી નિત્યાનંદ સ્વામી શિષ્યો સાથે ત્યાં પધાર્યા. આખા નગરમાં વાત ફેલાઈ ગઈ. **શાસ્ત્રાર્થ થયો**. પેલા વિદ્વાન થોડી જ વારમાં **હારી ગયા**. આથી ઉમરેઠમાં સત્સંગ વધવા લાગ્યો. ને વિરોધી બ્રાહ્મણોની પ્રતિષ્ઠા ઘટવા માંડી.



હવે દ્વેષીઓએ યુક્તિ વિચારી. ઠેઠ **દક્ષિણ ભારતના વિજયનગર**થી બીજા વિદ્વાન **સિદ્ધાનંદ સરસ્વતી**ને **ઉમરેઠ** તેડાવ્યા. સિદ્ધાનંદજી આવ્યા. હવેલીમાં ઉતર્યા. તેઓ માથે **હીરાની ટોપી** પહેરતા. અને ઘણો દેખાડો કરતા.

હવે સિદ્ધાનંદજીના નામે **વિરોધી બ્રાહ્મણો સત્સંગીને ફરી હેરાન કરવા લાગ્યા**. આ વાતની જાણ **વરતાલ** થઈ. તરત જ નિત્યાનંદ સ્વામી શિષ્યો


સાથે ફરી ઉમરેઠ આવ્યા. ને સિદ્ધાનંદજીને કહેવડાવ્યું કે અમે **શાસ્ત્રાર્થ** કરવા તૈયાર છીએ. પછી **બ્રાહ્મણોની વાડીમાં સ્થળ** નક્કી કરવામાં આવ્યું.

પ્રથમ તો નિત્યાનંદ સ્વામીએ ભગવદાનંદ સ્વામી, શૂન્યાતીતાનંદ સ્વામી, શિવાનંદ સ્વામી વગેરે શિષ્યોને વારા ફરતી મોકલ્યા. સિદ્ધાનંદજીને તો આ શિષ્યો જ **હરાવી દેતા**, પણ બ્રાહ્મણો કપટ કરી, **ખોટી ચર્ચા** ઊભી કરી, જીત નક્કી થવા દેતા નહિ. છેવટે નિત્યાનંદ સ્વામી કહે, **'કાલે હું આવીશ.'**

આ વાત **સિદ્ધાનંદજી**એ જાણી. ને તેઓ ડરીને **રાતોરાત ડાકોર ભાગી ગયા**. બ્રાહ્મણો દ્વારા કહેવડાવ્યું કે, 'નિત્યાનંદ સ્વામી તો **વ્યાસજીનો અવતાર** છે. તેમને હું ક્યારેય જીતી ન શકું.' આ વાત જ્યારે **નિત્યાનંદ સ્વામી**ને મળી, ત્યારે તેઓ ખૂબ **હસ્યા** ને કહે, 'ભલે તેઓ જતા રહ્યા, પણ આપણે મળવા જવું જ છે.' તેથી સ્વામી **ડાકોર** પહોંચ્યા. ત્યાં સિદ્ધાનંદ સરસ્વતીએ લખી આપ્યું કે **'સ્વામિનારાયણ સંપ્રદાય સનાતન અને વૈદિક છે.** મારે તમારી સાથે કોઈ વાદ વિવાદ છે જ નહિ. **હું તમારી આગળ હંમેશ માટે હારી જ ગયેલો છું.'**


આવા હતા શ્રીજી મહારાજના પરમસહંસો !

ધર્મગ્રંથોનું એટલું જ્ઞાન કે કોઈ જ તેમને હરાવી ન શકે. આપણનેય જો સંપ્રદાયના ગ્રંથોનું વાંચન હોય, તો જ્ઞાન થાય. કોઈક પ્રશ્ન પૂછે, તો જવાબ આવડે. અને સામેનાને સત્સંગનો રંગ લાગે. માટે ભગવાન અને સંતને રાજી કરવા, આજ્ઞા-ઉપાસના દૃઢ કરવા, આપણે પણ રોજ નિયમ રાખી સત્સંગ વાંચન કરવું જ જોઈએ. જ્ઞાની ભક્ત ભગવાનને ખુબ ગમે છે



પુસ્તક વાંચન, મહિમા અને તેની અસર

આજનો યુગ ''**શિક્ષણ-જ્ઞાનનો યુગ**'' છે અને જ્ઞાન પ્રાપ્તિ માટે **પુસ્તક-ગ્રંથાલય**ના શરણે ગયા વિના ચાલે નહિ. આજકાલ નોકરી-ધંધામાં ગળાકાપ સ્પર્ધા ચાલી રહેલી છે. ત્યારે જેનામાં જ્ઞાન-શિક્ષણનો ભંડાર ભરેલો હશે તે જ વ્યક્તિ **સફળ** થશે.




આજે તો રોજ નવી ને નવી **ટેક્નોલોજી** ઉદ્યોગ ધંધામાં આવે છે. તેથી પ્રતિદિન પોતાના જ્ઞાનને '**અપડેટ**' કરતાં રહેવું પડે છે. ત્યારે વાંચન વગર ચાલે જ નહિ.

એક કહેવત છે કે, **'પુસ્તકાલય જ્ઞાનની પરબ છે.'** 'પુસ્તકો વગરનું ઘર બારી વગરના મકાન જેવું કહેવાય' આ છે પુસ્તકનું મહત્ત્વ.

દેહ સૌષ્ઠવ-લાલિત્ય માટે જેટલી કસરત-યોગની જરૂર છે, તેથી સવિશેષ જરૂર **મગજ**ને માટે પુસ્તકોની છે.


ધર્મ-આધ્યાત્મના માર્ગે પણ પ્રગતિ કરવા નિત્ય નિયમ મુજબ ધર્મગ્રંથોનું વાંચન, મનન અને નિદિધ્યાસ અત્યંત આવશ્યક છે. એમ પણ કહેવાય છે કે 'knowlenge is Power' અર્થાત્ **જ્ઞાન એ શક્તિ છે.**

એક સુભાષિતમાં જણાવ્યું છે કે, **'મનની શાંતિ માટે હું ચારેય દિશામાં ફરી વળ્યો પરંતુ કોઈ એક ખૂણામાં બેસીને સારું પુસ્તક વાંચવાથી જે વિશ્રાંતિ મળી તે ક્યાંય ના મળી.'** આ છે પુસ્તકની કિંમત, પુસ્તકના વાંચનથી જ માણસને જ્ઞાન-આવડતની વિશાળ પાંખો ફૂટે છે.



ઘણા લોકો ઘરની શોભા માટે પુસ્તકો ખરીદતા હોય છે પણ તે ઉચિત નથી. ઘરમાં વસાવેલાં **પુસ્તકો નિયમિત વાંચવા** જોઈએ. ઘણા લોકોને ખબર પણ હોતી નથી કે મારે શું વાંચવું જોઈએ ? જીવનમાં કરકોઈ ક્ષેત્રમાં જો સફળ થવું હોય તો નિયમિત પુસ્તક વાંચન કરવું જ પડશે.

પુસ્તકો પણ **બે પ્રકાર**ના જોવા મળે છે : **૧. સાંપ્રત સમયના, ૨. ચિરકાલીન પુસ્તકો.** દરેક પ્રકારના પુસ્તકો વાંચવાનો શોખ માણસે કેળવવો જોઈએ તો જ વ્યક્તિનો **સર્વાંગી વિકાસ** થાય.



'પુસ્તકોનું મૂલ્ય રત્નો કરતાં પણ અમૂલ્ય છે. રત્નો તો બાહ્ય ચમક દમક આપે છે જ્યારે પુસ્તકો અંત:કરણને ઉજ્જવળ બનાવે છે.' **સારાં ઉત્તમ પુસ્તકો એ માનવીના સાચા મિત્રો છે.** તે વાત સમજવી જ રહી.

પણ આજે સમય એવો આવતો જાય છે કે, વિદ્યાર્થીઓ પણ સામાન્ય જ્ઞાન માટે ઇતર વાંચનના પુસ્તકોથી દૂર ભાગે છે. ક્યાંક ક્યાંક તો પુસ્તકાલયો પણ બંધ કરવાની નોબત વાગી રહી છે જે સારી નિશાની નથી.

ગમે તેવાં હલકાં બીભત્સ સાહિત્યના પુસ્તકોની ગંદકીથી આપણી જાતને બચાવવી પડશે. અને તેમ કરશું તો જ આપણાં તન, મન, ધન અને ઘરશાની રક્ષા કરી ગણાશે.

પરિવારના વડીલોમાં જો પુસ્તક વાંચવાની ટેવ રહેશે તો સંતાનો તેનું અનુકરણ કરશે. આપણા ઘર મંદિરમાં સવારે કે સાંજે **ઘરસભાનું** આયોજન કરીને પ્રતિદિન **ધર્મગ્રંથો**ની કથાવાર્તા કરવી તે આદર્શ ગૃહસ્થાશ્રમની શોભા ગણાય છે. અને આ બાબત આજના સમયની માંગ છે. જો કે ટી.વી. ઇન્ટરનેટ, મોબાઈલે વાંચનની ભૂખને ઘણું જ નુકશાન કર્યું છે.

જો ભગવાને કોઈને ધનવાન બનાવ્યા હોય તો **ધર્મગ્રંથો** કે **પાઠ્યપુસ્તકોના પ્રકાશન**માં આર્થિક સહયોગ આપીને ઈશ્વરનો બેઠો રાજીપો મેળવી શકાશે.

સંતો, મહંતો, સાહિત્યકારો, ઇતિહાસકારો, પ્રવાસ વર્ણનો, રાજકીય નેતાઓ, કલાકારો, સમાજના ઘડવૈયાઓ, વૈજ્ઞાનિકો, ગણિતશાસ્ત્રીઓ વગેરેના **જીવન ચરિત્રોના પુસ્તકો** વાંચવા જોઈએ અને ભાવિ પેઢીના જીવન ઘડતર માટે તેમને આ ગ્રંથો વાંચવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

કોઈએ કહ્યું છે કે, 'પુસ્તકો એક એવી નૌકા છે, જે વગર ખર્ચે અને વગર તકલીફે આપણને દૂર દૂરના મુલકોમાં લઈ જાય છે.' તેથી પુસ્તકોનો સંગ્રહ કરવો તે ઉમદા શોખ છે.

જ્ઞાનસાગરના તરવૈયાઓ અર્થાત્ નિયમિત ગ્રંથો વાંચનારાઓ અને ન વાંચનારાઓના જીવનની તુલના કરવાથી પુસ્તકોમાં કેટલી ક્ષમતા ભરેલી પડી છે તે વાત આપો આપ સમજાઈ જશે.

ભાવિ પેઢીને **ધનસંપત્તિ** આપવાને બદલે **સારા પુસ્તકોનો ઉત્તમ ખજાનો** આપનાર માં-બાપ, વડીલો ધન્યવાદના અધિકારી છે.

વ્યક્તિ, પરિવાર, સમાજ, ગામ, નગર, શહેર અને રાજ્ય-રાષ્ટ્રનો જો સાચો વિકાસ કરવો હશે, તો તે સૌએ **જ્ઞાન માર્ગો** બાંધવા પડશે અર્થાત્ સૌમાં **વાંચનનો શોખ** વિકસાવવો પડશે જ. અજ્ઞાની અને પશુમાં કોઈ તફાવત ન જ હોય તો પછી હવે શું કરવું ? સારાં પુસ્તકો વાંચવા અને બીજાને વાંચતા કરવા.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) નિત્યાનંદ સ્વામીની વિશેષતા શું હતી?

.....

(૨) નિત્યાનંદ સ્વામી શાસ્ત્રાર્થ કરવા જાય ત્યારે તેમની પાસે શું હોય?

.....

(૩) નિત્યાનંદ સ્વામી કયા ગામમાં શાસ્ત્રાર્થ કરવા ગયા?

.....

(૪) દ્વેષીઓએ દક્ષિણ ભારતના કયા સ્થાનથી કોને બોલાવ્યા?

.....

(૫) નિત્યાનંદ સ્વામી શાસ્ત્રાર્થ કરવા આવવાના છે એવું જાણી સિદ્ધાનંદજીએ શું કર્યું ?

.....

(૬) સિદ્ધાનંદ સરસ્વતીએ નિત્યાનંદ સ્વામીને શું લખી આપ્યું ?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) નિત્યાનંદ સ્વામી કોનો અવતાર હતા?

( ) A - વ્યાસજી ( ) B - વાલ્મીકિ ( ) C - વિદ્વાન

(૨) સ્વામિનારાયણ સંપ્રદાય કેવો છે?

( ) A - સનાતન ( ) B - વૈદિક ( ) C - મતપંથ

(૩) આપણા સંતો કેવા હતા?

( ) A - જ્ઞાની ( ) B - અજ્ઞાની ( ) C - ભક્તિવાન

(૪) પુસ્તકાલય શું છે?

( ) A - જ્ઞાનની પરબ ( ) B - કંટાળાનુંઘર ( ) C - ટાઈમપાસ

પ્રશ્ન-૩ નીચેની ખાલી જગ્યા પુરો.

(૧) આજનો યુગ ..... છે.

(૨) સારા ઉત્તમ પુસ્તકો માનવીના ..... છે.

(૩) નિત્યાનંદ સ્વામી પાસે ..... ગાડા ભરીને પુસ્તકો હતા.

(૪) આપણા ગુરૂજી રોજ ..... ગ્રંથ વાંચે છે.

(૫) ભગવાનને ..... ભક્તો ગમે છે.

સભા-૧૬ : મહાપ્રતાપી શ્રી ઠાકોરજી મહારાજ

ઈ.સ. **૧૯૯૫**ની સાલમાં **પૂજ્ય ગુરુજી આફ્રિકા** સત્સંગ પ્રચાર માટે ગયા હતાં. **ચાતુર્માસ**નો સમય હતો. **ગણેશચતુર્થી**નો દિવસ આવ્યો. આ દિવસે **ભારતમાં** ઠેર ઠેર **ચમત્કાર** થતો હતો. ભક્તો **શ્રીગણેશની મૂર્તિ** આગળ **દૂધનો કટોરો** ધરે અને **ગણપતિ દાદા** તે **દૂધ પી** જતા હતાં. નાસ્તિકોમાં પણ આસ્તિપણું જાગ્યું હતું. દેશ-વિદેશમાં જ્યાં જુએ ત્યાં એક જ વાત : **ગણપતીજી દૂધ પીવે છે...** દૂધના ભાવ એક જ રાત્રીમાં લિટરના **૪ થી ૪૦** રૂપિયા થઈ ગયા.

પૂજ્ય ગુરુજી **આફ્રિકા (કેન્યા)** હતા. **૧૫-૨૦ કચ્છી હરિભક્તો** ગુરુજી પાસે આવ્યા ને કહ્યું : ગુરુજી ભારતમાં ગણપતિદાદા દૂધ પીવે છે તો આપણા **ઠાકોરજી મહારાજ**ને પણ દૂધ પીવડાવોને !! આવેલા ભક્તોના હૃદયમાં **ભાવ** તો હતો જ પણ **કુતૂહલ** પણ હતું !! **રાત્રિના ૧૦-૩૦** વાગી ચૂક્યા હતાં. ગુરુજીએ કહ્યું : **ઠાકોરજી મહારાજ તો ક્યારનાય પોઢી ગયા છે; અત્યારે હવે જગાડાય નહિ.**

ભક્તોએ અતિ **આગ્રહ** કર્યો ત્યારે ગુરુજીએ કહ્યું : સારું ! ઠાકોરજી મહારાજને **જગાડીએ** છીએ !! પછી ગુરુજીએ સેવક સંતને **સ્નાન** કરી ઠાકોરજી જગાડવા કહ્યું, ભક્તો **રાજી રાજી** થઈ ગયા. તેઓ **ચાંદીના મોટા કટોરા**માં સુંદર મજાનું **દૂધ** ભરીને લાવ્યા. આ બાજુ ઠાકોરજી મહારાજ પણ **જાગી** ગયા હતા; ને **મંગળાના દર્શન** આપી






રહ્યા હતા. ગુરુજીએ ઠાકોરજીને પોતાની સામે પધરાવ્યા. **ચારેય બાજુ પેલા ભક્તો બેઠા** અને તેમને ગુરુજીને **દૂધ ભરેલો** મોટો **કટોરો** આપ્યો.

હવે ગુરુજીએ પણ **દૂધની ચમચી** ભરી ઠાકોરજી મહારાજના **મુખ આગળ** ધરી, અને અદ્‌ભુત **ચમત્કાર** સર્જાયો. દૂધ ભરેલી **ચમચી ખાલી થઈ ગઈ**, ગુરુજીએ ફરી વાર દૂધની ચમચી ભરી ઠાકોરજી સન્મુખ ધરી અને પાછો **ચમત્કાર સર્જાયો**. ઠાકોરજી મહારાજ ફરી **દૂધ પી ગયા**. પછી તો એક પછી એક ચમચી ભરી ગુરુજી ઠાકોરજીને દૂધ પીવડાવતા જાય ને ઠાકોરજી દૂધ પી જાય. જોતજોતામાં **કટોરો ખાલી થઈ** ગયો. ભક્તોના **આનંદ ને આશ્ચર્યનો** કાંઈ પાર ન રહ્યો. ગુરુજીએ **બીજો કટોરો** દૂધ મંગાવ્યું. તે પણ સહુ ભક્તોના જોતાં જ **ઠાકોરજી મહારાજ પી ગયા**. પછી તો સાથે રહેલા સંતોએ પણ **દૂધ પીવડાવ્યું** ને હરિભક્તોની પણ લાઈન લાગી. **૪૦૦ જેટલા હરિભક્તો આવ્યા ને રાત્રિના ૧૨ વાગ્યા સુધી દૂધ પાયું.**

ગુરુજીએ કહ્યું : ભક્તો ! **તમેય સાચા ને તમારો ભાવય સાચો ! ભગવાન તો ભાવના ભુખ્યા છે.** આજે આ ઠાકોરજી મહારાજે આપણી સેવા પ્રત્યક્ષ સ્વીકારી છે. **ભગવાન સ્વામિનારાયણ આ ઠાકોરજી મહારાજની મૂર્તિ સ્વરૂપે આપણને પ્રગટ અને પ્રત્યક્ષ દર્શન આપે છે.** આપણી પ્રાર્થના, સેવા સ્વીકારે છે. **આ ઠાકોરજી મહારાજની સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામી સેવા કરતાં હતાં તે આપણને મળ્યા છે; માટે ઠાકોરજી મહારાજમાં અતિ હેત કરવું.**

વ્હાલા બાળભક્તો ! જોયું ને, ઠાકોરજી મહારાજ ગુરુજીના હાથનું બે કટોરા દૂધ પી ગયા. આવા તો અનેકવાર અનેક પ્રસંગો બન્યા છે ને બનતા રહેશે !! કેમકે આપણી સામે ઊભેલા ભગવાન એ કેવળ મૂર્તિ કે ચિત્રપ્રતિમા નથી, પણ સાક્ષાત્ ભગવાન જ છે. માટે ભગવાનના જ્યારે જ્યારે દર્શન કરીએ ત્યારે સાક્ષાત્ ભગવાનનો જ ભાવ રાખવો.

બાળમિત્રો ! તો ચાલો, આ પાઠમાં આપણે **'મૂર્તિપૂજા'** વિષે વિશેષ માહિતી મેળવીએ.



સત્સંગ સમજણ વિભાગ

મૂર્તિપૂજા શું છે ?

મૂર્તિ એટલે આકાર. તે આકારમાં ભાવ આરોપણ કરવામાં આવે એટલે તે મૂર્તિ બને ; તેની પૂજા થાય તે **મૂર્તિપૂજા**. ભારતીય સંસ્કૃતિમાં – વૈદિક સંસ્કૃતિમાં મૂર્તિપૂજા એ જીવન વિકાસનું મહાન સાધન મનાયું છે. કાષ્ઠ-પાષાણની નિર્જીવ મૂર્તિમાં મનુષ્યને તારવાની શક્તિ નથી, પરંતુ જ્યારે તેની વેદવિધિ અનુસાર **પ્રાણપ્રતિષ્ઠા** થાય છે ત્યારે તેમાં **સાક્ષાત્ પરમેશ્વરનો** આવિર્ભાવ થાય છે અને પછી તે પથ્થર કે કાષ્ઠ ન રહેતાં મુમુક્ષુઓ માટે **મુક્તિનું દ્વાર** બની જાય છે.



જેમ ચલણી નોટ કાગળ હોવા છતાં તેના ઉપર રાજ્યની **મહોર છાપ** લાગે છે ત્યારે તે **કિંમતી નાણું** બની જાય છે. તેમજ મૂર્તિ પણ સત્પુરુષના પ્રતાપે ભગવત્ભાવને પામી જાય છે. તેથી જ ભક્તો મૂર્તિમાં પથ્થર કે કાગળની ભાવના ન લાવતાં તેને **સાક્ષાત્ પરમાત્મા** માની તેની **ભક્તિ** કરે છે, પૂજે છે, વંદે છે, પ્રાર્થના કરે છે. જેને અંતરમાં પરમાત્માને જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તે મૂર્તિમાં પણ પરમાત્માને સાક્ષાત્ દેખે છે. તે માટે મુમુક્ષુઓએ સત્પુરુષ અને સત્શાસ્ત્રના વચનમાં વિશ્વાસ રાખી, શ્રદ્ધાપૂર્વક મૂર્તિમાં એવી દૃઢ ભાવના કરવી જોઈએ.

પંચરાત્ર શાસ્ત્રમાં કહ્યું છે : જે મનુષ્યોને ભગવાનની પ્રતિમામાં પાષાણ, ધાતુ, કાષ્ઠ કે ચિત્રાદિકની બુદ્ધિ છે અને પોતાના ગુરુને વિષે મનુષ્યબુદ્ધિ છે તથા ભગવાનના ભક્તમાં જાતિબુદ્ધિ છે, તે મનુષ્યો **અપરાધી** અને **નાસ્તિક બુદ્ધિવાળા** છે. શ્રીજીમહારાજ કહે છે કે જેને ભગવાનની મૂર્તિને વિષે નાસ્તિકપણું આવશે, તેને સંતને વિષે અને ભગવાનને વિષે પણ નાસ્તિકપણું આવશે.

મૂર્તિપૂજા સત્ય છે

⇨ એક વાર **સ્વામી વિવેકાનંદ રાજસ્થાન**માં હતા. **અલ્વરના રાજા મંગલસિંહે** તેમને પોતાના **રાજભવન**માં પધરાવ્યા. રાજા **હિંદુ** હતા પણ તેમને **મૂર્તિપૂજામાં વિશ્વાસ ન હતો.** તેઓ મૂર્તિપૂજાનો **વિરોધ** કરતા. રાજા કહે : **મને મૂર્તિપૂજામાં શ્રદ્ધા નથી**. સ્વામી વિવેકાનંદે **સૈનિક**ને બોલાવી દીવાલ પરથી **રાજાના સ્વર્ગસ્થ પિતાશ્રીનું ચિત્ર** નીચે ઊતરાવ્યું અને રાજા મંગલસિંહને તેની ઉપર **થૂંકવા** કહ્યું. મહારાજા વ્યગ્ર થઈ

ગયા ને કહે : સ્વામીજી ! તમે સંન્યાસી થઈને મને કેમ આવું કહો છો ? સ્વામીજીએ કહ્યું : 'આ કયાં તમારા **સાચાં પિતાજી** છે. આ તો કોઈ ચિત્રકારે ચિત્રેલી તેમની **તસવીર** છે.'

રાજા મંગલસિંહ કહે : **ભલે તસવીર હોય, પણ તે પિતા જ કહેવાય. મારે તેમની ઉપર થૂંકાય જ નહિ.**


ત્યારે સ્વામી વિવેકાનંદે હસીને કહ્યું : મહારાજા ! તમને આ તસવીરમાં **તમારા પિતાજી દેખાય** છે તો અમને **મૂર્તિમાં ભગવાન દેખાય** તેમાં શું વાંધો હોઈ શકે ? રાજા કંઈ જ બોલી શક્યા નહિ.

કાગળનો ટુકડો **પસ્તી** કહેવાય - પણ તેમાં ઉપર **હજારની મહોર** અને **રિઝર્વ બેંકના ગવર્નરની સહી** હોય તો તે **કિંમતી** થઈ જાય છે. વળી, જેમ સામાન્ય **વાયર** અને જેમાંથી **ઇલેક્ટ્રિક કરંટ** વહેતો હોય એવો **Living વાયર** એ બેમાં ફર્ક છે, તેમ **ભગવાનની મૂર્તિ** અને **સામાન્ય પથ્થર** વચ્ચે ફર્ક છે. એટલે જ શ્રીજી મહારાજ **ગઢડા મધ્યના ચોથા વચનામૃત**માં કહે છે કે 'જે એમ સમજતો હોય કે બીજા પાણામાં અને ઠાકોરજીની મૂર્તિમાં શો ફેર છે ? તેને તો **નાસ્તિક** અને **મહાપાપિષ્ઠ** જાણવો.' આપણે કોઈ વિદ્વાનનો આદર કરીએ તે વાસ્તવિકમાં આપણા દ્વારા **વિદ્યા**નો આદર છે પણ હાંડ-માંસના શરીરનો નથી; તેવી જ રીતે મૂર્તિમાં ભગવાનને માનવાથી ભગવાનનો જ આદર છે.



મૂર્તિ : કરોડો ભક્તોના આસ્થાનું કેન્દ્ર


ભારતીય સનાતન સંસ્કૃતિનો આધાર છે **'મંદિર'**. અને મંદિરોનો આત્મા છે **'ભગવાનની મૂર્તિ'**. મંદિરમાં, ઘર મંદિરમાં કે પૂજામાં રહેલ ભગવાનની પ્રતિમામાં ભગવાન **સદા પ્રગટ-પ્રત્યક્ષ** રહે છે. સ્થૂળ દૃષ્ટિએ ધાતુ, પથ્થર, કાષ્ઠ કે ચિત્રની અબોલ અને નિર્જીવ દેખાતી મૂર્તિ **યુગોથી કરોડો ભક્તોના** જીવનનો **આધાર-ઉદ્ધાર** અને **આસ્થાનું કેન્દ્ર** બની રહી છે.



એમની સાથે તે મૂર્તિ **બોલે છે, વાતો કરે છે, હસે છે, જમે છે, ખેલે છે, ચાલે છે, માંગે છે, પૂછે છે, મદદે પહોંચે છે અને આનંદ આપે છે.** અનેક ભક્તોની **શ્રદ્ધા** અને **પ્રીતિ**નો **પ્રતિસાદ** આપતી અબોલમૂર્તિને બોલાવવા માટે જરૂર છે **આસ્તિક ભાવની, સાચા પ્રેમ-ભાવની, સાચી શ્રદ્ધાની, વિશ્વાસની, અનન્ય નિષ્ઠાની, અને પ્રગટ-પ્રત્યક્ષ ભાવની.** આપણે પણ આ વાતોને જીવનમાં દૃઢ કરી પ્રભુની દિવ્યતાનો અનુભવ કરી શકીએ છીએ.




(૧) મીરાંબાઈ સૌને દેખતા જ દ્વારકાધીશ શ્રી રણછોડરાયની મૂર્તિમાં સદેહે સમાય ગયા, મીરાંબાઈ સાથે શ્રીનાથજી, વૃંદાવનવિહારીજી અને દ્વારકાધીશજીની મૂર્તિઓ સાક્ષાત્ વાતચીત કરતી. (૨) શ્રી ચૈતન્યમહાપ્રભુજી પણ જગન્નાથજીની મૂર્તિમાં સદેહે લીન થઈ ગયા. (૩) નરસિંહ મહેતાને દામોદરજીની મૂર્તિએ સ્વયં હાર આપ્યો હતો. (૪) ભક્ત બોડાણાની પ્રાર્થના સાંભળી દ્વારકાધીશ શ્રીકૃષ્ણ ડાકોર પધારી ગયા. (૫) શ્રી રામાનુજાચાર્યજીના ઠાકોરજીને યવનો લઈ ગયા હતા તે સ્વરૂપ સ્વયં ચાલીને રામાનુજાચાર્યના ખોળામાં આવી ગયું. (૬) સંત નામદેવના હાથનો થાળ - શાલગ્રામમાંથી ભગવાન સાક્ષાત્ પ્રગટ થઈ જમતા. (૭) પ્રહ્લાદને દૃઢ વિશ્વાસ અને આસ્તિક ભાવ હતો તો ભગવાને થાંભલામાંથી પ્રગટ થઈને રક્ષા કરી. (૮) તુલસીદાસજીએ રામચંદ્રજી પ્રત્યેની પતિવ્રતાની ટેકને લીધે વૃંદાવનમાં વૃંદાવનવિહારીજીને રામચંદ્રરૂપે દર્શન આપવાની પ્રાર્થના કરી, ત્યારે







તરત એમણે એ રીતે દર્શન આપ્યા હતા. (૯) ગઢડાના જીવુબાના માખણીયા લાલજી - કટોરો દૂધ પી ગયા. (૧૦) વડતાલ - રામપ્રતાપભાઈને હરિકૃષ્ણ મહારાજ 'આવો બડે ભૈયા' કહીને આવકાર આપતા ને હાર પહેરાવતા. (૧૧) સચ્ચિદાનંદ સ્વામીની પ્રાર્થનાથી દ્વારકાધીશ રણછોડરાય વડતાલ પધારી ગયા. (૧૨) ગઢપુર ગોપીનાથજીની મૂર્તિ બનાવવાનું કામ ચાલુ હતું. રાત્રે જીવુબા - લાડુબા ઓરડામાં મૂર્તિ જોઈ ગયા - સવારે નારાયણજીભાઈ સુથારે મૂર્તિમાં શીખા ભાગે ટાંકણુ માર્યું તો લોહી નીકળ્યું. (૧૩) ગઢપુર ગોપીનાથજીની મૂર્તિમાંથી પ્રગટ થઈ શ્રીજી મહારાજ રોજ પ્રેમાનંદ સ્વામીને હાર આપતા અને બ્રહ્માનંદ સ્વામીને પણ દર્શન આપતા. (૧૪) ગઢપુર-વાસુદેવનારાયણ ભગવાન - બહેનોના ભક્તિભાવને વશ થઈ પ્રત્યક્ષપણે અન્નકૂટ જમતા હતા. (૧૫) વડોદરાના બાપુભાઈ બ્રાહ્મણને મહારાજે પૂજવા મૂર્તિ આપેલ - ભગતે હાર સાદો (હલકો) ચઢાવ્યો. ભગવાને હાર નાખી દીધો ને કહ્યું : બીજે મોકળા મને પૈસા વાપરે છે અને મને હલકો હાર ચઢાવે છે. (૧૬) સાળંગપુરમાં ગોપાળાનંદ સ્વામીએ જીવંત હનુમાનજી પધરાવ્યા છે અનેક પરચા પુરે છે. (૧૭) શામળાજીના ભગવાન ટોડલા ગામે ખુશાલભટ્ટ (ગોપાળાનંદ સ્વામી) સાથે રમવા પધારતા. (૧૮) નીલકંઠવર્ણીના શાલગ્રામ જળ પી જતા હતા. (૧૯) શ્રીરામાનંદની સેવા ભગવાન પ્રત્યક્ષ સ્વીકારતા.





આવા તો અનેક પ્રસંગો **વર્તમાનકાળે** પણ બનતા રહે છે. આ બધા પ્રસંગો જ **પ્રમાણ** કરે છે કે **મૂર્તિ એ સાક્ષાત્કાર ભગવાન છે. આ બધા ભક્તો માટે મૂર્તિએ કેવળ કાષ્ઠ, પાષાણ, ધાતુની જડમૂર્તિ નથી, પરંતુ સાક્ષાત્ પ્રગટ અને પ્રત્યક્ષ પરમાત્મા જ છે !!**





✳ આઠ પ્રકારની પ્રતિમા :

शैली दारुमयी लौही लेप्या लेख्या च शैकती ।

मनोमयी मणिमयी प्रतिमाऽष्टधा स्मृता ॥ (શ્રીમદ્ ભાગવત)

અર્થ : (૧) પાષાણ, પથ્થરની (૨) કાષ્ઠની (૩) પંચધાતુની (૪) લેપન (ચંદનાદિકની) (૫) ચિત્રની (૬) મૃતિકા (રેતીની) (૭) મનોમય (માનસી) (૮) રત્નમયી - આ આઠ પ્રકારની ભગવાનની પ્રતિમા છે.

● ઠાકોરજી સન્મુખ દર્શનાર્થીનો વિવેક :

ઊંચા આસને ન બેસવું, પગરખાં સાથે કે પાલખી પર બેસી દર્શન ન કરવાં... એક દંડવત્ ન કરવો... એક પ્રદક્ષિણા ન કરવી... એક હાથે પ્રણામ ન કરવાં. બે હાથ છાતી સરસા જોડેલા રાખીને જ પ્રણામ કરવાં... (ઊંચા જોડેલા હાથ નિષિદ્ધ છે) પગ ઉપર પગ ચઢાવીને બેસવું નહિ. ટીંચણ બાંધીને, લાંબા પગ કરીને બેસવું નહિં. ઊંચે સાદે બોલવું નહિ... બરાડવું નહિં... છાતી ફૂટીને કે માથું કુટીને રડવું નહિ. નિંદા કે ગ્રામ્યવાર્તા કરવી નહિ.. રમત ન કરવી કે ઠઠ્ઠામશ્કરી કે હાસ્ય વિનોદ ન કરવો... પોતાના વખાણ ન કરવાં કે મુછ મરોડવી નહિ. પ્રસાદી, હાર ઉપરથી આપવા. ઠાકોરજી સન્મુખ જમવું નહિ (પ્રસાદ પણ નહિ). પુષ્પની સુગંધ ન લેવી. બપોરે કે રાત્રે ઠાકોરજી પોઢ્યા હોય ત્યારે અવાજ કરવો નહિ... ભગવાનને વાંસો દેવો નહિ... મંદિરના ઉંમરા કે ગોખલામાં ન બેસવું, મૂર્તિ સન્મુખ છીંક, બગાસુ ખાવાં નહિ, આળસ મરોડવી નહિ, ક્રોધ કરવો નહિ, ભગવાનની પ્રતિમાનો સ્પર્શ કરવો નહિ.

વહાલા બાળભક્તો ! **મૂર્તિપૂજા એ આધ્યાત્મિક માર્ગનું અતિ મહત્ત્વનું સોપાન છે.** મૂર્તિપૂજામાં માત્ર બાહ્યાચાર જ નહિ, પરંતુ હૃદયની **શુદ્ધ ભક્તિ** અને **પરમ વિશ્વાસ**ની અતિ આવશ્યકતા છે. પૂજ્ય ગુરુજીના જીવનની પ્રત્યેક પળમાં આપણને ઉપરોક્ત ગુણોના દર્શન થાય છે. ગુરુજી સ્વયં ઠાકોરજી મહારાજની સેવા-પૂજા બાબતે ખૂબ ચોખ્ખાઈ-શુદ્ધતા રાખે-રખાવે છે. પૂજ્ય ગુરુજી તો વારંવાર કહે છે. **ભગવાનની મૂર્તિને વિષે ધાતુ-પાષાણાદિકનો ભાવ લાવવો નહિ અને પ્રતિમાની અંદર ભગવાન બિરાજમાન છે એમ પણ ન માનવું પરંતુ મંદિરમાં, ઘરમંદિરમાં કે પૂજામાં મૂર્તિસ્વરૂપે સાક્ષાત્ પ્રગટ અને પ્રત્યક્ષ ભગવાન જ છે એમ જ માનવું.** ભગવાન **મૂર્તિ સ્વરૂપે** અને **સંત સ્વરૂપે** આપણી સેવા-ભાવના સ્વીકારે છે. આવા પ્રત્યક્ષ ભાવથી જો સેવા-ભક્તિ ઉપાસના થાય તો ફળ અવશ્ય મળે જ છે, માટે વ્હાલા બાળમિત્રો ! આપણે પણ ભગવાનમાં ને સત્પુરુષ ખૂબ પ્રેમ કરવો.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ઈ.સ.૧૯૯૫ની સાલમાં ગણેશ ચતુર્થીના દિવસે શું ચમત્કાર થયો હતો?

.....

(૨) કચ્છી હરિભક્તોએ ગુરૂજી પાસે આવીને શું કહ્યું?

.....

(૩) ગુરૂજીએ આવેલા કચ્છી હરિભક્તોને શું કહ્યું?

.....

(૪) હરિભક્તોનો આગ્રહ જોઈ ગુરૂજીએ ઠાકોરજી મહારાજને શું કર્યું ?

.....

(૫) ઠાકોરજી મહારાજ દૂધ પી ગયા ત્યારે અંતે ગુરૂજીએ હરિભક્તોને શું કહ્યું?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) વેદવિધિથી મૂર્તિ પધરાવવાની ક્રિયા (વિધિ)ને શું કહેવાય છે.

( ) A - પ્રાણપ્રતિષ્ઠા ( ) B - શિલાન્યાસ ( ) C - મંદિર ઉદ્‌ઘાટન

(૨) સ્વામી વિવેકાનંદે રાજસ્થાનના કયા રાજાને મૂર્તિપૂજાની વાત યુક્તિથી સમજાવી?

( ) A - ભગવાનસિંહ ( ) B - મંગળસિંહ ( ) C - રણજીતસિંહ

(૩) અર્ચાસ્વરૂપ એટલે શું?

( ) A - ગુરૂ ( ) B - ચંદનલેપ ( ) C - મૂર્તિ

(૪) મીરાંબાઈ સદેહે કઈ મૂર્તિમાં સમાય ગયા હતા?

( ) A - ડાકોરના શ્રીકૃષ્ણ ( ) B - દ્વારકાધીશ શ્રીકૃષ્ણ ( ) C - ગોકુળના શ્રી કૃષ્ણ

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પુરો.

(૧) શ્રી ચૈતન્યમહાપ્રભુજી .....ની મૂર્તિમાં સદેહે લીન થઈ ગયા હતા.

(૨) નરસિંહ મહેતા .....ગામના હતા.

(૩) ગઢડામાં જીવુબાના .....કટોરો દૂધ પી ગયા હતા.

(૪) પૂજ્ય ગુરૂજીના હાથનું દૂધ .....પી ગયા.

(૫) શામળાજી ભગવાન .....સાથે રમવા પધારવા.

પ્રશ્ન-૪ ટૂંક નોંધ લખો.

(૧) મૂર્તિના કેટલા પ્રકાર છે? કયા કયા?

.....

.....


સભા-૧૭ : પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા

આપણા **ભારત** દેશમાં **અંબરીષ** નામના એક **રાજા** થઈ ગયા. એમણે **૧૦,૦૦૦** રાજાઓને **પરાજિત** કરી ખ્યાતિ મેળવી હતી.

તેઓ ભગવાનના ખરેખરા **ભક્ત** હતા. પોતે રાજા હતા છતાં ભગવાનને ચડાવવાનાં ફૂલો તોડવા **જાતે** બગીચામાં જાય. **જાતે જ** હાર બનાવે ને ભગવાનને પહેરાવે. જાતે જ ભગવાનને થાળ ધરી જમાડે ને તે વાસણ પણ જાતે જ **ઊટકી** નાંખે. આ રીતે તેઓ **રોજ ભક્તિ** કરતા.

એક વાર તેમના મહેલમાં **દુર્વાસા ઋષિ** આવ્યા. એ વખતે રાજાને **પારણાં** કરવાનો સમય થયેલો. તેથી પોતાની સાથે દુર્વાસાને પણ જમવા જણાવ્યું. તે સાંભળી દુર્વાસા કહે, '**હું નાહીને આવું.** પછી આપણે સાથે જમીશું.' એમ કહી દુર્વાસા ગયા તે ગયા. ઝટ પાછા આવ્યા જ નહિ.

આ બાજુ અંબરીષ તો રાહ જોઈને બેસી રહેલા. તેમને હતું, 'હમણાં ઋષિ આવશે ને સાથે જમીશું.' પણ દુર્વાસા તો દેખાયા જ નહિ. તેથી બ્રાહ્મણોએ કહ્યું, 'મહારાજ ! **અત્યારે પારણાં કરવાનો યોગ્ય સમય છે.** તેમાં જો તમે પારણાં કરશો તો જ તમને **ઉપવાસ કરવાનું ફળ** મળશે. માટે ઋષિની **રાહ જોયા વિના** જમી લ્યો.'




'પણ એક વાર ઋષિને કહ્યા પછી તેમને મૂકીને કેમ જમાય ?' અંબરીષ રાજાએ જણાવ્યું. આ સાંભળી બ્રાહ્મણોએ **વચલો માર્ગ** કાઢ્યો. તેમણે કહ્યું,

'આપ તુલસીનું એક પાંદડું મોંમાં મૂકી દો. તેથી **'જમ્યા'** તેમ પણ કહેવાશે, અને અનાજ ખાધું નથી તેથી **'નથી જમ્યા'** તેમ પણ કહેવાશે.'

બ્રાહ્મણોની વાત માની અંબરીષે તુલસીનું પાન **મોંમાં** મૂક્યું. અને ત્યાં જ દુર્વાસા **નાહીને આવ્યા**. જાણે અંબરીષ તેમને મૂકીને કાંઈ પણ વસ્તુ મોંમાં નાંખે તેની રાહ જોઈને જ ન ઊભા હોય ! તેઓ તો પોતાને મૂકીને અંબરીષને કંઈક ખાતા જોઈને રાતાપીળા થઈ ગયા. **'મને મૂકીને કેમ જમ્યો ?'** એમ કહી તેમણે **અંબરીષને મારી નાંખવા રાક્ષસી** ઉત્પન્ન કરી.

લાલઘૂમ આંખો, મોટા મોટા નખ, દોરડાં જેવા વાળ, કદરૂપું શરીર ધરાવતી એ રાક્ષસી ઉત્પન્ન થતાંની સાથે જ બરાડા પાડવા લાગી. દુર્વાસાએ તેને **અંબરીષને મારી નાંખવાની** વાત કરી. આ સાંભળતાં જ તે અંબરીષ રાજાને ખાવા દોડી, પણ..... પણ..... ત્યાં જ આશ્ચર્ય થયું. **ભગવાને અંબરીષ રાજાની રક્ષા** કરવા પોતાનું **સુદર્શન ચક્ર** ત્યાં મોકલ્યું. તે **ચક્રે** પેલી રાક્ષસીને **ધૂળ ચાટતી** કરી દીધી.


રાક્ષસીને મારીને તે **દુર્વાસાને** મારવા તેમની **પાછળ પડ્યું.** આ જોઈ દુર્વાસા તો ગભરાઈ જ ગયા. તેઓ ચક્રથી બચવા ભાગવા માંડ્યા. પણ ચક્ર તેમનો **પીછો** છોડે નહિ. આગળ દુર્વાસા, ને પાછળ ને પાછળ સુદર્શન ચક્ર. તેઓ **બ્રહ્મા** પાસે ગયા, **શિવજી** પાસે ગયા ને વાત કરી, 'આ ચક્રથી મને બચાવો.'




ત્યારે બ્રહ્માએ અને શિવજીએ કહ્યું, '**આ તો ભગવાનનું ચક્ર**, તેને પાછું વાળવાનું અમારું સામર્થ્ય નહિ.'

દુર્વાસા ત્યાંથી ભાગ્યા. છેવટે થાક્યા. હાર્યા. ભગવાન પાસે ગયા અને કહ્યું, 'આ તમારા ચક્રથી મને બચાવો.'

ભગવાન કહે, 'એ મારું કામ નહિ. આ ચક્ર મારાથી પણ પાછું નહિ વળે.'







આ સાંભળી દુર્વાસા બોલ્યા, '**આ તમારું જ મોકલેલું ચક્ર છે.** હવે તમારાથી જ પાછું નહિ વળે તો બીજા કોનાથી વળશે ?'

ભગવાન કહે, 'એક ઉપાય છે.'


'ઝટ બતાવો', દુર્વાસાએ ગભરામણથી પૂછ્યું.

ત્યારે ભગવાને કહ્યું, '**તમે મારા પ્રિય ભક્તનો અપરાધ કર્યો છે.** તમે તેની **માફી** માંગશો તો જ ચક્ર પાછું વળશે. નહિ તો તમને **માર્યા વિના નહિ રહે.**'

ભગવાનની વાત સાંભળી દુર્વાસા તો મુશ્કેલીમાં મુકાઈ ગયા. **'જેને મારવા મેં રાક્ષસી ઉત્પન્ન કરી, તેની જ મારે માફી માંગવાની ?'** આ વિચાર તેમને આવ્યો. તેમાં દુર્વાસાને પોતાના **અપમાન** જેવું લાગતું હતું. પણ બચવા માટે હવે તેના સિવાય બીજો કોઈ ઉપાય પણ નહોતો. તેથી તેઓ ગયા **અંબરીષ રાજા** પાસે. **રાજાને પગે લાગી માફી માંગી** અને તરત જ **ચક્ર પાછું વળી ગયું**.

બોધપાઠ : ભગવાનને તેમના ભક્ત સૌથી વહાલા છે.

તેથી ભગવાનના ભક્તનો અપરાધ કદી ન કરવો. તેમની નિંદા કદી ન કરવી. તેમને કદી ન મારવા.



સત્સંગ સમજણ વિભાગ

ઉપાસના

ઉપાસના એટલે શું ? તો

ઉપ + આસન, એટલે સમીપમાં આસન.

ભગવાનની સમીપમાં રહેવું અર્થાત્

હંમેશાં ભગવાનના સામીપ્યનો અનુભવ કરવો તેનું નામ ઉપાસના.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે 'ઉપાસના વગર કોઈ વાતની સિદ્ધિ થતી નથી.'

☞ ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં પણ કહ્યું છે કે 'કદાપિ આજ્ઞામાં ફેર પડે તો પ્રાયશ્ચિત્ત કરીને પણ શુદ્ધ થવાશે, પણ જો ઉપાસનામાં ફેર પડ્યો તો તે ખામી ભાંગશે નહિ.' માટે ઉપાસના એવી સમજવી જેથી કલ્યાણમાં વિઘ્ન ન આવે. **માટે ઉપાસના ચોખ્ખી સમજવી.** ઉપાસનાની દૃઢતા રાખવી.



☞ ઉપાસના હંમેશાં **અક્ષરરૂપ** કે **બ્રહ્મરૂપ** થઈને કરવાની હોય છે. ભગવાન સ્વામિનારાયણ **વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩**માં **ઉપાસનાની રીત** સમજાવતાં કહે છે : 'પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.' ભગવાન સ્વામિનારાયણના આ વચન અનુસાર ઉપાસના તો હંમેશાં **પરબ્રહ્મની** જ કરવાની હોય છે. અર્થાત્ ઉપાસના હંમેશાં **બે ચરણ**ની જ છે.

☞ પુરુષોત્તમ નારાયણ સદા દિવ્યગુણો યુક્ત, સદા સાકાર, સર્વોપરી, સર્વજ્ઞ, સર્વકર્તા અને સદા પ્રગટ સમજવા અને આવી સમજણ દ્વારા તેમનું સતત સાંનિધ્ય અનુભવવું તેનું જ નામ **ઉપાસના.**

☞ પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણ અનંત, અમાયિક અને દિવ્ય ગુણોના ધારક છે. તેઓ સર્વગુણે સંપન્ન, સર્વ સુખના નિધિ અને સર્વ દોષે રહિત છે. તેઓ અતિ રૂપવાન અને અતિ તેજસ્વી છે. તેઓ સદા સાકાર છે અર્થાત્ તેમનો આકાર અને રૂપ દિવ્ય અને અમાયિક છે. તેઓ સદા **દ્વિભુજ** અને **કિશોરમૂર્તિ** છે.

☞ ભગવાન સ્વામિનારાયણ **સર્વોપરી** છે. તેઓ જીવ, ઈશ્વર,

માયા, અક્ષરમુક્તો – એ સર્વથી પર છે. તે સૌના સ્વામી છે. તેઓ એક જ સ્વતંત્ર છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા, મુક્તો સર્વ પરબ્રહ્મને આધીન છે. તેઓ સર્વ કારણના કારણ છે, સર્વના નિયંતા છે, સર્વના આધાર છે અને અતિ સમર્થ છે. ભગવાન સ્વામિનારાયણ સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છે. તેમની ઇચ્છા પ્રેરણાથી અવતારો વિરાટ-બ્રહ્માંમાંથી ઉત્પન્ન થાય છે. તે સર્વ અવતારોમાં ભગવાન સ્વામિનારાયણનો **અનુપ્રવેશ** હતો અને હોય છે. અક્ષરપર્યંત સર્વને પોતાનામાં લીન કરી નાખવાની શક્તિ તેઓ ધરાવે છે. તેઓ યોગેશ્વર છે અને સર્વ યોગકળાના નિધિ છે. પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન પોતાના દિવ્ય અક્ષરધામમાં રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડમાં પોતાની ઇચ્છાએ કરીને જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને પ્રકાશે છે અને મુમુક્ષુઓને સુખ આપે છે.

☞ ભગવાન સ્વામિનારાયણ **સર્વજ્ઞ** છે. અનંત કોટિ બ્રહ્માંડોનાં જીવ-પ્રાણીમાત્રમાં તથા ઈશ્વર, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મમાં અંતર્યામીપણે રહ્યા છે. અનંત કોટિ બ્રહ્માંડનાં જીવ-પ્રાણીમાત્રની ક્રિયાને પોતાના ધામમાં રહ્યા થકી તેઓ જાણે છે - **હસ્તામલકવત્** પ્રત્યક્ષ દેખે છે.

☞ ભગવાન સ્વામિનારાયણ **સર્વકર્તા** છે; **કર્તું, અકર્તું** અને **અન્યથાકર્તું** શક્તિ ધરાવે છે. તેમની ઇચ્છા વગર સૂકું પાંદડું પણ હલાવ્યું હલતું નથી. સર્વના **કર્મફળપ્રદાતા** પણ તેઓ જ છે. તેમની પ્રેરક શક્તિ વગર જીવ-પ્રાણીમાત્ર, ઈશ્વરો, માયા કે મુક્તો એ કોઈ કાંઈ કરવાને સમર્થ નથી. તેમની ઇચ્છાથી જ અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે.

☞ ભગવાન સ્વામિનારાયણ સદા **દિવ્યમૂર્તિ** છે. તેમની મૂર્તિ જેવી અક્ષરધામમાં અનંત ઐશ્વર્ય, શક્તિ અને દિવ્યગુણ સંપન્ન છે, તેવી ને તેવી જ અહીં પૃથ્વી પર મનુષ્ય સ્વરૂપે પણ દિવ્ય અને અનંત શક્તિ તથા ઐશ્વર્યે યુક્ત છે. **ધામની મૂર્તિ અને અહીં પ્રત્યક્ષ વિચરતી મૂર્તિમાં કાંઈ ભેદ નથી.** તેમની મૂર્તિને વિષે સાકરના નારિયેળની પેઠે ત્યાગભાગ સમજવો નહિ. અહીં પૃથ્વી પર તેમની મૂર્તિને વિષે જે કાંઈ દેહભાવ જેવું જણાય છે તે તો નટ(જાદુગર)ની માયાની પેઠે છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ભગવાને કયા રાજાની રક્ષા માટે પોતાનુ સુદર્શન ચક્ર મોકલ્યું હતું?

.....

(૨) અંબરીષ રાજાએ કેટલા રાજાઓને પરાજિત કરી ખ્યાતિ મેળવી હતી?

.....

(૩) દુર્વાષાઋષિ અંબરીષ રાજા પર શા માટે નારાજ થયા?

.....

(૪) શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કોને આત્મનિવેદી ભક્ત કહ્યા છે?

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) અંબરીષ રાજાને ત્યાં કયા ઋષિ આવ્યા?

( ) A - વ્યાસ ( ) B - માર્કંડેય ( ) C - દુર્વાષા

(૨) ભગવાન સ્વામિનારાયણ શું છે?

( ) A - અવતાર ( ) B - અવતારી ( ) C - ઈશ્વર

(૩) કોણે અંબરીષ રાજાની રક્ષામાં સુદર્શનચક્ર મોકલ્યું?

( ) A - બ્રહ્મા ( ) B - શિવજી ( ) C - ભગવાન

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) આપ તુલસીનું એક પાંદડું મોંમાં મૂકી દો : ☞ .....

(૨) મને મૂકીને કેમ જમ્યો? ☞ .....

(૩) આતો ભગવાનનુ ચક્ર, તેને પાછું વાળવાનું અમારૂ સામર્થ્ય નહિ: ☞ .....

(૪) તમે મારા પ્રિય ભક્તનો અપરાધ કર્યો છે : ☞ .....

(૫) માફ કરશો મહારાજ! આતો ભગવાનની દયા છે. અસમર્થપણું નહિ : ☞ .....

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) ઉપાસના એટલે શું?

.....

.....

.....

(૨) ઉપાસના કેવી રીતે કરવી?

.....

.....

.....


(૩) ઉપાસના કોની કરવી?

.....

.....

.....

સભા-૧૮ : સ્વામી શ્રીજીનો સ્નેહ સંબંધ



વ્હાલા બાળભક્તો ! સદ્‌ગુરુશ્રી **મુક્તાનંદ સ્વામી**ના સારા યે જીવન-કવન ઉપર નજર કરતા એક વાત ચોક્કસ જણાય છે કે સર્વાવતારી **ભગવાન સ્વામિનારાયણ**ને મુક્તાનંદ સ્વામી ઉપર સ્નેહ, ભાવ, પ્રીતિ, હેત અને રાજીપો બધાં કરતાં વધુ હતાં. શ્રીહરિ સ્વામીશ્રીમાં **ગુરુભાવ** તો રાખતા પરંતુ **શિષ્યભાવ** પણ રાખતા. એટલે જ શ્રીહરિએ સ્વામીશ્રીને પોતાના લાડકોડ અને સેવાનું સુખ પણ આપ્યું છે.


એક વખત સદ્‌ગુરુશ્રી **મુક્તાનંદ સ્વામી** સ્વમંડળ સાથે સત્સંગ-વિચરણ કરવા શ્રીહરિની આજ્ઞા લઈને નીકળ્યા. ત્યાં શ્રીહરિએ સ્વામીને **પાછા બોલાવ્યા** અને કહ્યું કે 'સ્વામી ! તમે અમારા **હાથ-પગના નખ ઉતારી દો અને પછી જાવ'** સ્વયં શ્રીહરિએ પોતાની **સેવાની તક** આપી એટલે મુક્તમુનિએ બધો સામાન પોતાના આસને મૂકી પોતાની **ઓઢવાની ધાબળી** પાથરી તે પર **શ્રીહરિને પધરાવ્યા** અને પછી પોતાની **ચાદરમાં શ્રીજીના ચરણ રાખી** ધીમે રહીને અતિપ્રેમથી શ્રીહરિના **હાથ** અને **પગના નખ પ્રેમભાવે ઊતાર્યા.** આ રીતે અતિ સ્નેહભાવે કરેલી સેવાથી શ્રીહરિ અત્યંત રાજી થયા.આ પ્રસંગમાં મહત્ત્વની વાત તો એ છે કે શ્રીહરિને સ્વામીનો કેટલો **વિશ્વાસ** હશે ? ત્યારે જ સ્વયં શ્રીહરિએ **સામે ચાલી પોતાની સેવા સોંપી.** આ કોઈ સામાન્ય બાબત નથી. આ કોઈ

સામાન્ય રાજીપો કે સામાન્ય હેત ન કહેવાય. કારણ કે **સેવક સેવા માંગે** અને સ્વામી આપે એમાં કેવળ ફરજ ધર્મ આવ્યો, જ્યારે સ્વામી સેવકને સ્વેચ્છાએ સ્વસેવા કરવાનો અવસર આપે એમાં **વિશ્વાસ, સ્નેહ** અને **કૃપાની પરાકાષ્ઠા** ગણાય.

• • •

સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી ધામમાં સિધાવ્યા પછી શ્રીહરિ સત્સંગ વિચરણ કરતાં કરતાં **પીપલાણા** પધાર્યા. તે વખતે **ફૂલદોલનો ઉત્સવ** સંઘાઈના વડે કર્યો અને તે વડની વડવાઈનો **હિંચકો બાંધી** શ્રીહરિને એમાં પધરાવ્યાં. એટલે શ્રીહરિએ કહ્યું કે **'સૌ પ્રથમ અમને મુક્તાનંદ સ્વામી ઝૂલાવે'** આમ સામે ચાલી પોતાની સેવા બતાવવારૂપ રાજીપો મળતાં મુક્તાનંદ સ્વામી કૃતકૃત્ય થયા અને શ્રીહરિને ઝૂલાવતા જાય, ગાતા જાય અને નાચતા પણ જાય. આમ **દાસત્વ** અને **પ્રેમભક્તિના દરિયા** સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ પ્રગટ પ્રભુને ખૂબ જ રાજી કર્યા. આવી જ રીતે **વડતાલમાં નિષ્કુળાનંદ સ્વામીએ** જ્યારે **જ્ઞાનબાગમાં બારબારણાવાળો હિંડોળો આંબાની ડાળે બાંધ્યો** અને તેમાં પ્રભુ **બાર સ્વરૂપે** બિરાજ્યા હતા ત્યારે પણ શ્રીહરિએ **સૌ પ્રથમ ઝૂલાવવાની સેવા મુક્તાનંદ સ્વામીને** આપી હતી. આમ, દરેક જગ્યાએ શ્રીહરિ સ્વામીને સ્વસેવાનું સુખ આપતા.

એક વખત કોઈ ભાવિક ભક્તે **ચંપા** અને **કેવડાના ફૂલની સુંદર મજાની ટોપી** શ્રીહરિને પહેરાવી. એટલે એ ટોપી તુરત જ ઉતારી તે જ સભામાં **મુક્તાનંદ સ્વામીને પહેરાવી દીધી**.



આ રીતે ઘણીવાર શ્રીહરિ સ્વામીને **જરિયાની વસ્ત્રો** ઓઢાડી **પાઘ પહેરાવતાં, હાર પહેરાવતાં**. એમ વારંવાર પ્રસન્નતા દાખવતાં ને **હેત** બતાવતાં એટલે જ તો સ્વયં શ્રીહરિએ વચનામૃત મધ્ય પ્રકરણના **૬રમાં** કહ્યું છે ને **'આ મુક્તાનંદ સ્વામી ઉપર અમારે ઘણું હેત છે.'**



⇨ વળી, એક વખત **સુરતી** ભક્તોની વિનંતીથી **શ્રીહરિ-સંતો** સાથે **સુરત** પધાર્યા. એ વખતે હરિભક્તોએ શ્રીહરિને **મેનામાં** પધરાવી દબદબાભર્યું સ્વાગત કરવાની તૈયારી કરેલ. પરંતુ એ પ્રેમી ભક્તોને શ્રીહરિએ કહ્યું કે, **'આ મુક્તાનંદ સ્વામી અમારા ગુરુ છે. અને આ સમગ્ર સત્સંગ એનો છે માટે સ્વામીને મેનામાં પધરાવો.'** એટલે ભક્તોએ **સ્વામીની પૂજા** કરી, મેનામાં પધરાવ્યા ને પછી સ્વામીની **મેનાગાડી** આગળ ઉત્સવિયા ધૂન કીર્તનની રમઝટ કરતાં ચાલે ને મેનાની **પાછળ માણકીનાં અસવાર મહારાજ માણકી** પર બિરાજી શોભાયાત્રાની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતાં. આમ અનેક પ્રસંગે શ્રીહરિ સ્વામી પ્રત્યેનો **સ્નેહ સંબંધ** પ્રદર્શિત કરતાં.



મહારાજ મુક્તાનંદસ્વામી ભેળાં જમ્યા એવું હેત હતું

એક વખત મુક્તાનંદસ્વામી દેશમાંથી ફરીને **ગઢપુર** આવ્યા અને **ઉતારો** કરીને પછી મહારાજને **દર્શને** ગયા. તે વખતે શ્રીજીમહારાજ **થાળ જમતા** હતાં, તે થાળ **સ્વામી પાસે મુક્યો** અને **સ્વામી ત્યાં જમવા બેઠા**. પછી મહારાજ બોલ્યા જે, 'સ્વામી, હું તો તમારી સાથે વાતો કરવા રહ્યો, તેથી **ભૂખ્યો રહી** ગયો.' એમ કહીને **મુક્તાનંદ સ્વામી ભેગાં જમવા મંડ્યા**. એવો મુક્તાનંદસ્વામી સાથે પોતે સ્નેહ જણાવ્યો.

સત્સંગ સમજણ વિભાગ

દિવ્યભાવ

દેવતાઈપણુ, ભગવદ્ બુદ્ધિ, અદ્‌ભુતતા, અહો અહોપણું.

મનુષ્ય દેહ ધારી વિચરતા ભગવાન અથવા ભગવાનના અખંડ

ધારક સંત-ભક્તમાં કોઈપણ માયિક દોષ નથી - તેમ સમજવું તે દિવ્યભાવ.

૧. ભક્ત હોય તે તો એમ જાણે જે, 'ભગવાન તે ભગવાન, એને વિષે ભાગ-ત્યાગ કર્યાનો માગ નથી. એ ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે.' અને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનું ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો અને જેને એવી એક મતિ હોય તેને સ્થિતિપ્રજ્ઞ જાણવો.

— વચ. ગઢડા મધ્ય : ૧૭

૨. એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટા પુરુષને વિષે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે, (અને જે મોટા પુરુષને વિષે દોષ પરઠે છે, તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે.)

— વચ. ગઢડા પ્રથમ : ૭૩

૩. માટે એવાં જે અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે.

— વચ. ગઢડા મધ્ય : ૩૫

૪. ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ.

— વચ. ગઢડા મધ્ય : ૬૩

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજ કોને પોતાના ગુરૂ માનતા? .....

(૨) સત્સંગ વિચરણ માટે જતાં મુક્તાનંદ સ્વામીને પાછા બોલાવીને શ્રીજી મહારાજે શું કહ્યું?

.....

(૩) સુરતના ભક્તોએ શ્રીહરિને મેનામાં બેસવા વિનંતી કરી ત્યારે શ્રીહરિએ હરિભક્તોને શું કહ્યું?

.....

.....

(૪) શ્રીજી મહારાજે પોતાનો થાળ કયાં સંતને આપ્યો અને પછી તેમની સાથે જ જમવા લાગ્યા ?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સત્સંગની 'માં' કોણ હતા?

( ) A - શ્રીજી મહારાજ ( ) B - મુક્તાનંદ સ્વામી( ) C - પ્રેમાનંદ સ્વામી

(૨) 'આ મુક્તાનંદ સ્વામી ઉપર અમારે ઘણું હેત છે' આ વાક્ય કયા વચનામૃતનું છે?

( ) A - ગ.મ.૬૨ ( ) B - ગ.પ્ર.૬૨ ( ) C - ગ.મ.૨૨

(૩) નિષ્કુળાનંદ સ્વામીએ બાર બારણાવાળો હિંડોળો કયાં બનાવ્યો ?

( ) A - ફુલબાગ ( ) B - ભક્તિબાગ ( ) C - જ્ઞાનબાગ

(૪) શ્રીહરિએ ચંપા અને કેવડાની ફુલની ટોપી કોને પહેરાવી દીધી?

( ) A - નિષ્કુળાનંદ સ્વામી( ) B - મુક્તાનંદ સ્વામી( ) C - ગોપાળાનંદ સ્વામી

(૫) દિવ્યભાવ એટલે શું?

( ) A - દેવતાઈપણું ( ) B - લૌકિકબુદ્ધિ ( ) C - ચમત્કાર

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) ભગવાન કે સંતમાં એકપણ દિવ્યગુણ નથી એમ સમજવું તે દિવ્યભાવ કહેવાય. ☐

(૨) શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીને પોતાના ગુરૂ માનતા હતા. ☐

(૩) આપણે મુક્તાનંદીય ગુરૂપરંપરાના બાળકો છીએ. ☐

(૪) મુક્તાનંદ સ્વામીનું બાળપણનું નામ મુકુંદદાસ હતું. ☐

(૫) શ્રીજી મહારાજે વચનામૃતમાં સૌથી વધારે વાર મુક્તાનંદ સ્વામીને યાદ કર્યા છે. ☐

પ્રશ્ન-૪ ટૂંકનોંધ લખો.

(૧) દિવ્યભાવ એટલે શું?

.....

.....

 .....

સભા-૧૯ : દુઃખો સામે અડગ

નેનપુર કરીને એક ગામ.

ત્યાં **દેવજીભાઈ, પત્ની** અને **પુત્ર** સાથે રહે. **ત્રણે** મહારાજની ભક્તિ કરે.

દીકરો મોટો થયો, એટલે એને માટે **કન્યાનાં માગાં** આવવા લાગ્યાં, પણ દેવજી ભક્તનું મન માને નહિ; દીકરો પણ કહે : **'મારું સંસારમાં મન નથી !'**

એવામાં અચાનક **દીકરો ગુજરી** ગયો.

એકનો એક દીકરો ! પણ દેવજી અને એમનાં પત્નીના હૃદયમાં સંસારની કામનાને નામે **મીંડું** ! દીકરો ગુજરી ગયો તો દેવજી કહે : **'ભગવાનના ધામમાં ગયો !'**

દીકરાની મા કહે : 'ભગવાને એને **બોલાવી** લીધો !'


તો જેને ભગવાને બોલાવી લીધો એનો **શોક** કેમ થાય ?

તો કરવું શું ? જુવાન દીકરો **ફાટી પડ્યો** જાણી **લોકો** ઘેર આવશે, ને **રોકકળ** કરશે તેનું શું ? મને કહેશે, **તું યે ભેગો રોવા બેસ !**'

દેવજી કહે : 'તો હું જાઉં **ખેતરે**, ત્યાં જ રહું !'

પછી એણે **પત્નીને** કહ્યું : 'અને **તું જા ગટડે** મહારાજનાં દર્શન કરવા ! એમને ઘરવા **ઘી ઘાડવામાં** ભરી રાખ્યું છે તે લેતી જજે !'





પછી દેવજી ભક્ત ગયા **ખેતરે**, ને ત્યાં જ રહ્યાં.

દેવજીની પત્ની **ઘીનો ઘાડવો** માથા પર લઈ **ગઢડે** ગઈ. મહારાજ તે વખતે **જમતા** હતાં, એટલે બાઈએ ઘડો તેમની સામે મૂક્યો ને કહ્યું : 'મહારાજ, આપના **ભગતે** ઘણા માનથી 'જય સ્વામિનારાયણ' કહાવ્યા છે !

'મહારાજ બાઈને ઓળખી ગયા. તેમણે પૂછ્યું : '**પટેલ સુખમાં છે ને** ? શું કરે છે ?'

જવાબમાં બાઈએ કહ્યું : **'સુખી તો હતા, ને હવે વધારે સુખી થયા.'**

મહારાજે કહ્યું : 'એ કેવી રીતે ? જરી વાત તો કરો !'

ત્યારે બાઈએ કહ્યું : 'મહારાજ, તમારા ભક્તને **એક દીકરો** હતો, પૂરો **જુવાન** - એટલે એને લીધે અમને થોડી ચિંતા રહેતી હતી કે **સંસાર** વળગશે કે શું ? પણ હવે આપે એ દીકરાને **ધામમાં** તેડાવી લીધો એટલે પટેલ સુખિયા થયા ; પહેલાં અમને ભગવાનનું ભજન કરવામાં જરી **નડતર** હતું, હવે કાંઈ નડતર રહ્યું નહિ ! એટલે કહું છું કે સુખી તો હતા, ને હવે વધારે સુખી થયા !'

મહારાજ આ સાંભળી **પ્રસન્ન** થયા.

પછી મહારાજે ઘાડવામાંથી થોડું **ઘી** લીધું, **રોટલા** પર લગાડ્યું ને તેની પ્રસાદી **સ્વામી મુક્તાનંદ** તથા બીજા જે ત્યાં હાજર હતા તેમને આપી.

આ પ્રસંગ સાંભળી સૌ મનોમન દેવજી પટેલ અને તેમનાં પત્નીને પગે લાગ્યાં.

વડોદરાના નાથ ભક્તની સમજણ તો આથીયે આગળ વધે છે. **પ્રભુદાસ નામે તેમને દીકરો હતો.** દીકરો પણ બાપ જેવો **ભક્ત** હતો. એને **સમાધિ** થતી, સમાધિમાં મહારાજનાં દર્શન થતાં, ને મહારાજ એને ખારેક, સાકર એવી પ્રસાદી આપતા, **સમાધિમાંથી જાગતો** ત્યારે એના હાથમાંથી એ **પ્રસાદી** નીકળતી. આવો હરિભક્ત દીકરો **સોળ વરસની કાચી વયે ગુજરી** ગયો. નાથ ભક્ત કહે કે **દીકરો ભગવાનના ધામમાં ગયો**, એ તો આનંદની વાત, એમાં શોક કેવો કરવો ? એટલે એ દિવસે એમણે ગામમાં **સાકર વહેંચી** !

લોકો કહે : 'અરે ભગત, તમારું તો કાંઈ **ચસકી** ગયું છે કે શું ? તમે આ શું કરો છો ?'

ભગત કહે : 'પહેલાં ચસકેલું હતું, **હવે ઠેકાણે છે** !'

આવા હતા ભગવાનના હરિભક્તો. એમનાં હૃદય ભગવાનથી ભરેલાં હતાં, સંસારની કામનાનો ત્યાં પડછાયો સુધ્ધાં બંધ હતો.

મહારાજનું સુખ એમના મનમાં એવું વસેલું કે દુઃખ એમને દુઃખ લાગ્યું જ નહિ. ભગવાન વિના બીજા કોઈનું કર્યું થાતું નથી એમ સમજે તેના મનમાં એવો સંકલ્પ કદી નહિ થાય કે ભગવાન મને અમુક રીતે રાખે તો જ હું સુખી, નહિ તો દુઃખી ! એને તો શૂળીએ ચડતાં યે ભગવાન મુકાવે એવો સંકલ્પ નહિ થાય. મહારાજનું વચન છે કે ભગવાનના ભક્તને કાળ, કર્મ કે માયા પીડી નહિ શકે.

●●●●●

મીતિયાળા ગામમાં **વીરો શેલડિયો** નામે હરિભક્ત રહેતા હતા. ગામનો દરબાર **હાદો ખુમાણ** સત્સંગનો વિરોધી હતો. એકવાર વીરા ભગત પરિવાર સાથે





ગઢડા ગયા, ત્યારે તેમનાં ઘર વિરોધી દ્વારા સળગાવી દેવામાં આવ્યાં. વીરા ભગત આવ્યા ત્યારે હાદા ખુમાણે કહ્યું, 'જો વીરા! તું સ્વામિનારાયણનો થયો ને **ગઢડા** ગયો. તેમાં તારું શું સારું થયું?'

ત્યારે વીરા ભગત કહે, 'સ્વામિનારાયણે તો મારું બહુ **સારું** કર્યું. ગઢડા ગયા તેથી **હું, મારો પરિવાર, પેલું ગાડું** ને આ **અનાજની કોઠીઓ** બચી ગયાં, સ્વામિનારાયણે તો મારાં **ઘરનાંય પાપ બાળ્યાં!'**

આવા હતા શ્રીજી મહારાજના ભક્તો!

ગમે તેવું દુઃખ આવે. સત્સંગ જરાય ઓછો ન થાય. ધંધા-વ્યવહારમાં ખોટ જાય, શરીરમાં રોગ આવે, ઘરમાં કોઈનું મૃત્યુ થાય વગેરે ગમે તેવાં દુઃખો આવે તેમને મન એક જ વિચાર રહે કે, 'જેવી શ્રીજી મહારાજની ઇચ્છા. તેઓ જે કરે છે, તે સારા માટે જ કરે છે.' આવી સમજણ હોય તો સત્સંગ આજીવન રહે.

શ્રીજી મહારાજ કહે છે : 'દેહમાં કોઈ દીર્ઘ રોગ આવી પડે, અન્ન-વસ્ત્ર ન મળે, ઇત્યાદિક ગમે એટલું દુઃખ અથવા સુખ આવે, તો પણ ભગવાનની ભક્તિ, નિયમ-ધર્મ, શ્રદ્ધા એમાંથી રંચમાત્ર પણ મોળો ન પડે, રતીવા સરસ થાય, તેને ખરો હરિભક્ત કહીએ.'

(વચનામૃત : ગઢડા અંત્યનું ૨૫મું)

સત્સંગ સમજણ વિભાગ

કર્તા

ભગવાન્, ક્રિયાનાયક, આદિપુરુષ, સ્થાપક, ક્રિયા કરનાર.
સમગ્ર જગતની ઉત્પત્તિ-સ્થિતિ અને પ્રલયનું કારણ સ્વયં પરમાત્મા છે -
એમ સમજવું તે કર્તાપણાની સમજણ કહેવાય.

૧. એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.

— વચ. કારિયાણી : ૧૦

૨. આ સર્વ જગતના કર્તાહર્તા ભગવાન છે. તેને કર્તાહર્તા ન સમજીએ ને વિશ્વના કર્તાહર્તા કાળને જાણીએ અથવા માયાને જાણીએ અથવા કર્મને જાણીએ અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનનો દ્રોહ છે. **— વચ. વરતાલ : ૨**

૩. દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે, માટે સર્વકર્તા તે પરમેશ્વર જ છે. **- વચ. ગઢડા મધ્ય : ૨૧**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) નેનપુરના કયા ભક્તની વાત આ પાઠમાં કરવામાં આવી છે?.....

.....

(૨) દેવજી ભક્તનનો દિકરો ધામમાં ગયો ત્યારે દેવજીભક્ત અને તેમના પત્નીએ શું કર્યું ?

.....

.....

(૩) વડોદરાના કયા ભક્તની વાત આ પાઠમાં કરવામાં આવી છે?.....

(૪) નાથભક્તનો દીકરો ધામમાં ગયો ત્યારે નાથભક્તે શું કર્યું?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) નેનપુરના દેવજી ભક્તે દિકરો ધામમાં ગયો ત્યારે આખા ગામમાં સાકર વહેચી ☐

(૨) નાથભક્તનો દિકરો પ્રભુદાસ સમાધિનિષ્ઠ હતો. ☐

(૩) કર્તાહર્તા તો એક શ્રીજી મહારાજ જ છે. ☐

પ્રશ્ન-૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(હાદોખુમાણ, વીરા શેલડીયા, કડવા ભગત, પ્રભુદાસ, મેઘજી, વીરો, કર્તાપણું, આકારપણું, દાસપણું, મુઢપણું, દેવજી ભગત, વીરા ભગત)

(૧) નાથભક્તના દિકરાનું નામ ..... હતુ.

(૨) મીતિયાળા ગામના ..... ભગતની વાત આ પાઠમાં કરવા આવી છે.

(૩) ભગવાનને વિષે જ એક ..... સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) સુખી તો હતા ને હવે વધારે સુખી થાય : ☞ .....

(૨) અરે ભગત, તમારૂ તો કાંઈ ચસકી ગયુ છે કે શું? ☞ .....

(૩) સ્વામિનારાયણે તો મારા ઘરનાંય પાપ બાળ્યાં. ☞ .....

સભા-૨૦ : ભગવાનનો સાક્ષાત્ સંબંધ

શ્રીજી મહારાજ વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૨૭માં વચનામૃતમાં કહે છે : **શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ, ઇત્યાદિક સંતના લક્ષણ જ્યાં દેખાય. એવા સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે.** વ્હાલા બાળભક્તો ! આપણા **પૂજ્ય ગુરુજી** એવા **પંચવર્તમાને યુક્ત સંત છે.** આવા ગુરુજી આપણને મળ્યા તે આપણા **મોટા ભાગ્ય** છે.

(૧) નિષ્કામી વર્તમાન :

એક વાર **અમેરિકાના ન્યૂઝર્સી** સિટીમાં એક અંગ્રેજ **ગોરિયા** માણસે **ગુરુજીને** કૌતુકથી પૂછી લીધું કે આપ કેટલા સમયથી **બ્રહ્મચર્ય** પાળો છો ? ગુરુજી કહે : **જ્યારથી જન્મ થયો છે ત્યારથી !** આ સાંભળી પેલા અંગ્રેજને આશ્ચર્ય થયું એટલે ગુરુજીએ તેને સમજાવતા કહ્યું કે, "હું **૧૬ વર્ષનો** હતો ત્યારથી **સાધુ છું.** અને આજે મારા ૬૫ વર્ષ થયા છે. **ત્યારથી આજ સુધી** કોઈ સ્ત્રીને જોઈ નથી, તેની સાથે વાત કરી નથી, તેનો સંપર્ક નથી કર્યો કે તેનો કોઈ પ્રકારે સંપર્ક નથી રાખ્યો. માટે જન્મથી જ આ વ્રત પળાય છે.

વ્હાલા બાળકો, આ તો શ્રીજી મહારાજની બાંધેલી **પંચવર્તમાનની મર્યાદા** છે એટલે સમજવા માટે આ વાત છે. પરંતુ ગુરુજીને તો **સાક્ષાત્ ભગવાનનો સંબંધ** છે. તેઓ અક્ષરધામમાંથી આપણા કલ્યાણ માટે અહીંયા આવ્યા છે. તેઓ **અનાદિ સિદ્ધ પુરુષ છે. તેમને સ્ત્રીનો સંકલ્પ ત્રિકાળમાંય નથી.**

(૨) નિર્લોભી વર્તમાન :


આપણા ગુરુજી **લોયાધામ પરિવાર** અને **અનેક સંસ્થાઓના સંસ્થાપક** હોવાં છતાં અને **લાખો** હરિભક્તો તેમને શ્રદ્ધાથી માનતા-પૂજતા હોવા છતાં **ગુરુજી પાસે ૫ રૂપિયા પણ હોતા નથી;** અરે **બેંકમાં** કે કોઈ અન્ય જગ્યાએ પોતાના નામનું **ખાતું** પણ નથી.

ગુરુજી સંતોને અવાર-નવાર કહેતા હોય છે કે હે સંતો ! **સ્ત્રી-ધનનો ત્યાગ દૃઢપણે રાખજો.** પધરામણીના પૈસા પણ પોતાના **ખાનામાં** કે **થેલામાં** રાખતા નહિ, **ઓફિસમાં જમા** કરાવી; **પાવતી ફડાવી** દેજો.

અરે, એટલું જ નહિ; ગુરુજી તો કોઈ રૂડા વસ્તુ, પદાર્થોનો પણ સંગ્રહ કરતા નથી કે લોભ રાખતા નથી; તેમને તો એક મહારાજની **મૂર્તિનો લોભ** છે.

(3) નિર્માની વર્તમાન :

ઈ.સ. ૧૯૯૬ - ગુરુજી **વડોદરા** શહેરમાંથી પસાર થઈ રહ્યા હતા. **ગુરુજીની ગાડી**ની પાછળ એક વ્યક્તિ **બાઈક** લઈને ફૂલ સ્પીડમાં આવી રહ્યો હતો ; તે ગુરુજીની ગાડીને **ઓવરટેક** કરવા ગયો પણ તે ઓવરટેક કરી શક્યો નહિ અને તેની બાઈક ગુરુજીની ગાડી સાથે **અથડાઈ** ગઈ અને ને તે માણસ બાઈક સાથે **નીચે ઢળી** પડ્યો. ગુરુજીએ ગાડી **ઊભી** રખાવી. ભગવાનની કૃપાથી કોઈને કાંઈ **ઈજા** પહોંચી ન હતી, પરંતુ પેલા બાઈકવાળા ભાઈ **ધુઆપુઆ** થતા (**ક્રોધે ભરાઈ**) જ્યાં ગુરુજી બેઠા હતા ત્યાં આવી ચઢ્યા ને ગુરુજીને **થપાટ** કરતો **લાફો** મારી દીધો. ગાડીમાં બેઠેલ અન્ય સંતો આ જોઈ **ગરમ** થઈ ગયા પરંતુ ગુરુજીએ સંતોને **રોક્યા**. ધીરજ રાખવાની વાત કરી. **ગુરુજીના મોઢાની એક પણ રેખા બદલાઈ નહિ,** વાસ્તવમાં **વાંક** બાઈકવાળાનો હતો. આવા તો અનેક **અપમાનો**ને ગુરુજીએ હસતે મોઢે સહન કરી લીધા છે.



(૪) નિઃસ્વાદી વર્તમાન :

ગુરુજીએ ક્યારેય પોતાના **સેવક સંતને** કોઈ મનપસંદ વાનગી બનાવવાનો આગ્રહ કર્યો નથી. અરે, જેઓ **દોઢ-દોઢ વર્ષના ધારણાં-પારણાં** જેવું કઠણ વ્રત-તપ કરતા હોય તેમને **રસાસ્વાદ**માં બંધન ક્યાથી હોય ? દર વર્ષે અન્નકુટમાં વિધવિધ વાનગીઓ ભગવાનને ધરાવેલી જોઈને ઘણી વાર આપણા મોઢામાં પાણી આવી જાય છે, પરંતુ ગુરુજીએ ક્યારેય અન્નકુટમાંથી પણ પોતાના માટે કોઈ વાનગી **મંગાવી** નથી.


ભગવાનને ધરાવેલ અને દેહના નિર્વાહને અનુરૂપ માપસરનું જ ભોજન ગુરુજી કરે છે. કોઈ સંતો-ભક્તો આગ્રહ કરે તો તેમને પ્રસન્ન કરવા માટે જ **તેમનો ભાવ** હોય તેવું ગ્રહણ કરે છે. ગુરુજીએ ક્યારેય જમવા સમયે ભોજન ખારું-ખાટું-તીખું છે એવું કહ્યું નથી જેવું હોય તેવું પ્રેમથી જમી લે છે. **પૂજ્ય ગુરુજીને તો કેવળ મૂર્તિનો જ સ્વાદ છે.**

(૫) નિઃસ્નેહી વર્તમાન :

એક વાર ગુરુજી **કંડારી ગુરુકુળ**માં હતા; ત્યારે **મહંતસ્વામી** ગુરુજી પાસે આવ્યા ને કહે : ગુરુજી ! આજે આપના **પૂર્વાશ્રમના પિતાશ્રી ધામમાં ગયા છે.** ગુરુજી કહે : **જે જન્મે છે તેને મરવું જ પડે છે,** એમાં કાંઈ **શોક** કરવાનો ન હોય; એમ કહીને પોતે **સ્નાન કરવા જતા** રહ્યા. પણ આ વાતમાં જરાય રસ લીધો નહિ કે કેવી રીતે ધામમાં ગયા ? શું થયું હતું ? અગ્નિસંસ્કાર કોણે કર્યો ? વગેરે.

આમ, દીક્ષા લીધા બાદ ગુરુજીએ પોતાના પૂર્વાશ્રમના ગામ કે સગાં-સંબંધીમાં ક્યારેય રસ લીધો નથી.

પૂજ્ય ગુરુજી ઘણી વાર કથામાં કહે છે કે, આ બધી સંસ્થાઓના **માલિક તો ભગવાન છે.** હું તો માત્ર તેનો સેવક છું. મને સ્વપ્નમાં પણ ક્યારેય એવો ઘાટ થયો નથી કે આ બધું મારું છે. **આ બધું ભગવાનનું છે અને ભગવાન જ ચલાવે છે.** રાત્રે સુવા જઉં તો મને ક્યારેય સંસ્થાઓની **ચિંતા** થતી નથી કે **સ્વપ્નમાંય** કોઈ સંસ્થા આવતી નથી. આ લોકના કોઈ વ્યક્તિ-વસ્તુ-પદાર્થો-સ્થાનમાં મારું મન બંધાયેલું નથી. હું તો માત્ર મહારાજમાં બંધાયેલો છું અને મહારાજના સંબંધવાળા સંતો-ભક્તોને જ આત્માના સાચા સગાં માનું છું.



વ્હાલા બાળભક્તો, આવા છે આપણા પૂજ્ય ગુરુજી. પંચવર્તમાનમાં દૃઢ અને ભગવાનના અખંડ સંબંધવાળા. આવા મોટા પુરુષની પ્રાપ્તિ થઈ તે આપણા મોટા ભાગ્ય છે. હવે તો ગુરુજીને રાજી કરવા માટે પ્રયત્ન કરવો તો ભગવાન રાજી થાય.

સત્સંગ સમજણ વિભાગ

''ધ્યાન ચિંતન''


आलोड्य सर्व शास्त्राणि विचार्य च पुनः पुनः ।
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणो सदा ॥

અર્થ : વ્યાસજીએ સર્વશાસ્ત્ર વાંચી, વિચારીને આ એક નિર્ણય કર્યો છે કે હંમેશાં ભગવાન નારાયણનું જ ધ્યાન કરવું, વળી પ્રેમાનંદ સ્વામીએ પણ કહેલ છે કે,

'કીજીયે ધ્યાન શ્રી ધર્મના કુંવરનું, સર્વ પેલા ઉઠી પ્રાતઃ કાળે;
નીરખીએ રૂપ નખશીખ મહારાજનું, વાસના અશુભ તત્કાળ ટાળે.'

તથા મુક્તાનંદ સ્વામીએ ગાયેલું છે કે -

'ધ્યાનધર ધ્યાનધર ધર્મના પુત્રનું, જે થકી સર્વ સંતાપ નાસે;
કોટિ રવિ ચંદ્રની કાંતિ ઝાંખી કરે, એવા તારા ઊરવિષે નાથ ભાસે.'



વળી નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિ સ્મૃતિ'માં પણ કહેલ છે કે :

'મનોહર સુંદર મૂર્તિ,
સહજાનંદ સુખરુપ;
નખશિખ સુધી નિરખતા,
આવે આનંદ અનુપ.'

વ્હાલા બાળભક્તો ! આવી રીતે દરેક શાસ્ત્રમાં ધ્યાનનો ખૂબ મહિમા લખવામાં આવ્યો છે. તો આપણે પણ આત્મશાંતિ માટે અને પ્રભુ પ્રસન્નતાર્થે ધ્યાનનો અભ્યાસ શરૂ કરીએ.

''ધ્યાનની રીત''



ઉપરની ઉક્તિઓને અનુસારે મોક્ષાર્થી મુમુક્ષુ તે પવિત્ર થઈ, ઉપદ્રવે રહિત એવા પવિત્ર સ્થાનમાં સ્વસ્તિક આસને બેસીને સરળ કાયાવાળો થઈ, પોતાના બન્ને હાથને ખોળામાં છત્તા રાખીને પોતાના હૃદયકમળમાં પ્રસન્ન મનથી શ્રીહરિનું ધ્યાન કરે.

ઇન્દ્રિયો અંતઃકરણ અને જીવની વૃત્તિએ સહિત મૂર્તિમાં તન્મય બનવું તેને ધ્યાન કહે છે.

વળી **તૈલધારાવત્** અખંડિતપણે મૂર્તિમાં વૃત્તિ રાખવી તે ઉત્તમ **ધ્યાન ગણાય** છે.

'ચાર પ્રકારનાં ધ્યાન'


(૧) સાંગ - શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની મૂર્તિનું નખથી શિખા પર્યંત એક એક અંગનું ચિંતવન કરવું તેને **'સાંગ ધ્યાન'** કહેવાય છે.

(૨) ઉપાંગ - હરિજીના વસ્ત્ર અલંકાર આદિકને ચિંતવવા તેને **'ઉપાંગ ધ્યાન'** કહેવાય છે.

(૩) સલીલ - ભગવાને જીવોના કલ્યાણ માટે અવતાર ધારણ કરી કરેલી જે જે ક્રિયા (લીલા) તેનું ચિંતવન કરવું તે **'સલીલ ધ્યાન'** કહેવાય છે.

(૪) સપાર્ષદ - શ્રીહરિજી પૃથ્વી ઉપર પધારે ત્યારે પોતાના દિવ્ય પાર્ષદોએ સહિત પધારે છે. હરિજી સાથે અનેક પરમહંસો, પાર્ષદો અને હરિભક્તો રહેલા છે. આ બધા ભગવાનના મુખારવિંદ સામું જોઈ રહ્યા છે અને હરિજી વચનામૃતનું પાન કરાવે છે. આ રીતે ચિંતવન કરવું તેને **સપાર્ષદ ધ્યાન** કહેવાય છે.

'નોંધ' આ રીતે દરરોજ ધ્યાન કરવાથી અખંડવૃત્તિ થઈ જાય છે.



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ભગવાનનો સાક્ષાત્ સંબંધ હોય તે સંત કેવા હોય.

.....

.....

(૨) પૂજ્ય ગુરૂજીના નિષ્કામી વર્તમાન વિશે એક વાત જણાવો.

.....

(૩) પૂજ્ય ગુરૂજીના નિર્લોભી વર્તમાન વિશે એક વાત જણાવો.

.....

(૪) પૂજ્ય ગુરૂજીના નિર્માની વર્તમાન વિશે એક વાત જણાવો.

.....

(૫) પૂજ્ય ગુરૂજીના નિ:સ્વાદી વર્તમાન વિશે એક વાત જણાવો.

.....

(૬) પૂજ્ય ગુરૂજીના નિ:સ્નેહી વર્તમાન વિશે એક વાત જણાવો.

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) હંમેશા ધ્યાન કોનું કરવું?

( ) A - આત્માનું ( ) B - દેહનું ( ) C - ભગવાનનું

(૨) ભગવાનના અંગોનું ચિંતવન કરવું તેને કયું ધ્યાન કહેવાય છે?

( ) A - ઉપાંગ ( ) B - સલીલ ( ) C - સાંગ

(૩) ભગવાનના વસ્ત્ર અલંકારને ચિંતવવા તેને શું કહેવાય છે?

( ) A - સાંગ ધ્યાન ( ) B - ઉપાંગ ધ્યાન ( ) C - સલીલ ધ્યાન

(૪) ભગવાનના લીલા ચરિત્રોનું ચિંતવન કરવું તેને શું કહેવાય છે?

( ) A - સાંગ ધ્યાન ( ) B - સલીલ ધ્યાન ( ) C - સપાર્ષદ ધ્યાન

(૫) ભગવાન સાથે ભગવાનના સંતો-ભક્તોનું ધ્યાન કરવું તેને શું કહેવાય છે?

( ) A - સલીલ ધ્યાન ( ) B - સપાર્ષદ ધ્યાન ( ) C - સાંગ ધ્યાન

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) આપણા સંતો - સ્ત્રી ધનનો ત્યાગ રાખે છે. ☐

(૨) જે જન્મે છે તેને મરવુ જ પડે એવું નથી હોતું. ☐

(૩) અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ એજ ભગવાન સ્વામિનારાયણ છે. ☐

(૪) પૂજ્ય ગુરૂજી ઠાકોરજી મહારાજનું ધ્યાન કરે છે. ☐

પ્રશ્ન-૪ 'ધ્યાન' વિશે બે વાક્યો લખો.

.....

.....

સભા-૨૧ : નિયમની દૃઢતા

‘ટેક ન મેલે રે, તે મરદ ખરા જગ માંહી...’ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીની આ કાવ્યપંક્તિ ભગવાન સ્વામિનારાયણના ભક્તોના જીવનકાવ્યની **ધ્રુવપંક્તિ** હતી.

આ પ્રમાણે જીવતા **જીવરામ જોષી જેતપુરમાં** રહેતા હતા.

તેઓની **ધર્મનિયમની દૃઢતા** જોઈ ભલભલાનાં મસ્તક નમી જતાં. ધીરે ધીરે આ વાત જ્યારે **બ્રાહ્મણોની** નજરમાં આવી ત્યારે કેટલાકે જીવા જોષીનો **સત્સંગ મુકાવવા** કમર કસી. પહેલાં તો **વાગ્‌બાણ** છોડ્યાં પણ જીવા જોષી શાંતિથી ભજન કરતા રહ્યા.

તેવામાં **ગામધણી દરબાર** તરફથી બ્રાહ્મણોની **ચોરાશી** યોજાઈ. રસોઈયા બ્રાહ્મણોએ દરેક વસ્તુમાં **લસણ** નાંખ્યું. સાથે સાથે **લાડુમાં પણ લસણનો અમુક અંશ નાંખ્યો.** પછી બ્રાહ્મણોએ દરબારને કહ્યું : ‘બાપુ ! આજે આખા ગામના બધા બ્રાહ્મણો આપને ઘેર જમશે, પણ **એક બ્રાહ્મણ** એવો છે કે જે **નહિ જમે. એ આપનું પણ નહિ માને.** આપને ઘેર એક બ્રાહ્મણ ભૂખ્યો રહે અને બીજા બધા જમે એ તો આપનું અને અમારું પણ ખોટું દેખાય.’



વાત સાંભળીને બાપુ **ગુસ્સે** થઈને બોલ્યા કે 'આવો વળી કોણ છે તે મારે ઘેર **ભુખ્યો** રહે ? એને અહીં **બોલાવો.** એને **શું હરકત છે તે પૂછીએ.'**

દરબારના બોલાવ્યા **જીવરામ** આવ્યા એટલે બાપુએ પૂછ્યું : **'કેમ જોષી** ! સૌની સાથે બેસીને જમશો ને ?'

ત્યારે એમણે કહ્યું : 'બાપુ ! **માથું જાય પણ મારી ટેક ન જાય**. મારો **નિયમ** છે કે **ડુંગળી- લસણ ન ખાવાં**; અને અહીં તો બધી રસોઈમાં તે નાંખ્યાં છે.'

જોષીની વાત સાંભળી **દ્વેષીલા બ્રાહ્મણોના** ચડાવ્યા બાપુએ ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે 'જો તમારે જમવાની ગરજ હોય, તો **સૌની સાથે જમો**. નહિતર **આ ઘડીએ જ અમારા ગામમાંથી કાંઈ પણ લીધા સિવાય ચાલ્યા જાઓ.'**

આ પ્રમાણે **ગામધણી દરબારનો હુકમ** સાંભળી તરત જ **જીવા જોષી સપરિવાર જેતપુરથી જૂનાગઢ આવ્યા.**



એ વખતે **શ્રીજીમહારાજ જૂનાગઢમાં** હતા. મહારાજે તેઓની **દૃઢતા** માટે **ધન્યવાદ** આપ્યા. પોતા પાસે જે કિંમતી વસ્ત્ર, ઘરેણાં ભક્તજનોએ અર્પણ કર્યાં હતાં તે બધાં જોષીને આપી દીધાં અને **પીઠવડીના પટેલ ભગા-મૂળા** વગેરે સમસ્ત સત્સંગીઓ ઉપર **કાગળ** લખ્યો કે **'જેતપુરના વતની જીવા જોષી બહુ સારા સત્સંગી છે. તેમની પાસે કાંઈ નથી, માટે સુખી ગૃહસ્થના ઘરમાં જેટલાં વસ્તુ પદાર્થો હોય તેટલી તમામ સામગ્રીવાળું તૈયાર ઘર તેમને રહેવા આપજો.'**

આવા અભિપ્રાયનો **પત્ર** લઈ તેઓ **પીઠવડી** ગયા. **ભગા-મૂળા** તથા **ભાયા-રૂડા** વગેરે સત્સંગીઓએ મહારાજનો પત્ર વાંચીને જોષીને **બહુમાનપૂર્વક** સારા ઘરમાં ઉતારો આપ્યો અને પછી સહુ સત્સંગીઓએ મળી ગોદડાં, ગાદલાં, વાસણ, પેટી-પટારા, કપડાં અને અનાજ વગેરે નાની મોટી પુષ્કળ સાધન-સામગ્રીથી જીવા જોષીનું ઘર ભરી દીધું.

આ એક જ પ્રસંગમાં ભક્તની દૃઢતા, ભગવાનની કરુણા, સત્સંગીઓની સંપભાવનાનો ત્રિવેણી સંગમ રચાયો છે. આવા અનેક પ્રયાગતીર્થ સત્સંગમાં રચાતાં રહેતાં. જનસમાજ તેમાં સ્નાન કરી પવિત્રતા પામતો.

● શું ન જમવું ?

૧. દારૂ, તમાકુ, ગુટખા, સિગારેટ, બીડી, સોપારી વગેરે વ્યસનો ન જ કરાય.

૨. પિઝાની ચીઝ, ચોકલેટ, કેક, બિસ્કિટ વગેરે બજારુ વાનગીઓમાં પ્રાણીઓની ચરબી હોવાની શક્યતાઓ છે. માટે પૂરતી તપાસ કરીને જ તેનો ઉપયોગ કરવો.

૩. ડુંગળી, લસણ અને હિંગ ન જ ખવાય.

● શું જમી શકાય ?

ઘરમાં બનાવેલું, ભગવાનને ધરાવીને પ્રસાદી રૂપ થયેલું શાકાહારી અન્ન જ જમવું.

● કેવી રીતે જમવું ?

શ્લોક બોલીને, ખૂબ ચાવીને, ભગવાનને યાદ કરતાં - કરતાં જમવું.

● પરમ પૂજ્ય ગુરુજી કહે છે :

'આહાર અને વિહારમાં સંયમ રાખવો. ભોગમાં રોગનો ભય છે. સાદું જમીએ, તો તબિયત સારી રહે. ભજન અને સેવાનું સુખ આવે. ભારે ભોજન જમીએ, તો મન એમાં રહે, ઊંઘ આવે ને રોગ થાય.'

બાળમિત્રો, આજે કેટલાય સત્સંગી બાઈ-ભાઈ **આહાર શુદ્ધિનો નિયમ** દૃઢ રીતે પાળે છે. બહાર જવાનું હોય, તો ભોજન **ઘરેથી બનાવીને લઈ જાય** છે. અથવા **ફ્રૂટ** જમી લે છે. લગ્ન પ્રસંગે, કુટુંબીના ઘરે કે પાર્ટી-પ્રવાસમાંય **નિયમો તોડતા નથી**. એવા ભક્તો પર મહારાજ-સ્વામીશ્રી અને ગુરૂજી ખૂબ જ રાજી થાય છે.

સત્સંગ સમજણ વિભાગ

નિયમપાલન

આજ્ઞા, હુકમ, આદેશ, શાસન, આવશ્યક ધાર્મિક વિધિ, ટેક, વ્રત, ચિત્તનું દમન કરવું તે.

'શિક્ષાપત્રી', 'ધર્મામૃત' અને **'નિષ્કામશુદ્ધિ'**માં શ્રીજીમહારાજે **ગૃહસ્થ હરિભક્તો** તથા **ત્યાગીઓ** માટેના **નિયમો** લખ્યા છે. 'શિક્ષાપત્રી'માં લખેલા નિયમોનું યથાર્થ પાલન કરવું તથા ત્યાગીઓએ પણ 'ધર્મામૃત' અને 'નિષ્કામશુદ્ધિ'માં લખેલા નિયમોનું પાલન કરવું એ શ્રીજીમહારાજની આજ્ઞા છે. નિયમના પાલન સિવાય તો ઋષિઓ અને દેવતાઓને પણ દેશકાળને યોગે કરીને **વિઘ્ન** આવ્યાં. માટે **મોટા પુરુષની બાંધેલી જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.** માટે ત્યાગી તથા ગૃહસ્થ સર્વેએ પોતપોતાના ધર્મમાં રહેવું જોઈએ. જો નિયમ-પાલનમાં **અતિરેક** કરે અથવા **ઓછું** વર્તે તો પણ તેમને સુખ ન થાય; પરંતુ **દૃઢતાપૂર્વક** નિયમ-પાલન કરે તો વૈરાગ્ય ન હોય તો પણ વૈરાગ્ય આવે છે અને પંચવિષય પણ જીતી શકાય છે. નિયમરૂપી જે ધર્મમર્યાદાના પાલનમાં જે **શિથિલ** હોય તે શ્રીજીમહારાજને **ગમતો નથી**. મોટા પુરુષની આજ્ઞામાં જે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે એવું **'વચનામૃત'**માં શ્રીજીમહારાજનું વચન છે. જે નિયમ પાળે છે તેનો **પાયો સત્સંગમાં અચળ છે.** માટે નિયમ પાળવાનો આગ્રહ શિર સાટે રાખવો.

ત્યાગીઓએ નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન - એ પાંચ વર્તમાન 'શિક્ષાપત્રી', 'ધર્મામૃત' અને 'નિષ્કામશુદ્ધિ' પ્રમાણે પાળવાનાં હોય છે. ગૃહસ્થ સત્સંગીઓએ **દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર તથા વટલવું-વટલાવવું નહિ** – આ **પંચ વર્તમાન** તથા નીચેના **અગિયાર નિયમો** મુખ્યપણે પાળવાના હોય છે :

(૧) કોઈ જીવની હિંસા ન કરવી, (૨) પરસ્ત્રીના સંગનો ત્યાગ કરવો, (૩) માંસ ન ખાવું, (૪) દારૂ ન પીવો, (૫) વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો, (૬) આત્મહત્યા ન કરવી, (૭) ચોરી ન કરવી, (૮) કોઈને માથે જૂઠું કલંક નાખવું, (૯) કોઈ દેવની નિંદા ન કરવી, (૧૦) જેનું ખપતું ન હોય તે ખાવું-પીવું નહિ, (૧૧) વિમુખના મુખથી ભગવાનની કથા ન સાંભળવી.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) પ્રસ્તુત પાઠમાં કયા ગામના કયા ભક્તની વાત કરવામાં આવી છે?

.....

(૨) જીવાજોષીને સત્સંગ મુકાવવા માટે બ્રાહ્મણોએ શું કર્યું?

.....

.....

(૩) ગામધણી દરબારને જીવાજોષીએ શું જવાબ આપ્યો ?

.....

.....

(૪) હરિભક્તોના પંચવર્તમાન કયા કયા છે?

.....

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જીવાજોષી જેતપુર છોડી કયા ગામમાં રહેવા ગયા?

( ) A - જૂનાગઢ ( ) B - પીઠવડી ( ) C - પીપડી

(૨) ટેક ન મેલે રે, તે મરદ ખરા જગ માંહી... આ પંક્તિ કોની છે?

( ) A - મુક્તાનંદ સ્વામી ( ) B - પ્રેમાનંદ સ્વામી ( ) C - બ્રહ્માનંદ સ્વામી

(૩) જીવાજોષીને સત્સંગ મુકાવવા કોણે કમર કસી?

( ) A - બ્રાહ્મણોએ ( ) B - ક્ષત્રિયોએ ( ) C - વૈશ્યોએ

(૪) આપણાથી શું ન જમાય?

( ) A - દાળ-ભાત-રોટલી ( ) B - ડુંગળી-લસણ-હિંગ ( ) C - બજારૂ વાનગી

(૫) ભગા-મૂળા તથા ભાયા-રૂડા વગેરે સત્સંગી કયા ગામના હતા?

( ) A - જૂનાગઢ ( ) B - જેતપુર ( ) C - પીઠવડી

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) મોટા પુરૂષની બાંધેલી મર્યાદાને લોપીને સુખી થવાય છે. ☐

(૨) ઘરમાં બનાવેલું, ભગવાનને ધરાવીને પ્રસાદીરૂપ થયેલું શાકાહારી અન્ન જ જમવું. ☐

(૩) નિયમપાલન કરીએ તો આપણી સ્વતંત્રતા છીનવાય ગઈ કહેવાય. ☐

(૪) આપણી શોભા તો નિયમમાં રહેવાથી છે. ☐

પ્રશ્ન-૪ 'નિયમ' વિષય પર પાંચ વાક્યો લખો.

.....

.....

.....

.....

.....


સભા-૨૨ : જેવા કર્મ તેવા ફળ

વિસનગરમાં એક **બ્રાહ્મણ** રહેતો હતો. **લાલદાસ સૂબો** તેનું નામ હતું. **સૂબો એટલે ગામનું રાજ કરનાર અધિકારી**. તે ખૂબ અજ્ઞાની હતો. તેથી જ **શ્રીજી મહારાજ**નો ખૂબ **વિરોધ** કરતો હતો. સત્સંગ કરે તેને નાત બહાર કરે. આખો દિવસ તડકામાં ઊભા રાખે. દિવસ-રાત તેના મનમાં વિચાર ચાલે કે ક્યારે સ્વામિનારાયણને **પકડું** ને કેદ કરું.

એ જ ગામમાં **શોભારામ** કરીને **બીજો બ્રાહ્મણ** રહેતો હતો. તે જ્ઞાતિમાં આગેવાન અને ધનવાન હતો. તે પણ **શ્રીજી મહારાજનો વિરોધ** કરતો હતો. આ **બંનેને** લીધે **સત્સંગીઓને ઘણું દુઃખ** રહેતું હતું.

એવા સમયે **ડભાણ**માં શ્રીજી મહારાજે ભવ્ય **યજ્ઞ** કર્યો. **વિસનગર**થી પણ બ્રાહ્મણો આવ્યા હતા. સૌ શ્રીજી મહારાજની પ્રશંસા કરતા હતા. શોભારામને આ ન ગમ્યું. તે **તાડૂક્યો**, 'કોઈએ યજ્ઞકુંડમાં પડી, બળી મરવું હતું ને ! સ્વામિનારાયણ જગન હત્યારો કહેવાત...' બ્રાહ્મણો કહે, '**આવું ના બોલો**. સ્વામિનારાયણ ભગવાન છે. તમને દોષ લાગશે.'

શોભારામ વધુ ગુસ્સે થયો અને રાડ નાંખી બોલ્યો, '**જો સ્વામિનારાયણ ભગવાન હોય, તો હું આઠ દિવસમાં આંધળો થાઉં.**' કોઈ સત્સંગી કહે, 'ભગવાન પાસે **આંધળા** થવાનું શું **માંગે** છે ? કાંઈ **લાભ** થાય એવું માંગને ?' પણ તે **મૂર્ખ** મક્કમ રહ્યો. અને આઠ દિવસમાં શું, **ચાર દિવસમાં આંધળો થઈ ગયો ! ખરાબ કર્મનું ખરાબ ફળ જ મળે ને !**



બીજો દિવસ ઊગ્યો. કોઈએ શ્રીજી મહારાજને **શોભારામની** કહાની કહી. શ્રીજી મહારાજ કહે, **'અરર ર, અમારે લીધે શોભારામ અંધ થયા** ! આપણે તેમના **ઘરે જોવા જવું પડશે.** ' પછી **શ્રીજી મહારાજ લાલદાસ સૂબા સાથે શોભારામને ઘરે ગયા**. શોભારામ જમતો હતો. તેણે કહેવરાવ્યું, **'મારે સ્વામિનારાયણના આશીર્વાદ નથી જોઈતા**. જેવા આવ્યા છે તેવા પાછા જાય.

શ્રીજી મહારાજ **'હરિ હરિ'** બોલતા પાછા વળી ગયા, પરંતુ અંતરના આશીર્વાદ આપ્યા કે તેને સત્સંગ થાય.

બીજી બાજુ **લાલદાસે** શ્રીજી મહારાજને **પકડવા**ની યોજના ઘડી. તેણે **આરબ જમાદારને** તૈયાર કર્યો. જમાદારે **૩૦** બળવાન **આરબોની ફોજ** લીધી, પરંતુ શ્રીજી મહારાજનાં દર્શન થયાં ને તેને **સમાધિ** થઈ ગઈ. તે શ્રીજી મહારાજનાં ચરણોમાં પડી ગયો ને કહ્યું, 'આપ તો **સાક્ષાત્ ખુદા** છો. મને માફ કરો.'

જમાદારે સૂબાને જઈને બધી વાત કરી. તેવામાં શ્રીજી મહારાજ ત્યાં પધાર્યા. તેમની **દૃષ્ટિથી સૂબાને** પણ **સમાધિ** થઈ. તેણે પણ શ્રીજી મહારાજની માફી માંગી, '**મેં** આપના પવિત્ર ભક્તો પર **ઘણું કષ્ટ** ગુજાર્યું છે. મને **માફ કરો**.' શ્રીજી મહારાજે લાલદાસને ઘણા **આશીર્વાદ** આપ્યા.

આવા હતા શ્રીજી મહારાજ ! તેમના સંબંધમાં જે જીવ જેવા સંકલ્પ કરે, તેને તેવું ફળ મળે. લાલદાસ સુધર્યા તો ન્યાલ થઈ ગયા. ને શોભારામે અવળો સંકલ્પ કર્યો તો તે દુઃખી થયો. આમાં ભગવાન શું કરે ?! સૂરજ સામે ફૂલ નાંખે તેને ફૂલ મળે ને ધૂળ નાંખે તેના પર ધૂળ જ પડે ને ?!



સત્સંગ સમજણ વિભાગ

પક્ષ

એક અભિપ્રાયવાળા, એક વિચારવાળું જૂથ, અનુકૂળ મત કે પ્રવૃત્તિ, પોતાના સ્નેહીનું સાચવવું, તેના માટે સહન કરવું, તેનો સાથ રાખવો. મન, કર્મ, વચને ભગવાન અને ભગવાનના ભક્તની તરફેણ કરવી તે, તેમના પક્ષે રહેવું તે 'પક્ષ રાખ્યો' કહેવાય છે.

૧. ભગવાનના ભક્તનો પક્ષ રાખતા થકા આબરૂ વધો અથવા ઘટો અથવા માન થાવો કે અપમાન થાવો અથવા દેહ જીવો કે મરો પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં. **— વચ. ગઢડા અંત્ય : ૭**

૨. અને પોતાના પતિનું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જવું નહિ, અતિશય શૂરવીર થઈને જવાબ દેવો. પણ પાજી પળાવની છાયામાં ભગવાનના ભક્તને દબાવું નહીં. એવી રીતે શૂરવીરપણું રાખવું... અને જે વિમુખનો પક્ષ રાખતો હશે તે આ જન્મે અથવા બીજે જન્મે જાતો જરૂર વિમુખ થશે. માટે જે ભગવાનના ભક્ત હોય તેને જરૂર ભગવદીયનો પક્ષ રાખ્યો જોઈએ અને વિમુખનો પક્ષ ત્યાગ્યો જોઈએ. **— વચ. ગઢડા મધ્ય : ૫**

૩. જેવાં પોતાનાં સગાંવહાલાં હોય અથવા માબાપ હોય તેનો પક્ષ રહે છે, તેવો ભગવાનના ભક્તનો દૃઢ પક્ષ રાખવો. **— વચ. ગઢડા મધ્ય : ૬૦**

૪. એવી રીતે જેવો દેહના સંબંધીનો પક્ષ છે તેવો જેને સત્સંગનો પક્ષ હોય તેનો પાયો સત્સંગને વિષે અચળ છે. **— વચ. ગઢડા પ્રથમ : ૭૮**

આપણા ઇષ્ટદેવ **શ્રીજીમહારાજ** તથા તેઓને અખંડ ધારી રહેલા **પૂજ્ય ગુરુજી** અને શ્રીજીમહારાજના આશ્રિત **સત્સંગી વૈષ્ણવનો માથા સાટે દૃઢ પક્ષ** રાખવો એ પાકા હરિભક્ત માટે જરૂરી અંગ છે. ભગવાનના ભક્તનો પક્ષ રાખનાર ઘણા ભક્તોનું શ્રીજીમહારાજે **આત્યંતિક કલ્યાણ** કર્યું છે. પક્ષ રાખતાં આબરૂ વધે કે ઘટે, દેહ જીવે કે મરે અથવા માન થાય કે અપમાન થાય તો પણ ભગવાનના ભક્તનો **પક્ષ મૂકવો નહિ**. ભગવાનના ભક્તનો પક્ષ રાખવાથી ભગવાનની ખૂબ જ પ્રસન્નતા થાય છે. જેવી રીતે આપણા સગાં-સંબંધીઓ દોષે યુક્ત હોય છે છતાં આપણે તેમનો પક્ષ રાખીએ છીએ, તેવી જ રીતે ભગવાનના ભક્તના **દૈહિક સ્વભાવના** દોષ ન જોતાં, તેમને ભગવાનનો આશરો છે — એ જ એક વાત **મુખ્ય** રાખી, તેમનો પક્ષ રાખવાથી ભગવાન પ્રસન્ન થાય છે. જેમ ગુંદાળી ગામના બે કાઠી ભક્તોએ પક્ષ રાખ્યો હતો તેવો પક્ષ રાખવો.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) વિસનગરમાં સત્સંગનો વિરોધ કરનાર કોણ હતું? .....

(૨) સુબો એટલે શું? .....

(૩) લાલદાસસુબો સત્સંગીઓને કેવા દુ:ખ આપતો?

.....

(૪) શોભારામને તેના કર્મોનું કેવું ફળ મળ્યું?

.....

(૫) લાલદાસ સુબાને તેના કર્મોનું કેવું ફળ મળ્યું?.

.....

(૬) પ્રસ્તુત પાઠમાંથી તમે શુ બોધપાઠ લીધો?

.....

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પુરો.

(૧) શ્રીજી મહારાજે ..... ગામમાં ભવ્ય યજ્ઞ કર્યો હતો. (ડભાણ, લોજ, લોયા)

(૨) વીસનગરમાં બ્રાહ્મણોની જ્ઞાતિમાં આગેવાન અને ધનવાન ..... હતા.
(લાલદાસ સુબો, શોભારામ, લક્ષ્મીચંદ)

(૩) શોભારામ ..... દિવસમાં આંધળો થયો? (૮, ૪, ૨)

(૪) શ્રીજી મહારાજનો પકડવાની યોજના ..... ઘડી.
(લાલદાસ સુબાએ, શોભારામે, રાજાએ)

(૫) આપણે .....નો પક્ષ રાખવો જોઈએ. (સત્સંગી, કુસંગી, સગાસંબંધી)

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) કોઈએ યજ્ઞકુંડમાં પડી, બળી મરવું હતુને ! ☞ .....

(૨) જો સ્વામિનારાયણ ભગવાન હોય, તો હું આઠ દિવસમાં આંધળો થાઉં ☞ .....

(૩) ભગવાન પાસે આંધળા થવાનું શું માંગે છે? ☞ .....

(૪) આપ તો સાક્ષાત્ ખુદા છો. મને માફ કરો : ☞ .....

(૫) મેં આપના પવિત્ર ભક્તો પર ઘણું કષ્ટ ગુજાર્યું છે, મને માફ કરો ☞ .....

(૬) અરરર ૨, આપણે લીધે શોભારામ અંધ થયા. ☞ .....

પ્રશ્ન-૪ પક્ષ એટલે શું? આપણે કોનો પક્ષ રાખવો જોઈએ? તમારા શબ્દોમાં જણાવો.

.....

.....



સભા-૨૩ : પ્રેમીજનને વશ પાતળિયો

શ્રીજીમહારાજનો આ બ્રહ્માંડમાં પ્રગટ થવાનો પ્રથમ હેતુ હતો - **'પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરી તેને લાડ લડાવવા.'** ભગવાન ભક્તના **પ્રેમના ભૂખ્યા** છે. ભક્ત ભગવાનને બાંધવા ઇચ્છે તો એકમાત્ર **પ્રેમબંધન**થી જ બાંધી શકે છે. એટલે તો કીર્તનમાં કહ્યું કે,

''પ્રેમીજનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે...''

આવા તો અનેક **પ્રસંગો** જોવા મળતા કે મહારાજે પોતાના **ભક્તોને વશ** થઈ તેના **મનોરથો** પૂર્ણ કર્યા હોય.

સોરઠ દેશનું **ભાડેર** નામનું નાનકડું ગામ. ગામના **પાતરભાઈ દરબાર**ને ત્યાં **મહારાજ પધાર્યા**. હરખઘેલા ભક્તો મહારાજને જોઈ ગાંડા-ઘેલા થઈ ગયા. પાતરભાઈએ મહારાજને ઢોલિયો-ગાદલાં પાથરી દીધાં. સવારનો **દિવસ ઊગતાનો સમય** હતો જેથી ઘરમાં-ઓશરીમાં હજુ **અંધારું** હતું. પાતરભાઈનાં **ધર્મપત્ની** તો મહારાજનાં દર્શને હર્ષઘેલા અડધાં અડધાં થઈ ગયાં. તે મહારાજનું **સ્વાગત** કરવા દોડ્યાં. ઘરમાં **કોઠલામાંથી દૂધનું બોઘરણું** કાઢી, આવ્યા મહારાજ પાસે.

'લ્યો મારા નાથ ! જમો, **આ દૂધ જમો...**'

મહારાજે તો બોઘરણું જ **મોઢે માંડ્યું** ને માંડ્યું પીવા. 'આહાહા... **ભારે મીઠું દૂધ છે,** આમાં તે **સાકર** નાંખી છે કે પછી **પારઠ ભેંસનું** દૂધ છે ?'

'ના... ના... મહારાજ ! આ તો આપણી **ઘરની ભેંસનું જ દૂધ** છે... જમો... મારા પ્રીતમ ઘણું જમો...' કહી બાઈ તો દૂધ પીતા મહારાજના સ્વરૂપમાં મગ્ન બન્યાં.

જ્યાં પૂરું થવા આવ્યું ત્યાં તો બીજી વખત, ત્રીજી વખત એમ **ત્રણ ત્રણ વખત તાણ કરી** કરીને **ખૂબ પાયું**. મહારાજે તૃપ્ત થયાનો **ઓડકાર** ખાધો.

હવે જ્યાં આ બાઈ બીજા હરિભક્તો માટે ઘરમાં **છાશ** લેવા ગયા ત્યાં તો અરે, **આ શું..? ભારે કરી...** બહાર આવી પોક મૂકી... 'અરે મહારાજ... **મેં ગાંડીએ તમને દૂધને બદલે ખાટી છાશ પાઈ દીધી...** મને માફ કરો દયાળુ ! માફ કરો ; મેં ભારે અપરાધ કરી નાખ્યો.'

મહારાજે કહ્યું, 'બાઈ ! **તમારા પ્રેમે કરી એ છાશમાં પણ અમને દૂધ કરતાંય અધિક સ્વાદ આવ્યો છે** માટે મૂંઝાશો નહિ. અમને એમાં ખૂબ સુખ આવ્યું છે.' એમ કહી આશ્વાસન આપ્યું.

વ્હાલા બાળભક્તો ! સુરદાસે ગાયુ છે કે, **" સબસે ઊંચી પ્રેમ સગાઈ"** આપણા ભગવાન પ્રેમાધિન છે., ભક્ત-વત્સલ છે. સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામીએ પણ ગાયું છે કે :

પ્રેમી જનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે;
જાતિ વરણને રૂપે ન રીઝે, પ્રભુજીને ભક્તિ પ્યારી રે;



સત્સંગ સમજણ વિભાગ

નિશ્ચય

મનથી નક્કી કરેલું હોય તે, મનનો દૃઢ એટલે કે ન ફરે એવો વિચાર, પાકો વિચાર, નિઃસંશય જ્ઞાન.

દા.ત., આ લીંબડો છે અને આ આંબો છે.

ભગવાન અને સંત સાચા છે, સર્વોપરી છે, તેનાથી અધિક કાંઈ જ નથી તથા કોઈ જ નથી, એવી દૃઢતા એટલે નિશ્ચય.

૧. શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ. **— વચ. ગઢડા અંત્ય : ૨૭**

૨. જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે ને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે. **— વચ. લોયા : ૩**

૩. એ ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિક ભાવ નથી અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી રહ્યો છે. **— વચ. વરતાલ : ૫**

☞ આપણને આપણું નામ, આપણી જ્ઞાતિ, આપણું ગામ વગેરેનું જ્ઞાન, જેવી રીતે દૃઢ થયું છે અને કોઈ પણ સંજોગોમાં ભુલાતું નથી, તેવી જ રીતે આપણા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અનંત કોટિ બ્રહ્માંડના આધાર, અક્ષરધામના અધિપતિ, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વોપરી છે એમ જે દૃઢપણે સમજવું તેનું નામ નિશ્ચય.

☞ ભગવાન પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા અને પોતાનું સુખ આપવા આ પૃથ્વી પર મનુષ્યરૂપે પધારે છે. એમનું આ મનુષ્યસ્વરૂપ અને એમની ક્રિયાઓ અન્ય મનુષ્ય જેવી હોય છે, છતાં એ દિવ્ય છે, કલ્યાણકારી છે; એમ સમજવું એ નિશ્ચય.

☞ એ મનુષ્યરૂપમાં તથા અક્ષરધામમાં બિરાજતા દિવ્ય સ્વરૂપમાં કોઈ પણ ભેદ નથી, બંને એક જ છે, એમ સમજવું એ નિશ્ચય.

☞ એ પરમાત્મા આ પૃથ્વી ઉપર પ્રત્યક્ષ ન હોય ત્યારે તેમના ધારક પરમ એકાંતિક સંત જેમના દ્વારા તેઓ આ પૃથ્વી ઉપર અખંડ વિચરે છે, તે સ્વરૂપને ઓળખીને તેમાં સદા દિવ્યભાવ રાખવો, એ નિશ્ચય.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) ભાડેર ગામના ભક્તનું નામ જણાવો.

( ) A - પર્વતભાઈ ( ) B - લાડકીબાઈ ( ) C - પાતરભાઈ

(૨) 'પ્રેમીજનને વશ પાતળિયો, શ્યામ સુંદર સુખકારી રે' આ કીર્તન કોનું બનાવેલું છે?

( ) A - મુક્તાનંદ સ્વામી ( ) B - પ્રેમાનંદ સ્વામી ( ) C - બ્રહ્માનંદ સ્વામી

(૩) પાતરભાઈના પત્નીએ શ્રીજીમહારાજને શું પીવડાવ્યું?

( ) A - ખીર ( ) B - દૂધપાક ( ) C - ખાટી છાશ

(૪) ભગવાન શેના ભુખ્યા છે.?

( ) A - ભોજન ( ) B - પ્રેમભાવ ( ) C - વસ્તુ-પદાર્થ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજનો આ બ્રહ્માંડમાં પ્રગટ થવાનો પ્રથમ હેતુ શું છે?

.....

.....

(૨) પાતરભાઈના પત્નીની છાશ પીને શ્રીજી મહારાજે શું કહ્યું?

.....

.....

પ્રશ્ન-૩ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) લ્યો મારા નાથ ! જમો, આ દૂધ જમો : ☞ .....

(૨) આહાહા.... ભારે મીઠું દૂધ છે : ☞ .....

(૩) મેં ગાંડીએ તમને દૂધને બદલે ખાટી છાશ પાઈ દીધી : ☞ .....

પ્રશ્ન-૪ 'નિશ્ચય' એટલે શું? તમારા વાક્યોમાં જણાવો.

.....

.....

.....

.....

.....

.....

સભા-૨૪ : ગુરુભક્ત ઉપમન્યુ

ઉપનિષદ્ કાળની વાત છે.


મહર્ષિ **આયોદધૌમ્યના** શિષ્યો પૈકીના એક બાળકનું નામ હતું **ઉપમન્યુ.** ગુરુદેવે ઉપમન્યુને પોતાની **ગાયોને ચરાવવાનું કામ** સોંપી રાખ્યું હતું. તેઓ આખો દિવસ **વન**માં ગાયો ચરાવતા અને **સાંજે** આશ્રમમાં પાછા આવી જતા હતા.

એક દિવસે ગુરુદેવે પૂછ્યું - 'બેટા ઉપમન્યુ ! તું આજ કાલ **ભોજન** શું કરે છે ?' ગુરુ અને માતા-પિતાના ભક્ત બાળક ઉપમન્યુએ નમ્રતા પૂર્વક કહ્યું – 'હે ભગવાન ! હું **ભિક્ષા** માગીને પોતાનું કામ ચલાવી લઉં છું.'

મહર્ષિ બોલ્યા, 'વત્સ ! બ્રહ્મચારીએ આ રીતે **ભિક્ષાનું અન્ન ખાવું જોઈએ નહિ.** ભિક્ષા માગતાં જે કંઈ મળે તે **ગુરુની સામે મૂકી દેવું જોઈએ**. તેમાંથી ગુરુ કંઈ આપે તો તે ગ્રહણ કરવું જોઈએ.'

ઉપમન્યુએ મહર્ષિની **આજ્ઞા** સ્વીકારી લીધી. હવે તેઓ ભિક્ષા માગતાં **જે કંઈ મળતું** તે લાવીને **ગુરુની સામે** મૂકી દેતા હતા. ગુરુદેવે તો શિષ્યની **શ્રદ્ધા**ને જ દૃઢ કરવી હતી, તેથી તેઓ ભિક્ષામાં મળેલું બધું અન્ન પોતાની પાસે રાખી લેતા હતા; તેમાંથી **કશું જ ઉપમન્યુને આપતા ન હતા.**

થોડા દિવસો પછી જ્યારે ગુરુદેવે પૂછ્યું કે, 'ઉપમન્યુ ! તું આજ કાલ **શું ખાય છે** ?' ત્યારે જણાવ્યું કે, 'હું એકવાર લાવેલું ભિક્ષાનું અન્ન ગુરુદેવને આપી દીધા પછી **પોતાને માટે બીજી વાર**



ભિક્ષા માગી લાવું છું.' મહર્ષિએ કહ્યું, 'બીજી વાર ભિક્ષા માગવી એ તો **ધર્મથી વિરુદ્ધ** છે. એમ કરવાથી ગૃહસ્થોએ વધુ બોજ વેઠવો પડે અને બીજા ભિક્ષા માગનારાઓને પણ સંકોચ થશે. હવે તું **બીજી વાર ભિક્ષા માગવા જઈશ નહિ.'**

ઉપમન્યુએ કહ્યું — **'જેવી તમારી આજ્ઞા.'**

તેણે બીજી વાર ભિક્ષા માગવાનું બંધ કરી દીધું. થોડા દિવસો પછી જ્યારે મહર્ષિએ ફરી પૂછ્યું ત્યારે ઉપમન્યુએ જણાવ્યું કે, **'હું ગાયોનું દૂધ પી લઉં છું.'**

મહર્ષિ બોલ્યા : આ તો બરાબર નથી. ગાયો જેમની હોય છે, ગાયોનું દૂધ પણ તેમનું જ હોય છે. ઉપમન્યુએ **દૂધ પીવાનું પણ બંધ કરી દીધું.**


થોડા દિવસો વીત્યા પછી ગુરુદેવે પૂછ્યું — 'ઉપમન્યુ ! તું બીજી વાર ભિક્ષા પણ નથી માગી લાવતો અને ગાયોનું દૂધ પણ નથી પીતો, તો પછી શું ખાય છે ? તારું શરીર તો **ઉપવાસ** કરનારાઓના જેવું દૂબળું દેખાતું નથી.'

ઉપમન્યુએ કહ્યું — 'ભગવાન ! **વાછરડાંઓના મોઢામાંથી જે ફીણ ટપકે છે તે પીને હું પોતાનું કામ ચલાવી લઉં છું.'**

મહર્ષિ બોલ્યા - 'વાછરડાં ઘણાં દયાભાવ વાળાં હોય છે. તેઓ પોતે ભૂખ્યાં રહીને તારે માટે વધુ ફીણ ટપકાવતાં હશે. તારી આ વૃત્તિ પણ વાજબી નથી.'

હવે ઉપમન્યુ **ઉપવાસ** કરવા લાગ્યા. આખો દિવસ કશુંય ખાધા વિના ગાયોને ચરાવતા રહીને તેમણે એક વનમાંથી બીજા વનમાં રખડવું પડતું હતું. આખરે જ્યારે ભૂખ **અસહ્ય** બની ગઈ ત્યારે તેમણે **આકડાનાં પાંદડાં ખાઈ લીધાં.** તે ઝેરી પાંદડાંઓનું **ઝેર** શરીરમાં પ્રસરી જવાથી તેઓ **આંધળા** થઈ ગયા. તેમને કશું પણ દેખાતું ન હતું. ગાયોના ચાલવાનો **અવાજ (પગરવ)** સાંભળીને તેઓ તેમની પાછળ ચાલી રહ્યા હતા. રસ્તામાં **પાણી વગરનો એક કૂવો** આવ્યો અને **ઉપમન્યુ તેમાં પડી ગયા.**





અંધારું થઈ ગયા પછી જ્યારે બધી ગાયો પાછી આવી ગઈ અને ઉપમન્યુ **પાછા ન આવ્યા** ત્યારે મહર્ષિને ચિંતા થઈ. તેઓ વિચારવા લાગ્યા 'મેં તે ભોળા બાળકનું ખાવાનું બધી રીતે બંધ કરાવી દીધું છે. કષ્ટ સહન કરતાં કરતાં દુઃખી થઈને તે ક્યાંક જતો તો નહિ રહ્યો હોય !'

તેઓ તેને જંગલમાં ખોળવા નીકળ્યા અને વારંવાર પોકારવા લાગ્યા 'બેટા ઉપમન્યુ ! તું ક્યાં છે ?'

ઉપમન્યુએ કૂવામાંથી જવાબ આપ્યો **'ભગવાન ! હું કૂવામાં પડી ગયો છું.'**

મહર્ષિ ઉપમન્યુ પાસે ગયા અને તેમની બધી વાતો સાંભળી. પછી તેમણે **વેદના મંત્રો** વડે **અશ્વિનીકુમારોની** સ્તુતિ કરવાની ઉપમન્યુને આજ્ઞા આપી. સુંદર સૂરમાં જ્યારે ઉપમન્યુએ **શ્રદ્ધાપૂર્વક સ્તુતિ** કરી ત્યારે દેવોના વૈદ્ય **અશ્વિનીકુમારો** ત્યાં કૂવામાં પ્રગટ થયા.

તેમણે ઉપમન્યુની આંખો સાજી (સારી) કરી દીધી અને તેમને એક **પૂડો** આપીને તે ખાઈ લેવા કહ્યું. પરંતુ ઉપમન્યુએ પોતાના **ગુરુદેવને અર્પણ કર્યા વિના** તે પૂડો ખાવાનું સ્વીકાર્યું નહિ. ત્યારે અશ્વિનીકુમારોએ કહ્યું – '**તમે સંકોચ ન કરો.** અગાઉ તમારા ગુરુજીએ પણ પોતાના ગુરુજીને અર્પણ કર્યા વિના જ, અમે આપેલો પૂડો **પ્રસાદ** માનીને ખાઈ લીધો હતો.'

ઉપમન્યુ એ કહ્યું : '**તેઓ મારા ગુરુજી છે.** તેમણે જે કાંઈ પણ કર્યું હોય તે ખરું; પરંતુ હું તો તેમની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ જ કરું.' ઉપમન્યુની આવી **ગુરુભક્તિ**થી જોઈને અશ્વિનીકુમારોએ તેમને **સમસ્ત વિદ્યાઓ ભણ્યા વગર જ પ્રાપ્ત થઈ જવાના આશીર્વાદ આપ્યા.** પછી જ્યારે ઉપમન્યુ કૂવામાંથી બહાર નીકળ્યા ત્યારે મહર્ષિ આયોદધૌમ્યએ પોતાના તે પ્રિય શિષ્ય ઉપમન્યુને હૈયા સરસા ચાંપી લીધા.

વ્હાલા બાળભક્તો ! આપણે પણ ગુરુની બધી જ આજ્ઞાઓ પાડવી. તેમાં શંકા-કુશંકા ન કરવી અને પોતાના ગુરુની તમામ ક્રિયાઓને આપણા હિતમાં જ સમજવી. પોતાના ગુરુનો ક્યારેય અભાવ-અવગુણ ન લેવો - દિવ્યભાવ રાખવો.

આપણા વ્રત-ઉત્સવો

(૧) **બેસતું વર્ષ :** કારતક સુદ પડવો. આ દિવસથી નવું વર્ષ શરૂ થાય છે. એટલે તેને બધા **બેસતું વર્ષ** કહે છે. આ દિવસે ભગવાન, સંતો અને વડીલોના આશીર્વાદ લેવાના હોય છે.

(૨) **પ્રબોધિની એકાદશી :** કારતક સુદ-૧૧ એકાદશી. આ દિવસે ચાતુર્માસના નિયમો પૂરા થાય છે. તે દિવસે કરેલો ઉપવાસ ૨૪ એકાદશીના ઉપવાસનું ફળ આપે છે.

(૩) **મકરસંક્રાંતિ :** આ ઉત્સવ ૧૪મી જાન્યુઆરીના દિવસે આવે છે. બાળકો પતંગ ચગાવે છે. આ દિવસે દાનનું ફળ અનંત ગણું થાય છે.

(૪) **માઘસ્નાન :** પોષ મહિનાની પૂનમથી મહા મહિનાની પૂનમ સુધી **સાંજે ભરેલાં માટલાનાં પાણીથી** સવારે સ્નાન કરવું કે નદી-તળાવમાં સ્નાન કરવું; તેને **માઘસ્નાન** કહે છે.

(૫) **વસંતપંચમી :** મહા સુદ પાંચમને વસંતપંચમી કહે છે. આ દિવસે સ્વામિનારાયણ ભગવાને **શિક્ષાપત્રી લખી હતી.**

(૬) **હોળી :** ફાગણ સુદ-૧૫ પૂનમ. આ દિવસે પ્રહ્લાદને બાળવા આવેલી **હોળિકા** પોતે જ બળી ગઈ. તે નિમિત્તે લોકો રાત્રે હોળી પ્રગટાવે છે.

(૭) **ધૂળેટી :** ફાગણ વદ પડવાને ધૂળેટી કહે છે. આ દિવસે બધાં **રંગે રમે** છે.

(૮) **શ્રીહરિ જયંતી :** ચૈત્ર સુદ-૯. આ દિવસે રાત્રે ૧૦-૧૦ મિનિટે આપણા ઇષ્ટદેવ **શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ** થયા તે નિમિત્તે ઉત્સવ થાય છે. તેમજ આ દિવસે ભગવાન **શ્રીરામચંદ્રજી** પણ પ્રગટ થયા હતા.

(૯) **નિયમી એકાદશી :** અષાઢ સુદ-૧૧. આ દિવસથી **ચાતુર્માસનો પ્રારંભ** થાય છે. એટલે ભક્તો આજથી કાંઈક વિશેષ નિયમો ધારણ કરે છે.

(૧૦) **ગુરુ પૂર્ણિમા :** અષાઢ સુદ પૂનમ. આ દિવસે શિષ્યો પોતાના **ગુરુજીનું પૂજન-વંદન** કરી આશીર્વાદ મેળવે છે.

(૧૧) **રક્ષાબંધન :** શ્રાવણ સુદ પૂનમ. આજે બહેન પોતાના ભાઈને **રાખડી** બાંધે છે. ભગવાનના ભક્તો પોતાના ગુરુ કે વડીલ સંતો પાસે **રક્ષાસૂત્ર** બંધાવે છે.

(૧૨) **કૃષ્ણ જન્માષ્ટમી :** શ્રાવણ વદ-૮. આ દિવસે રાત્રે ૧૨.૦૦ વાગ્યે ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા હતા. તેનો ઉત્સવ થાય છે.

(૧૩) **દિવાળી :** આસો વદ અમાસ. આ દિવસે લોકો રોશની કરી ફટાકડા ફોડી **દિવાળી** પર્વ મનાવે છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) બાળક ઉપમન્યુના ગુરુનું નામ શું હતું ?

( ) A - મહર્ષિ વાલ્મીકિ ( ) B - મહર્ષિ આયોદધૌમ્ય ( ) C - મહર્ષિ વેદવ્યાસ

(૨) ઉપમન્યુ શું ચરાવવા વનમાં જાય છે ?

( ) A - બકરી ( ) B - ભેંસ ( ) C - ગાય

(૩) અશ્વિનીકુમારોએ ઉપમન્યુને શું ખાઈ લેવા કહ્યું ?

( ) A - પૂડો ( ) B - લાડુ ( ) C - મોહનથાળ

(૪) બીજી વાર ભિક્ષા માંગવાનું બંધ કર્યા પછી ઉપમન્યુ શું પીને ગુજરાન ચલાવતાં હતા ?

( ) A - લસ્સી ( ) B - છાસ ( ) C - દૂધ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ગુરુદેવ ઉપમન્યુ દ્વારા ભિક્ષામા મળેલું બધું અન્ન પોતાની પાસે શા માટે રાખી લેતાં હતા?

.....

(૨) ઝેરી પાંદડાઓનું ઝેર શરીરમાં પ્રસરી જવાથી ઉપમન્યુની શું હાલત થઈ ?

.....

(૩) ઉપમન્યુની ગુરુભક્તિ જોઈને અશ્વિનીકુમારોએ તેમને શું આશીર્વાદ આપ્યા ?

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(આકડા , પીપળો , ભિક્ષા , દૂધ , અશ્વિનીકુમારોએ , ગુરુદેવે , ખાડો , કૂવા)

(૧) ઉપમન્યુ ..... માંગીને પોતાનું ગુજરાન ચલાવે છે.

(૨) ઉપમન્યુથી ભૂખ અસહ્ય બની ગઈ ત્યારે તેમણે ..... ના પાંદડા ખાઈ લીધાં.

(૩) ઉપમન્યુ રસ્તામાં ..... માં પડી ગયા.

(૪) ઉપમન્યુની આંખો ..... એ સાજી કરી દીધી.

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) ‘ બેટા ઉપમન્યુ ! તું આજ કાલ ભોજન શું કરે છે ?’ ☞ .....

(૨) ‘ હું એકવાર લાવેલું ભિક્ષાનું અન્ન ગુરુદેવને આપી દીધા પછી પોતાને માટે બીજી વાર ભિક્ષા માગી લાવું છું.’ ☞ .....

પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોનો જવાબ ‘હા’ અથવા ‘ના’ માં આપો.

(૧) ગુરુદેવે ઉપમન્યુની આંખો સાજી કરી દીધી. ☐

(૨) દેવોના વૈદ્ય મહર્ષિ વશિષ્ઠ છે. ☐

(૩) ઉપમન્યુ વનમાં આખો દિવસ ગાયો ચરાવતાં હતાં. ☐

સભા-૨૫ : સૌના ભલા માટે પ્રાર્થના

તારીખ ૧૮-૮-૨૦૨૧ - **શ્રાવણ સુદ એકાદશીનો દિવસ હતો.** શ્રાવણ સુદ એકાદશી એટલે તિથિ પ્રમાણે **પૂજ્ય ગુરુજીનો જન્મદિવસ.**

પોતાનો જન્મદિવસ છે એટલે આજે તો **વધુ ભજન** કરવું પડે એમ વિચારી **બપોરના સમયે ગુરુજી માળા** લઈ **લોયાધામની વાડીમાં** ગયા. ત્યાં **એકાંત જગ્યા** શોધી અને **એક ઝાડીની ગુફામાં ભજન કરવા** બેઠા. ગુરુજી એકલા છે અને **સ્વામિનારાયણ મહામંત્રની માળા** ફેરવે છે. તેવામાં એક **ઘટના** બની. ગુરુજી **જ્યાં** ભજન કરતા હતા **ત્યાં** જ **સામેની ડાળી** પર એક **કાચીંડો** બેઠો હતો. અચાનક એક **મોટું પક્ષી** ત્યાં આવ્યું અને **તે કાચીંડાને મારીને લઈ ગયું.** આ દૃશ્ય જોઈને ગુરુજીનું **હૃદય દ્રવી** ગયું; અરેરાટી ઉપડી ને **વિચાર આવ્યો.** આજે એકાદશીનો શુભ દિવસ છે, વળી **મારો જન્મદિવસ પણ** છે અને આમ મારી નજર સામે કાચિંડાનું **અપમૃત્યુ** થયું !! ગુરુજીથી રહેવાયું નહિ; તેમણે **સંકલ્પ** કર્યો હે મહારાજ ! મારા આજના દિવસના બધા જ ભજન, સત્કર્મનું ફળ આ કાચીંડાને મળે અને તેનો **આવતો જન્મ સત્સંગ**માં થાય પછી **સત્સંગી** બની **મોક્ષભાગી** બને. **વ્હાલા બાળભક્તો ! જોયું ને ! ગુરુજી કેટલા દયાળુ છે. જીવ પ્રાણીમાત્રનું દુઃખ તે જોઈ શકતા નથી. ગુરુજી બીજાના ભલા માટે પોતાનું ભજન પણ અર્પણ કરી દે છે. બીજાના ભલા માટે પ્રાર્થના કરે છે. પરોપકાર-પરમાર્થ** માટે કરેલ પ્રાર્થના-ભજન **ઉત્તમ પ્રાર્થના** છે. **બીજા માટે** આપણે જેટલું **શુભ** ચિંતવીએ છીએ તેનું બમણું વળતર આપણને જ પાછું મળે છે. જો બીજાનું અશુભ ચિંતવવામાં આવે તો એનું પણ બમણું થઈ આપણને જ ચોટે છે. બીજા માટે શુભ ચિંતવવા અને પ્રાર્થના કરવા માટે **ઘણાં વર્ષોની અધ્યાત્મ સાધના** માંગી લે છે. તેમાં પણ પોતાના **શત્રુઓનું** ભલુ ચિંતવવું અને તેની માટે શુભની પ્રાર્થના કરવી એ તો




મહાપુરુષોની વિલક્ષણ લાક્ષણિકતા ગણાય છે.

પૂજ્ય ગુરુજી ક્યારેય પોતાના માટે પ્રાર્થના કરતા નથી. તેઓ હંમેશાં **બીજાના ભલા માટે જ મહારાજને પ્રાર્થના કરે છે. એક વખત** પૂજ્ય ગુરુજી **ઠાકોરજી મહારાજ** સમક્ષ પ્રાર્થના કરતાં હતાં. કોઈકે પૂછ્યું : ગુરુજી ! **આપ કોના માટે પ્રાર્થના કરો છો ?** ત્યારે ગુરુજીએ સહજતાથી કહ્યું : **મેં મારા માટે ક્યારેય પ્રાર્થના કરી નથી. આપણા માટે પ્રાર્થના કરવાની હોય નહિ. હું હંમેશાં જીવપ્રાણી માત્રના સારા માટે પ્રાર્થના કરું છું.** સર્વે સંતો સુખી રહે, હરિભક્તોના દેશકાળ સારા રહે, તેઓ તન-મન-ધનથી સુખીયા રહે, આલોક અને પરલોકમાં પણ સુખી રહે, સર્વે જગત સુખી રહે તે માટે પ્રાર્થના કરું છું.

વ્હાલા બાળકો ! આમ, પૂજ્ય ગુરુજી **પરદુઃખ વિનાશાર્થે સદા પ્રાર્થના** કરતા રહે છે. પૂજ્ય ગુરુજીની **પ્રાર્થનાના સંસ્પર્શથી દુઃખના દરિયામાં ડુબકીયો ખાતા હજારો દુઃખિયારાઓને સુખના કિનારા મળ્યા છે.**

કોરોના જેવી મહામારી વખતે, કોરોનાથી પીડાતા લોકોની **સુખાકારી** માટે પૂજ્ય ગુરુજી **સ્વયં માળા** ફેરવતાં અને **ધૂન** કરતાં. સર્વે સંતો-ભક્તોને પણ આજ્ઞા કરી હતી કે, **રોજ અડધો કલાકની ધૂન** અને **પૂજામાં એક એક માળા વધુ ફેરવવી.** કોઈ સંત-હરિભક્તના દુઃખની જાણ ગુરુજીને થાય કે તરત જ પોતે પ્રાર્થનામાં લાગી જાય અને સંતો-ભક્તો પાસે પણ પ્રાર્થના કરાવે.

ગુરુજીના લોહીના કણેકણમાં **પ્રાર્થના** છવાયેલી છે. દેશમાં **દુષ્કાળની** પરિસ્થિતિ હોય કે કોઈ **આફત** આવી હોય ત્યારે ગુરુજી દિવસ રાત ભગવાનને પ્રાર્થના કરતા રહે છે. ભયાનક **પુર હોનારત** હોય, **ધરતીકંપ** હોય, **અતિવૃષ્ટિ** કે **અનાવૃષ્ટિ** જેવી **વિકટ પરિસ્થિતિ** હોય કે **દેશના સીમાડા સુરક્ષિત** ન રહે તેવી **આફત** આવી પડી હોય - પૂજ્ય ગુરુજી તરત જ પ્રાર્થના દ્વારા **શાંતિના ઉપાયો** કરવા - કરાવવા લાગે છે. તેમનામાં જીવપ્રાણીમાત્રના હિતની કામના સદૈવ રહેલી છે. કોઈનું દુઃખ તેઓ ક્યારેય જોઈ શકતા નથી. એમને કોઈનું અહિત કરવાનો વિચાર શુદ્ધા આવ્યો નથી. એમનું **સમગ્ર જીવન પ્રાર્થના** અને **પરોપકારનું મૂર્તિમંત સ્વરૂપ છે. ગુરુજીના આ દયાળુ, કોમળ સ્વભાવના** કારણે જ આજે લોયાધામ પરિવારમાં ઠેર ઠેર **પરોપકારના કાર્યો** ચાલે છે. ગુરુજીના જેવો **દયાળુ સ્વભાવ** આપણે પણ કેળવવો રહ્યો...





સત્સંગ સમજણ વિભાગ

પ્રાર્થના એટલે શું ?

- પ્રાર્થના એ સમગ્ર માનવજાતિને ભગવાને આપેલું **મહામોંઘું વરદાન** છે. યુગોથી માનવી પ્રાર્થનાથી જ પરમાત્મા સાથે **તાર** જોડતો આવ્યો છે. પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યે પ્રેમનો - દાસત્વનો - શરણાગતિનો સ્વીકાર છે. પ્રાર્થના એ **ભગવાન સાથે જોડાવાનો** અત્યંત **સરળ** અને **ટૂંકો** રસ્તો છે.
- ભગવાન પ્રત્યેનો અનન્ય પ્રેમ, પ્રભુ મિલનની તીવ્ર ઝંખના અને વિશ્વાસ પ્રાર્થનારૂપે બહાર પ્રગટ થાય છે, પ્રાર્થના વિષયક અનેક શબ્દો લખવા-બોલવા કરતાં પ્રાર્થનાનો થોડોક અનુભવ કરવો અતિ ઉત્તમ છે, કેમકે પ્રાર્થનામાં શબ્દોનું નહિ પણ હૃદયનું મહત્ત્વ છે. શુદ્ધ હૃદય વિના સાચી પ્રાર્થના થઈ શકતી નથી. A Prayer without presence is no prayer.
- **સામાન્ય રીતે પ્રાર્થના એટલે પ્રભુ પાસે દીનભાવે કરેલી યાચના.** બરફ ઓગળતા જેમ પાણી બને છે, તેમ અહમ્ ઓગળતા સાચી પ્રાર્થના નીકળે છે. પ્રાર્થના એટલે પ્રભુની મરજીમાં રહેવાની કાકલુદી. પ્રાર્થના એટલે સ્વદોષો, ભૂલો-સ્વભાવોની કબૂલાત અને ફરી નહિ કરવાનો કરાર. આમ, પ્રાર્થના એ આંતરિક દોષોને બાળવાનું જલદ તેજાબ છે અને પ્રભુને રાજી કરવાની ભૂખ અને ગરજનું પ્રતીક છે.
- પ્રાર્થના એટલે સંસાર સાગર તરવાની નૌકા.
- પ્રાર્થના એટલે સઘળા પાપોને ધોવાનો ગંગાપ્રવાહ.



- પ્રાર્થના એટલે નિર્બળનું બળ.
- પ્રાર્થના એટલે અંતરના ઊંડાણમાંથી નીકળેલ આર્તનાદ.
- પ્રાર્થના એટલે ભગવાન સાથેનું અંતરનું જોડાણ.
- પ્રાર્થના એક આંતરખોજ છે.



● પ્રાર્થનાના લાભ શા ?

⇨ ભગવાન અને સંત પાસે કરાયેલી પ્રાર્થનાઓ કદી **નિષ્ફળ** જતી નથી; પાપ-તાપ-સંતાપ ત્રણે ત્યાં ટળી જાય છે. નિયમિત પ્રાર્થના કરવાથી **નિર્દોષ** થઈ જવાય છે ને જીવનમાં સદ્‌ગુણો-સદ્‌વૃત્તિ-સરળતા-નમ્રતા-કોમળતા-દીનભાવ **વૃદ્ધિ** પામે છે.

⇨ પ્રાર્થનાથી યથેષ્ટ કામનાની પૂર્તિ થાય છે ને વિપત્તિઓ સામે સહાય પ્રાપ્ત થાય છે. **નિરાશાઓની વચ્ચે એક આશાનું** કિરણ પ્રાપ્ત થાય છે.

⇨ પ્રાર્થનાથી વ્યક્તિના આંતરિક માન-ઈર્ષાદિ દોષોનું શમન થવાથી **આંતરિક શાંતિ** મળે છે. આંતરિક શાંતિની સાથે સાથે શારીરિક-માનસિક રોગોનું પણ નિવારણ પ્રાર્થનાથી સહેજે થઈ જાય છે. એથી વિશેષ કૌટુંબિક-વ્યાવહારિક ઝગડાઓનું શમન થઈ જાય છે. આમ, પ્રાર્થનાથી **વ્યક્તિગત** અને **સામાજિક** અનેક લાભ થાય છે. **વિશ્વશાંતિના બીજ પણ પ્રાર્થનાથી જ વવાય છે.**

● રોજ સવારે પૂજામાં કરવાની પ્રાર્થના :

હે મહારાજ ! હે સ્વામીશ્રી ! હે ગુરુજી ! હું હંમેશાં આપની આજ્ઞા પાળું, ખરાબ કાર્ય ન કરું, આપને રાજી કરી શકું તેવાં બળ-બુદ્ધિ-શક્તિ આપજો. કુસંગ થકી રક્ષા કરજો અને સારાનો સંગ આપજો. માતાપિતાની સેવા કરું અને અભ્યાસ બરાબર કરું અને આપનો આદર્શ ભક્ત બનું એવી શક્તિ આપજો.



● રોજ રાત્રે સૂતાં પહેલાં કરવાની પ્રાર્થના

હે મહારાજ ! હે સ્વામીશ્રી ! હે ગુરુજી ! આખા દિવસમાં જાણે-અજાણે મારાથી ભૂલ થઈ હોય તે માફ કરજો. ફરી ભૂલ ન થાય તેવી પ્રેરણા આપજો અને સવારે મને વહેલો ઉઠાડજો. આવતી કાલે આપને વિશેષ રાજી કરી શકું તેવી શક્તિ આપજો.

● પરમ પૂજ્ય ગુરુજી કહે છે :

આવો રૂડો **મનુષ્યદેહ** અને સત્સંગ મળ્યા પછી પણ **હૃદય ભગવાન માટે ભીનું** ન થાય તો મનુષ્યજન્મનો કોઈ લાભ નથી ! આ આત્માને પરમાત્માના રસથી ભીનો કરવા માટેનો એક માત્ર ઉપાય છે : **પ્રાર્થના.** માટે, **સાચા ભાવે ભગવાનને પ્રાર્થના કર્યા કરો.** એક મહિનો ખરેખરા **ભૂખ્યા** અને **ગરજુ થઈ** નિષ્કામભાવે પ્રાર્થના કરવા મંડી પડો ! મહારાજની પાછળ પડી જાવ ! આપણી પ્રાર્થના ન કેમ સાંભળે ? આંખમાં આંસુ અને હૃદયના સાચા ભાવ સાથે **કરગરી પડો** !! પ્રાર્થના કરવા **પાગલ** થઈ જાવ. દરેક ક્રિયામાં પ્રાર્થનાનો પોકાર ચાલુ જ રાખો ; પછી જુઓ - **એક મહિનામાં આત્માની ભૂમિકા બદલાઈ જશે,** જીવનમાં જરૂર ફેરફાર થશે જ...

કદાચ પ્રાર્થનાનું **પરિણામ ન દેખાય** - તો પણ **હતાશ** કે **નિરાશ નહિ થવાનું.** મહારાજ આપણી પ્રાર્થના **અવશ્ય સાંભળે જ** છે. સતત પ્રાર્થનાનો મારો ચાલુ રાખો. વારંવાર કરગરીશું તો ભગવાન જરૂર **દયા કરશે જ.** કદાચ ભગવાન નહિ સામુ જુએ તો મોટી **'મા મુક્તાનંદ સ્વામી'** તો જરૂર સામું જોશે જ - માટે મહારાજને અને સ્વામીશ્રીને પ્રાર્થના કર્યા કરો.

જેનામાં ત્યાગ-વૈરાગ્યરૂપી ઊંચી પાત્રતા - ઊંચી મૂડી ન હોય તો પ્રાર્થના-ભજનની શરૂઆત કરી દેવી. **ઓછી મૂડીએ વધુ નફો મેળવવા માટે પ્રાર્થના-ભજન જ શ્રેષ્ઠ ઉપાય છે.** સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરો... **ભજન કરતા પ્રાર્થના ત્રણ ગણી વધારે કરો.** ભગવાન પાસે આલોકના વસ્તુ-પદાર્થો ન માંગો - ભગવાન પાસે ફક્ત ભગવાનને જ માંગો...



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ગુરૂજીએ પોતાના જન્મ દિવસે કાચીંડાનુ મૃત્યુ જોઈ ભગવાનને શું પ્રાર્થના કરી?

.....

.....

(૨) ઉત્તમ પ્રાર્થના કોને કહેવાય છે?

.....

(૩) મહાપુરૂષોની વિલક્ષણ લાક્ષણિકતા શું હોય છે?

.....

.....

(૪) પૂજ્ય ગુરૂજી હંમેશા કોના માટે પ્રાર્થના કરે છે?

.....

(૫) રોજ રાત્રે સૂતાં પહેલા કેવી પ્રાર્થના કરવાની હોય છે?

.....

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

(૧) પૂજ્ય ગુરૂજીનો જન્મદિવસ ..... તિથિ છે.

(શ્રાવણ વદ - એકાદશી, શ્રાવણ વદ - પૂનમ, શ્રાવણ સુદ - એકાદશી)

(૨) પ્રાર્થના એક ..... છે. (આંતરમન, આંતરખોજ, અંતશત્રુ)

(૩) ભગવાન અને સંત પાસે કરાયેલી પ્રાર્થના કદી .....જતી નથી.

(સફળ, નિષ્ફળ, ફળદાયી)

(૪) વિશ્વશાંતિના બીજ પણ .....થી વવાય છે.

(હળથી, ખેડૂતથી, પ્રાર્થનાથી)

પ્રશ્ન-૩ પ્રાર્થના એટલે શું? તથા પ્રાર્થના લાભ જણાવો.

.....

.....

.....

.....

.....

.....

સભા-૨૬ : કચરા ભગત


કંથકોટમાં લુહાણા જ્ઞાતિમાં **કચરા ભક્ત** શ્રીજી મહારાજના **એકાંતિક ભક્ત**. તેઓ **ધર્માદો** ચોખ્ખો કાઢતા. શ્રીજી મહારાજના સંતો પોતાને ઘેર પધારે ત્યારે રસોઈ જમાડીને વસ્ત્ર ઓઢાડતા. આવા પ્રેમી ભક્ત હતા. તેમનાં **ધર્મપત્નીનું નામ તેજુબા** હતું, તે પણ શ્રીજી મહારાજનાં ભક્ત હતાં.

તેમને ત્યાં એક વખત **અચાનક** મહારાજ પધાર્યા, **મહારાજને** આવેલા જોઈને કચરા ભક્તના મનમાં **હરખ** ન માય, ને **ગદ્ ગદ્** થઈને વારંવાર **દંડવત્** પ્રણામ કરવા લાગ્યા.

ત્યારે મહારાજે કહ્યું, 'અરે કચરા ! દંડવત્ કરવાનું રહેવા દો, **અમને ભૂખ બહુ લાગી છે,** માટે જે હોય તે જલ્દી લાવો.' ત્યારે કચરાએ કહ્યું, 'મહારાજ ! **રસોઈ** તૈયાર નથી ને મારા **ઘરના પિયરે** ગયાં છે, અને **હાલ મારે શાક વેંચવાનો સમય થયો છે,** તો જરા રાહ જુઓ. હમણાં જ આ **શાક વેંચાઈ** જશે, પછી હું તમોને **રસોઈ** તૈયાર કરી આપું.'

મહારાજ કહે : અમારાથી ત્યાં સુધી **રાહ** જોવાય તેમ નથી. **બહુ ભૂખ લાગી છે.**

ત્યારે કચરો કહે મહારાજ ! જો હું રસોઈ બનાવવા જઈશ તો મારા સવારના **ગ્રાહકો** જે શાક લેવા આવે છે તે ચાલ્યા જશે. શ્રીજીમહારાજ જાણતા હતા કે ભક્ત **માંડ માંડ** ગુજરાન ચલાવે છે. ત્યારે મહારાજ કહે....



‘કચરાને કહે છે કૃપાળ, તમે બનાવો રોટલા દાળ !
રાખું ત્યાં સુધી ઉઘાડું હાટ, બેસું બકાલું વેચવા આજ’

કચરા ભક્તે વિચાર્યું પ્રભુ બહુ આગ્રહ કરે છે તો **ના** પાડીશ તો સારું ન કહેવાય, એમ વિચારી મહારાજને હા પાડીને પોતે રસોઈની તૈયારીમાં લાગ્યા.

આ બાજુ **મહારાજ** તેમના **હાટમાં** બેસીને **બકાલું વેંચવા માંડ્યા**. પણ ભક્તના મનમાં થયું કે મહારાજ **બહુ દયાળુ** છે, જો કોઈ ગરીબ આવશે, તો **નમતું** આપશે અથવા તો **મફત** આપી દેશે. એવો મનમાં વિચાર કરે ને રસોઈની તૈયારી કરતાં કરતાં **વારે વારે હાટ બાજૂ નજર રાખે છે.**

આ બાજુ મહારાજે **અંતર્યામીપણે** સર્વે જાણી લીધું, ને પછી જ્યારે કોઈ **શાક** લેવા આવ્યું, ત્યારે મહારાજે **રીંગણ** થોડું **નમતું** થયું તો **મોટાનું નાનું કર્યું.** આ જોઈને કચરાને **વિશ્વાસ** આવ્યો, જે મહારાજ મારા કરતાં પણ **બરાબર જોખે** છે. પછી નિ:સંશય થઈ મહારાજને સંભારતા-સંભારતા સરસ રસોઈ તૈયાર કરી. ત્યાં સુધી આ બાજુ મહારાજે તો બધું શાક વેંચી દીધું.

જ્યાં કચરો મહારાજને બોલાવવા આવ્યો ને જોયું તો **બધું શાક ગાયબ**. મહારાજે સામેથી કહ્યું, કચરા લે આ **તારા રૂપિયા, શાક બધું વેંચાઈ ગયું** છે. કચરો વિચારવા લાગ્યો મહારાજે તો મારા કરતાં વધારે **કમાણી** કરી.

પછી કચરા ભક્તે મહારાજને જમવાનું કહ્યું ને શ્રીજી મહારાજ **જમવા** માટે બિરાજમાન થયા. મહારાજને રોટલો, અથાણું, દહીં ને ગોળ ખૂબ ભાવથી જમાડવા લાગ્યા. મહારાજ જમતા જાય ને **પ્રશંસા** કરતા જાય. પછી હાથ-મોઢું ધોઈને મહારાજે વિદાય માંગી. પછી કહ્યું અમો હાલ **ભુજ** જઈએ છીએ, તે વળતાં પાછા આવશું ને મળશું.

પછી કચરા ભક્તે પ્રણામ કરી રાજી ખુશીથી **વિદાય આપી** ને ત્યાંથી મહારાજ **ભુજ નગર** તરફ ચાલ્યા. ત્યાં રહેતા ભક્તોને થોડા દિવસ દર્શન આપીને **પાછા કંથકોટ** આવ્યા ત્યારે કચરા ભક્તના ઘરના **તેજુબાઈ** ત્યાં હતાં, પણ ઘરમાં કાંઈ **દાણા** નહિ તેથી પોતાનો **સાડલો** આદિ વસ્તુ **વાણિયાને ત્યાં જમા કરાવીને મહારાજને જમાડ્યા**. આવી **સેવા** જોઈને મહારાજ ખૂબ રાજી થયા ને કહ્યું, **‘અમો તમારા ઋણી થઈ ગયા.’**

તે ગામના **રાજા સત્સંગી** હતા. તે રાજાના આગ્રહથી મહારાજ તેમને ઘેર ઊતર્યા. રાજાને કથાવાર્તાનું સુખ આપ્યું. વળી તે **રાજાની દીકરીને મારવાડના રાજા** સંગાથે **પરણાવી** હતી, તેના **પતિનું મૃત્યુ** થઈ જવાથી પોતાના **પિતાને ઘેર** આવેલાં હતાં. તે પણ મહારાજનાં અનન્ય **નિષ્ઠાવાળા** ભક્ત હતાં. તેથી દીકરીએ મહારાજની ચંદન ફૂલથી પૂજા કરીને **સોનાના વેઢ દશેય આંગળીમાં પહેરાવ્યા** ને **રૂપિયા ભરી સોનાનો થાળ અર્પણ** કરી શ્રીજીની કપૂરથી **આરતી** કરી.

શ્રીજી મહારાજ બહુ રાજી થયા ને કહ્યું અમો **આ ધનનું શું કરશું ખબર છે** ? ત્યારે બાઈએ કહ્યું, ‘મહારાજ ! મેં તમોને ભેટ આપી છે હવે તમોને જે કરવું હોય તે કરજો.’

પછી મહારાજે તેમને આશીર્વાદ આપી, કંથકોટમાં રહેલા **બ્રાહ્મણોની ચોરાશી** કરી ને રૂપિયા દક્ષિણામાં આપી ને પોતાની **દશ આંગળીમાં રહેલા સોનાના વેઢ** વગેરે અલંકાર **કચરા ભક્તનાં સ્ત્રી તેજુબાઈને** આપ્યા ને કહ્યું **વાણિયાને ઘેરથી સાડલો વગેરે છોડાવી લ્યો**. પણ તે તેજુબાઈએ **પ્રસાદીના** જાણીને રાખી મૂક્યા. **મહારાજ આવા ભક્તવત્સલ છે.**

સત્સંગ સમજણ વિભાગ

ગુણગ્રહણ

સારા લક્ષણ, સદ્‌વૃત્તિ, શીલ મેળવવા
- અન્યમાંથી મધુકરવૃત્તિથી સારું સારું ગ્રહણ કરવું.
ભગવાન, સત્પુરુષ અને તેમના સંબંધવાળા દરેકમાં કેવળ સદ્‌ગુણ જ જોવા
તેમજ એ સદ્‌ગુણને ગ્રહણ કરવાં તથા અવગુણ સામે દૃષ્ટિ ન રાખવી
તે ગુણગ્રાહક-દૃષ્ટિ કહેવાય.

૧. જેમ દત્તાત્રેયે પંચભૂત, ચંદ્રમા, પશુ, વૈશ્યા, કુમારી, પોતાનો દેહ ઇત્યાદિક સર્વેમાંથી પણ ગુણ લીધા. એવી રીતે સંતમાં જેને ગુણગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો થાય છે. **— વચ. લોયા : ૫**

૨. જે વિવેકી છે તે તો દિવસે દિવસે ભગવાન ને ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે. **— વચ. ગઢડા પ્રથમ : ૬**

૩. મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય; અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય... અને જો મોટાપુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વે વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય. **— વચ. ગઢડા પ્રથમ : ૫૮**


૪. ભગવાનના ભક્તના ગુણ કહેવા, તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય ને એમાં દાખડો કાંઈ પણ ન મળે... **— સ્વામીની વાતો : ૪/૧૩૬**

સૌની પાસેથી થોડું થોડું માંગી લો

એક વાર શ્રીજીમહારાજ સંતોને **પીરસવા** માટે પધાર્યા. મહારાજે દરેક સંતોને ખૂબ પ્રેમથી પીરસ્યું. સૌ કોઈએ સહર્ષ મહારાજનો **જયનાદ** કર્યો. હજી જમવાનું શરૂ થાય ત્યાં **બે સંતો** આવી પહોંચ્યા. તેઓને **જમવાનું બાકી** હતું.

મહારાજને ખ્યાલ હતો કે તમામ રસોઈ **પીરસાઈ** ગઈ છે. આ નવા આવેલા સંતોને **શું પીરસવું** ? પણ તરત જ મહારાજે કહ્યું : **'તમે પત્તર લઈને સંતોની પંગતમાં ફરી સૌની પાસેથી થોડું થોડું માંગી લો.'**

બંને સંતો સૌની પાસે પત્તર લઈને નીકળ્યા. સૌ સંતોએ પણ પોતાના પત્તરમાંથી **સારી**



સારી ચીજ આપી. સંતોનાં પત્તર ભરાઈ ગયાં.

આ જોઈને મહારાજે સંતોને વાત કરી : 'જુઓ ! આ સંતોનાં **પત્તર ખાલી હતાં**. તેમણે સૌની પાસે **નમીને ગ્રહણ કર્યું** તો આખું પત્તર સારી સારી વાનગીઓથી **છલકાઈ** ગયું. તેમ સત્સંગમાં **વિનમ્ર** બનીને પ્રત્યેકના **જીવનમાંથી એક એક સારો સદ્‌ગુણ ગ્રહણ કરીએ તો જીવન આખું સદ્‌ગુણોથી છલકાઈ ઊઠે.**

ગુણગ્રહણથી આપણું જીવન દિવ્ય બની જાય છે. **'સત્સંગમાં ગુણો જ ગ્રહણ કરવા છે.'** એવી દૃષ્ટિ કેળવવાથી જીવન સદ્‌ગુણસંપન્ન બની જાય છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કચરા ભગત કઈ જ્ઞાતિના હતા ?

( ) A - સુતાર ( ) B - બ્રાહ્મણ ( ) C - ક્ષત્રિય ( ) D - લોહાણા

(૨) કચરા ભક્તની પત્નીનું નામ શું હતું ?

( ) A - મીઠીબા ( ) B - ભાવનાબેન ( ) C - કંચનબેન ( ) D - તેજુબા

(૩) કચરા ભક્ત રોજ શું વેચવા જાય છે ?

( ) A - બાજરો ( ) B - ઘઉં ( ) C - શાકભાજી ( ) D - કપડાં

(૪) તેજુબાઈએ પોતાનો સાડલો આદિ વસ્તુ કોને ત્યાં જમા કરાવી મહારાજને જમાડ્યા ?

( ) A - સોનીને ( ) B - સરપંચને ( ) C - વાણિયાને ( ) D - શાહુકારને

(૫) કચરા ભક્ત કયા ગામમાં રહેતા હતા ?

( )A - જેતપુર ( )B - માંડવી ( )C - મોરબી ( )D - કંથકોટ

(૬) શ્રીજી મહારાજે સોનાના વેઢ અને અલંકારો કોને આપ્યા ?

( )A - તેજુબાઈને ( )B - પ્રેમજીભાઈને ( )C - નાથા સુતારને ( )D - લક્ષ્મણભાઈને

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજના સંતો પોતાને ઘેર પધારે ત્યારે કચરા ભક્ત શું કરતાં ?

.....

(૨) કચરા ભક્ત મહારાજને શા માટે રાહ જોવાનું કહેતાં હતાં ?

.....

(૩) કેવી સેવા જોઈને મહારાજ ખૂબ રાજી થયા ને કહ્યું, 'અમો તમારા ઋણી થઈ ગયા.'

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(૧) .....માં લુહાણા જ્ઞાતિમાં કચરા ભક્ત રહેતા હતાં.

(૨) કચરા ભક્ત ગદ્ ગદ્ થઈને વારંવાર .....કરવાં લાગ્યાં.

(૩) મહારાજે રાજાને .....નું સુખ આપ્યું.

(૪) રાજાની દીકરીને .....ના રાજા સંગાથે પરણાવી હતી.

પ્રશ્ન-૪ નીચેના વાક્યોનો જવાબ 'હા' અથવા 'ના' માં આપો.

(૧) કચરા ભક્ત શ્રીજી મહરાજના એકાંતિક ભક્ત હતા. તેઓ ધર્માદો ચોખ્ખો કાઢતા. ☐

(૨) કંથકોટ ગામના રાજા સત્સંગી હતા. ☐

(૩) તેજુબાઈએ સોનાના વેઢ આપી વાણિયાને ઘેરથી સાડલો વગેરે છોડાવી લીધા. ☐

પ્રશ્ન-૫ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) 'અરે કચરા ! દંડવત્ કરવાનું રહેવા દો, અમને ભૂખ બહુ લાગી છે, માટે જે હોય તે જલ્દી લાવો.' ☞ .....

(૨) 'મહારાજ ! જો હું રસોઈ બનાવવા જઈશ તો મારા સવારના ગ્રાહકો જે શાક લેવા આવે છે તે ચાલ્યા જશે.' ☞ .....

પ્રશ્ન-૬ ટૂંકનોંધ લખો :

(૧) ગુણગ્રહણ એટલે શું ? અને તેના ફાયદાઓ જણાવો.

.....

.....

સભા-૨૭ : અજામિલ



કહેવાય છે **ભગવાનનું નામ** ગમે તે રીતે લેવામાં આવે પણ તે **મંગળકારી** હોય છે. વહેલું કે મોડું જપ કરનારનું **કલ્યાણ** જ થાય છે. એટલા માટે સંત તુલસીદાસજીએ કહ્યું છે....

તુલસી અપને રામ કો, રીઝ ભજો યા ખીજ ।
ભૂમી ફેંકે ઉગેંગે, ઉલ્ટે સીધે બીજ ॥

શ્રીમદ્ ભાગવતમાં **અજામિલ**ની કથા આજ વાતને પ્રસ્થાપિત કરે છે.

અજામિલનો જન્મ એક શ્રેષ્ઠ **બ્રાહ્મણ** પરિવારમાં થયો હતો. તે અનેક **અલૌકિક ગુણો**થી સંપન્ન હતો. નમ્રતા, સદાચાર, સત્યતા, પવિત્રતા – આ બધા ગુણો તેનામાં **સહજ રીતે** જોવા મળતાં. તેણે **શાસ્ત્રોનો** અભ્યાસ કર્યો હતો. ગુરુજન તેમજ અતિથિઓની સેવામાં તે ક્યારે પણ કમી ન રાખતો. તેની વાણીમાં ધીરજતા હતી. ગુણવાન હોવા છતા અહંકાર રહિત હોવું ઘણું મુશ્કેલ છે. પરંતુ તેને અહંકારે સ્પર્શ પણ કર્યો ન હતો.

તેના **પિતા** દરરોજ **યજ્ઞ** કરતા. અજામિલ તેમના માટે જંગલમાંથી ફળ – ફૂલ,

સમિધ, કુશ વગેરે હવન-પૂજાની સામગ્રી લઈ આવતો હતો.


એક દિવસ અજામિલ **યજ્ઞ-સામગ્રી** લઈ **જંગલમાંથી** પાછો ફરી રહ્યો હતો. સંજોગોવશ તેની નજર **એક યુવક** પર પડી. જે એક **વેશ્યા** સાથે આનંદિત થઈ રહ્યો હતો. તે બન્નેને એકબીજામાં ખોવાયેલા જોઈ તેનું મન **આસક્ત** થઈ ગયું. તેણે મનને રોકવા ઘણા પ્રયત્નો કર્યા પણ તે અસફળ રહ્યો. **કુસંગના તે દૃશ્ય જોઈને આનંદિત રહેવા લાગ્યો.** તે ઘર તો આવ્યો પણ **મન** તે **વેશ્યા**ને આપી આવ્યો. કુસંગે કોનો વિનાશ નથી કર્યો?

અજામિલની વિવેકબુદ્ધિ **કુંઠિત** થઈ ગઈ. તે પેલી વેશ્યા પાસે **પહોંચી** ગયો. હવે તો **વેશ્યાની ખુશી અજામિલની ખુશી હતી**. વેશ્યાને **સુખ** આપવા અજામિલ પોતાનું **ઘર-બાર લુંટાવી** નાખવામાં સંકોચ ન કરતો. તે કુલટાની **કુચેષ્ટાઓથી** પ્રભાવિત થઈ પોતાની **વિવાહિત પત્નીને** ભુલી ગયો. અને તેનો ત્યાગ કરી **વેશ્યાના ઘરે જ રહેવા લાગ્યો.** આવી રીતે વેશ્યાના પરિવારના ભરણ-પોષણની **જવાબદારી** અજામિલ પર આવી ગઈ.

કુસંગના પરિણામ સ્વરૂપ સદાચારી અને ધર્મપાલક અજામિલ એક કુલટાના કુટુંબ-પાલન માટે **ન્યાય-અન્યાય** ગમે તે રીતે ધન અર્જિત કરવા લાગ્યો. ઘણાં દિવસો સુધી **અપવિત્ર અન્ન ખાઈ** તથા તે કુલટાની સાથે રહેવાથી અજામિલની **બુદ્ધિ ભ્રષ્ટ** થઈ ગઈ.

હવે તે ધન સંગ્રહ કરવા માટે ક્યારેક યાત્રીઓને બાંધી તેને **લૂંટી લેતો**; ક્યારેક કોઈનું ધન **ચોરી લેતો**, બીજા પ્રાણીઓને હેરાન કરવામાં તેને જરાય પણ વિચાર ન થતો. આવી રીતે **પાપ કમાઈ-કમાઈ**ને અજામિલ **ઘરડો** થઈ ગયો. **તે વેશ્યાથી તેને દસ સંતાનો** થયાં.





એક દિવસ અજામિલના ઘરે કેટલાક **મહાત્મા** પધાર્યા. અજામિલની **બુદ્ધિ કુંઠિત** થઈ ગઈ હતી. એટલા માટે તેને મહાત્માઓથી કોઈ લગાવ ન હતો, પણ **પૂર્વનાં સંસ્કાર** અને **અતિથિધર્મની પૂર્તિ** માટે તેણે મહાત્માઓનો સત્કાર તો કર્યો, પરંતુ એ પણ કીધું કે : **'મારી પાસે દેવા માટે દક્ષિણા-વક્ષિણા નથી.'**

સંત હંમેશા બધાનું ભલું ચાહે છે. તેઓએ વિનંતી કરી કે 'અમને **દક્ષિણા** નથી જોઈતી, બસ આપના સૌથી નાના પુત્રનું નામ **'નારાયણ'** રાખો.'

તેઓની ખુશી અને વિનંતી પર અજામિલે સૌથી નાના પુત્રનું નામ **નારાયણ** રાખ્યું. પછી મહાત્મા ચાલ્યા ગયા.


વૃદ્ધ અજામિલ નારાયણને **ખૂબ પ્રેમ** કરતો હતો. તે વધારે સમય **નાના પુત્રને** રમાડવામાં પસાર કરતો. તેના પ્રત્યે તેને ગહરી મમતા થઈ ગઈ હતી.

મૃત્યુ કોને છોડે છે ? અજામિલના **મૃત્યુનો સમય** આવી ગયો. હાથમાં યમપાશ લઈ બિહામણા **યમદૂત** તેને લેવા પહોંચ્યા. તે ભયંકર યમદૂતોને જોઈ **નાના પુત્રમાં આસક્તિ** હોવાથી તેણે ઊંચા સ્વરથી પોતાના પ્રિય પુત્ર **નારાયણને** બોલાવ્યો.

હે નારાયણ ! હે નારાયણ !

તેના પ્રાણ જઈ રહ્યા હતા. પરંતુ **નારાયણ નામનો ઉચ્ચારણ** સાંભળતાની સાથે ભગવાન **વિષ્ણુના પાર્ષદો** તત્કાળ અજામિલ પાસે **પહોંચ્યા** અને તેઓએ **બળપૂર્વક** અજામિલને તે **યમદૂતોના પાશથી મુક્ત કરાવ્યો.**

યમદૂતોએ કહ્યું – 'તે ભગવાન નારાયણને નહિ, પોતાના નાના પુત્રને બોલાવી રહ્યો છે.' **વિષ્ણુ પાર્ષદોએ કહ્યું.** ...જે સમય તેણે '**ના-રા-ય-ણ**' આ **ચાર અક્ષરોનો** ઉચ્ચારણ કર્યો, તે જ સમય આ પાપીના સમસ્ત પાપોનું **પ્રાયશ્ચિત્ત** થઈ ગયું. જેમ **જાણે-અજાણેમાં અગ્નિનો સ્પર્શ થઈ જાય**



તો તે ભસ્મ થઈ જાય છે. તેમ જાણે-અજાણે ભગવાનના નામનું સંકીર્તન કરવાથી મનુષ્યના બધા પાપ **ભસ્મ** થઈ જાય છે.

ભગવતકૃપા-પ્રાપ્તિ માટે **ભગવાનનું નામ** એક અચૂક સાધન છે. પાપી દુરાત્મા અજામિલ '**નારાયણ**' નામના ઉચ્ચારણ માત્રથી ભગવતકૃપા અનુભવ કરી. સમય જતાં **વિષ્ણુલોકને** પામ્યા.

આ કથાને વાચનાર-સાંભળનાર એવું ના સમજે કે પાપ કરો, ભગવાનનું નામ જપવાથી પાપનો નાશ થઈ જશે. આવા લોકો વધારે પાપના ભાગીદાર બની જાય છે.

અજામિલ એક સદાચારી વ્યક્તિ હતો તેના કેટલાક **કુસંસ્કારો** હશે, જે તે વેશ્યાને જોઈ જાગી ઉઠ્યા. તે સ્થિતિને જોઈને પોતાના પર સંયમ ના રાખી શક્યો. પરિણામ સ્વરૂપ તેનું **પતન** થયું. પરંતુ તેના પૂર્વ શુભકર્મોના ફળ સ્વરૂપે અંત સમયમાં તેના મુખ પર '**નારાયણ**' નામ આવ્યું. નહિતર અંત સમયમાં મનુષ્યના મુખ પર ઈશ્વરનું નામ નથી આવતું. ભગવાન શ્રીકૃષ્ણએ ભગવદ્ગીતામાં કહ્યું છે....

'જે મનુષ્ય અંત સમયમાં પણ મને સ્મરણ કરી શરીરનો ત્યાગ કરે છે તેને મારા સાક્ષાત્ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આમાં જરાય પણ સંદેહ નથી. હે કુંતીપુત્ર અર્જુન ! આ મનુષ્ય જે ભાવને સ્મરણ કરી શરીરનો ત્યાગ કરે છે, તે તેને જ પ્રાપ્ત થાય છે; કારણ કે તે તેજ ભાવથી ભાવિત રહે છે.'

આ કથા આપણને બોધ આપે છે કે...

મન ઉપર ક્યારેય વિશ્વાસ ન કરવો. અશ્લીલ ફિલ્મો કે ફોટા ન જોવા; કારણ કે આ બધા ક્યાંક ને ક્યાંક આપણા ચિત્તમાં સંસ્કારનું રૂપ ધારણ કરે છે. જે ભવિષ્યમાં અજામિલની જેમ આપણને પતનના માર્ગ ઉપર લઈ જશે. આપણે ગમે તેટલા સારા હોઈએ તો પણ કુસંગ તો ન જ કરવો.

સત્સંગ સમજણ વિભાગ

કુસંગ

કુસંગત, નઠારી સોબત, ખરાબ અને હલકા માણસ સાથે હરવું ફરવું તે, ભગવાન અને સત્સંગથી વિમુખ ખરાબ માણસો સાથે ગમવું, રહેવું તે...

✳ એક વખત **વલ્લભાચાર્ય** અને **ચૈતન્ય મહાપ્રભુનો** મેળાપ થયો. વલ્લભાચાર્યજીએ **સત્સંગનો** અદ્ભુત મહિમા કહ્યો. પછી એમણે ચૈતન્ય મહાપ્રભુને **કુસંગ**ને વિષે પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું કે **'ગાયના સીંગની ટોચ ઉપર સરસવનો દાણો જેટલો સમય સ્થિર રહે તેટલો જ સમય જો કોઈ કુસંગ કરે તો તેના જન્મોજન્મનાં એકઠાં થયેલાં પુણ્યનો નાશ થાય છે.'**

✳ **ગુણાતીતાનંદ સ્વામી**એ પણ તેમની **વાતોમાં** કહ્યું કે **પાપીનો વાયરો** આવે તો સાઠ હજાર વરસનું પુણ્ય બળીને ભસ્મ થઈ જાય. આ છે **કુસંગનો પ્રભાવ**. જેમ અમૃત જેવું દૂધ હોય અને તેમાં

સર્પની લાળ પડે તો તે ઝેર થઈ જાય છે; તેમ શ્રીજીમહારાજ કહે છે કે કુસંગ મળે ને કુસંગીના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો વૈરાગ્ય, વિવેક, સ્વધર્મ આદિ સર્વે ગુણ તે નાશ પામી જાય છે અને કામ, ક્રોધ, લોભ, મોહ આદિક વિકાર આવે છે. માટે ભગવાનના ભક્ત હોય તેને કોઈ દિવસ કુસંગ ન કરવો.

✳ કુસંગની વ્યાખ્યા કરતાં શ્રીજીમહારાજ કહે છે કે સર્વ કુસંગથી અધિક કુસંગ તે કયો છે ? તો જેને પરમેશ્વરની ભક્તિ નથી અને ભગવાનની કોરનો જેના હૈયામાં વિશ્વાસ નથી. એવા **બે મત** છે : એક તો **નાસ્તિકનો** અને બીજો **શુષ્ક વેદાંતીનો**; કારણ નાસ્તિક છે તેને મતે કોઈ અનાદિ પરમેશ્વર નથી, કર્મે કરીને જ કલ્યાણ માને છે. અને શુષ્ક વેદાંતી માને છે કે 'હું બ્રહ્મ છું', એમ માનીને પાપ કરતાં બીતા નથી. એવાનો જે સંગ તેનું જ નામ કુસંગ છે. અજ્ઞાની એવા જે શુષ્ક વેદાંતી તેના સંગથી કોઈ મોટું પાપ નથી. માટે જેને કલ્યાણને ઇચ્છવું તેને **નાસ્તિક** તથા **શુષ્ક વેદાંતીનો સંગ કરવો જ નહિ.**

✳ વળી, સ્વામીની વાતોમાં પણ **ત્રણ પ્રકારનો કુસંગ** વર્ણવ્યો છે : **(૧) બહારનો કુસંગ, (૨) અંતરનો કુસંગ અને (૩) સત્સંગનો કુસંગ.**

☞ જે અધર્મનું આચરણ કરતા હોય એવા અધર્મી તથા ભગવાન ને સંતની નિંદા કરતો હોય એવા વિમુખ મનુષ્યની સોબત કરવી તે **બહારનો કુસંગ** છે.

☞ મન તથા ઇન્દ્રિયોને પંચવિષયને માર્ગે ચાલવા દેવાં તથા ભગવાન ને સંતને વિષે મનુષ્યભાવ જોવો તે **અંતરનો કુસંગ**.

☞ શ્રીજીમહારાજ અને બીજા અવતારોને સરખા કરે, એકાંતિક અને સામાન્ય સંતને સરખા કહે, ભગવદીયમાં દોષ દેખાડે અને આજ્ઞામાં ગૌણપણું બતાવે તે **સત્સંગનો કુસંગ**. આ ત્રણ પ્રકારના કુસંગનો ત્યાગ કરવો.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) અજામિલની કથા કયા ગ્રંથમાં આવેલી છે ?

( ) A - શિવપુરાણ ( ) B - શ્રીમદ્ ભાગવત ( ) C - સ્કંદપુરાણ ( ) D - રામાયણ

(૨) અજામિલનો જન્મ કયા પરિવારમાં થયો હતો ?

( ) A - બ્રાહ્મણ ( ) B - ક્ષત્રિય ( ) C - સોની ( ) D - સુથાર

(૩) અજામિલને વેશ્યાથી કેટલા સંતાનો થયા ?

( ) A - ૯ ( ) B - ૧૦ ( ) C - ૧૧ ( ) D - ૧૨

(૪) અજામિલ વધારે સમય કયા પુત્રને રમાડવામાં પસાર કરતો ?

( ) A - સૌથી નાના ( ) B - બીજા ( ) C - સૌથી મોટા ( ) D - ત્રીજા

(૫) અજામિલ અંત સમયે કોને બોલાવે છે ?

( ) A - નારાયણને ( ) B - ગણેશજીને ( ) C - પત્નીને ( ) D - ભાઈને

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) અજામિલ કેવા ગુણોથી સંપન્ન હતો ?

.....

(૨) અજામિલનું મન આસક્ત કેમ થઈ ગયું ?

.....

(૩) અજામિલની બુદ્ધિ ભ્રષ્ટ થયા પછી ધન સંગ્રહ કરવા માટે શું કરવાં માંડ્યો ?

.....

(૪) અજામિલના મૃત્યુ સમયે યમદૂતો હાથમાં શું લઈને આવ્યા ?

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(૧) અજામિલ યજ્ઞની સામગ્રી ..... માંથી લાવતો હતો.

(૨) અજામિલ જંગલમાંથી ઘરે આવ્યો પણ મન ..... આપી આવ્યો.

(૩) કુલટાની કુચેષ્ટાઓથી પ્રભાવિત થઈ અજામિલ .....
ને ભૂલી ગયો.

(૪) અજામિલે પોતાના નાના પુત્રનું નામ ..... રાખ્યું.

પ્રશ્ન-૪. નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના' માં આપો.

(૧) અજામિલના પિતા હંમેશાં યજ્ઞ કરતા હતાં? ☐

(૨) જંગલમાંથી પસાર થઈ રહેલાં અજામિલની નજર એક હાથી પર પડી? ☐

(૩) ભગવાન વિષ્ણુના પાર્ષદોએ યમદૂતને પાશથી મુક્ત કરાવ્યા? ☐

(૪) અજામિલે પોતાનો સૌથી મોટા પુત્રનું નામ 'નારાયણ' રાખ્યું? ☐

પ્રશ્ન-૫. નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) 'મારા પાસે દેવા માટે દક્ષિણા-વક્ષિણા નથી.' ⇨ .....

(૨) 'તે ભગવાન નારાયણને નહિ, પોતાના નાના પુત્રને બોલાવી રહ્યો છે.'
⇨ .....

સભા-૨૮ : ધોરાજીની ધાબળી

ક્યારેય કોઈની **અણહક્કની વસ્તુ** આપણા જીવનમાં ન આવી જાય તે માટે શ્રીજીમહારાજે આપણને ખૂબ **ચેતવ્યા** છે. નહિ તો તેનું પરિણામ ખૂબ ખરાબ આવે છે જે આપણે ભોગવવું પડે છે. અને એમાંય ક્યારેય **મંદિરના પૈસા** કે **ધર્માદાનો પૈસો** આપણાથી વપરાઈ જાય કે **ધર્માદાની ચોરી** થઈ જાય તે તો **ખૂબ ભોગવવું પડે છે.** એક વખત આવો જ એક પ્રસંગ બની ગયો. જેનું પરિણામ શું આવ્યું તે આપણે જોઈએ.**ગોંડલના જાદવજીભાઈ** આદર્શ સત્સંગી ને શ્રીમહારાજના **અનન્ય આશ્રિત** હતા. વળી, રાજ્યના **દીવાન** હતા. ઘણી વાર ગઢપુર **શ્રીજીમહારાજ**નાં દર્શન-સમાગમ કરવા જાય અને શ્રીજીમહારાજનો રાજીપો લેતા. એક વખત **શ્રીજીમહારાજે જાદવજીભાઈને કહ્યું**, 'જાદવજીભાઈ ! **તમો ધોરાજીથી અમારા માટે એક સફેદ ઊનની સારામાં સારી ધાબળી લેતા આવશો** ?' ગોંડલથી ધોરાજી નજીક થાય અને એ વખતે ધોરાજીમાં **ઊનની બનાવટો** સારી મળે તેથી મહાપ્રભુએ જાદવજીભાઈને કારભારી **હરજી ઠક્કર** પાસેથી **પાંચ રૂપિયા** અપાવીને આ પ્રમાણે વાત કરી.


જાદવજીભાઈએ **પાંચ રૂપિયા** લઈ શ્રીજીમહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી અને **ધોરાજી** ગયા. ત્યાંથી ઊનની સારામાં સારી ધાબળી ખરીદી. એ વખતે આટલી બધી મોંઘવારી નહિ તેથી **સાડા ચાર**



રૂપિયામાં ઘાબળી આવી અને **આઠ આના બચ્યા**. જાદવજીભાઈએ ઘાબળી શ્રીજીમહારાજ માટે મોકલી આપી. પરંતુ **આઠ આના મોકલવાના રહી ગયા**; જે બાબતને તેમણે બહુ **ધ્યાનમાં ન લીધી**.

આ તો **ધર્માદાનું નાણું**. જેમ માખી મરેલી હોય કે જીવતી, પરંતુ ભૂલથી જો ખોરાકના કોળિયામાં આવી જાય તો છઠ્ઠીનું ધાવણ ઓકાવી દે. તેમ શ્રીજીમહારાજના **આઠ આના જાદવજીભાઈએ રાખ્યા**. પરિણામે તેમની એવી તો **ભૂંડી હાલત** થઈ કે **નોકરી જતી રહી**. રાજ્યના કોઈક **ગુનામાં** આવી ગયા અને નવાબે નોકરીમાંથી **બરતરફ** કરી બધી **મિલકત જપ્ત** કરી લીધી. શ્રીજીમહારાજે **શિક્ષાપત્રી**માં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે, **'મંદિરમાંથી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક વસ્તુ પણ માંગી લાવવાં નહિં.'** આમ, શ્રીજીમહારાજે તો માગી લાવવાની ના કહી છે. તો આ રીતે **ભગવાનના પૈસા** પોતાની પાસે રહી જાય તો હાલત ભૂંડી થાય એમાં શું નવાઈ.....!

હવે તો નોકરી જતી રહી. બીજે ક્યાંય નોકરી મળે નહિ એટલે **ખાવાના પણ સાંસા** પડવા લાગ્યા. પરંતુ જીવનનિર્વાહ ચલાવવા માટે **ઘઉં શેકી**ને તેને **ગોળ સાથે ભેળવી** તેની **પાપડી** બનાવીને **વેચવાનું** શરૂ કર્યું. અને તેમાંથી સાંજ પડ્યે **શેર-બશેર જેટલી જુવારની કમાણી** થતી તેમાંથી નિર્વાહ ચલાવતા. એક વખત આપણા મહાસમર્થ **સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી** ગોંડલ પધાર્યા. તેમણે જોયું કે જાદવજીભાઈ મંદિરે દેખાતા નથી. તેથી તેમણે હરિભક્તોને પૂછ્યું તો હરિભક્તોએ જાદવજીભાઈની નોકરી જતી રહેવા બાબત અને રાજ્ય દ્વારા તેમની મિલકત જપ્ત થવા બાબતની વાત કરી.



ભગવાન ને ભગવાનના સત્પુરુષ તો **અંતર્યામી** હોય છે. બધું જ જાણતા હોય છે. એટલે





સ્વામી તુરંત બોલ્યા, **'અહોહો... આ તો આઠ આનાનો પ્રતાપ !'** હરિભક્તો આ **માર્મિક ભાષા** સમજી ન શક્યા. દયાળુમૂર્તિ **ગોપાળાનંદ સ્વામીએ જાદવજીભાઈ**ને બોલાવ્યા અને કહ્યું, 'લાવો, **આજની કમાણીની જુવાર અમને આપી દો**. અને આજે તમે **ઉપવાસ** કરજો.'

સ્વામીને કાંઈ જુવારની ભૂખ નહોતી પરંતુ જાદવજીભાઈનું **દુઃખ દૂર કરવું** હતું. સ્વામીએ તો શેર જુવાર સાફ કરાવી **દળાવી** સાંજે સંતો પાસે **બે રોટલા** બનાવડાવ્યા. અને **ઠાકોરજીના થાળ** કરી **એક રોટલો સ્વામીશ્રી આખો જમી** ગયા અને **બીજો રોટલો સંતોને જમવા** કહ્યું, 'સંતો ! આ રોટલો જમીને **સંકલ્પ** કરો કે **જાદવજીભાઈની હતી તેવી ને તેવી જ સ્થિતિ થાય.**'

અને સૂર્ય ફરે, ચંદ્ર ફરે, અનંતકોટિ બ્રહ્માંડ ફરે પરંતુ ભગવાન ને ભગવાનના સત્પુરુષના **બોલેલાં વચન ફરતાં નથી**. માટે સ્વામીશ્રીના સંકલ્પથી બીજે જ દિવસે **નવાબે** વળતો હુકમ કર્યો અને જાદવજીભાઈની મિલકત પરત સોંપી **નોકરીમાં રાખી** લીધા અને ગુના બદલ **માફી બક્ષી**.

બાળભક્તો ! એક સામાન્ય ભૂલ કેટલી મોટી થઈ ગઈ.

ધર્માદાનો પૈસો આપણા ઘરમાં ભૂલેચૂકેય રહી ન જાય તેનો ખટકો રાખવો. આપણી આવકમાંથી મહારાજની આજ્ઞા મુજબ કાઢવાનો ભગવાનનો ભાગ જો નિયમ મુજબ ન નીકળે ને ઘરમાં રહી જાય તો તેમાં પણ મહારાજનો આવો જ કુરાજીપો થાય.

માટે ભગવાનના ભક્તોએ ખાસ વિચારવું કે ભગવાન અર્થે પાંચ પૈસા આપણા વધુ વપરાયા તેનો વાંધો નહિ, પણ ઓછા ન જાય તેનું ધ્યાન રાખવું.

સત્સંગ સમજણ વિભાગ

અભાવ-અવગુણ

ભગવાન અને સત્પુરુષમાં કોઈ પણ પ્રકારે દોષ-માયિકભાવ પરઠે અથવા તેમના સંબંધવાળા ભક્તો પ્રત્યે દોષદૃષ્ટિ રહે તે અભાવ-અવગુણ લીધો કહેવાય.

૧. જે અવિવેકી છે તે તો જેમ સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે, તેમ તેમ પોતાને વિષે ગુણ પરઠે છે અને ભગવાન ને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે અને વાતના કરનારાનો અવગુણ લે છે. તે તો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. **— વચ. ગઢડા પ્રથમ : ૬**

૨. જેને સંતનો અવગુણ આવ્યો તે તો નિશ્ચય સત્સંગથી જ્યારે ત્યારે વિમુખ જ થાય, એ એનું માથું કપાયું જાણવું. **— વચ. લોયા : ૧**

૩. સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે તેથી કાંઈ સારું નથી ને તેથી કાંઈ સારું સમજવાનું નથી, ને ભૂંડામાં ભૂંડું શું છે ? તો આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી... **— સ્વામીની વાત : ૩/૩૬**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજે કોની પાસે ઘોરાજીની ધાબળી મંગાવી?.....

(૨) ગઢપુર મંદિરના કારભારી કોણ હતું?.....

(૩) કોના આશીર્વાદથી જાદવજીભાઈની પરિસ્થિતિ સુધરી?.....

(૪) જાદવજીભાઈને ધાબળી લાવવા માટે કેટલા રૂપિયા આપવામાં આવ્યા? અને ધાબળી કેટલા રૂપિયામાં આવી ?

.....

(૫) જાદવજીભાઈએ ધર્માદાનું ધન પોતા પાસે રાખ્યુ તો તેમની શું હાલત થઈ?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જાદવજીભાઈએ ધર્માદાના કેટલા રૂપિયા પોતાની પાસે રાખ્યા હતા?

( ) A - પાંચ રૂપિયા ( ) B - સાડાચાર રૂપિયા ( ) C - આઠ આના

(૨) આઠ આના એટલે કેટલા પૈસા થાય?

( ) A - ૨૫ પૈસા ( ) B - ૫૦ પૈસા ( ) C - ૮ પૈસા

(૩) જીવન નિર્વાહ માટે જાદવજીભાઈએ કયુ કામ ચાલુ કર્યું ?

( ) A - પાપડી વેંચવાનું ( ) B - પાપડ વેંચવાનું ( ) C - શાકભાજી વેંચવાનો

(૪) જાદવજીભાઈ કયા ગામના હતા?

( ) A - ઘોરાજી ( ) B - ગોંડલ ( ) C - ગઢપુર

(૫) ગોપાળાનંદ સ્વામીએ જાદવજીભાઈ પાસે શું માગ્યું?

( ) A - કમાણીની જુવાર ( ) B - ઘોરાજીની ધાબળી ( ) C - પાપડીનો લોટ

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) સૂર્ય ફરે, ચંદ્ર ફરે પરંતુ ભગવાનને ભગવાનના સત્પુરૂષના બોલેલા વચન ફરતા નથી. ☐

(૨) મંદિરમાંથી પોતાના માટે કોઈ વસ્તુ માંગી લાવવી નહિ. ☐

(૩) સાધુને વિષે મનુષ્યભાવ આવે તે રૂડામાં રૂડુ છે. ☐

(૪) આપણે ધર્માદાનું ધન લેવાય નહિ, પરંતુ મંદિરમાં દાન કરવું જોઈએ. ☐

પ્રશ્ન-૪ ટૂંકનોંધ લખો.

(૧) અભાવ-અવગુણ એટલે શું ?

.....

.....

.....


સભા-૨૯ : કિસા ગૌતમી

શ્રાવસ્તી નગરીમાં **કિસા ગૌતમી** નામની એક **સ્ત્રી** રહેતી હતી. એને એક **દીકરો** હતો. દીકરાને ખૂબ જતન કરીને એ ઉછેરતી. બાળકને કારણે ગૌતમીનું જીવન **આનંદથી** છલોછલ ભરાઈ ગયું. પરંતુ ભગવાનને તેનો આનંદ મંજૂર નહોતો. એનું બાળક **બીમાર** પડ્યું. ગૌતમીએ ઘણો ઉપચાર કર્યો. વૈદ-હકીમોની સલાહ લીધી પણ... **બાળક બચ્યું નહિ, મૃત્યુ પામ્યું.**

ગૌતમીને **વિશ્વાસ** પડતો ન હતો કે બાળક **મરી ગયું છે.** હમણાં બાળક જાગશે, હમણાં આંખ ઉઘાડશે, હમણાં હાલશે, એવું એને લાગતું હતું. બાળકને સ્મશાને લઈ જાય એ પહેલાં ગૌતમી ઘરની બહાર નીકળી ગઈ. એની ગોદમાં મરેલું બાળક એણે લીધું હતું. આંખમાં આંસુ સાથે એ ઘેર ઘેર ભટકતી હતી. દરેકને વિનંતી કરતી કે **મારા બાળકને જીવતું કરો.**

નગરના એકેએક વૈદ્ય, હકીમ, સાધુ-સંતને **બારણે** એ જઈ આવી. પણ કોઈએ મરેલા બાળકને જીવતું કર્યું નહિ. એટલે પછી ગૌતમી રડવા લાગી, એ નિરાશ થઈ ગઈ. એના હોંશ ઊડી ગયા. **ગાંડા જેવી ઘેર ઘેર ભટકવા લાગી.** મરેલા બાળકને છાતીએ વળગાડીને તે આમતેમ ભટકતી હતી. એને જોઈને કેટલાક **હસતા** હતા, કેટલાક **રડતા** હતા તો કેટલાક એની તરફ **દયા** બતાવતા હતા. એક **ભલો માણસ** એને સામે મળ્યો. ગૌતમીની **અવદશા** જોઈને તેને દયા આવી. તેણે સાચી સલાહ આપી : 'બહેન, તું આમ-તેમ રખડવાને બદલે **ભગવાન બુદ્ધ**ને શરણે જા. કદાચ એ તારા બાળકને **જીવતું કરશે**. એના કરતાં વધુ ચડિયાતો વૈદ્ય આ દુનિયામા કોઈ થયો નથી.'

ગૌતમી ભગવાન **બુદ્ધ** પાસે ગઈ. બુદ્ધે એની બધી વાત ખૂબ ધીરજથી સાંભળી. પછી




બોલ્યા : **‘તારા બાળકને હું મોતમાંથી બચાવીશ. પણ તે માટે એક શરત તારે પાળવી પડશે. જ્યાં કોઈનું મરણ ન થયું હોય એવા ઘરમાંથી એક મૂઠી તલ માગી આવ. આ તું કરશે એટલે તારું બાળક નવું જીવન મેળવશે.’**

ગૌતમીના દિલમાં **આશાનું કિરણ** બંધાયું, ઘેર ઘેર જઈને એ પૂછવા લાગી : ‘મને બુદ્ધ ભગવાને મોકલી છે. આપને ત્યાં કોઈ મરણ થયું છે ? જો ન થયું હોય તો મને **મૂઠી તલ** આપવાની **મહેરબાની કરો.**’ દરેક ઘેરથી ગૌતમીને એક સરખો જવાબ મળતો, ‘અરે બહેન, આ ઘરમાં **માણસો મર્યા છે તે વાત ચોક્કસ**. એવું કોઈ ઘર હોય ખરું કે જેમાં મરણ થયું જ ન હોય ?’

ઘેર ઘેરથી આવો જવાબ ગૌતમીને મળ્યો. એ સાંભળીને એની આંખમાં પડળ દૂર થઈ ગયાં. એને **આત્માનો અવાજ** સંભળાયો : **‘ઓ ગાંડી ! દરેક ઘરમાં માણસ મરે છે. પોતાની વહાલી વ્યક્તિનું મોત થતાં દરેકનું દિલ ઘવાતું હોય છે. પણ દરેક જણ ગાંડપણ દાખવીને ઘેર ઘેર ફરી રડતું નથી. માત્ર તું જ ગાંડા જેવી થઈને ભટકે છે.’**

અંતરનો આ અવાજ ગૌતમીએ બરાબર સાંભળ્યો. એ સમજાતાં એનું ગાંડપણ **શમી ગયું**. જ્ઞાનનું અજવાળું થયું. આંસુ આવતાં બંધ થયાં. એને થયું કે **મૂઠી તલનો દાખલો** આપીને ભગવાને મને **પદાર્થપાઠ** ભણાવ્યો છે. શાંત અને સ્વસ્થ બનીને તે **સ્મશાને** ગઈ. છાતીએ વળગાડી રાખેલા મરેલા દીકરાને એણે **અગ્નિ સંસ્કાર** દીધો.



સ્મશાનેથી પાછી ફરીને તે **બુદ્ધ ભગવાનને શરણે** ગઈ. બુદ્ધ ભગવાને પૂછ્યું : 'ગૌતમી, તને મૂઠી તલના દાણા મળ્યા ? કે મોત જ્યાં ગયું ન હોય, એવું એકે ઘર ન મળ્યું ?'

ગૌતમીએ ભગવાનના ચરણમાં માથું ઢાળી દીધું. ચરણરજ માથા પર ચડાવી. બુદ્ધ ભગવાને એને ઉપદેશ આપ્યો : 'ગૌતમી, **આ દુનિયામાં જન્મેલાં દરેક જણે મરવું પડે છે. જે આવ્યો છે તેણે જવાનું છે.** આવવાનું અને જવાનું આપણા હાથમાં નથી. લાભ, ગેરલાભ, સુખ-દુઃખ બધામાં સમભાવ રાખવો જોઈએ. એ આપણું કર્તવ્ય છે : એ આપણો ધર્મ છે, જે વસ્તુ આપણા અંકુશમાં નથી, તેનો શોક કરવાનો કશો અર્થ નથી. શોક કરવાનો અર્થ **અભિમાન રાખવું** એવો થાય. **જન્મ અને મૃત્યુ પણ આપણા હાથમાં નથી.** એટલે એને વિશેનાં સુખ-દુઃખ રાખવાનો કોઈ અર્થ નથી. એ ફોગટ છે. **અસત્યને છોડ. સચ્ચાઈને સમજ.** શાંતિથી, ધીરજ ધરીને, તારા કર્તવ્યના રસ્તા પર ચાલ.' ભગવાનનો ઉપદેશ સાંભળી **ગૌતમી સાધ્વી બની ગઈ. જીવનભર સેવા કરતી રહી.**



સત્સંગ સમજણ વિભાગ

સહનશીલતા

ક્ષમા આપવી, સહન કરવું, ખમવું, જતું કરવું,
ભૂલી જવું, ગાળી જવું, મોટું મન રાખવું.

૧. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારના ઐશ્વર્યને પામે છે ને અનંત જીવના ઉદ્ધારને કરે છે અને એવા સામર્થિએ યુક્ત થકો પણ અન્ય જીવના માન-અપમાનને સહન કરે છે એ પણ મોટી સામર્થિ છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ, એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવાં.

— વચ. ગઢડા પ્રથમ : ૨૭

૨. તે જો તે સંતના સમાગમમાં પડ્યો રહે ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તો પણ તે અપમાનનું સહન કરે ને સંતનો સમાગમ મૂકી શકે નહિ, જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ. તો જેવા પ્રથમ સંત કહ્યા તે સરખો એને પણ જાણવો અને જેવી પ્રાપ્તિ તે સંતને થાય છે તેવી જ જે સંતસમાગમમાં પડ્યો રહે છે તેને પણ થાય છે.

— વચ. સારંગપુર - ૧૦

૩. **गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।**

क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥ — શિક્ષાપત્રી (શ્લોક : ૨૦૧)

અર્થ : અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું પણ તેને સામી ગાળ ન દેવી, મારવો નહિ અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો.

૪. સહન સો સંત કો રાહ, અસહન ગુણ હે અસુરકો - (હ.ચ.સા.)

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કિસા ગૌતમી કયા નગરમાં રહેતી હતી ?

( ) A - અયોધ્યા ( ) B - સોમનાથ ( ) C - શ્રાવસ્તી ( ) D - લુમ્બિની

(૨) ગૌતમી સ્મશાનેથી પાછા ફરીને કોના શરણે ગઈ ?

( ) A - રાજાના ( ) B - વૈદ્યના ( ) C - હકીમના ( ) D - ભગવાન બુદ્ધના

(૩) કિસા ગૌતમીને કેટલા દીકરા હતા ?

( )A - એક ( )B - બે ( )C - ત્રણ ( )D - ચાર

(૪) ઘેર ઘેર જઈ મરેલા બાળકને જીવતું કરવા માટે કોણ વિનંતી કરે છે ?

( )A - રાજા ( )B - ગૌતમી ( )C - વૈદ્ય ( )D - ભગવાન બુદ્ધ

(૫) ગૌતમીએ કોની ચરણરજ માથા પર ચડાવી ?

( )A - વૈદ્યની ( )B - હકીમની ( )C - રાજાની ( )D - ભગવાન બુદ્ધની

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ગૌતમી નગરમાં બધાના ઘેર ઘેર જઈ દરેકને શું વિનંતી કરે છે ?

.....

(૨) ગૌતમી નિરાશ થઈને શા માટે રડવા લાગી ?

.....

(૩) ગૌતમીની અવદશા જોઈ કોને દયા આવી ? અને તેણે શું સલાહ આપી ?

.....

(૪) દરેક ઘેરથી ગૌતમીને શું જવાબ મળ્યો ?

.....

(૫) ગૌતમીને પોતાની આત્માનો શું અવાજ સંભળાયો ?

.....

પ્રશ્ન-૩ ખાલી જગ્યા પૂરો.

(સાધ્વી , સ્મશાને , ભગવાન બુદ્ધ , દવાખાને , તલ , મીઠું , ચરણરજ , દાસી)

(૧) બાળકને .....લઈ જાય એ પહેલાં ગૌતમી ઘરની બહાર નીકળી ગઈ.

(૨) ભલા માણસની સલાહથી ગૌતમી .....પાસે ગઈ.

(૩) ભગવાનનો ઉપદેશ સાંભળી ગૌતમી .....બની ગઈ.

(૪) જ્યાં કોઈનું મરણ ન થયું હોય એવા ઘરમાંથી એક મૂઠી .....માગી આવ.

(૫) ગૌતમીએ ભગવાન બુદ્ધની ..... માથા પર ચડાવી.

પ્રશ્ન-૪ નીચેના પ્રશ્નોનો જવાબ 'હા' અથવા 'ના' માં આપો.

(૧) ગૌતમીને વિશ્વાસ પડતો ન હતો કે બાળક મરી ગયું છે. ☐

(૨) ભગવાન બુદ્ધે ગૌતમીની બધી વાત ન સાંભળી? ☐

(૩) ગૌતમી અશાંત અને અસ્વસ્થ બનીને સ્મશાને ગઈ? ☐


(૪) ભગવાન બુદ્ધે ગૌતમીના બાળકને સજીવન કર્યું ? ☐

(૫) જન્મ અને મૃત્યુ આપના હાથમાં નથી? ☐

સભા-૩૦ : સેવાનો આદર્શ : આપણા દાદાગુરુજી

વડતાલ ગામની કુલ **૧૨૦૦ એકર જમીન** હતી. તેમાં **૯૦૦ એકર** જમીન તો વડતાલ **મંદિરની** જ હતી. આટલી મોટી જમીન હોય ત્યાં બળદો, ગાયો, ભેંસો પણ ઘણાં હોય. અરે, તે જમાનામાં તો મંદિરમાં હાથી, ઘોડા પણ રાખતાં. આટલું બધું મોટું **કારભાર** હોવાં છતાં પગારદાર **નોકર** એક પણ ન હતાં. પગારદાર નોકરની વાત પણ કરાતી નહિ. તે જમાનામાં વડતાલ મંદિરમાં **જૂના સંતોની** આપેલી **સ્વયંસેવકની સેવા પદ્ધતિ** ચાલુ હતી. એટલે કે દરેક નાના-મોટા સેવા કાર્યો સંતો-પાર્ષદો સેવાભાવથી જાતે જ કરતા હતાં. એમાં પણ **આપણા દાદાગુરુજી** એટલે **સેવાનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ** હતાં. તેઓ **સેવાને જ ભક્તિ અને મુક્તિ માનતા**.

દાદાગુરુજી **૧૭ વર્ષની** ઉંમરે **સંત દીક્ષા** લઈ **સાધુ નંદકિશોરદાસજી** બન્યા ત્યાર બાદ ગુરુઆજ્ઞાથી **ગૌશાળા**ની સેવામાં જોડાયા. રોજ ગાયો માટે ઘાસ વાઢવા જાય, ત્યાંથી આવીને ગૌશાળાની સેવા કરે, રોજ સવાર-સાંજ ગાયો દોવે, પછી દૂધમાંથી દહીં બનાવે, માખણ બનાવે, ઘી



બનાવે - આ બધું જાતે જ કરતા. રાત-દિવસ સેવા ચાલુ હોય. સર્વે સેવા દાદાગુરુજી હસતા મોઢે - ઉત્સાહથી કરે. તેમના ચહેરા પર થાક કે કંટાળાની તો રેખા પણ જોવા ન મળે. દાદાગુરુજીની સેવા-ભક્તિની **શ્રદ્ધા** જોઈ સૌ વાતો કરતા કે આ **નવા આવેલા સાધુ** સેવા જબરી કરે છે ; આવા સેવક તો આપણે ક્યારેય જોયા જ નથી. સૌ સંતો ભક્તો પોતાના હૃદયનો રાજીપો **નંદ સ્વામી** પર વરસાવતા. ગૌમાતાની આવી ઉત્તમ સેવાભક્તિ જોઈ કોઈ કોઈ તો તેમને **'નંદબાબા'** પણ કહેતા.

નંદસ્વામીને ગૌશાળામાં સેવા કરતાં કરતાં **એકાદ વર્ષ** પસાર થયું એટલે શ્રદ્ધાવાન સંત જાણી **ગુરુ નારાયણસ્વરૂપ સ્વામી**એ તેમને **ભંડારમાં** થાળ બનાવવાની સેવા સોંપી. રોજ **સો-દોઢસો** સંતો-ભક્તોનો થાળ બનાવવાનો હોય એટલે દાદાગુરુજી વહેલા જાગી જાય ને પૂજાપાઠમાંથી પરવારી થાળની સેવામાં લાગી જતાં. તેઓ લાકડાંના **પાંચ-છ ચુલા** તૈયાર કરે, તેમાં લાકડાં નાખી ચુલા સળગાવે, પછી મોટા તપેલા મૂકી દાળ, ભાત, શાક, રોટલા, રોટલી વગેરે બનાવે. રસોઈ બની જાય એટલે સૌ સંતો-ભક્તોને પ્રેમથી પીરસીને જમાડે. આમ, રોજ ઉત્સાહથી સેવા કરતા અને વિચારતા કે **'મારા મહારાજ જમશે, મારા મહારાજનું કાર્ય કરતાં સંતો-ભક્તો જમશે; મારા સદ્‌ગુરુદેવ મારા પર પ્રસન્ન થશે; આ જ તો ખરી કમાણી છે. આ કાંઈ ઓછું છે'** એમ વિચારતા.

દાદાગુરુજી સદા સેવામાં જ રહેતા. ઓછું બોલતા, કથા-પ્રવચન કરતા નહિ. તેમની સેવાભક્તિ જોઈ સૌના હૃદયમાં તેમના પ્રત્યે **સહજ ભાવ** જાગતો ને



રાજીપો મળતો. નંદસ્વામી જેમ જેમ ઉંમરમાં મોટા થતાં જતાં હતાં તેમ તેમ સેવાભક્તિમાં તેમનો ઉત્સાહ-શ્રદ્ધા વધતા જતાં હતાં; પરિણામ સ્વરૂપે વડતાલ મંદિરની **ઓફિસની સેવા** તેમને મળી. ઓફિસની સેવામાં પણ તેઓનો ઉત્સાહ અને કુશળતા જબરી હતી. પછી તો તેઓનું **સમગ્ર જીવન** ચાણોદ, પીજ, ડભાણ, સુરત, ધોલેરા, મુંબઈ જેવાં મોટા મોટા શહેરોના મંદિરોમાં **મહંતપદે** રહી સેવામાં જ પૂર્ણ થયું. દાદાગુરુજી મહંત હોવા છતાં **નાનામાં નાની સેવા** તેઓ જાતે જ કરતા અને કહેતા કે સ્વામિનારાયણ સંપ્રદાય એ તો સેવાનો જ સંપ્રદાય છે. અહીંયાં તો જે **સેવા કરે એ જ મહંત ગણાય**. આમ, દાદાગુરુજીએ આજીવન **પંચસેવાનું વ્રત** રાખ્યું હતું.

• પંચસેવાના વ્રતધારી : પૂજ્ય દાદાગુરુજી :

(૧) દેવમંદિરોની સેવા : દેવોની સેવા, મંદિરોની સેવા

(૨) ભક્તસેવા : પ્રગટ સંતો-ભક્તો-તીર્થયાત્રીઓની નીચી ટેલ ચાકરી.

(૩) ગરીબ સેવા : અનેક દીન-દુઃખિયા ગરીબોની અન્ન-ધન-વસ્ત્ર સર્વે રીતે મદદ/સેવા.

(૪) ગૌ સેવા : મહંત હોવા છતાં દેવ-મંદિરોમાં વર્ષો સુધી ગૌ માતાની સેવા.

(૫) રોગી-દુઃખીની સેવા : ભુખ્યાને ભોજન, રોગીને સહાય, નિર્ધનને ધન, નિર્વસ્ત્રને વસ્ત્ર દાન.

સત્સંગ સમજણ વિભાગ

સેવા

ભગવાન અને ભગવાનના ભક્તની તન, મન, ધન વડે પરિચર્યા કરવી.
મહિમાપૂર્વક કેવળ ભગવાનની પ્રસન્નતા માટે પરિચર્યા કરવી તે સેવા.
ટેલ ચાકરી કરવી તે સેવા.

૧. અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે. અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો. **— વચ. ગઢડા મધ્ય : ૨૮**

૨. જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે. તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહિ તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે. **— વચ. ગઢડા મધ્ય : ૨૫**

૩. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે, પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. **— વચ. ગઢડા મધ્ય : ૫૯**

૪. એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે. **— વચ. વરતાલ : ૫**

૫. ભગવાન ને ભગવાનના ભક્તની સેવા એ બેમાં જ માલ છે. **— સ્વામીની વાત : ૫/૩૪૪**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) આપણા દાદાગુરૂજીનું નામ શું છે?

.....

(૨) વડતાલમાં જૂના સંતોની આપેલ કઈ પદ્ધતિથી સેવા કરવામાં આવતી?

.....

(૩) જૂના જમાનામા મંદિરોમાં કયા કયા પશુઓ રાખવામાં આવતા હતા?

.....

(૪) ગૌશાળાની સેવામાં દાદાગુરૂજી કઈ કઈ સેવા કરતા? કેવી રીતે?

.....

(૫) દાદાગુરૂજીના ગુરૂજીનું નામ શું હતુ?

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) દાદાગુરૂજીએ દીક્ષા કેટલા વર્ષની ઉંમરે લીધી હતી?

( ) A - ૧૩ ( ) B - ૧૬ ( ) C - ૧૭

(૨) દાદાગુરૂજી દીક્ષા લઈ ગુરૂઆજ્ઞાથી કંઈ સેવામાં જોડાયા?

( ) A - ગૌશાળા ( ) B - ઓફિસ ( ) C - પૂજારી

(૩) દાદાગુરૂજીને સૌ લોકો કયા નામથી બોલાવતા?

( ) A - નંદબાબા ( ) B - મોટા સ્વામી ( ) C -શાસ્ત્રીજી

(૪) દાદાગુરૂજીએ આજીવન કયુ વ્રત રાખ્યુ હતું?

( ) A - પંચસેવાનું વ્રત( ) B - એકટાણા ( ) C - ચાંદ્રાયણ

(૫) દાદાગુરૂજી ક્યા સ્થાનમાં મહંત પદે રહ્યા હતા ?

( ) A - ચાણોદ ( ) B - સુરત ( ) C - પીજ

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) આપણા ગુરૂજી ગુરૂભક્ત છે. ☐


(૨) સેવા કરે એ જ મહંત ગણાય. ☐

(૩) ભગવાનના ભક્તની પ્રેમથી સેવા કરવી એ જ ભક્તિ છે. ☐

(૪) સેવા-બેવામાં ખોટો સમય બગાડાય નહિ. ☐

(૫) ગરીબની , દીન-દુખિયાની સેવા કરવી એ ભગવાનની સેવા કર્યા બરાબર છે. ☐

સભા-૩૧ : અંધશ્રદ્ધાથી હરિ દૂર રહે



એ જમાનો **વહેમ**નો અને અંધશ્રદ્ધાનો હતો.

માણસ માંદો પડે તો કહેશે, કોઈએ મૂઠ મારી છે !

છોકરો માંદો પડે તો કહેશે, માતાનો રથ ફરી ગયો છે !

બૈરી માંદી પડે તો કહેશે, એને ભૂત વળગ્યું છે !

કોઈ **જોગીજતિને** બોલાવી એની પાસેથી દોરા-ધાગો લે, તો કોઈ **ભૂવાને** બોલાવી ડાકલાં વગડાવે, કોઈ ઘર મંતરાવે, કોઈ ખાટલો મંતરાવે, કોઈ ચૂલો મંતરાવે ! આવું કંઈ કંઈ ચાલ્યા કરે.

એક વાર એક માણસ **માંદો** પડ્યો. એનાં સગાં-વહાલાં **મહારાજને** એને ઘેર તેડી ગયા. મનમાં

એમ કે મહારાજના **આશીર્વાદથી** એ સાજો થઈ જાય. મહારાજ તો **દયાળુ** હતા.


એને ઘેર ગયા, ને જઈને એના **ખાટલા** આગળ ઊભા. ત્યાં એમની નજર ખાટલાના **પાયા** પર પડી. જોયું તો પાયાને **કાળો દોરો** બાંધેલો હતો.

મહારાજ સમજી ગયા કે કોઈ **ભૂવો** અહીં દોરો-ધાગો કરી ગયો છે.

એટલે એક પણ અક્ષર બોલ્યા વગર એ ઊભા હતા ત્યાંથી જ **પાછા ફરી ગયા** ! કહે :

'જ્યાં વહેમ ત્યાં હરિ નહિ, જ્યાં હરિ ત્યાં વહેમ નહિ !'

હરિના ભક્તે હરિ પર જ વિશ્વાસ રાખવો જોઈએ. પરમાત્માથી મોટું કોઈ નથી, માટે પરમાત્મા સિવાય બીજા કોઈની **બીક** રાખવી નહિ ! મંતર-જંતર, દોરા-ધાગા, ભૂત-પલિત, ડાકણ-શાકણ કશાથી બીવું નહિ ! કારણ **પરમાત્માની ઇચ્છા** વગર કોઈ સાજું-માંદું થતું નથી. માટે માંદે-સાજે, દુઃખમાં-સુખમાં **એક પરમાત્માનો જ આશરો લેવો** ! એ જ સૌને સંભાળશે.



વહેમો તો કંઈ થોડા હતા ? હોળી આવે એટલે લોકો ગંદા ફટાણાં ગાય, છાતી કૂટે, ગાળો દે ! કહે કે આવું કરવું પડે, ન કરીએ તે **હોળી માતા** ગુસ્સે થાય. મહારાજ કહે : 'મા તે કદી કોઈને ગાળો દેવાનું કહેતી હશે ?' તેમણે એ બધું **બંધ કરાવ્યું**, ને સંત-કવિઓ પાસે હોળી પર ગાવાનાં **સુંદર ગીતો** લખાવ્યાં, ને એ ગીતો બધે ગવાતાં કર્યાં.

લગ્ન વખતે **બીભત્સ** ગીતો ગવાતાં, મહારાજે તે બંધ કરાવ્યાં, ને રાધા-વિવાહ, રૂક્મણી-વિવાહનાં ગીતો ગવાતાં કર્યાં.

આવા તો મહારાજે કેટલાંયે કામો કર્યાં છે. **આવા હતા મહારાજ !**

તેમણે લોકોને બતાવ્યું કે જ્યાં વહેમ અંધશ્રદ્ધા ત્યાં હરિ નહિ ! ને જ્યાં હરિ ત્યાં વહેમ નહિ !

સત્સંગ સમજણ વિભાગ

આજ્ઞા

હુકમ, આદેશ, ફરમાન, વિધિ-નિષેધરૂપ નિયમ. આજ્ઞા એટલે ભગવાન દ્વારા કે સ્મૃતિકાર ઋષિઓ દ્વારા મનુષ્ય જીવનમાં મર્યાદાનું પાલન કરવા આપવામાં આવેલા નિયમો અથવા સત્પુરુષે આપેલા વિશેષ નિયમો.

૧. સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.

— વચ. ગઢડા મધ્ય : ૫૧

૨. મોટાપુરુષની આજ્ઞાએ કરીને જે ધર્મ પાળે ત્યારે હમણાં તો કાંઈ

વિધિનિષેધમાં વિશેષ જણાતું નથી, પણ અંતે મોટા પુરુષની આજ્ઞા પાળનારાનું કલ્યાણ થાય છે. જેમ હૂંડીમાંથી રૂપિયા નીસરે છે તેમ. **— વચ. ગઢડા મધ્ય : ૬**

૩. જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે, તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.

— વચ. ગઢડા પ્રથમ : ૩૪

૪. શૂરવીર હોય તે થકી તો ઇન્દ્રિયો તથા અંતઃકરણ એ સર્વે થર થર કંપતા રહે અને બીજા કોઈથી પણ ડરે નહિ માટે એને કોઈ રીતે પરમેશ્વરની આજ્ઞામાં ભંગ થાય નહિ.

— વચ. લોયા : ૨

૫. પોતાને જાણે બે માણસનું કામ કરે તેથી પણ મોટાની આજ્ઞાએ કરીને બેસી રહે અથવા કહે એટલું કરે એ જ શ્રેષ્ઠ છે. **— સ્વામીની વાત : ૧/૧૦૯**

✳ સાધક કે જેને ભગવાનને પામવાની ઇચ્છા છે, તેને માટે **ભગવાન અને સંતની આજ્ઞાનું મહત્ત્વ** ઘણું જ છે. આજ્ઞામાં બધી જ વાત આવી જાય છે. તે વગર મનમાં આવે તેમ, ગમે તેટલા પ્રયત્નો ભગવાનને અને સંતને રાજી કરવા કરીએ પણ તે સર્વે જોઈએ તેવું ફળ આપી શક્તા નથી.

સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

શું થયું જપ તપ તીરથે, શું થયું વળી જોગ જગને;
શું થયું વિદ્યા ગુણ ડહાપણથી, જો ન રહ્યો હરિ વચને.

માટે **આજ્ઞા છે તે મુખ્ય છે. આજ્ઞા અને ઉપાસના એ બે પાંખો છે.** એક પાંખ ન હોય તો પક્ષી ઊડી ન શકે.

☞ આજ્ઞા શું ? શ્રીહરિએ શિક્ષાપત્રીમાં સર્વે સત્સંગી માટે આજ્ઞા લખી છે. **ત્યાગી માટે** વિશેષ આજ્ઞા ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિમાં છે. એ પ્રમાણે સત્સંગી — ત્યાગી, ગૃહસ્થાશ્રમી — સર્વેએ રહેવું જોઈએ. એ ઉપરાંત, ભગવાનને અખંડ ધારણ કરી રહ્યા હોય એવા જે સંત તે આપણા હિતને અર્થે જે વચન કહે તે પ્રમાણે રહેવું તે પણ આજ્ઞા.

શિક્ષાપત્રીમાં શ્રીહરિએ ચોખ્ખું લખ્યું છે : **'આ શિક્ષાપત્રી પ્રમાણે નહીં વર્તે તે તો અમારા સંપ્રદાય થકી બહાર છે...'**

આપણે સત્સંગી કહેવાઈએ છીએ તો તપાસ કરવી કે આપણે કેટલી આજ્ઞા પાળીએ છીએ !!

આપણે સત્સંગ કરીએ છીએ. સાધન, જપ, તપ વગેરે કરીએ છીએ તે શા માટે ? ભગવાનને રાજી કરવા અને તેથી મોક્ષ થાય તે માટે. તેનો **સરળ ઉપાય** આજ્ઞા પાળવી તે છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૧માં કહ્યું છે : **'આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તા રૂપે વર્તે છે.'** માટે આજ્ઞા પાળવામાં સર્વ વાત આવી જાય છે.

આજ્ઞા અને ઉપાસના અક્ષરધામમાં જવા માટેની બે પાંખો છે. એક પાંખથી પંખી ઊડી ન શકે, તેમ એક જ સાધનથી કામ ન ચાલે. મુખ્ય આજ્ઞા 'निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्' એ છે. માટે ભગવાનને રાજી કરવા હોય તેમણે આજ્ઞા અણુમાત્ર પણ ન લોપવી. આજ્ઞાને વિષે દૃઢપણે વર્તવું.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જૂના જમાનો શેનો હતો?

( ) A - ટેકનોલોજી ( ) B - સ્માર્ટફોન ( ) C - વહેમ-અંધશ્રદ્ધા

(૨) જૂના જમાનામાં કોઈ માંદો પડે ત્યારે લોકો શું ઈલાજ કરતા?

( ) A - દોરાધાગા બાંધે ( ) B - ભુવા બોલાવે ( ) C - ઘર મંતરાવે

(૩) શ્રીજી મહારાજ ખાટલાના પાયા પાસે શું બાંધેલુ જોઈ ગયા?

( ) A - બકરી ( ) B - કાળો દોરો ( ) C -લીંબુ

(૪) દોરા-ધાગા કરવાનું કામ કોન કરે છે?

( ) A - ડોક્ટર ( ) B - ભૂવા ( ) C - અંધશ્રદ્ધાળુ

(૫) હરિના ભક્તે કોના પર વિશ્વાસ રાખવો જોઈએ?

( ) A - ભગવાન ( ) B - ભૂવા ( ) C - ભરાડી

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) ભગવાનના ભક્તે કોનાથી ડરવું ન જોઈએ?

.....

(૨) કોની ઈચ્છા વિના કોઈ સાંજુ-માંદુ થતું નથી?

.....

(૩) આપણે કોનો આશરો કરવો જોઈએ?

.....

(૪) જૂના જમાનામાં હોળી વખતે લોકો શું બોલતા?

.....

(૫) શ્રીજી મહારાજે સમાજ સુધારાના કયા કયા કામો કર્યા? શું શું બંધ કરાવ્યું?

.....

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) સત્પુરૂષની આજ્ઞામાં વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્ષે છે. ☐

(૨) જેટલું સુખ થાય તેટલું આજ્ઞા લોપવે કરીને થાય છે. ☐

(૩) ધર્મામૃતમાં ગૃહસ્થોના ધર્મો લખ્યા છે. ☐

(૪) શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે ન વર્તે તે સત્સંગી નથી. ☐

(૫) જેના ગળામાં કંઠી હોય તેને ભૂત-પ્રેત કાંઈ કરી શકતા નથી. ☐

પ્રશ્ન-૪ 'આજ્ઞા' વિશે પાંચ વાક્યો લખો.

.....

.....

.....

.....

સભા-૩૨ : ખરા દાસ



વ્હાલા બાળભક્તો ! મહારાજ જેમને **ગુરુ** માનતા, હરહંમેશ જેની **પ્રશંસા** કરતા, વારેવારે મીઠે વેણે બોલાવી માન આપતા, છતાં **મુક્તાનંદ સ્વામી** તો **'દાસના દાસ'** થઈ રહેતા. એવા મુક્તાનંદ સ્વામીની **મહત્તા** ક્યા શબ્દોમાં કહેવી ? મહાન હોવા છતાં નાનામાં નાની સેવા સ્વામીશ્રી 'દાસ' બનીને કરતા.

એક વખત **ગઢપુરમાં** દાદાખાચરના દરબારગઢમાં **લીંબતરુ** નીચે **મહારાજ** બિરાજ્યા છે. સૌ સંતો-ભક્તો દર્શને આવે છે, પણ **ગઢની ડેલીમાં કૂતરાએ મળ** કરેલ. તે જોઈ આવનાર દરેક સંતો-ભક્તો **નાક આડો હાથ** દઈ બોલે છે; 'અરરર ! કૂતરાને છે કાંઈ ખબર ? અહીં રસ્તામાં મળ કર્યું ! વળી કોઈ સાફ પણ નથી કરતું' આમ, બોલતાં બોલતાં દર્શન કરી સભામાં બેસી જાય.

આ બધું મહારાજ બેઠા બેઠા જુએ. એવામાં **મુક્તાનંદ સ્વામી** પણ આવ્યા. તેણે પણ એ મળ જોયું, પરંતુ તેઓએ તો કાંઈ પણ બોલ્યા વગર **તે જગ્યા સાફ કરી નાખી** અને **સ્નાન કરી** પછી સભામાં આવી **દંડવત્** કરવા લાગ્યા. એટલે મહારાજે સભામાં બધાને પૂછ્યું કે, **'તમે બધા કોના 'દાસ' છો ?'** એટલે સૌએ કહ્યું કે, 'મહારાજ ! એમાં તે વળી શું પૂછવાનું હોય ? અમે તો તમારા 'દાસ' છીએ ને !' ત્યારે મહારાજ કહે: 'ના, ના. તમે બધા તો માત્ર કહેવાના જ 'દાસ' છો, **પણ અમારા 'ખરા દાસ' તો આ મુક્તાનંદ સ્વામી છે.** પેલી ખરાબ જગ્યા જોઈ તમને બધાને **ચીતરી** જરૂર ચડી, પણ તે જગ્યા સાફ તો મુક્તાનંદ સ્વામીએ જ કરી, માટે **'સાચા દાસ'** તો એ જ કહેવાય.' – એમ કહી **મુક્તાનંદ સ્વામીની ખૂબ પ્રશંસા** કરી અને સ્વામીને **ત્રણ વાર ભેટ્યા** અને છાતીમાં **ચરણારવિંદ** આપ્યા. પછી બધાને કહ્યું કે; **'જે સાચો 'દાસ' હોય તે સેવાને શોધે અને ખોટા દાસને સેવા શોધે.** 'દાસ' બન્યા વિના સેવા થઈ શકતી નથી, માટે **આ મુક્તાનંદ સ્વામી જેવું 'દાસ' બનતા શીખવું.'** - એમ કહી મુક્તાનંદ સ્વામીને દાસત્વ ભાવનાં કીર્તનો રચવાની આજ્ઞા કરી.



સ્વામીનું એક પદ છે :

નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્ય જો,

માટે વ્હાલા બાળભક્તો ! આપણે પણ સાચા દાસ થવું.

● શ્રીજીમહારાજ કહે છે -

મુક્તમુનિ સમ સંત ન કેહું,
સર્વોપરી હમ જાનત તેહું ।
માહાત્મ્ય કે ગુણ હે અધિકાઈ,
દિનદિન પ્રતિ લેત ચઢાઈ ॥
(હ.ચ.સા. ૮/૧૪)

☞ આ મુક્તાનંદ સ્વામી સર્વ સંતમાં શ્રેષ્ઠ છે. સત્સંગની 'માં' છે અને અમારા પણ ગુરુ છે, મુક્તોમાં સહુથી મહાન મુક્તાનંદ સ્વામી કહેવાય. **(હ.ચ.સા. ૪/૭૬)**

☞ સ્વામી ! અનંતકોટિ બ્રહ્માંડમાં અમારું કર્યું થાય છે ને અમારે પ્રતાપે કરીને તમારું પણ અનંતકોટિ બ્રહ્માંડમાં કર્યું થાય છે. પણ તેને તમે જાણતા નથી. **(ગુ.સ્વા.નીવાતો : ૪/૧૬)**

☞ ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવાં મોટા હોય તેના નામ લઈને તેની પ્રાર્થના કરવી., તો ભુંડાઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય.પણ એ વિના બીજો એવાં ઘાટ ટાળ્યાનો ઉપાય નથી. **(વ.લો. ૬)**

☞ મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે. **(વ.મ. ૬૨)**

☞ હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે તે નારાયણને લઈએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય. **(વ.લો. ૧૩)**

☞ અમે સ્વામીના દર્શન થયા મો'ર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. **(વ.લો. ૩)**

☞ હે સંતો ! તમારે સર્વેને પણ મુક્તાનંદ સ્વામીની જેમ મધુરવાણી બોલતાં શીખવી પણ કઠોર વાણી બોલતાં શીખવી નહિ. **(અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૨૧૫)**

☞ અમને સંકલ્પ થાય છે જે સર્વેને મુક્તાનંદ સ્વામી જેવા કરી મૂકીએ. પછી સાચવવા ન પડે. **(ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૨૦૭)**



☞કામ-ક્રોધાદિકના જોરને હટાવે એવો જે વિચાર તે તો ગુણ થકી પર છે અને તે તમારા જીવમાં રહ્યો છે. **(વ.ગ.મ. ૨૭)**

☞સ્વામી ! તમે તમારી મોટ્યપને જાણો છો ? ત્યારે સ્વામી કહે, ના, મહારાજ ! હું જાણતો નથી. ત્યારે મહારાજ કહે કે 'અલ્પ જેવો જીવ હોય અને તમે એમ સંકલ્પ કરો જે, આ જીવ ઠેઠ અક્ષરધામમાં જાય. તો તે જીવ અક્ષરધામમાં જઈને પૂગે; એવું તમારા સંકલ્પનું બળ છે અને તમારી મોટ્યપ તો અપાર છે. **(અક્ષરાનંદસ્વામીની વાતો-૮૧૧)**

☞મહારાજે તેરા ગામથી કાગળ લખાવ્યો જે, 'વર્ષ દહાડામાં એક મહિનો સર્વે સાધુ-સત્સંગીને મુક્તાનંદ સ્વામીની વાત સાંભળવી.' **(ગુ. સ્વામીની વાતો : ૩/૧૦)**

☞મુક્તાનંદ સ્વામીનો તો એક જ સરખો રંગ છે. તેમના રંગનો ક્યારેય ભંગ થતો નથી, તેમના એકસરખા રંગને જોઈને અમે તેમને ગુરુ માનીએ છીએ અને સત્સંગના જેટલા સદ્‌ગુણ કહેવાય છે તે બધા તે સ્વામીમાં રહ્યાં છે. **(હ.ચ.સા. ૧૮/૨૧)**

☞ મુક્તાનંદ ગુરુ છે અમારા, ગુરુ જાણવા તે તો તમારા.
(હરિલીલામૃત : ૭/૪૭/૩૦)

☞ મુક્તમુનિ બહુ નિપુણ છે, અમારી મરજી પ્રમાણે જ અનુસરે છે. તેમની તુચ્છતા સમજે, તે ગુરુ કે રાજાઓ ધિક્કારને પાત્ર છે.
(હ.ચ.સા. ૧૯/૪૧)

● પરમહંસો કહે છે :


✹ **ગોપાળાનંદ સ્વામી કહે છે :** સત્સંગી તથા સાધુની સભા બેઠી હોય ત્યારે તો મુક્તાનંદ સ્વામી જેવા સંત પાસે બેસવું.
(ગોપાળાનંદ સ્વામીની વાતો - ૨/૯)

✹ **નિત્યાનંદ સ્વામી કહે છે :** આ બ્રહ્માની સૃષ્ટિમાં મુક્તાનંદ સ્વામી જેવો બીજો કોઈ સમર્થ પુરુષ નથી. તે તો એ એક જ છે ! માટે તેમનાં જેવો બીજો હું ક્યાંથી લાવું ?!
(અક્ષરાનંદ સ્વામીની વાતો : ૭૯૧)

✹ **ગુણાતીતાનંદ સ્વામી કહે છે :** મુક્તાનંદ સ્વામી જેવા સાધુ વાત કરે, તે બે હજાર માણસોની સભા બેઠી હોય તે સહુના સંકલ્પના ઉત્તર થાતા જાય. **(ગુણાતીતાનંદ સ્વામીની વાતો : ૧/૩૨૩)** મુક્તાનંદ સ્વામી જેવા સાધુનો અહોરાત્રી નિરંતર સમાગમ કરે, ત્યારે પૂરા સાધુ થવાય ! **(ગુણાતીતાનંદ સ્વામીની વાતો - ૫/૩૦)**

✹ **બ્રહ્માનંદ સ્વામીએ** મુક્તાનંદ સ્વામીને હાથ જોડીને કહ્યું : સ્વામી ! તમારે તો દર્શન દેવા પણ વાતો કરવી નહિ. કેમજે તમારી વાતો સાંભળીને કોઈ બીજે જશે જ નહિ. તમારા સમાગમ માટે તમારી પાસે રહેશે. માટે તમારે તો દયા રાખવી પણ વાતો ન કરવી. **(અક્ષરાનંદ સ્વામીની વાતો : ૮૨૫)**

✹ **અદ્‌ભુતાનંદ સ્વામી કહે છે કે :** મને શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે આ મુક્તાનંદ સ્વામીને અમારી જગ્યાએ વેમારડી તેડી જાઓ. અને અમારી સેવા કરો તેમ સ્વામીની સેવા-પૂજા



કરજો. મુક્તાનંદ સ્વામીની સેવા-પૂજા કરવાથી અમારી પૂજા થઈ ગઈ ગણાશે. પછી વેમારડીના હરિભક્તોએ ૧૮ દિવસ સુધી સ્વામીને વસ્ત્ર-અલંકાર પહેરાવી હીંડોળે ઝુલાવી મહારાજની જેમજ સેવા-પૂજા કરી, તો મહારાજ ઘણાં રાજી થયા.

(અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો-૧૬૫)

✹ **આધારાનંદ સ્વામી કહે છે :** આચાર્યપદ સ્થાપવા અંગે શ્રીહરિએ મુક્તમુનિની અંગત સલાહ લીધી. **(હ.ચ.સા. ૭/૪)** બન્ને આચાર્યોને ઉપદેશ કરવાની આજ્ઞા શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કરી. **(હ.ચ.સા. ૧૧/૨)**

✹ **જગદીશાનંદ બ્રહ્મચારી કહે છે :**

મહામુનિવર મુક્તાનંદ, સદ્‌ગુરુ સ્વામી રે,
જેમાં સદ્‌ગુણ શ્રેષ્ઠ અપાર, લેશ ન ખામી રે. મહા...
જેને વંદે સદામુનિવૃંદ, મુખ્ય પ્રમાણી રે,
જેની અમૃતતુલ્ય અમૂલ્ય, ઉત્તમ વાણી રે. મહા...

✹ **આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ કહે છે :**

સર્વે સદ્‌ગુણના ભૂષણ એવા અને શ્રીહરિના અત્યંત વાહલા શાંત સ્વભાવના સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી હતા. **(શ્રી દુર્ગપુર માહાત્મ્ય-૧૦)**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) આપણા આદિગુરૂદેવ કોણ છે? .....

(૨) શ્રીજી મહારાજ કોને પોતાના ગુરૂ માનતા?.....

(૩) કૂતરાનો મળ કોણે સાફ કર્યો?.....

(૪) એક વાર દાદાખાચરના દરબારગઢની ડેલીમાં શું થયું હતુ?

.....

(૫) સાચા દાસનું શું લક્ષણ છે?

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે ; આ વાક્ય કયાનું છે?

( ) A - શિક્ષાપત્રી ( ) B - વચાનામૃત ( ) C - ધમામૃત

(૨) અમને સંકલ્પ થાય છે જે સર્વેને મુક્તાનંદ સ્વામી જેવા કરી મૂકીએ. પછી સાચવવા ન પડે. આ વાક્ય કોણ બોલે છે.

( ) A - ગુણાતીનંદ સ્વામી ( ) B - શ્રીજી મહારાજ ( ) C - ગોપાળાનંદ સ્વામી

(૩) આ મુક્તાનંદ સ્વામીનાં સમાન કોઈ સંત નથી, હું તેમને સર્વશ્રેષ્ઠ સાધુ જાણું છું આ વાક્ય કોણ બોલે છે?

( ) A - શ્રીજી મહારાજ ( ) B - મુક્તાનંદ સ્વામી ( ) C - બ્રહ્માનંદ સ્વામી

(૪) અ બ્રહ્માની સુષ્ટિમાં મુક્તાનંદ સ્વામી જેવો બીજો કોઈ સમર્થ પુરૂષ નથી. તે તો એ એકજ છે. આ વાક્ય કોણ બોલે છે?

( ) A - ગુણાતીતાનંદ સ્વામી( ) B - નિત્યાનંદ સ્વામી( ) C - ગોપાળાનંદ સ્વામી

(૫) વેમારડી ગામના ભક્તોએ કેટલા દિવસ સુધી મુક્તાનંદ સ્વામીની શ્રીજી મહારાજની જેમ સેવા કરી ?

( ) A - ૧૮ ( ) B - ૧૦ ( ) C - ૩૦


પ્રશ્ન-૩ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) મુક્તાનંદ સ્વામી	(૧) શીઘ્રકવિ
(૨) નિષ્કુળાનંદ સ્વામી	(૨) પ્રેમમૂર્તિ
(૩) ગોપાળાનંદ સ્વામી	(૩) વૈરાગ્યમૂર્તિ
(૪) પ્રેમાનંદ સ્વામી	(૪) સાધુતામૂર્તિ
(૫) બ્રહ્માનંદ સ્વામી	(૫) યોગીવર્ય

સભા-૩૩ : ખોપાળાના જેઠાભાઈ માણિયા


ગઢપુરની બાજુમાં ખોપાળા કરીને નાનકડું ગોકુળીયું ગામ છે. ત્યાં શ્રીજી સમકાલીન સમયમાં **જેઠા ભગત** થઈ ગયા છે. એક વખત **ગઢપુરથી સંતો ખોપાળા પધાર્યા** હતા. જેઠા ભગતને દરરોજ મંદિરે જવાનો નિયમ હતો એટલે સવારમાં મંદિરે આવ્યા. ત્યાં **સંતોને જોયાં** અને રાજી રાજી થઈ ગયાં. સંતોને દંડવત્ કરી કહ્યું : 'સ્વામી ! **મારે ઘેરથી** સાંજે **દૂધ** મોકલાવીશ તે ઠાકોરજીને ધરાવીને તમો **ખીચડી** સાથે જમજો અને કાલે મારા તરફથી **રસોઈ** કરજો.'

પછી કથા-વાર્તા સાંભળીને ઘેર આવ્યા અને **પત્નીને** કહ્યું : **'સંતો આવ્યા છે એટલે સાંજે ભેંસોનું તાજુ દૂધ દોહીને મંદિરે મોકલાવજે હું વાડીએ જાઉં છું.'** એમ કહીને જેઠા ભગત ગયા. પરંતુ તેમના **પત્નીને** સંતોનો બહુ **મહિમા ન હતો** તેના કારણે તેણે **દૂધને બદલે ખાટી છાશ** મોકલાવી. સંતોએ તેની **કટી** કરીને ઠોકારજીને જમાડી, સાંજે જેઠા ભગત ખેતરથી મંદિરે આવ્યા. દર્શન કરીને સંતોને પૂછ્યું. સંતોએ કહ્યું : 'ભગત ! તમારા ઘેરથી **છાશ** આવી હતી એટલે



કટ્ટી કરીને ઠાકોરજીને ધરાવી છે.'

દૂધને બદલે છાશ મોકલી તે સાંભળીને જેઠા ભગતને બહુ **દુઃખ** થયું. તેઓ મનોમય કહેવા લાગ્યા : 'અરે, **બારે મહિના** છોકરા અને બૈરા માટે જ વૈતરું કરું છું. તેઓને માટે જ આખી જિંદગી રળવાનો છું અને છ મહિને **સંતો** આવ્યા એને **દૂધ પણ ન આપ્યું** ? **જે ભેંસોનું દૂધ સંતોના કામમાં ન આવે તો તે ભેંસોને રાખીને શું કામ છે** ?' આમ વિચાર કરી ઘેર આવ્યા. સવારે **પ્રહર ચરવા** ભેંસો ગઈ, પછી તેની **પાડીઓ**ને છોડી જેઠા ભગત **ભેંસો ચરતી** હતી ત્યાં જઈ **ભેંસોને લઈ સીધા ગઢપુર** આવ્યા અને શ્રીજીમહારાજને **અર્પણ** કરી. મહારાજે કારણ પૂછ્યું. ત્યારે જેઠા ભગતે કહ્યું કે, 'હે મહારાજ ! **જે પદાર્થ** કે અન્ય વસ્તુઓ **સંતોના ઉપયોગમાં ન આવે** તો તેનું મારે શું કામ છે ? માટે આ **ભેંસોનું દૂધ** ગોપીનાથજી મહારાજના થાળમાં ધરાવી સંતોને પીરસજો.'



એમ ભલામણ કરીને પાછા ખોપાળા આવ્યા અને મંદિરમાં જઈ કથા સાંભળવા બેસી ગયા. આ બાજુ ઘેર ભેંસો આવી નહિ એટલે ભગતના **ઘરવાળાએ** મંદિરની ખડકીએ આવી એક હરિભક્ત દ્વારા ભગતને પૂછાવ્યું કે; '**ભેંસો ઘેર આવી નથી** અને તમો સવારના પાડીઓને લઈને ક્યાં ગયા હતા ?'


હરિભક્તે આવીને જેઠા ભગતને કહ્યું. ત્યારે ત્યાંજ બેઠા બેઠા ભગતે છોકરાને કહ્યું : 'તારી **કાકી**ને કહેજે કે; **'ગોપીનાથજી મહારાજે મને ભેંસો આપી હતી** અને કહ્યું હતું કે તારા ગામમાં **સંતો** આવે ત્યારે **દૂધ જમાડજે** અને સંતો ન હોય ત્યારે તમારા ઘરના સર્વે પીજો, પરંતુ ગઈકાલે **સંતોને દૂધ ન આપ્યું** એટલે ગોપીનાથજીએ તેની **ભેંસુ મંગાવી** લીધી. માટે કાલે સવારે **ગોકળ ગાબાણી**ને ત્યાંથી છોકરાં માટે **છાશ** લઈ આવજે નહિતર છોકરાં છાશ વિનાના રહેશે.' પછી **જીવ્યા ત્યાં સુધી ગાયો કે ભેંસો રાખી નહિ**. આવા હતા સંતો પ્રત્યે હેતવાળા ભક્તરાજ જેઠાભાઈ માણિયા.

• • •

મહારાજે ગઢપુરમાં **ગોપીનાથજીના મંદિર**નું અતિ ધામધૂમથી **ખાતમૂહુર્ત** કર્યું. ત્યારબાદ વિશાળ સભા ભરાઈ. તેમાં મહારાજે હરિભક્તોની સભાને સંબોધતા કહ્યું : 'અહીં ગોપીનાથજીનું મંદિર કરવું છે, માટે સૌ સૌની શ્રદ્ધા પ્રમાણે **તન મન ધનથી સેવા કરજો**.' ત્યારે તે જ સમયે **ખોપાળાના જેઠા ભક્ત** ઊભા થયા ને મહારાજને કહે, **'ગાડાએ સહિત બે બળદ અને**

ત્રીજો હું જેઠો, એ ત્રણેય વાના મંદિર પૂરું થાય ત્યાં સુધી તમોને કૃષ્ણાર્પણ.' એ સાંભળી મહારાજ બહુ જ **રાજી** થયા. વાંસો થાબડી બાથમાં લઈ ભેટ્યા. ખરેખર આવા જે ભક્તો હોય, તેણે મહારાજને **મારી પર રાજી રહેજો** એમ કહેવું ન પડે. તેના ઉપર તો ભગવાન અને સંતોનો સહેજે રાજીપો વરસ્યા જ કરે છે. જેણે ભગવાન અને સંતનો મહિમા ચરિતાર્થ કર્યો હોય અને એને જ પોતાનું સર્વસ્વ માન્યુ હોય તેનાથી જ આમ વર્તાય, જેઠા ભગત તો **ઘેલા નદીમાંથી પથરા** લાવે, જે જરૂર પડે તે સર્વે કામ જેમ સંતો-ભક્તો કહે એમ કરતા. એમ કરતા **ચાર માસ** ગયા. જેઠ મહિનામાં **વરસાદ** થયો. ત્યારે મહારાજ કહે, 'ભગત, **ખેતી કરવા નથી જવું** ?' ત્યારે જેને મહારાજને રાજી કરવા એ જ એક તાન છે એવા જેઠા ભગત બોલ્યા, 'જ્યારે આ **મંદિર પૂરું થાશે ત્યારે જઈશ** તે પહેલાં નહિ.' મહારાજ કહે, 'ઘરબારનું શું ?' ત્યારે કહે, 'મહારાજ એની ચિંતા નથી. આપની કૃપાથી **બે વર્ષ** ચાલે એટલું અન્ન ઘરમાં છે અને **ધન તો મારે મન તમારો રાજીપો છે.**' તે સાંભળી મહારાજ બહુ રાજી થયા.

'જેઠા ભગતે પોતાનું **સર્વસ્વ સમર્પણ** કરી **બે વર્ષ** મહારાજની સેવા કરી. બીજે વર્ષે ઘેર આવી ખેતી સંભાળી. પણ મહારાજે એક જ વર્ષમાં એમને **૩ વર્ષનું** ધન-ધાન્યાદિક આપી દીધું. અને ભગતના ભંડાર સમૃદ્ધિથી ભરી દીધા.'



મહિમાવાળા ભક્તો આ લાભ લઈ શકે છે. બીજા તો વિચારતા રહે, આમ કરાય કે ન કરાય. બધુ સત્સંગ પરાયણ કરી દઈએ તો વ્યવહાર કેમ ચાલે ? જાણે વ્યવહાર ચલાવવો એ જ મનુષ્ય દેહનું કર્તવ્ય ન હોય ? માટે લોક, ભોગ, વ્યવહારને ગૌણ કરી શ્રીહરિ અને સંતોને પ્રધાન રાખવા તો મોક્ષ માર્ગ અતિ સુગમ થઈ જશે.

– હા, વિદ્યાર્થી મિત્રો ! કોઈક આપણા પર સાધારણ ઉપકાર કરે તોય આપણે તેનો આભાર માનીએ છીએ. તો પ્રભુનો તો આપણા પર કેવો મોટો ઉપકાર છે ! કેટકેટલું તેઓએ આપણને મફતમાં આપ્યું છે અને આપતા રહે છે ! તો આપણે પણ ભગવાનને 'Thank you' તો કહેવું જ જોઈએ ને ! ભગવાનનો આભાર તો માનવો જ જોઈએ ને ! ભગવાનનો આભાર માનવાની રીત **સમર્પણ** છે. જે આપણી પાસે છે તેમાંથી **કંઈક ભગવાનને અર્પણ કરવું,** તે ભગવાનનો **આભાર** માન્યો કહેવાય, ભગવાનને **'થેંક યુ'** કહ્યું ગણાય. **સમર્પણ**થી ભગવાન પ્રસન્ન થાય છે, તેમની પ્રસન્નતાને કારણે જીવનમાં સફળતા અને શાંતિ પ્રાપ્ત થાય છે.

● આટલું યાદ રાખો

ભગવાન સ્વામિનારાયણ **'શિક્ષાપત્રી'**માં કહે છે :

निजवृत्त्युद्यमप्राप्त-धनधान्यादितश्च तैः ।
अर्प्यो दशांशः कृष्णाय, विंशोंऽशस्त्विह दुर्बलैः ॥'

અર્થ : પોતાની મહેનતથી મેળવેલ ધન-ધાન્યમાંથી દશમો ભાગ ભગવાનને અર્પણ કરવો. જેની પરિસ્થિતિ સારી ન હોય તેમણે આવકનો વીસમો ભાગ ભગવાનને અર્પણ કરવો. (૧૪૭)



સત્સંગ સમજણ વિભાગ

ખપ-ગરજ

અગત્યતા, ગરજ, આવશ્યકતા, રાંકપણું, ગરીબપણું, શું ન થાય ? તે ભાવના, કલ્યાણનો સ્વાર્થ, ઘગશ, ઈશક, કોઈ વસ્તુ-વ્યક્તિની જરૂર પડવી તે.

✳ સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી :

'કલ્યાણનો ખપ કેવો રાખવો જોઈએ જે, અગણોતેરા કાળમાં ભીમનાથના રાંકા માગવા આવતાં ને કરગરતા ને તેને ધક્કા મારે તો પણ જાય નહીં, એવો ખપ રાખવો જોઈએ.'

- સત્સંગનું પ્રથમ પગથિયું - ખપ/ગરજ/દીનભાવ છે.
- મુક્તાનંદ સ્વામીએ ગાયું છે : શુળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે.
- ગર્જુ બિન ન હરિ હિત લાવે, ગર્જુ પાસ સેહેજે ચલી આવે ;
  ગર્જુ કે શ્રીહરિ હોત હે બેલી, ગર્જુ કો કબું દિયે ન મેલી. (હ.ચ.સા. - ૬/૫૧/૨૦)

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) જેઠા ભગતે સંતોને જોઈને શું કહ્યું?

.....

(૨) જેઠા ભગતના પત્નીએ સંતો માટે શું મોકલ્યું?

.....

(૩) પત્નીએ દૂધના બદલે છાશ મોકલી જાણીને જેઠા ભગતે મનોમન શું વિચાર્યું?

.....

(૪) જેઠા ભગત શું લઈ ગઢપુર પહોંચ્યા ?

.....

(૫) ગોપીનાથજી મંદિરનું કામ ચાલતું હતું ત્યારે જેઠા ભક્તે શું કૃષ્ણાર્પણ કર્યું?

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જેઠાભાઈ માણિયા કયા ગામના હતા?

( ) A - ગઢપુર ( ) B - ખોપાળા ( ) C - ખંભાળા

(૨) જેઠાભાઈએ મહારાજને શું અર્પણ કર્યું?

( ) A - ભેંસો ( ) B - ગાયો ( ) C - બકરીઓ

(૩) ગઢપુરમાં કયા દેવનું મંદિર છે?

( ) A - નરનારાયણ ( ) B - ગોપીનાથજી ( ) C - રાધારમણ

(૪) ગઢપુરમાં કઈ નદી આવેલી છે.

( ) A - નર્મદા ( ) B - ઘેલા ( ) C - ગોદાવરી

(૫) જેઠાભક્તે પોતાનું સર્વસ્વ સમર્પણ કરી કેટલો સમય મહારાજની સેવા કરી?

( ) A - ૨ વર્ષ ( ) B - ૩ વર્ષ ( ) C - ૬ મહિના

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યના 'હા' કે 'ના'માં જવાબ આપો.

(૧) ભીમનાથના રાંકા જેવો સત્સંગનો ખપ રાખવો. ☐

(૨) સત્સંગનું પ્રથમ પગથિયું ખપ/ગરજ છે. ☐

(૩) ગરજ રાખે તે દિવસે દિવસે નાનો થતો જાય છે. ☐

(૪) જે દશમો વિસમો ભાગ ભગવાનને અર્થે વાપરે છે. તે ક્યારેય અન્ન-વસ્ત્રે દુઃખી થતો નથી. ☐

(૫) આપણે તો સત્સંગમાં ગરજુ થઈને રહેવાનું છે. ☐

સભા-૩૪ : હું આત્મા છું

જ્વલંત સ્મશાન આગળથી પસાર થતો હતો. એના **પિતાજી** સાથે હતા. જ્વલંતે જોયું તો એક **મડદું ચિતામાં ભડભડ બળી** રહ્યું હતું. જીવનમાં પહેલી જ વાર એક માણસને આ રીતે બળતો એ જોઈ રહ્યો હતો. એ ચાલતાં ચાલતાં જ આ બધું જોઈ રહ્યો હતો. એવામાં એનાથી **ચીસ** પડાઈ ગઈ : '**ઓ બાપ રે...**'

'શું થયું જ્વલંત ?' કહેતાં આગળ ચાલી રહેલા પિતાજી ત્યાં દોડી આવ્યા.

'અરે ! આ **પગ દાઝી ગયો...** મારા પગ નીચે **અંગારો** આવી ગયો.' જ્વલંતે પોતે પાડેલી ચીસનું રહસ્ય દુ:ખ સાથે વ્યક્ત કર્યું. હજી એના પગના તળિયે ચમચમ થતું હતું. નસીબ-જોગે એ જગ્યાએ ફોલ્લો ઊપસ્યો ન હતો, પણ જ્વલંતના નાજુક મનમાં એક પ્રશ્ન ઊપસી આવ્યો.



ચાલતાં ચાલતાં જ એણે પિતાજીને પૂછ્યું : 'પિતાજી ! **એક પ્રશ્ન પૂછું ?**'

પૂછ ને ! પણ ધ્યાન રાખજે, બીજો અંગારો ચંપાઈ ના જાય.' પિતાએ કહ્યું.

'હું તમને એ જ પૂછવા માંગું છું. મને **સહેજ અમથો અંગારો ચંપાઈ ગયો ને હું તો કૂદી પડ્યો.** હજી એ ભાગમાં ચચરે છે. ને જુઓ, **સ્મશાનમાં પેલો માણસ આખો જ ભડભડ બળે છે** તોય હાલતો ચાલતો નથી. મને આ સમજ નથી પડતી. આનું કારણ શું ?'

પિતાજી કહે : 'જ્વલંત ! **તું જીવિત છે** અને પેલું જે બળે છે **એ મડદું છે.**'

'એવું કેમ ? એનેય મારા જેવાં જ હાથ, પગ, આંખો, મોં ને બધા જ અવયવો છે, ને છતાં એ **મડદું** કેમ ?' જ્વલંતને કંઈ સમજ ના પડી એટલે વધારે પૂછ્યું.

પિતાજી કહે : ‘ શરીરમાં ભલે બધા અવયવો હોય , પણ અંદરથી **આત્મા** નીકળી જાય એટલે ગમે એવો **રાજા-મહારાજા** હોય એય મડદું થઈ જાય . ’

‘ એવું ? પછી એ નવાં કપડાં માંગે ? ’ ☞ ‘ **ના રે ના** ! ’

‘ સારું સારું ખાવાનું ? ’ ☞ **‘ હોય કાંઈ ! ’**

‘ સૂવા માટે સારી પથારી ? ’ ☞ ‘ **ના ભઈ ના** ! ’

‘ તો પછી આપણી સાથે વાત કરી શકે ? ’ ☞ ‘ **ના.** ’

‘ તમે મારો છો એવો લાફો મારી શકે ? ’ ☞ ‘ **ના.** ’ પિતાજી હસી પડ્યા .

જ્વલંત કહે : ‘ આપણે સોનાના દાગીનાથી શણગારીએ તો પણ બોલે નહિં ? ’ ☞ **‘ સહેજ પણ નહિ. ’**

જ્વલંતના આશ્ચર્યનો પાર ના રહ્યો . આવું એ પહેલી જ વાર સાંભળી રહ્યો હતો .

એણે પૂછ્યું : **‘ આત્મા એટલે શું ? ’**

‘ આ સંપૂર્ણ શરીરનો નિયામક. ’

‘ એ કઈ રીતે ? ’

‘ જો જ્વલંત ! હું કહું એમ કર તો ! ’

‘ બોલો , પિતાજી ! ’ જ્વલંતે ઉત્તર વાળ્યો .

‘ પાંચ મિનિટ મૌન રાખ તો ! ’ જ્વલંતે એમ કર્યું .

‘ હવે પાંચ મિનિટ આંખો બંધ કરી દે , આંધળો હોય એમ . ’ જ્વલંતે એ પણ કર્યું .

‘ હવે પાંચ મિનિટ હાલ્યાં-ચાલ્યાં વગર બેસી રહે . અને પાંચ મિનિટ કાન બંધ કરી રાખ . ’

જ્વલંતે એ રીતે પણ કર્યું .

પિતાજીએ પૂછ્યું : ‘ તને આ કરવામાં શો અનુભવ થયો ? ’

‘ બહુ ખાસ વાંધો ન આવ્યો . ’

‘ તો હવે એક કામ કર . **પાંચ મિનિટ શ્વાસ રોકી રાખ તો ! ’**



જ્વલંતે શ્વાસ રોકવાનું શરૂ કર્યું, પણ એક મિનિટ પણ પૂરી ન રોકી શક્યો. **ગૂંગળામણ** થઈ ગઈ. એણે પિતાજીને કહી દીધું : 'પિતાજી ! આ શક્ય જ નથી. આમાં તો હું મરી જઉં.'

પિતાજી કહે : 'હું તને એ જ સમજાવવા માંગું છું. જો તું ગૂંગળાઈને મરી જાય, તો પછી તારાં આ આંખ, કાન, નાક ને બધા અવયવો શું કામનાં ? **ગૂંગળાવાથી જે ચાલ્યો જાય છે એ તારો આત્મા છે.** એ આત્મા ચાલ્યો જાય એટલે શરીરની કોઈ કિંમત નહિ. પછી શરીરને સળગાવી દો તોય કાંઈ બોલે નહિ ને ચાલે નહિ.'

જ્વલંત કહે : 'તો તો **મારે આત્માની જ સંભાળ વિશેષ રાખવી જોઈએ ને** !'

પિતાજી કહે : '**હા**, ભગવાને આપણને આ શરીર પણ **આત્માની સંભાળ** રાખવા માટે જ આપ્યું છે.'


જ્વલંત કહે : 'એ સંભાળ કઈ રીતે રખાય ?'


પિતાજી કહે : 'જેમ શરીરને સ્વચ્છ રાખવા માટે **સાબુ** છે, જેમ શરીરના પોષણ માટે **ખોરાક** છે, એમ **ભગવાનની ભક્તિ એ આત્માને સ્વચ્છ રાખવાનો સાબુ છે.** અને ભગવાનના અખંડ ધારક **સંતનો સમાગમ** એ **આત્માનો ખોરાક છે.** આત્માનું પોષણ એ કરે છે.'

જ્વલંત કહે : 'ભક્તિ અને સંત-સમાગમ વડે આત્માને આપણે સાચવીએ તો શું થાય ?'

પિતાજી કહે : 'તો **અખંડ સુખની પ્રાપ્તિ** થાય. જીવનમાં ગમે એવાં સુખ દુઃખ આવે તોય **સ્થિર** રહેવાય. **મૃત્યુની બીક જ નીકળી જાય.**'

'એ ક્યારે દૃઢ થાય ?'





'એકાંતિક સંત આપણા પોતાના આત્માને **બ્રહ્મભાવ** પમાડી દે ત્યારે. તને પેલી ભાગવતની વાતની ખબર છે. **પરીક્ષિત રાજા હતો**. એણે એક ઋષિનો **દ્રોહ** કર્યો. ઋષિના પુત્રે ગુસ્સે થઈને **શાપ** આપ્યો કે તારું **સાત દિવસમાં મૃત્યુ** થશે. **મૃત્યુની વાત** આવી તો એ તો **બી** ગયો. એણે ઘણા ઘમપછાડા જીવવા માટે કર્યા. તેને **શુકદેવજી** મળ્યા. એમણે પરીક્ષિતને સમજાવ્યું : '**નાશ આ શરીરનો છે. આત્મા તો અમર છે.** જે કાંઈ જતન કરવાનું છે એ આત્માનું કરવાનું છે. છેલ્લે એ જ કામ આવવાનું છે.'

પરીક્ષિતે પૂછ્યું : '**આત્માનું જતન કઈ રીતે થાય ?**' '**કથા-શ્રવણથી**.' શુકદેવજીએ કહ્યું : '**ભગવાનની ભક્તિમાં તારું મન પરોવી દે. બાકીનું ભગવાન સંભાળી લેશે.**'

પરીક્ષિતે એમ કર્યું. એની મૃત્યુની બીક નીકળી ગઈ. શુકદેવજી મળ્યા તો પરીક્ષિતનો મોક્ષ થઈ ગયો. એમ **એકાંતિક સંતો** આપણને આ લોકમાં સુખેથી જીવતાં શીખવે છે, અને પરલોકમાં પણ કઈ રીતે ભગવાનનું સુખ મેળવવું એ શિખવાડે છે.'

જ્વલંતે પિતાજીની વાતો પર **ઊંડું મનન** કર્યું. એકાંતિક સંતની આજ્ઞા મુજબ તેણે હવે ભક્તિ કરવાનું શરૂ કર્યું. '**હું આત્મા છું**' એમ માનીને ભગવાનની ભક્તિ કરવામાં હવે તેને ખૂબ આનંદ આવે છે.

હું કોણ ?

હું એટલે હાથ નહિ - પગ નહિ
હું એટલે આંખ નહિ - કાન નહિ
હું એટલે નાક નહિ - મોઢું નહિ
હું એટલે જાડો નહિ - પાતળો નહિ
હું એટલે સુખી નહિ - દુઃખી નહિ
હું એટલે મન નહિ - બુદ્ધિ નહિ
હું એટલે પુરુષ નહિ - સ્ત્રી નહિ
હું એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, ક્ષુદ્ર નહિ.
હું એટલે બાળક, યુવાન કે વૃદ્ધ નહિ.
હું એટલે કાળો નહિં કે ધોળો નહિ.
હું એટલે આ શરીર નહિ.
તો હું કોણ ?

હું એટલે આત્મા, જીવ, મુક્ત

આત્મા જન્મતો નથી, મરતો નથી, દેહ જન્મે છે અને મરે છે, આત્મા અનાદિ છે.

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ।

तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥ (ગીતા ૨/૨૨)

અર્થ : જેમ મનુષ્ય જૂનાં થયેલા વસ્ત્રોનો ત્યાગ કરીને બીજા નવા વસ્ત્રો ગ્રહણ કરે છે; તેમ જીવાત્મા (દેહી) પ્રારબ્ધ પૂરું થતા જૂના શરીરને છોડીને નવા સુંદર શરીરને પામે છે.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।

न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारूतः ॥ (ગીતા ૨/૨૩)

અર્થ : અતિ તીક્ષ્ણ ધારવાળા શસ્ત્રોથી પણ આત્માને કાપી શકાતો નથી, અગ્નિ આત્માને સળગાવી શકતો નથી. પાણી વડે આત્મા ભીનો થતો નથી (સડતો નથી) અને વાયુ આત્માને સુકવી શકતો નથી.

સત્સંગ સમજણ વિભાગ

આત્મનિષ્ઠા

આત્મા + નિષ્ઠા (લીનતા), જાતમાં મગ્ન રહેવાપણું, પંડમાં વિશ્વાસ, પોતાની જાતની જે ખાતરી તે આત્મજ્ઞાન. દેહ અને આત્માને અલગ સમજવો, જાણવો તે. પોતાને દેહથી પૃથક્ (અલગ) આત્મા માનીને - પોતાના આત્માના સ્વરૂપને યથાર્થ જાણવું - તેનું નામ જ્ઞાન. એને 'આત્મનિષ્ઠા' પણ કહે છે.

૧. આત્મનિષ્ઠા તો એવી રીતની જોઈએ જે, 'હું ચૈતન્ય છું ને દેહ જડ છે, અને હું શુદ્ધ છું ને દેહ નરકરૂપ છે, અને હું અવિનાશી છું ને દેહ નાશવંત છે, અને હું આનંદરૂપ છે ને દેહ દુઃખરૂપ છે.' એવી રીતે જ્યારે દેહ થકી પોતાના આત્માને સર્વપ્રકારે અતિશય વિલક્ષણ સમજે ત્યારે દેહને પોતાનું રૂપ માનીને વિષયમાં પ્રીતિ કરે જ નહિ.


— વચ. સારંગપુર : ૧

૨. કથા કરે, કીર્તન કરે, વાતું કરે, પણ આ દેહ હું નહિ, એમ માને નહિ, માટે આઠે પહોર ભજન કરવું

જે, હું દેહ નથી ને દેહમાં રહ્યો એવો જે હું આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું ને મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે ? તો સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે ને સર્વ થકી પર છે, તે પ્રગટ આ મને મળ્યા તે છે. આ વાતમાં સાંખ્ય ને યોગ બેય આવી રહ્યા. — **ગુણાતીતાનંદ સ્વામીની વાતો**

વાંચો અને વિચારો

- સમયની સાથે માણસના શરીરના અવયવો બદલાય છે. નાની ઉંમરમાં જેવા હાથ-પગ-ચહેરો હોય એવા યુવાનીમાં રહેતા નથી. એનું કદ બદલાય છે. વૃદ્ધાવસ્થામાં વાળ સફેદ થઈ જાય છે. બાળપણના અને વૃદ્ધાવસ્થાના સ્વરૂપમાં એટલો બધો ફરક હોય છે કે બંને તદ્દન જુદાં જ લાગે. આમ છતાં વ્યક્તિ પોતાને અનુભવ થાય છે કે **હું બાળપણમાં જે હતો તે જ આજે વૃદ્ધાવસ્થામાં છું.**



- વિજ્ઞાનના સંશોધન પ્રમાણે આપણા શરીરના કોષો સતત નાશ પામે છે અને નવા જન્મે છે. શરીરના અમુક વિભાગના કોષો તો અઠવાડિયામાં જ નાશ પામે છે. પાંચ વર્ષમાં તો શરીરના તમામ કોષો બદલાઈ જાય છે. એટલે કે, પાંચ વર્ષ પહેલાં આપણું જે શરીર હતું, તે આજે નથી. છતાં **આપણે તો પાંચ વર્ષ પહેલાં જે હતા તે જ છીએ.**
- આધુનિક સંશોધકોને સમગ્ર વિશ્વમાંથી એવા કિસ્સાઓ પ્રાપ્ત થયા છે, જેમાં

વ્યક્તિને પોતાના **પૂર્વજન્મની સ્મૃતિ** થઈ હોય. કેટલાંક બાળકો પોતાના **પૂર્વજન્મનાં સંબંધી** અને નામ-ગામ વગેરે જણાવે છે. તેને તે સ્થાનમાં લઈ જતાં પોતાના પૂર્વજન્મનાં સંબંધીઓને ઓળખી બતાવે છે. પૂર્વજન્મના પ્રસંગો પણ યથાતથ વર્ણવી શકે છે. આના પરથી એવું તારણ મળે છે કે **આ પહેલાં** પણ આપણે **ઘણાં શરીર મેળવી ચૂક્યા** છીએ. **આ આપણો પ્રથમ જન્મ નથી.** અને જેમ બીજાં શરીરને છોડી દીધાં, એમ આ શરીરને પણ આપણે છોડવાના છીએ, અને છતાં આપણું અસ્તિત્વ રહેવાનું છે.

● તમે શું ધારો છો ?

૧. સંદિપ સરળ અને શાંત સ્વભાવનો વિદ્યાર્થી છે. ભણવામાં તે હોશિયાર છે, અને સારા ગુણાંક પ્રાપ્ત કરી શકે એમ છે, પરંતુ તેનો રંગ **શ્યામ** છે. આથી તેના સહાધ્યાયીઓ ઘણી વાર તેની **મશ્કરી** કરે છે. સંદિપ સતત એવી **લઘુતાગ્રંથિમાં** જીવે છે કે મારો દેખાવ બરાબર નથી. આને લીધે તે અભ્યાસમાં પણ પૂરતું ધ્યાન આપી શકતો નથી. તમારી પાસે એક મિત્ર તરીકે તે પોતાની મૂંઝવણ રજૂ કરે છે.


☞ **તમે તેને શું સમાધાન આપશો ?**

૨. સન ૨૦૨૩ના સર્વેક્ષણ પ્રમાણે વિશ્વમાં દર વર્ષે ૧૦,૬૮૦ અબજ રૂપિયાનો ખર્ચ કેવળ શરીરના સારા દેખાવ માટે થાય છે.

☞ **આ ખર્ચને બચાવવા કઈ સમજણની જરૂર છે ?**

૩. તમને કોઈ આવીને સમાચાર આપે છે કે તમારા સહાધ્યાયી ભાવેશે ગઈ કાલે તમારી ગેરહાજરીમાં તમારા વિષે એવી વાત કરી કે એ તો બુધ્ધુ છે. ગધેડા જેવો છે.

☞ **આ વખતે તમે કઈ રીતે માનસિક સ્થિરતા રાખશો ?**



સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) આપણા સંપૂર્ણ શરીરનું નિયામક કોણ છે?.....

(૨) આત્મા નીકળી જાય પછી શરીરને શું કહેવાય છે?.....

(૩) મૃત માણસને ક્યાં બાળવામાં આવે છે?.....

(૪) પાંચ મિનિટ શ્વાસ રોકી રાખવાથી શું થવા લાગે છે?.....

(૫) આપણે આત્માની સંભાળ કઈ રીતે રાખી શકીએ છીએ?

.....

પ્રશ્ન-૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) આપણે કોણ છીએ?

( )A - શરીર ( )B - સ્ત્રી ( )C - પુરૂષ ( )D - આત્મા

(૨) કોણ જન્મતું કે મરતું નથી?

( )A - બ્રહ્મા ( )B - દેહ ( )C - ઈન્દ્ર ( )D - આત્મા

(૩) આત્મા કેવો છે?

( )A - આદિ ( )B - અનાદિ ( )C - જન્મનાર ( )D - સ્થાપક

(૪) દેહ કેવો છે?

( )A - ચૈતન્ય ( )B - જડ ( )C - અવિનાશી ( )D - આનંદરૂપ

પ્રશ્ન-૩ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) આપણે કાળાં કે ધોળાં નથી આપણે તો શુદ્ધ છીએ. ☐

(૨) આપણું મૂળભૂત સ્વરૂપ જીવ છે. ☐

(૩) આપણે આજે પણ તે જ છીએ જે પાંચ વર્ષ પહેલાં હતાં. ☐

(૪) પૂનર્જન્મવાદ એ માત્ર કલ્પના છે. ☐

(૫) આપણે ઘણાં શરીર મેળવી ચૂક્યા છીએ. આ આપણો પ્રથમ જન્મ નથી. ☐

પ્રશ્ન-૪ આત્મા અને દેહનો તફાવત સ્પષ્ટ કરો.

દા.ત. (૧) આત્મા મરતો નથી તો દેહ મરે છે.

(૨).....

(૩).....

(૪).....

(૫).....

(૬).....

સભા-૩૫ : હેતના ટેભા

સુરતનો સંઘ થોડા દિવસ પછી **ગઢપુર** જવાનો છે, તેવા સમાચાર **આત્મારામ**ને મળ્યા. આત્મારામનો આત્મા પોકારી ઊઠ્યો કે 'હે જીવ ! તને તો ભગવાને કેવી સરસ **કળા** આપી છે તો તેનો **ભગવાન માટે ઉપયોગ કરી** તારા જીવનને **ધન્ય બનાવ**.' આથી આત્મારામના મનમાં ગડમથલ થવા લાગી કે, 'હું તે એવું શું કામ કરું કે **ત્રિલોકીનો નાથ** રાજી થઈ જાય !' આમ, સતત ચિંતન ને વિચાર પછી ઉકેલ મળ્યો. આત્મારામ, **તું ભગવાન માટે** તારું હૃદય નિચોવી **એક સરસ ડગલી** બનાવી દે. આ વિચારથી આત્મારામ નાચી ઊઠ્યા ને લાગ્યા **ડગલી** બનાવવાના વિચારોમાં.




ગામમાંથી સુંદર **મલમલનું કાપડ** લાવ્યા. સાથે હીરનું સૂતર, હીરા, મોતી, આભલાં, સતારી, જરી વગેરે વિવિધ પ્રકારની વસ્તુઓ લઈને આવ્યા. જ્યાં પોતાની **કાતર** ચલાવવા જાય ત્યાં યાદ આવ્યું કે **માપ શું રાખવું** ? ગામમાં ભક્તો પાસે તપાસ કરી કે કોઈની પાસે **મહારાજના અંગનું માપ** હોય તો આપે પણ કોઈનો જવાબ 'હા' માં **ન મળ્યો**. આત્મારામની મુશ્કેલીએ ઓર મજબૂતાઇ પકડી. રાત દિવસ તેના વિચારમાં ને વિચારમાં ઊંઘ પણ ઊડી ગઈ ને એક જ ચિંતન લાગ્યું કે **માપ શું રાખું** ? સતત ચિંતનનું પરિણામ એ આવ્યું કે આત્મારામને **ભાવ સમાધિ** લાગી ગઈ. સમાધિમાં દિવ્ય સ્વરૂપે **મહારાજે આત્મારામને પોતાનું માપ** આપી દીધું.

મહારાજે આવી રીતે આત્મારામની મુશ્કેલીનું સમાધાન કર્યું. પછી રાત દિવસ એક ગણી **પ્રેમમાં ઘેલા** થઈને હૈયું નિચોવીને આત્મારામ **ડગલી** બનાવવા લાગ્યા. બરાબર માપ-તાલ સાથે ને સરસ રીતે સિલાઈ કામ કરી **ડગલી**

તૈયાર થઈ. મલમલના કાપડ પર સરસ મજાનાં ચિત્રો આલેખ્યાં ને તેમા હીરનું ભરત, મોતી, મણિ, સતારી, આભલાં વગેરે ટાંકવા લાગ્યા ને એક એક ટાંકે **મહારાજનું નામ** લેતાં લેતાં **ડગલી સંપૂર્ણ તૈયાર થઈ**.

ડગલી તૈયાર થઈ ત્યાં જ ભક્તોએ નક્કી કર્યું કે, કાલે **ગઢપુર** જવા રવાના થવાનું છે. માટે જે કોઈને આવવું હોય તે કાલ સવારના તૈયાર થઈ આવી જાય. આ સમાચાર મળતાં **આત્મારામ** મહારાજ માટે બનાવેલી ડગલીને સરસ રીતે કાપડમાં બીડીને તૈયાર કરી. વહેલી સવારના **સંઘ** સાથે ચાલતાં થયાં ને **ગઢપુર પહોંચ્યા**. મહારાજના દર્શન કરી આત્મારામે ડગલી **અર્પણ** કરતાં કહ્યું : 'મહારાજ, **આ વસ્તુ મારી જિંદગીની ખરી કમાઈ** છે. તેમાં સંપૂર્ણ કૌશલ્ય, કળા, વાપરીને આપના માટે તૈયાર કરી છે. પ્રભુ ! **આ ડગલી આપ પહેરીને મારી અંતરની ઇચ્છા પૂર્ણ કરો.**'

મહારાજના હાથમાં **ઉત્તમ પ્રકારની ડગલી** આવતાં એક જ નજરથી નિહાળવા લાગ્યાં ને વિચાર કરવા લાગ્યાં. **આ તે શું કળા કારીગરી છે ! કે દેવલોકમાંથી આવી છે.** ના..ના...દેવલોકમાં પણ આવી ડગલી તો જોઈ નથી. આમ વિચારતાં વિચારતાં મહારાજ



ભક્તના ભાવમાં ડૂબી ગયા. તેમાંથી બહાર આવી કહેવાં લાગ્યાં કે, 'બ્રહ્મચારી..! જુઓને આ શું ડગલી બનાવી છે ! **કેવી સુંદર છે** ! જુઓ તો ખરા તેમાં સૂતર, મોતી, હીરા, સતારી, આભલાં વગેરે કેટલું ઝીણવટપૂર્વક કામ કર્યું છે. ઓહો હો... શું કામ છે ?' આમ મહારાજ બે મોઢે વખાણ કરવાં લાગ્યાં.

પછી મહારાજે **મુક્તાનંદ સ્વામીના હાથમાં ડગલી આપી**. મુક્તાનંદસ્વામી ડગલી જોતાં જ આભા બન્યા કે અરે, મહારાજ ! આ તે શું કાંઈ કામ કર્યું છે ! કેવી રીતે આભલાં, બુટા, હીરા, મોતી ટાંક્યા છે ? તે કાંઈ ખબર નથી પડતી. અરે, આમાં મોર, પોપટ, મેનાનાં ચિત્રો તો જાણે આપણી સાથે વાતો કરતા હોય તેવા લાગે છે. મુક્તાનંદ સ્વામી ડગલી જોતાં મહારાજને કહેવા લાગ્યા.

મુક્તાનંદ સ્વામીએ બાજુમાં બેઠેલા **બ્રહ્માનંદ સ્વામી**ને ડગલી આપતા કહ્યું કે 'બ્રહ્માનંદ સ્વામી ! તમો તો પૂર્વાશ્રમમાં આવા આવા ઠાઠમાઠથી ઉછર્યા છો. તમે જ આની **કિંમત** કરી શકશો.' આમ, કહીં મુક્તાનંદ સ્વામીએ બ્રહ્માનંદ સ્વામીને ડગલી આપી. બ્રહ્માનંદ સ્વામીના હાથમાં ડગલી આવતાં આંખો ચાર થઈ ગઈ ને કહેવાં લાગ્યાં કે 'મહારાજ, **આવું તો મેં કયાંય કામ જોયું નથી**. જુઓ તો ખરા, શું તેના રંગની પસંદગી છે. તેનું સિલાઈ કામ કેટલું સરસ છે ! ખરેખર, મહારાજ ! આ ડગલી બનાવનાર કોઈ **કુશળ કારીગર** હશે તેવું લાગે છે. અરે ! આમાં ટાંકા તો કાંઈ નવીન રીતે જ લીધેલા લાગે છે. દોરો તો કોઈ જગ્યાને દેખાતો પણ નથી. આવી રીતે મહારાજ પાસે બ્રહ્માનંદ સ્વામી ડગલીના વખાણ કરવાં લાગ્યાં.



પછી **બ્રહ્મચારી**એ મહારાજને ડગલી પહેરાવી. મહારાજે ડગલી પહેરી તેથી ડગલી વધુ **સુંદર** લાગવા માંડી. મહારાજે ડગલી ધારણ કરી ને બધા જ ભક્તો-સંતો બોલી ઊઠ્યા **સ્વામિનારાયણ ભગવાનની જય..! સહજાનંદ સ્વામી મહારાજની જય...** !

મહારાજની આ ડગલીના દર્શન **ભાવનગરના નરેશ વજેસિંહબાપુ**ને થયાં. પહેલી નજરે જ બાપુ જાણી ગયા કે આ ડગલી સામાન્ય નથી. તેથી ડગલીના બનાવનાર આત્મરામને **માન-સન્માન** સાથે પોતાની સામેના આસન પર બેસાડીને પૂછવા લાગ્યાં, 'આત્મારામ ! **આવી ડગલી અમારા માટે પણ બનાવી આપોને, જે મૂલ્ય થશે તે અમે ચૂકવવા તૈયાર છીએ.** '

આત્મારામે કહ્યું બાપુ ક્ષમા કરો. આવી ડગલી તો હવે નહિ બની શકે. આ ડગલી તો મેં મારું કાળજું કોતરીને બનાવી છે. **તેમાં લીધેલાં ટેભાં પણ હેતના છે.** તેથી હવે મારી પાસે કાળજું નથી ને તમારી સાથે એવું હેત પણ નથી, તેથી નહિ બની શકે, ઠાકોર !

સ્પષ્ટ શબ્દોમાં વજેસિંહને જવાબમાં **ના** મળતાં તેમણે બીજું પાસું ફેંક્યું કે આત્મારામ કહો તો **ભેટમાં આખું ગામ આપું** ને કહો તો નખ-શિખ **સોને મઢાવું** પણ આવી ડગલી બનાવી આપો. વજેસિંહ દરબારે પ્રલોભન બતાવતાં કહ્યું.

ઠાકોર ! હવે તેવી ડગલી તો ન જ બને કારણ કે તેમાં જે કારીગરી થઈ છે, તે **મારા હૈયાના હેતથી પૂર્ણ થઈ છે.** તેમાં હેતના ટેભાં છે. તે મારા પ્રભુજીની **પ્રસન્નતા** અને મારા જીવના **કલ્યાણ** માટે બનાવી છે. તેથી એવી ડગલી બનાવવા હેત હું ક્યાંથી કાઢું ? તે ડગલી કોઈ પ્રલોભન કે ઈનામની ઇચ્છાથી નથી બનાવી કે પછી કોઈ પણ પ્રકારના મૂલ્યને માટે પણ નથી બનાવી. તે કેવળ ને કેવળ પ્રભુ પ્રસન્નતા માટે જ બનાવી છે. આત્મારામે સ્પષ્ટતા કરતાં કહ્યું.

વજેસિંહ દરબાર કહેવા લાગ્યા કે, 'આત્મારામ ! ખરેખર, આ ડગલી બનાવવામાં તો **તમારું હૈયું નીતર્યું છે** એટલે જ તો ડગલી અદ્‌ભુત બની છે. તેથી આવી ડગલી બીજી ન બને. બાપુના મુખમાંથી **નિરાશાના શબ્દો** સરી પડ્યા.'

સત્સંગ સમજણ વિભાગ

નિર્માનીપણું

અહંકાર શૂન્યતા, રાંકપણું, નમ્રતાભાવ, સરળપણું.
અંતરમાંથી માન તજીને ભગવાન, સત્પુરુષ અને તેમના સંબંધવાળા
ભક્તો પાસે સેવકભાવે, દાસત્વભાવે, નમ્રતાપૂર્વક વર્તવું તે. Egoless

૧. જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે, તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી. માટે માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો.

— વચ. ગઢડા મધ્ય : ૪૧

૨. અને ભગવાન ને ભગવાનના સંતની આગળ તો જે માન રાખવું તે સારું નથી ને તેની આગળ તો માનને મૂકીને દાસાનુદાસ થઈને નિર્માનીપણે વર્તવું તે જ રૂડું છે. **— વચ. પંચાળા : ૫**

૩. તેમ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેના માનમાં જે અટંટ રહે તો એ મોટો તો કહેવાય, પણ જેવું અર્ધા કોશનું કે પા કોશનું પાણી થયું એવો મોટો થાય, પણ જેવા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે તેવા મોટા ગુણ એમાં ન આવે. **— વચ. ગઢડા પ્રથમ : ૫૬**

૪. દાસના દાસ થઈને, વળી જે રહે સત્સંગમાં;
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના સંગમાં. **— ભક્તચિંતામણિ : ૬૮/૧૦**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) આત્મારામે શ્રીજી મહારાજ માટે શું બનાવવાનો વિચાર કર્યો?

( ) A - પાઘડી ( ) B - ડગલી ( ) C - શાલ ( ) D - વીંટી

(૨) ડગલી તૈયાર કરી આત્મારામ સંઘ સાથે ક્યાં જાય છે?

( ) A - ગઢપુર ( ) B - મૂળી ( ) C - વઢવાણ ( ) D - લોયા

(૩) શ્રીજી મહારાજે ડગલી કયા સ્વામીના હાથમાં આપી?

( ) A - બ્રહ્માનંદ સ્વામી ( ) B - મુક્તાનંદ સ્વામી

( ) C - ગોપાળાનંદ સ્વામી ( ) D - આનંદાનંદ સ્વામી

(૪) મુક્તાનંદ સ્વામીએ ડગલી કોના હાથમાં આપી કિંમત નક્કી કરવા કહ્યું?

( ) A - બ્રહ્માનંદ સ્વામી ( ) B - મુક્તાનંદ સ્વામી

( ) C - આનંદાનંદ સ્વામી ( ) D - નિત્યાનંદ સ્વામી

(૫) ભાવનગરના નરેશનું નામ શું હતુ?

( ) A - વજેસિંહ ( ) B - પ્રતાપસિંહ ( ) C - દિવ્યરાજસિંહ ( ) D - પૃથ્વીરાજસિંહ

પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) આત્મારામનો આત્મા શું પોકારી ઉઠ્યો?

.....

(૨) મહારાજે કઈ રીતે આત્મારામની મુશ્કેલીનું સમાધાન કર્યું?

.....

(૩) મુક્તાનંદ સ્વામી ડગલી જોતાં મહારાજને શું કહેવાં લાગ્યાં?

.....

(૪) આત્મારામે વજેસિંહબાપુ માટે ડગલી કેમ ના બનાવી?

.....

(૫) વજેસિંહ દરબારે આત્મારામને શું પ્રલોભન આપ્યું?

.....

(૬) નિર્માનીપણું એટલે શું?

.....

પ્રશ્ન-૩ નીચેની ખાલી જગ્યા પુરો.

(૧) આત્મારામ તું ભગવાન માટે તારૂ ..... નિચોવી એક સરસ .....બનાવી દે.

(૨) એક એક ટાંકે .....નું નામ લેતાં લેતાં ડગલી સંપૂર્ણ તૈયાર થઈ.

(૩) .....ના હાથમાં ડગલી આવતાં આંખો ચાર થઈ ગઈ.

(૪) મહારાજની આ ડગલીના દર્શન ભાવનગરના નરેશ .....ને થયા.

(૫) આ ડગલી તો મેં મારૂં ..... કોતરીને બનાવી છે. તેમાં લીધેલા ટેભાં પણ .....છે.

સભા-૩૬ : ભૂતોએ પાયા પૂર્યા

ગુજરાતનું **ધોળકા** નામનું ગામ.

જેમાં એક મહાન પ્રખર **પંડિત** રહેતા. જેમનું નામ હતું **કાશીનાથ પંડિત**.

તેઓ વેદ, વેદાંત, ઉપનિષદ, કાવ્યમીમાંસા આદિ શાસ્ત્રોના પ્રખર **આચાર્ય** ગણાતા. તેમના **પંકાયેલા નામથી** દેશના ખૂણેખૂણેથી જિજ્ઞાસુઓ તેમની **પાઠશાળા**માં ભણવા આવતાં અને તેઓ ખૂબ રસપૂર્વક વિના સ્વાર્થે **વિદ્યાદાન** કરતાં. તેમની ખ્યાતિ સારાયે **દેશમાં** ખૂબ પ્રસરાયેલી હતી.

કાશીનાથ પંડિતને **પત્ની** ઉપરાંત એક નાનો **પુંડરિક નામનો પુત્ર** હતો. મોટી ઉંમરે પુત્રપ્રાપ્તિ થવાથી માતાપિતાને પુત્ર પ્રત્યે અપાર **સ્નેહ** હતો.

પુત્રૈષણાએ ગૃહસ્થમાત્રને પોતાના પંજામાં આવરી લીધા હોય છે. ભલે પછી તે **જ્ઞાની** હોય કે **શાસ્ત્રજ્ઞ** હોય.

એક દિવસની વાત છે.



પુત્ર પુંડરિક સાંજના સમયે દડે રમતાં રમતાં **તેલના ટાંકામાં** ઊંચો થઈ જોવા ગયો ને તેમાં **પડી ગયો** ને તુરત **મૃત્યુ** પામ્યો. ઘરકામમાં મગ્ન બનેલી **માતા** ઘણી વાર સુધી પુત્રને નહિ જોતાં **ચિંતાતુર** બનીને શોધવા નીકળી. ને શોધતાં શોધતાં **તેલના ટાંકામાં મૃત્યુ પામેલા પુત્રને જોયો** ત્યાં જાણે તેના મોતિયા મરી ગયા. પુત્રવિયોગે તેને જીવવું અસહ્ય બનશે તેમ લાગ્યું ને **એ જ મિનિટે માતા પણ તેલના ટાંકામાં પડી મૃત્યુ પામી.**

પત્નીના કૂદવાથી એકદમ ધબાકો થયો. અભ્યાસમાં મગ્ન બનેલા **પંડિતજી** ધ્યાનભંગ થયા ને એકદમ અવાજની દિશામાં દોડ્યાં. તેલના ટાંકામાં જોયું તો પોતાનો વ્હાલસોયો એકનો એક **પુત્ર** ને પોતાની **પત્ની** તેલમાં પડી મૃત્યુ પામેલાં દીઠાં અને મોહાંધ બનેલા પંડિતજી શાસ્ત્રોના જ્ઞાનને ભૂલી ગયા. **'અહમ્-મમત્વ જીવને અનંત જન્મ ધરાવે છે.'** આ શાસ્ત્રની ઉક્તિઓને તે વિસરી ગયા.

'અરરર... હવે મારે એકલાએ જીવીને શું કરવું છે ? અરે પુત્ર ગયો, તેની મા ગઈ, હવે હું... **હું... એકલો કેમ રહી શકીશ** ? જીવવું **બેકાર** છે હવે. ધિક્કાર છે મારા જીવતરને !' અને વિચારો કરતાં જ **ઝંપલાવ્યું તેલના ટાંકામાં** અને તે પણ **મોતને શરણ** થયા.

એટલે જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીના ૧૧૪મા શ્લોકમાં લખ્યું જે,

‘ભક્તિ અને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે.’


પંડિતજી **જ્ઞાની** હતા પણ **સમાગમી** નહોતા. કોઈ મોટાપુરુષને સેવીને **સમજણ** દૃઢ કરી હોય તો વિપરીત દેશકાળમાં ડગી ન જવાય. **વાચ્યાર્થ જ્ઞાન** જ્યાં સુધી **લક્ષ્યાર્થ** ન હોય ત્યાં લગી મોક્ષમાર્ગમાં ઘણાં વિઘ્નો રહેલાં છે.

આવું જ **વિઘ્ન** આવ્યું આ **ધોળકાના પ્રખર પંડિતને**. **‘ભગવાન વિના અન્ય પદાર્થનું ચિંતવન કરતાં દેહ પડે તો કોટિ કલ્પે દુઃખનો અંત આવતો નથી.’** આ શ્રીજીના શબ્દો અહીં સાકાર થયા.

પ્રખર પંડિત હવે મરીને બન્યા **બ્રહ્મરાક્ષસ ! ભૂતયોનિને પામી**, અખાદ્યનો આહાર થતો ગયો ને બુદ્ધિ શાપિત થતી ગઈ, પાપ વધતાં ગયાં. જે કોઈ નિર્દોષભાવે **પાઠશાળામાં** ભણવા આવે કે ભૂલથીય ત્યાં પગ મૂકે તેની હત્યા કરી **પોતાની પંક્તિમાં** ભેળવી દે. આમ આ મકાન **ભૂતિયું મકાન** બન્યું.



જેમ જેમ વાત પ્રસરતી ગઈ એમ મકાન તરફ સૌનાં પગલાં બંધ થવા માંડ્યાં. અને ભૂલેચૂકેય કોઈ જઈ ચડ્યું તો તે કદી પાછો ન આવે. આમ, તેણે પોતાના જેવા **૩૦૦ ભૂતની ટોળકી** તૈયાર કરી દીધી.



●●●

એક વખતની વાત છે. આપણા મહાસમર્થ **સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ** પોતાના સંતોને લઈ **ધોળકા**માં પ્રસ્થાન કર્યું. ચોરે બેઠેલા ચોવટિયાને સારા ઉતારા માટે અલાયદા મકાનની ભાળ પૂછી. અને... પાપના પર્વતસમા આ **ચોવટિયાઓ**એ તમાશો જોવા સંતોને **અવાવરું** એવું એ **ભૂતિયું મકાન** ભળાવ્યું.

સંતો પહોંચ્યા મકાન ઉપર. બધું સાફસૂફ કરી સંતોએ ઉતારા કર્યા. લાગ્યું કે ઠીક થયું. રાત્રે કથાવાર્તા ને ધ્યાન-ભજનનું ખૂબ સુખ આવશે.

પણ... મધ્યરાત્રિનો સમય થયો. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી પોતાના સંતોને બેસાડી **વિદ્યાભ્યાસ** કરાવી રહ્યા હતા. એ જ વખતે પ્રચંડ ધડાકો થયો. અને જોતજોતામાં બિહામણાં **અટ્ટહાસ્ય** સાથે ભયાનક એવો **બ્રહ્મરાક્ષસ** સામે આવી ઊભો રહ્યો. નાનેરા અમુક **સંતો** થર થર કંપતાં સ્વામીની ગોદમાં પેસી ગયા.

છેટે ઊભા રહી **આખીયે રાત સ્વામીશ્રી સાથે શાસ્ત્રાર્થ** કર્યો. પણ ક્યાં એક અજોડ અનુભવી સંત ને ક્યાં તેમની આગળ પામર એવો મલિન વાસનાથી ખરડાયેલો અધમ-નીચ આ **બ્રહ્મરાક્ષસ** ! સવાર પડતાં બ્રહ્મરાક્ષસ અદૃશ્ય થયો. સંતોએ સ્વામીને પ્રાર્થના કરી, 'સ્વામી ! આપણે અહીં રહેવું નથી. આપ દયા કરી બીજે જવાનું વિચારો તો ઘણું સારું.' પણ સમર્થ સદ્‌ગુરુ સહજભાવે એટલું જ બોલ્યા, 'સંતો ! બીશો નહિ. આપણું જે માટે **વિચરણ** છે તે શું તમે ભૂલી ગયા ? આજે આ પાપીનો આપણે **ઉદ્ધાર** કરવો છે. એ વિના આપણે જતા રહીએ તો એનો વારો ક્યારે આવશે ? માટે તે ઠીક નહિ.'

અને સ્વામી **બીજી રાત** પણ રોકાયા.

એ રાત્રિએ પણ **પુનઃ** બ્રહ્મરાક્ષસનો પ્રવેશ થયો. **સ્વામીને મારવા** પોતાની **ફોજ** મોકલી અને તેનાથી ન પડ્યું તો **કાળભૈરવ** અને **બટુકભૈરવ**ને પણ




મોકલ્યા. પણ અનંતાનંતને દૃષ્ટિમાત્રે પાવન કરી દે તેને કોણ શું કરી શકે ? અંતે **બ્રહ્મરાક્ષસ પોતે મારવા તૈયાર થયો**.

સ્વામી આસનેથી ઊભા થયા. **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ'** મહામંત્રના નામોચ્ચાર સાથે **પાણીની અંજલિઓ** તેની પર માંડી છાંટવા અને... અને... તેની **બુદ્ધિ નિર્મળ** બની. શાંત થઈ હાથ જોડી સ્વામી આગળ ઊભો રહ્યો.

સ્વામીએ કહ્યું, 'હે કાશીનાથ ! વિચાર તો કર ! **તું કોણ હતો ?** ક્યાં ગઈ તારી વિદ્યા ? ક્યાં ગયું તારું શાસ્ત્રનું જ્ઞાન ?! અનંત જન્મ થકી મુક્તિ અપાવે એ જ જ્ઞાન. તને મુક્તિ અપાવી કે મુક્તિ ટળાવી ? તને **પ્રગટ ભગવાન** કે ભગવાનના **સત્પુરુષ**ની ઓળખાણ થઈ નહોતી. તેમનું **શરણું** મળ્યું નહોતું. પરિણામે તારું **મૂળ અજ્ઞાન** ટળ્યું નહોતું. હે કાશીનાથ ! પુત્ર અને પત્ની પર રહેલા પ્રેમના પાસમાં તું તારા જ્ઞાનને ભૂલી ગયો ને તેં **આત્મહત્યાનું** અધમ પગલું ભર્યું. પરિણામે આજે તું આ સ્થિતિને પામ્યો. એટલેથી અટક્યો હોત તો તો ઠીક પણ તું વિચાર તો કર કે તેં કેટલાના ભોગ લીધા ! કેટલા નિર્દોષ તારા વિશ્વાસે આવનાર **બ્રહ્મકુમારો**નો તેં વિશ્વાસઘાત કર્યો ને તારી કોટિમાં ભેળવ્યા. તારા પાપથી તું કેમ મુક્ત થઈશ...?'

અને... સ્વામીને બોલતા બંધ કરી, સ્વામીના ચરણમાં પડી, **હૈયાફાટ રુદન** કરવા માંડ્યું. 'સ્વામી... સ્વામી... આપ મારા **ઉદ્ધાર** માટે જ અહીં પધાર્યા છો... તો હે મારા નાથ ! **મારો** અને મારી સાથેના **ત્રણસોનોય તમે ઉદ્ધાર કરો,** અમને અમારા પાપમાંથી મુક્ત કરો... મને હવે મારા કરેલા કૃત્યનો પારાવાર પસ્તાવો થાય છે... **મારી રક્ષા કરો... રક્ષા કરો...** '



અતિ દયાળુ એવા સમર્થ **સદ્‌ગુરુ**એ કહ્યું, 'હે બ્રહ્મરાક્ષસ ! **તું** અને તારા **ત્રણસોય** સાથીઓ જાવ **ગઢપુરમાં. ગઢપુરમાં અત્યારે ભવ્ય મંદિર બંધાય છે અને પથ્થર લાવવા માણસો નથી. માટે તમે સેવા કરો ને મંદિર પૂરું થયે અમે તમારો મોક્ષ કરશું.** ' આમ કહેતાંક સ્વામીએ પોતાના **ગાતરીયાનો છેડો** અડાડી સૌને મોકલ્યા **ગઢપુરની ભૂમિ** ઉપર.

ગઢપુર મુકામે દિવસે મંદિરનું **કડિયાકામ** ચાલે. પણ પથ્થરોમાં પહોંચી ન વળાય. અહીં બધા જંપી જાય પછી **રાત્રે** આ **ત્રણસોની ટોળી ઘેલા નદીમાંથી** માથે **પથ્થર** ઉપાડી ઉપાડી **પાયા પાસે** લાવી **ઢગલો** કરે, તે ઠેઠ સવાર સુધી. સવારે બધાને પથ્થરનો મોટો ઢગલો જણાય.

બધાએ એક વખત **મહારાજને** પૂછ્યું કે, 'મહારાજ, રાત્રે તો અહીં એક પથરોય હોતો નથી ને સવારમાં મોટો ઢગલો થઈ ગયો હોય છે. તે **રાત્રે પથ્થર આવે છે ક્યાંથી** ?'

મહારાજે કહ્યું, '**એ તો ગોપાળાનંદ સ્વામીએ ત્રણસો સેવકોને સેવા કરવા મોકલ્યા છે** તેનો બધો પ્રતાપ છે !' આમ, મંદિર પૂરું થયું. **પ્રતિષ્ઠા** થઈ ગઈ. અને તુરત સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રાર્થના કરી **ત્રણસોનેય અક્ષરધામમાં રવાના કર્યા. આજે એ જ ભૂતિયા મકાનને ઠેકાણે ધોળકાનું ભવ્ય મંદિર બન્યું છે.**



સત્સંગ સમજણ વિભાગ

સાકાર

ભગવાનનું સ્વરૂપ સાકાર-દિવ્ય આકારે સહિત છે તેમ સમજવું, તેને સાકારની નિષ્ઠા કહેવાય.

૧. ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહિ અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ.

— વચ. ગઢડા પ્રથમ : ૪૦

૨. જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે અને મહાતેજોમય મૂર્તિ છે.

— વચ. ગઢડા પ્રથમ : ૪૫

૩. અને વળી ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે. તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહિ અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે. **— વચ. ગઢડા પ્રથમ : ૭૧**

૪. તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશય શ્વેત જણાય છે અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે, પણ ચાર ભુજ કે અષ્ટ ભુજ કે સહસ્ત્ર ભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. **— વચ. ગઢડા મધ્ય : ૧૩**

૫. મારું ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ,
તેમાં હું રહું રે દ્વિભુજ દિવ્ય સદા સાકાર. **— સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી (ઓરડાનાં પદ)**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) કાશીનાથ પંડિત કયા કયા શાસ્ત્રોના પારંગત પંડિત હતા?

.....

(૨) પુંડરિકનું મૃત્યુ કઈ રીતે થયું?

.....

(૩) કાશીનાથ મર્યા બાદ શું બન્યો?

.....

(૪) બ્રહ્મરાક્ષસ પાઠશાળામાં ભણવા આવતાં વિદ્યાર્થીઓ સાથે શું કરતો?

.....

(૫) ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્મરાક્ષસ અને ભૂતોનો ઉદ્ધાર કેવી રીતે કર્યો?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) કાશીનાથ પંડિત ક્યાંના હતા?

( ) A - ધોલેરા ( ) B - ધોળકા ( ) C - ધધુંકા

(૨) કાશીનાથના દિકરાનું નામ શું હતુ?

( ) A - પુંડરિક ( ) B - પુંડલિક ( ) C - પૂજ્યરિક

(૩) બ્રહ્મરાક્ષસે કેટલા ભૂતોની ટોળકી ભેગી કરી હતી?

( ) A - ૨૦૦ ( ) B - ૩૦૦ ( ) C - ૪૦૦

(૪) કયા મંદિરના બાંધકામમાં પાયામાં ભૂતોએ પથ્થરો પૂર્યા?

( ) A - ગઢપુર ( ) B - ધોળકા ( ) C - ધોલેરા

(૫) જીવને અનંત જન્મ કોણ ધરાવે છે?

( ) A - વિદ્વાન ( ) B - અહં-મમત્વ ( ) C - તૃષ્ણા

પ્રશ્ન-૩ નીચે આપેલાં વાક્યના 'હા' કે 'ના' માં જવાબ આપો.

(૧) ભક્તિ અને સત્સંગ વિના વિદ્વાન પણ અધોગતિને પામે છે. ☐

(૨) કોઈ પણ પ્રકારે આત્મહત્યા ન કરવી. ☐

(૩) ભગવાન તો સદાસાકાર દિવ્યમૂર્તિ છે. ☐

(૪) વિદ્વાન પણ પ્રકૃતિ સરખું આચરણ કરે છે. ☐

(૫) ભગવાન વિના બીજે કયાંય વાસના રાખવી નહિ. ☐

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે કહો.

(૧) હે કાશીનાથ! વિચાર તો કર! તું કોણ હતો? કયાં ગઈ તારી વિદ્યા? ☞ .....

(૨) સ્વામી... સ્વામી... આપ મારા ઉદ્ધાર માટે જ અહીં પધાર્યા છો ☞ .....

(૩) એ તો ગોપાળાનંદ સ્વામીએ ત્રણસો સેવકોને સેવા કરવાં મોકલ્યાં છે તેનો બધો પ્રતાપ છે! ☞ .....

(૪) અરરર..... હવે મારે એકલાએ જીવીને શું કરવું છે? ☞ .....

સભા-૩૭ : પરમધર્મ : બ્રહ્મચર્ય

વ્હાલા બાળમિત્રો, આપણા જીવનને **મઘમઘતું** બનાવવું હોય તો એમાં **ત્રણ** વસ્તુની મુખ્ય જરૂર છે : **૧. શારીરિક ઘડતર, ૨. માનસિક ઘડતર** અને **૩. આત્મિક ઘડતર.** આ ત્રણ વિકાસનું પોષણ કરવું હોય તો આપણી **વૃત્તિરૂપી ડોલ કાણી ના ચાલે.** વૃત્તિરૂપી ડોલમાં **પાંચ કાણાં** પડ્યાં છે, એ કાણાંને પહેલાં **પૂરવાં** પડે. એટલે કે, **આંખ વડે** આપણે ગમે એવાં બીભત્સ દૃશ્યો કે ટી.વી. સિરિયલો ના જોવી, ખરાબ પુસ્તકો ન વાંચવાં. **કાન વડે** ખરાબ વાતો ન સાંભળવી. **જીભ વડે** માંસાહાર અને બીજા ખોટા ચટાકા ના કરવા, તથા ખરાબ વાતો ના કરવી. **ખોટા સ્પર્શનો** મોહ ન રાખવો... આ રીતે **વૃત્તિઓનાં કાણાં બંધ** કરીએ તો ખોટી જગ્યાએ દોડવાનું બંધ થઈ જાય. ખરાબ ક્રિયાઓ કરવાનું મન ન થાય. **બ્રહ્મચર્ય પળાય**. જેનાથી **શારીરિક, માનસિક** અને **આત્મિક** તાકાત વધે. આપણા કાર્યમાં પ્રગતિ થાય. આપણું જીવન ગુલાબની જેમ મઘમઘી ઊઠે. **શક્તિનો સંચય એ આપણી પ્રગતિનું મૂળ** છે. જે **બ્રહ્મચર્ય** વગર શક્ય નથી. **જેણે જેણે બ્રહ્મચર્ય સિદ્ધ કર્યું છે** એના જીવનમાં આ ત્રણેય વસ્તુ આપણે જોઈ છે.




સ્વામી વિવેકાનંદ પાસે **ફોટોગ્રાફિક મેમરી** (અપ્રતિમ યાદશક્તિ) હતી. એકવાર એક જગ્યાએ તેઓ **૫૦૦ પાનાનું પુસ્તક** પાનાં ફેરવતા હોય એટલી ઝડપે જોઈ ગયા. એક વ્યક્તિએ તેઓને પૂછ્યું, 'આ રીતે પુસ્તક જોવાથી ફાયદો શો ? ઊલટો સમયનો બગાડ તમે કર્યો.'

ત્યારે વિવેકાનંદે કહ્યું, 'મેં પુસ્તક જોયું નહિ, **વાંચ્યું છે.**'

પેલા ભાઈએ કહ્યું, 'આ રીતે ગપ્પાં મારવાનો કોઈ અર્થ ખરો ?" જો ગપ્પાં લાગતાં હોય તો આ પુસ્તકમાંથી તમે **સવાલ પૂછો.**' વિવેકાનંદે સામે **પડકાર** ફેંક્યો. પેલા ભાઈએ પુસ્તકમાંથી **સવાલ પૂછ્યા**, એ બધાના **વ્યવસ્થિત જવાબ** તેઓએ આપ્યા. **પ્રશ્ન પૂછનાર ભાઈ** તો વિવેકાનંદના **ચરણોમાં જ પડી ગયા**.

તેઓએ પૂછ્યું, 'આપની આવી અપ્રતિમ **યાદશક્તિનું રહસ્ય** શું ?'

ત્યારે વિવેકાનંદ સ્વામીએ એક જ શબ્દમાં ઉત્તર આપ્યો, **'બ્રહ્મચર્ય.'** બ્રહ્મચર્યથી **માનસિક બળ** આ રીતે સિદ્ધ થાય છે.




સ્વામી રામ અમેરિકામાં હતા. તેઓ જ્યાં રહેતાં હતાં એની આજુબાજુ **સૈનિકોના કેમ્પ** હતા. એકવાર સૈનિકોની **દોડવાની હરીફાઈ** હતી. **૩૦ માઈલ** દોડવાનું હતું. જોગાનુજોગ **સ્વામી રામ** ત્યાં જઈ ચડ્યા. તેઓએ ફક્ત ગમ્મત ખાતર પૂછ્યું, '**હું આ હરીફાઈમાં ભાગ લઈ શકું ?**' સૈનિકોએ જોયું કે, આ શું દોડવાના છે ? નથી વસ્ત્રમાં ઠેકાણું કે નથી પગમાં બૂટ. એટલે સૈનિકોએ **હા પાડી**. હરીફાઈ શરૂ થઈ, અને જાણે પવનમાં ઊડતાં હોય એ રીતે સ્વામી રામ દોડ્યા. **પ્રથમ આવ્યાં**.

સૈનિકો **આશ્ચર્યચકિત** થઈ ગયાં. પૂછ્યું, 'આટલી કૃશ લાગતી **કાયામાં આટલું બળ** ક્યાંથી ?'

ત્યારે સ્વામી રામે જવાબ આપ્યો, **'બ્રહ્મચર્ય.'**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં **બ્રહ્માનંદ સ્વામી** ખૂબ મોટા **કવિ** થઈ ગયા. તેઓ **યતિ** કહેવાતા. **યતિ એટલે બ્રહ્મચર્ય દૃઢ પાળનાર**. બ્રહ્મચર્યને લીધે તેઓની મેધા નાડી ખૂલી ગઈ હતી. એને પ્રતાપે એક પછી એક કોઈ **સો પ્રશ્ન** પૂછે, તો **સોયે સો પ્રશ્ન**ના એક પછી એક ઉત્તર તેઓ આપી શકતા હતા. એટલે તેઓ **શતાવધાની** તરીકે ઓળખાતા.

ભગવાન સ્વામિનારાયણે **જૂનાગઢમાં** મંદિર કર્યું. એ મંદિરની પ્રતિષ્ઠાને આગલે દિવસે **નગરયાત્રાનું ભવ્ય આયોજન** થયું હતું. આ નગરયાત્રા માટે **નવાબે** પોતાનાં હાથી, ઘોડા, પલટન, છત્ર, ચામર, ડંકા, નિશાન, પાલખી, રથ, વેલ, વાજિંત્રો વગેરે આપ્યાં હતાં. રાજ્યનો **દીવાન** થોડો **તેજોદ્વેષી** હતો. એણે બ્રહ્માનંદ સ્વામીનું **અપમાન** થાય એ માટે જ ખાસ **નગરયાત્રા**માં બ્રહ્માનંદ સ્વામીને **બેસવા** માટે **મદોન્મત્ત ઘોડો** મોકલ્યો. માણસ જોઈને ભડકે એવો ઘોડો ત્યાં લાવવામાં આવ્યો. એની **આંખોમાં કામ હતો.** મદોન્મત્ત હતો એટલે સવારી માટે આવેલી **ઘોડીઓની ગંધ** આવતાં જ એ બે પગે ઊછળી પડતો હતો. એવા ઘોડા ઉપર સવાર થવાય કઈ રીતે ? પણ આ તો બ્રહ્માનંદ સ્વામી હતા. તેઓ ઘોડા આગળ ગયાં, એના **કાનમાં મંત્ર ફૂંકીને આંખમાં આંખ પરોવી.** ને એ રીતે થોડીવાર સુધી એવું કામણ કર્યું કે **ઘોડાની આંખમાંથી કામ ખેંચી લીધો.** અત્યાર સુધી જે એક ક્ષણ શાંત નહોતો રહ્યો, એ સાવ **કહ્યાગરો** બની ગયો. બ્રહ્માનંદ સ્વામીએ **બ્રહ્મચર્ય**થી એવી **આત્મિક શક્તિ** મેળવી હતી કે ઘોડા જેવું પશુ પણ એમના પ્રતાપે **શાંત** થઈ ગયું. **બ્રહ્મચર્યની આ શક્તિ છે, આ તેજ છે.**



શ્રીજીમહારાજના પરમ ભક્ત **સુરાખાચર** હતા. તેઓ કો'ક કામપ્રસંગે **જસદણ** ગયેલા. અહીંના **દરબારે** સુરાખાચરને **ભ્રષ્ટ** કરવા **એક સ્ત્રી રોકેલી**. રાત્રે સુરાખાચર સૂતેલા ત્યારે તે સ્ત્રી ત્યાં આવી. સુરાખાચરને **મોહ** પમાડવા વિવિધ વિચિત્ર **ચેનચાળા** કરવા લાગી. સુરાખાચર સઘળું **સમજી ગયા**. તેમણે પોતાની **તલવાર કાઢી** ને બાઈને કહ્યું : **'ખબરદાર ! મારી નજીક નહિ આવતી. આ તલવાર તારી સગી નહિ થાય.'** તે બાઈ તો આ જોઈ ડરી જ ગઈ. સુરાખાચર ત્યાંથી રાત્રે ને રાત્રે નીકળી ગયા. ગઢડા જઈ શ્રીજીમહારાજને મળ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા : '**જુઓ, અમારા યતિ પુરુષ આવ્યા...**' એમ કહી **બાથમાં લઈને** ભેટ્યા.



જે પ્રલોભનોમાં ફસાયા વિના બ્રહ્મચર્ય પાળે છે તેના પર ભગવાન પ્રસન્ન થાય છે. આમ, બ્રહ્મચર્યના પાલનથી **શરીર, મન** અને **આત્મા** ત્રણેયનું રૂડું થાય છે.

● આ બ્રહ્મચર્યનું પાલન કરવા માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા જરૂરી છે :

૧. ખરાબ પુસ્તકોથી દૂર રહો :

જેમાં ખરાબ-ગંદાં લખાણ લખ્યાં હોય તેવાં પુસ્તકો ન વાંચવાં. જેમાં બ્રહ્મચર્યની નિંદા હોય તેવાં પુસ્તકોથી પણ દૂર રહેવું.

૨. ખરાબ મિત્ર-ચિત્ર-ચલચિત્રથી દૂર રહો :

જો ખરાબ-ગંદાં ચિત્ર અને ચલચિત્ર આપણે જોયાં કરશું તો મનમાં પણ મેલા વિચારો જ આવશે. માટે તેને ન જોવાં, ઘરમાં કે બહાર ક્યાંય નહિ. ખરાબ ચિત્રો ઘરમાં લાવવાં પણ નહિ.

ખરાબ મિત્રોની સોબતની કેવી અસર થાય છે તે જણાવતાં **કાકા કાલેલકરે** કહ્યું છે : 'વર્ગમાં ચાલતી આ બધી ખરાબ-ગંદી વાતોથી મારાં કાન અને મન ભરાઈ ગયાં. એકાંતમાં હું એ વસ્તુ પર કેટલોય વિચાર કરતો. ધીમે ધીમે દિવસ-રાત એ જ વસ્તુની વિચારણા મનમાં ચાલવા લાગી. બહારથી અત્યંત નીતિનિષ્ઠ અને પવિત્ર ગણાતો હું મનોરાજ્યમાં નરક સંઘરવા

લાગ્યો.' આથી જ, બ્રહ્મચર્યના પાલન માટે ખરાબ અને ગંદી વાતો તથા વર્તણૂક ધરાવતા માણસોથી પણ દૂર રહેવું.

૩. વિલાસી વાતાવરણથી દૂર રહો :

ભગવાન સ્વામિનારાયણે **'વચનામૃત'**માં કહ્યું છે : 'સાત માળની હવેલી હોય ને તેમાં કાચના સુંદર તકતા જડ્યા હોય ને વિષયી માણસો તેમાં બેઠા હોય ને વેશ્યાઓ થેઈથેઈકાર કરતી હોય, તેવા સમામાં ભગવાનનો ભક્ત ત્યાં જઈને બેસે તો તેનું અંત:કરણ પણ બીજી જાતનું (ખરાબ-ભૂંડું) થઈ જાય છે.'

માટે જ્યાં આપણું મન **ડામાડોળ** થઈ જવાની શક્યતા હોય ત્યાં ન જવું. જે રસ્તે **કાદવ** હોય તે રસ્તે આપણે પગ નથી મૂકતા. તેમ વિલાસી વાતાવરણ પણ કાદવ જેવું જ છે. ત્યાં પગ મૂકનાર લપસ્યા વિના અને ખરાબ વર્તનથી **ખરડાયા** વિના રહેતો જ નથી. હોટલ, થિયેટર, પાનના ગલ્લા, નવરાત્રિના ગરબા વગેરે આવા વિલાસી વાતાવરણના અડ્ડા ગણાય.



૪. ઇન્દ્રિયોનો સંયમ કેળવો :

- ⇨ આંખથી ખરાબ ન જુઓ.
- ⇨ કાનથી ખરાબ વાતો ન સાંભળો.
- ⇨ ચામડીથી ખોટા સ્પર્શ ન કરો.
- ⇨ જમવામાં પણ સંયમ રાખો.

☞ આ સ્થૂળ અને સામાન્ય જણાતા નિયમ-સંયમથી પણ બ્રહ્મચર્ય પાળવામાં કેટલી સહાય થાય છે, તે જણાવતાં પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક **કિશોરલાલ મશરૂવાલા** કહે છે : 'સામાન્ય પુરુષ જેટલા જ મારામાં વિકારો ભરેલા છે, અને તે સામે ઝઘડો ચાલુ રાખવો જ પડે છે. છતાં મારી આજ સુધી રક્ષા થઈ છે. ઈશ્વરકૃપા ઉપરાંત, હું આનું કારણ કેવળ એક માનું છું, અને તે સદાચારના સ્થૂળ નિયમોનું (એટલે કે દૃષ્ટિ અને સ્પર્શ-મર્યાદા, વાંચન સંબંધી સાવચેતી, સ્ત્રીઓ સાથે એકાંતવાસ ન સેવવો વગેરેનું) પાલન.'

અલબત્ત, તમે આટલી સાવધાની રાખશો તો પણ મનમાં ખોટા વિચારો આવશે તો ખરા. જેમ દેશની સલામતી-વ્યવસ્થા ગમે તેટલી મજબૂત હોય છતાં યુદ્ધ આવી પડતું હોય છે, તેમ મનના ખોટા વિચારો સામે તમારે લડવું પડશે.

● બ્રહ્મચર્ય પાળવામાં વિઘ્નરૂપ મનના વિચારો સામે લડવા આટલું કરવું જરૂરી છે :

૧. જ્યારે આવા વિચારો આવે ત્યારે **સમૂહમાં** આવી જાવ. મનને બીજા કામમાં પરોવી દો. ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'જ્યારે જ્યારે કામાદિક (બ્રહ્મચર્યભંગ સંબંધી) વિચારો આવે ત્યારે ત્યારે **ઉપેક્ષા** કરવી, કહેતાં એના સંકલ્પ મૂકીને **બીજી ક્રિયામાં** પ્રવર્તવું, એટલે તે વિચારોનું જોર ચાલે નહિ.'

૨. **આપણા મનને યાદ કરાવો :** 'આજે હું કુવિચારને વશ થઈ અયોગ્ય ક્રિયા કરીશ તો કાલે મને કેટલાં ગ્લાનિ અને પસ્તાવો થશે.'

એક કેરીની ચીર ખાવા મળે તે સારુ દસ દિવસ ભૂખનું દુઃખ કોઈ વેઠે ?

એક કોકા-કોલાના ઘૂંટડા માટે કોઈ સાત દિવસ તરસની વેદના સહે ?

એક મિનિટનાં હરિયાળીનાં દર્શન કાજે કોઈ દસ દિવસ કાળી કોટડીની કેદ સ્વીકારે ?

ઉપરોક્ત ત્રણેય પ્રશ્નોનો જવાબ તમે '**ના**' જ કહેશો, કારણ કે **થોડા સુખ સારું ઝાઝું દુઃખ** કોઈ ન ઉઠાવે. તો કુવિચારને વશ થવાથી થોડું સુખ મળશે, પણ નુકસાન ઘણું થશે – તેમ મનને યાદ કરાવો.

૩. **મહાન પુરુષોના જીવનને યાદ કરો :**

જ્યારે ખોટા વિચારોનું જોર વધે ત્યારે બ્રહ્મચર્ય પાળવામાં આદર્શરૂપ બનેલા મહાન પુરુષોને સંભારો.

૪. **જીવનનું ધ્યેય વિચારો.** 'મારે શું કરવાનું છે અને હું શું કરી રહ્યો છું ?' તેનો વિચાર કરો.

૫. 'જો હું બ્રહ્મચર્ય નહીં પાળું તો ભગવાન અને સંત પ્રસન્ન નહિ થાય', તેવો વિચાર કરી મનને પાછું પાડો.

આ રીતે શરીર અને મનથી પ્રયત્ન કરવામાં આવે તો બ્રહ્મચર્ય પાળવું કઠિન નથી. અને બ્રહ્મચર્ય પળાય તો જીવનમાં સફળતા મેળવવી પણ કઠિન કામ નથી.

● વિશેષ વાંચન :

૧. **બોટાદ**ના નગરશેઠ **ભગા દોશી**ના દીકરા **શિવલાલ શેઠ** હતા. તેઓ **ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય**. તેઓના જીવનમાં જે સંયમ હતો તે આપણા સૌ માટે પ્રેરણાદાયી છે.

એક વાર તેઓ **જમવા** બેઠેલા. તેમાં પીરસનારથી ખીચડીમાં ઘી થોડું વધારે પડ્યું. તેથી **શિવલાલ શેઠે** 'હં... હં... હં...' કરતાં ઊંચું જોયું, તો સામે તેઓનાં **સાળી** ઊભેલાં. તેમને જોઈ શિવલાલે પૂછ્યું : **'આપ ક્યારે આવ્યાં ?'** ત્યારે સાળીએ કહ્યું : 'હું તો **છ મહિનાથી આવી છું** ને રોજ તમને **પીરસું** છું.' પણ શિવલાલ શેઠને તેની ખબર જ નહોતી. **કેવો સંયમ** !!

૨. આવું તમારા જીવનમાં પણ બની શકે !



પશ્ચિમ અમદાવાદના એક સમૃદ્ધ વિસ્તારના સંસ્કારી પરિવારનો નબીરો હતો **હિમાંશુ.** ઉંમર માત્ર ૨૩ વર્ષ ! એક-દોઢ વર્ષ તે સતત **તાવમાં** પટકાતો રહ્યો. ડોક્ટરો અનેક જાતના ઇલાજ કરે પણ પરિણામ શૂન્ય જ આવે. તેમ કરતાં કરતાં હિમાંશુ **મરણ**ની નજીક પહોંચી ગયો. અનેક **દવાખાનાં** ને **ડોક્ટરો બદલ્યાં** પણ કાંઈ જ ફેર ન પડ્યો. છેવટે એક ડોક્ટરે **લોહીની તપાસ** કરાવડાવી ને તેઓ ચોંકી ઊઠ્યા. તેમણે પૂછ્યું : 'તમે ક્યારેય સારવાર માટે કોઈનું **લોહી** લીધું છે ?' હિમાંશુએ ના પાડી. ડોક્ટરે બીજો પ્રશ્ન પૂછ્યો : 'તમે ક્યારેય કોઈ સ્ત્રી સાથે **વ્યભિચાર** કર્યો છે ?' જવાબ '**હા**' હતો.



ડોક્ટરે હિમાંશુને કહ્યું : '**તમને એઇડ્સ થયો છે.**' અને આ સાંભળીને હિમાંશુ રાડ પાડી ઊઠ્યો. તે ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો, કારણ કે થોડાક માસમાં તેનું **મોત** હવે નિશ્ચિત થઈ ચૂક્યું હતું. તેણે રડતાં રડતાં કહ્યું : 'મારા મૃત્યુ પછી લોકોને મારા **મૃત્યુનું કારણ** જણાવજો : **એઇડ્સ નહિ પણ નવરાત્રિ !**'

વિલાસી વાતાવરણમાં હિમાંશુ સંયમ ન જાળવી શક્યો અને જીવનથી હાથ ધોઈ બેઠો ! જે હિમાંશુના જીવનમાં બન્યું તે **તમારા જીવનમાં** પણ બની શકે છે — **જો બ્રહ્મચર્ય ન પાળો તો ! જો સંયમ ન રાખો તો !!**

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) જીવનને મઘમઘતું બનાવવા કઈ ત્રણ બાબતોની મુખ્ય જરૂર છે?

.....

(૨) આપણી પ્રગતિનું મૂળ શું છે?

.....

(૩) સ્વામી વિવેકાનંદની અપ્રતિમ યાદશક્તિનું રહસ્ય શું હતું?

.....

(૪) યતિ એટલે શું? સ્વામિનારાયણ સંપ્રદાયમાં યતિ કોણ કહેવાતા?

.....

(૫) સુરાખાચરને ધર્મભ્રષ્ટ કરવાનું કાવતરૂ કોણે રચ્યું હતું?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) સ્વામી વિવેકાનંદ પાસે કેવી મેમરી હતી?

( ) A - સોનાગ્રાફિક ( ) B - ફોટોગ્રાફિક ( ) C - ડીઝિટલ ગ્રાફિક

(૨) બોટાદના કયા શેઠની વાત આ પાઠમાં આપવા આવી છે?

( ) A - શિવલાલ શેઠ ( ) B - ભગાલાલ શેઠ ( ) C - ભાઈલાલ શેઠ

(૩) આત્માના કલ્યાણ માટે શેની અત્યંત જરૂર છે?

( ) A - ભોજન ( ) B - પાણી ( ) C - બ્રહ્મચર્ય

(૪) સ્વામી રામતીર્થે દોડની હરિફાઈમાં કોને હરાવ્યા?

( ) A - સૈનિકો ( ) B - બાળકો ( ) C - દોડવીરો

(૫) ઈન્દ્રયોની શક્તિ ક્યાંથી સ્રવી જાય છે?

( ) A - વૃત્તિઓના કાણામાંથી ( ) B - ડોલના કાણામાંથી ( ) C - શરીરના છિદ્રમાંથી

પ્રશ્ન-૩ યોગ્ય જોડકાં જોડો.

A	B
(૧) બ્રહ્માનંદ સ્વામી	(૧) રામકૃષ્ણ પરમહંસ
(૨) સુરાખાચર	(૨) બોટાદ
(૩) સ્વામી વિવેકાનંદ	(૩) શ્રી રામ
(૪) શિવલાલ શેઠ	(૪) લોયાધામ
(૫) લક્ષ્મણજી	(૫) યતિપુરૂષ

પ્રશ્ન-૪ નીચેની ખાલી જગ્યા પૂરો.

(૧) પ્રસ્તુત પાઠમાં માનસિકબળની સમજુતી માટે .....ની વાત કરવામાં આવી છે.

(૨) પ્રસ્તુત પાઠમાં શારીરિકબળની સમજુતી માટે .....ની વાત કરવામાં આવી છે.

(૩) પ્રસ્તુત પાઠમાં આત્મિકબળની સમજુતી માટે .....ની વાત કરવામાં આવી છે.

સભા-૩૮ : ડાંગરવાનાં જતનબા

દંઢાવ્ય પ્રાંતનું **ડાંગરવા** ગામ. **વેણીદાસ પટેલ** નામના શ્રીજીમહારાજના એક આશ્રિત **હરિભક્ત** રહે. તેમનાં એક દીકરી **જતનબા**ને શ્રીજીમહારાજમાં ખૂબ **હેત** હતું. જતનબાના **પ્રેમને વશ** થઈ શ્રીજીમહારાજ પોતાના પરમહંસો અને હરિભક્તોને લઈ વારંવાર **ડાંગરવા** પધારતા ને તેમને ઘેર ઘણાં દિવસ સુધી રોકાતાં.

એક વખત પોતાના **પાંચસો પરમહંસો** અને **કાઠીઓ**ને લઈ શ્રીજીમહારાજ જતનબાને ઘેર બે માસ સુધી રોકાયા. રોજ સવાર-સાંજ કથાવાર્તાના અખાડા ચાલે અને નવી નવી રસોઈઓ જમી-જમાડી સંતો-ભક્તોને આનંદ કરાવતાં. ઘરમાં સંગ્રહ કરી ભરી રાખેલી **ઘઉંની કોઠીઓ ખાલી થઈ ગઈ**. **બાજરી**ની કોઠીઓ ખાલી થઈ ગઈ. અને... હવે તો **જુવાર**ની કોઠીઓય ખાલી થવા આવી. છતાંય શ્રીજીમહારાજ **જવાનું નામ જ ન લે**.

ભગવાનની દરેક ક્રિયામાં કંઈક **હેતુ** હોય છે. ભક્તોની કસોટી કરવા જ


જાણે મહારાજ આવી લીલા ન કરતાં હોય ! અને ખરેખર એમ જ બન્યું. જતનબાના **પિતા વેણીદાસ પટેલની શ્રદ્ધા ખૂટવા આવી**. તેઓ વિચારવા લાગ્યા, 'હવે તો **જુવાર** પણ **વાવવા** જેટલી રહી છે. હવે તો મહારાજ **જવાનું** કહે તો સારું.'

અંતર્યામી મહારાજે વેણીદાસ પટેલના **સંકલ્પ**ને જાણી લીધો. બીજે દિવસે સવારે શ્રીજીમહારાજે સંતો ભક્તોને આજ્ઞા કરી કે, 'હે પરમહંસો, ભક્તો ! **તૈયાર થાવ** ને અમારી **માણકી** પણ **તૈયાર કરો**.'

આ સમાચાર સાંભળતાં જ **વેણીદાસ** પટેલ તો **ખૂબ રાજી** થયા કે **હાશ, ઠીક થયું**. પણ વિચાર કર્યો કે **આ જતન વેવલી છે**. એ શ્રીજીમહારાજને રોકવાનો પ્રયત્ન કરશે ને પાછી માંડ હાથમાં આવેલી બાજી બગડી જશે. માટે લાવ એને ઘરમાં લઈ જઈ **સમજાવી** દઉં અને તે પ્રમાણે વેણીદાસ પટેલે જતનબાને ઘરમાં લઈ જઈ કહ્યુંય ખરું કે, 'જોજો હોં જતન ! **મહારાજ હવે જવાનું કહે છે તો તેમને રોકતી નહિ, જવા દેજે.**'

શ્રીજીમહારાજે જતનબાને બોલાવ્યાં ને કહ્યું, 'જતન ! **સાચું બોલ**... તને ઘરમાં લઈ જઈ **તારા પિતાએ શું કહ્યું** ?'

જેના હૈયામાં જેવું હોય તેવું નિસરે. એમ જતનબાનો પરાકાષ્ઠાનો પ્રેમ ઢાંક્યો ન રહ્યો.



મહારાજને કહે, 'મહારાજ ! એ તો મારા પિતા કહે છે કે જોજે... મહારાજ જવાનું કહે છે પણ **જવા ન દેતી**, ગમે તેમ કરી તેમને **પરાણે રોકજે હોં**...' પાસે જ ઊભેલા વેણીદાસ પટેલ આ બધું સાંભળી રહેલા.

શ્રીજીમહારાજ કહે, 'જતન ! મને બધી ખબર છે કે **તારા પિતાએ શું કહ્યું**.' વળી વેણીદાસ પટેલ તરફ મુખ કરી મહારાજ કહે, 'વેણીદાસ પટેલ ! તમે શું **સંકલ્પ** કરો છો ? શું અમે **જગતના જીવ** છીએ ? અમને તમે **ભગવાન** નથી સમજતા ? શું અમને કે અમારા સંતો-ભક્તોને કોઈ જમાડે અને તેની **કોઠીઓ ખૂટી** જાય ? આવો, ને બતાવો કે તમારી **કેટલી કોઠીઓ ખાલી થઈ ગઈ છે** ?' એમ કહી **શ્રીજીમહારાજ** હાથમાં **નાની સોટી** લઈ ઊભા થયા ને ઘરમાં જઈ ખાલી થયેલી કોઠીઓને **સોટી અડાડવા માંડી**. ત્યાં તો... ગજબની વાત બની. **બધી કોઠીઓ ઘઉંથી છલકાઈ ગઈ**.

શ્રીજીમહારાજ કહે, 'વેણીદાસ પટેલ ! અમને કોઈ જે કંઈ આપે એનું અમે **અનંતગણું** કરીને આપીએ છીએ. જાવ, તમારી **આ કોઠીઓ કદી ખાલી નહિ થાય**, બસ !'

વેણીદાસ પટેલ શરમિંદા બની ગયા. હવે શું બોલે ? એકદમ શ્રીહરિના ચરણમાં પડી ગયા ને માફી માંગી, 'હે દયાળુ ! મારી **ભૂલ** થઈ ગઈ. મને માફ કરો. મેં તમારામાં **મનુષ્યભાવ** પરઠ્યો છે, મને માફ કરો.'

શ્રીજીમહારાજ તો દિલના દરિયાવ છે. ગરીબનવાજ છે. દયાના સાગર છે. તે ક્યાં કોઈનો અવગુણ જુએ છે. અને જોવા જાય તો ? તો... શું તે વિચારવું અકલ્પ્ય છે.

અને ભક્તવત્સલ ભગવાનના મુખમાંથી **આશીર્વાદનો ધોધ** વહેવા માંડ્યો, 'વેણીદાસ પટેલ ! **જાવ આ તમારા માટ ઉપરથી ચકલુંય ઊડીને નીકળશે તેનું અમે કલ્યાણ કરીશું ને અમારા અક્ષરધામમાં તેડી જશું.'**

કેટલી બધી અઢળક કૃપા !

શ્રીજીમહારાજે આ ચરિત્રથી આપણને શીખવ્યું કે ભગવાનને અર્થે વાપરવામાં ખૂટતું નથી. એની સેવા તો જેટલી થાય તેટલી કરવી જ.


સત્સંગ સમજણ વિભાગ

પાંચ વર્તમાન

શ્રીજીમહારાજે પોતાના આશ્રિત તરીકેની માન્યતા મેળવવા માટે **પાંચ નિયમો** આપ્યા. જેને સાંપ્રદાયિક ભાષામાં **પંચ વર્તમાન** કહેવાય છે. જેમાં **ગૃહસ્થાશ્રમી** (સાંસારિક જીવન જીવનારા) બાઈ-ભાઈ દરેક માટેના પાંચ વર્તમાન જુદાં આપ્યાં અને **ત્યાગાશ્રમી** (સંસારનો જેણે ત્યાગ કર્યો હોય) માટે તે ઉપરાંત બીજાં પાંચ વર્તમાન આપ્યાં. આ પ્રમાણે જે વર્તે એ જ ખરેખર શ્રીજીમહારાજનો **આશ્રિત ભક્ત** થવાને લાયક ગણાય. આ રહ્યાં તે વર્તમાન...

✳ ગૃહસ્થનાં પંચ વર્તમાન :

૧. દારૂ વર્તમાન :



જે જોવાથી, ખાવાથી, પીવાથી, સાંભળવાથી કે માણવાથી ઇન્દ્રિયો-અંતઃકરણને કેફ કહેતાં નશો ચડે, એ તમામ વસ્તુ, પદાર્થ કે ક્રિયા દારૂ તુલ્ય ગણાય.



દા.ત. : ચા, કોફી, બીડી, સિગરેટ, ગાંજો, અફીણ, તમાકુ, ગુટખા, માવા-મસાલા, પાન આદિ પદાર્થો તથા કોઈ પણ પ્રકારનો બીઅર કે અન્ય કોઈ પણ પ્રકારનો દારૂ એ પણ વર્જ્ય છે. આ પદાર્થોનો ઉપયોગ કરવો તો નહિ, પણ કરાવવો પણ નહિ.

- આલ્કોહોલિક દવાઓ પણ દારૂ તુલ્ય ગણાય.
- ટી.વી., સિનેમા, સિરિયલો, નાટક, સટ્ટા, જુગાર, ચોપાટ, લોટરી, સર્કસ તથા હાલના ઇન્ટરનેટ આદિક આધુનિક ઉપકરણોના ઉપયોગ દ્વારા બીભત્સ કંઈ પણ જોવું, જાણવું વગેરે મનને નશો કરનાર છે, માટે તે પણ દારૂ તુલ્ય ગણાય.

૨. માટી વર્તમાન :



'માટી' એટલે માંસાહાર.


જેમાં સૂક્ષ્મ જીવજંતુઓનો સંસર્ગ હોય તથા જે શાસ્ત્રનિષિદ્ધ હોય તે તમામ પદાર્થ માટી તુલ્ય ગણાય.

- જેમાં પ્રત્યક્ષ માંસ, ઈંડાં તથા માંસ અને ઈંડાં મિશ્રિત બનાવટો, વસ્તુઓ કે દવાઓનો ઉપયોગ કરવો એ પણ માંસાહાર તુલ્ય છે.
- ગાળ્યા વગરનું પાણી, દૂધ, તેલ, ઘીના ઉપયોગથી પણ માટી વર્તમાન લોપાય છે.
- બજારમાં, લારીઓ પર બહારનું ખાવાથી માટી વર્તમાન લોપાય છે. બજારું ઠંડા પીણાં પણ ન પીવા.
- ચાળ્યા ને સાફ કર્યા વગરનાં અનાજ, લોટ, સૂક્ષ્મ જંતુઓ યુક્ત શાકભાજી તે પણ માંસ તુલ્ય છે. દા.ત.: ફુલાવર, અમુક ભાજી વગેરે...
- તમોગુણપ્રધાન અને અતિ ગંધયુક્ત વસ્તુ જેવી કે કાંદા (ડુંગળી), લસણ, હિંગ વગેરે પણ માટી વર્તમાનમાં વર્જ્ય છે.
- ટૂંકમાં, ઘરમાં તો આ પદાર્થોનો ત્યાગ કરવો જ. આ ઉપરાંત બજારની તમામ ચીજવસ્તુઓ તથા લગ્નપ્રસંગોમાં કે બહાર જ્યાં નિયમ-ધર્મ પૂર્ણ રીતે સચવાતા ન હોય તેવી વસ્તુઓ ખાવાથી-પીવાથી આ વર્તમાન લોપાય જ. માટે સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા, સત્સંગીમાત્રએ બજારુ ખાણાં-પીણાંનો અવશ્ય ત્યાગ કરવો. જરૂર પડ્યે ઘરમાં જ ગાળી-ચાળીને, ઉપરના નિયમોનું

પાલન કરી, વસ્તુ બનાવી, ઠાકોરજીને થાળ ધરાવી, પ્રસાદીની કરીને તેનો ઉપયોગ કરવો.

૩. ચોરી વર્તમાન :

ચોરી એટલે માત્ર કોઈના ઘરમાંથી વસ્તુ લેવી એટલું જ નહિ, પણ એ સિવાય, કોઈની ધણિયાતી અલ્પ વસ્તુ પણ ધણીને પૂછ્યા વિના લેવી તે ચોરી ગણાય.



આ ઉપરાંત ઘણી બધી બાબતોમાં ચોરી વર્તમાન લોપાતું હોય છે, જેના નિષેધ દ્વારા આ પ્રમાણે વર્તમાન પાળવું:

- કોઈની વસ્તુ ઝૂંટવીને કે પરાણે, પડાવીને ન લેવી.
- રસ્તામાં પડેલી વસ્તુ પણ ન લેવી.
- કોઈની થાપણ પડાવી ન લેવી.
- અણહક્કની વસ્તુ કે રકમ કોઈ આપે તોય ન લેવી.
- લાંચ-રુશવત લેવી, ભેળસેળ કરવી, ઓછું આપવું, દગો કરવો, કપટ કરવું વગેરેનો ત્યાગ કરવો.
- કોઈની બંધિયાર જગ્યા હોય ત્યાં પૂછ્યા વિના ઉતારો પણ ન કરવો.
- નોકરી કરતાં હોય તો ક્યારેય કામચોરી કહેતાં સમયની ચોરી ન કરવી.
- સરકારી વસ્તુ કે લાઇટ, પાણી, ટેલિફોન વગેરે સેવાઓની ચોરી ન કરવી.
- ગેરકાયદેસર ધંધા, વ્યવસાય કે નોકરી ન કરવી.

દેવની ચોરી = કાયદેસર એવા ધંધા, વ્યવસાય, નોકરી કે ખેતીની ઊપજમાંથી દ્રવ્યની શુદ્ધિને અર્થે ઓછામાં ઓછો **૧૦ ટકા** કે વ્યવહારે અતિ દુર્બળ હોય તો **૫ ટકા** ધર્માદો ફરજિયાત કાઢવો.

- ભગવાને આપેલા **સમયનો** એટલે કે **ઉંમરનો** પણ દશાંશ ભાગ ધર્માદો કાઢવો. અર્થાત્ એટલો સમય ભગવાનની-સંતોની સેવા તથા સમાગમ અર્થે અચૂક કાઢવો. જો એ સમય ન નીકળે તો ચોરી વર્તમાન લોપાય.

૪. અવેરી વર્તમાન :

અવેરી વર્તમાન એટલે બ્રહ્મચર્ય. ગૃહસ્થ ભલે સંસારમાં હોય તો પણ તેણે સ્વામિનારાયણ ભગવાનને રાજી કરવા આ પ્રમાણે બ્રહ્મચર્ય તો પાળવું જ પડે.

- પુરુષે પરસ્ત્રી સામે કે સ્ત્રીએ પરપુરુષ સામે કુદૃષ્ટિ ન કરવી કે કુવિચાર ન કરવો.
- પુરુષે પરસ્ત્રી કે સ્ત્રીએ પરપુરુષનો સંગ ન કરવો.
- પુરુષે યુવાન અવસ્થાવાળી એવી પોતાની મા, બહેન કે દીકરી સામે દૃષ્ટિ માંડીને જોવું નહિ, કે એની સાથે એકાંત સ્થળને વિષે રહેવું નહિ.
- એ જ રીતે, સ્ત્રીએ યુવાન અવસ્થાવાળા એવા પોતાના બાપ-ભાઈ કે દીકરા સામું પણ દૃષ્ટિ માંડીને જોવું નહિ કે એની સાથે એકાંત સ્થળને વિષે રહેવું નહિ.

(તો સ્વાભાવિક છે કે દૂરનાં સગાં-સંબંધી, વિજાતિ મિત્ર કે પુરુષે અન્ય સ્ત્રી સાથે કે સ્ત્રીએ

અન્ય પુરુષ સાથે દૃષ્ટિ માંડીને જોવાનો કે એકાંત સ્થળને વિષે રહ્યાનો નિષેધ હોય..હોય ને...હોય જ.)

- નાટક, સિનેમા, ટી.વી., ચેનલો, સિરિયલો, ઇન્ટરનેટ તથા આજનાં આધુનિક ઉપકરણો દ્વારા પ્રદર્શિત નગ્ન, અર્ધનગ્ન, ચિત્ર-વિચિત્ર પરિધાને યુક્ત દૃશ્યો કે ચિત્રોને જોવાં એ પણ ખૂબ જ હાનિકારક છે. જેનો સત્સંગીમાત્રને નિષેધ છે. તેનો ખટકાપૂર્વક ત્યાગ રાખવો.
- વિકૃતિ જન્માવે તેવાં અને પોતાનાં અંગ દેખાય તેવાં ઝીણાં તથા ટૂંકાં વસ્ત્રો પહેરવાં નહિ અને પહેરેલાં હોય તેવાં દૃશ્યો જોવાં નહિ.
- ગરબા, પાર્ટીઓ અને ડિસ્કો તથા પોપ મ્યુઝિક જેવાં કામુક, વૃત્તિઓને બહેકાવે તેવા પ્રસંગોમાં ભાગ લેવો નહિ કે હાજરી આપવી નહિ.
- બીભત્સ સાહિત્ય, લેખો, પુસ્તકો, મેગેઝિનો જોવાં નહિ, વાંચવાં નહિ કે એવાં ચિત્રો-દૃશ્યો જોવાં નહિ.
- સ્ત્રીઓએ પોતાના રજસ્વલા ધર્મનું કડકપણે પાલન કરવું. ત્રણ દિવસ છેટા રહી, ચોથે દિવસે સોળે સ્નાન કરી બધે અડવું.
- પોતાની સ્ત્રીનો પણ આસક્તિએ રહિત ઋતુ સમે સંગ કરવો. તેમાં પણ એકાદશીઓ, તેના આગલા-પાછલા દિવસો, શ્રીજીમહારાજનો પ્રાગટ્ય દિવસ તથા તેના આગલા-પાછલા દિવસો, અમાસ, શ્રાવણ માસ, અધિક માસ, વ્રત-યજ્ઞાદિક સમૈયાના દિવસો તથા તીર્થસ્થાનો વગેરેમાં પોતાની સ્ત્રીનો પણ દેહે કરીને ત્યાગ રાખવો.

૫. વટલવું નહિ અને વટલાવવાં નહિ :

ન ખપતું હોય તેનું ખાવું નહિ અને જેને ન ખપે તેને ખવડાવવું નહિ. એટલે કે ધર્મ-નિયમે યુક્ત ન હોય તેના ઘરનું ખાવું-પીવું નહિ અને આપણા ઘરમાં ધર્મ-નિયમ સચવાતા ન હોય તો પાળનારને પરાણે ખવડાવવું-પિવડાવવું નહિ.

✳ સંતોનાં પંચ વર્તમાન :

ત્યાગીએ ગૃહસ્થનાં વર્તમાન તો પાળવાં જ, પણ તે ઉપરાંત...

૧. નિષ્કામી વર્તમાન :, ૨. નિર્લોભી વર્તમાન :, ૩. નિર્માની વર્તમાન :, ૪. નિઃસ્નેહી વર્તમાન : ૫. નિઃસ્વાદી વર્તમાન :

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) પંચવર્તમાન એટલે શું? ગૃહસ્થના પંચવર્તમાન જણાવો.

.....

.....

(૨) દારૂ વર્તમાન એટલે શું?

.....

(૩) માટી વર્તમાન એટલે શું?

.....

(૪) ચોરી વર્તમાન એટલે શું?

.....

(૫) અવેરી વર્તમાન એટલે શું?

.....

(૬) વટલવું નહિ અને વટલાવવું નહિ એટલે શું?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) પ્રસ્તુત પાઠમાં કયા સ્ત્રીભક્તની વાત કરવામાં આવી છે?

( ) A - જમનાબા ( ) B - જતનબા ( ) C - જમકુબા

(૨) ડાંગરવા ગામ કયા પ્રાંતમાં આવેલું છે?

( ) A - કાનમ ( ) B - ચરોતર ( ) C - દંઢાવ્ય

(૩) જતનબાના ઘરે શ્રીજી મહારાજ કેટલો સમય રોકાયા હતા?

( ) A - ૨ વર્ષ ( ) B - ૧૨ માસ ( ) C - ૨ માસ

(૪) જતનબાના પિતાનું નામ શું હતું?

( ) A - વેણીદાસ ( ) B - માધવદાસ ( ) C - મથુરદાસ

(૫) શ્રીજી મહારાજે નાની સોટી કોને અડાડી?

( ) A - વેણીદાસને ( ) B - જતનબાને ( ) C - કોઠીઓને

પ્રશ્ન-૩ નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(૧) સંતોના પંચવર્તમાન જણાવો.

.....

(૨) શ્રીજી મહારાજે વેણીદાસને શું આશીર્વાદ આપ્યા?

.....

પ્રશ્ન-૪ નીચેનું વાક્ય કોણ બોલે છે તે જણાવો.

(૧) જો જો હો જતન ! મહારાજ હવે જવાનું કહે છે તો તેમની રોકતી નહિ જવા દેજે.

☞ .....

(૨) જતન ! સાચુ બોલ.... તને ઘરમાં લઈ જઈ તારા પિતાએ શું કહ્યું ? ☞ .....

(૩) વેણીદાસ પટેલ ! તમે શું સંકલ્પ કરો છો? શું અમે જગતના જીવ છીએ? ☞ .....

સભા-૩૯ : જુગાર એટલે વિનાશ

ગુજરાતમાં આવેલા **આણંદ** જિલ્લાના **બોરસદ** તાલુકાની આ **સાચી ઘટના** છે. **રમેશ** સુખી કુટુંબનો **સુપુત્ર** હતો. એકનો એક હતો. ચરોતરની **સો વીઘાં**ની સોનાના ટુકડા જેવી જમીન હતી. માંગ્યો મેહ ને પાણી મળતાં હોય એટલે જમીન જાણે સોનું જ પકવતી હતી !

રમેશને પૈસાની ચિંતા જ હતી નહિ. એના **બાપનેય** રમેશ ભણે કે ના ભણે એની બહુ પરવા હતી નહિ. બસ ! આ જ **મનોવૃત્તિ**એ એ **પતન**ની કડણમાં ફસાયો. હજી એ નાનો હતો. એક **મિત્રે** એને **તમાકુવાળું પાન** આપ્યું, અને રમેશને ટેવ પડી ગઈ. **તમાકુ ખાવામાં**થી એ **પીવા** તરફ વળ્યો. વ્યસન વધતું ચાલ્યું. ઘરે તો કાંઈ ઓછું કહેવાય છે ? તો કહ્યા વગર પૈસા પણ ક્યાંથી મળે ? વ્યસન એવી વસ્તુ છે જે એક પછી એક દૂષણો વધારતું જ રહે. વ્યસનને સંતોષવા રમેશ ઘરમાંથી નાની-મોટી **ચોરી** કરવા માંડ્યો. પછી તો ગામના સીમાડાઓમાં ગેરકાયદેસર ગળાતા **દારૂના ભઠ્ઠા** સુધી એના પગ પહોંચી ગયા.

વ્યસનની તલબની સાથે **પૈસાની જરૂર** પણ વધતી ગઈ. કોઈ મિત્રે એને સલાહ આપી : 'લ્યા રમેશ ! એમ કાંઈ દા'ડો ના વળે. જો, હું તને એવી જગ્યાએ લઈ જઉં, ત્યાં તારા **પાંચ રૂપિયાના સીધા પચાસ** થાય.'

રમેશ તો પહોંચ્યો **જુગારના અડ્ડે**. સાગરિતોએ આ નવા ખેલાડીને **પહેલાં** તો **જીતવા દીધો**. અઠવાડિયા, દસ દિવસ ને મહિના સુધી એને પાંચ રૂપિયાના પચાસ મળવા લાગ્યા. એટલે દિવસે



દિવસે પાંચના પંદર અને પંદરના પચીસ કરતો કરતો એ **મહિના**માં તો **હજાર રૂપિયા**ની શરત ઉપર પહોંચી ગયો, પણ મહિના પછી જુગારિયાઓનું અસલ રૂપ પ્રકાશ્યું. જીતે તો રમેશ શાનો ? પણ રમેશ હવે ખોટી **લાલચ** અને **વગર મહેનતે કમાઈ લેવાની હરામવૃત્તિ**ની કડણમાં ફસાઈ ચૂક્યો હતો.

દરમિયાન એનાં **લગ્ન** પણ થઈ ગયાં. એના **પિતાજી પણ ગુજરી** ગયા. રમેશના હાથમાં **આખો કારોબાર** આવ્યો. એની વૃત્તિ **હરામી** થઈ ગઈ હતી. એટલે જુગાર એનું કાયમી **થાણું** થઈ ગયું હતું.

હવે તો **'હાર્યો જુગારી બમણું રમે'**, એ ન્યાયે ઝનૂનપૂર્વક એ રમવા જતો. આખો દિવસ એ ત્યાં ગાળતો. બાકીના સમયમાં **દારૂને પીઠે** જતો. ના ખેતીમાં ધ્યાન કે ના જવાબદારીનું ભાન.

બાપે એકઠી કરેલી **મૂડી** પણ હવે તો ઘસાતી ચાલી, કારણ કે હવે એ **જુગારના અડ્ડાઓ**માં મોટા મોટા સોદા લગાવવા લાગ્યો હતો. વધારે પૈસાની લાલચે એને એવી ઊંડી કડણમાં ખૂપાવી દીધો હતો કે એ હવે લગભગ આવા **લોભમાં આંધળો** બની ગયો હતો. જુગાર સિવાય એને કશું દેખાતું જ ન હતું. એ વ્યસનોનો **ગુલામ** બની ચૂક્યો હતો. જુગાર એનો શ્વાસોચ્છવાસ બની ચૂક્યો હતો.

વિધવા માતા અને **જુવાન પત્ની**ને વ્યવહારમાં ગતાગમ ક્યાંથી પડે ? એમનો આધાર રમેશ હતો, પણ રમેશને આ જવાબદારીનું ભાન ક્યાંથી હોય ? એ તો જુગારના અડ્ડાઓમાં સોનાના મહેલનાં સપનાં જોતો હતો.

સપનાં એ સપનાં જ હોય છે. વાસ્તવિકતા જુદી હોય છે.

એક દિવસ રમેશને **તાન ચઢ્યું**. જુગારના અડ્ડામાં એણે પોતાની **સોએ સો વીઘાં જમીન** દાવમાં લગાવી. કયો જુગારી ક્યારેય જીત્યો છે ?

રમેશ પણ **સો વીઘાં જમીન હારી ગયો**. હવે તો મૂડીના નામે **મીંડું**. માથાભારે જુગારીઓએ બળપૂર્વક એની જમીન પડાવી લીધી. એને અડધી રાત્રે ઘરમાંથી કાઢ્યો. સગાંઓએ એનાથી મોં ફેરવી લીધું. રાતોરાત એ રસ્તા ઉપર આવી ગયો. એનાં બૈરાં-છોકરાંને લઈને એ **દર દર ભટક્યો**, ત્યારે એની આંખ ખૂલી, પણ એ વખતે **ઘણું મોડું** થઈ ગયું હતું. હવે એની પાસે ન'તી મૂડી, ન'તો ઘરબાર. પેટ ક્યાં કોઈનું સગું થાય છે ?

રમેશ શહેરમાં આવ્યો. **ફૂટપાથ** ઉપર પ્લાસ્ટિક બાંધીને **ઘર** બનાવ્યું. બૈરાં-છોકરાંને ત્યાં મૂકીને એ **નોકરી** શોધવા નીકળ્યો. હોટલવાળાએ એને **એંઠાં કપ-રકાબી ધોવા** માટે રાખ્યો. પગારમાં શું ? ત્રણ ટંકનું ભોજન અને થોડા રૂપિયા. રમેશ કપાળ કૂટતો હતો, પણ જવું ક્યાં ?

જે રમેશના ખેતરમાં સો સો મજૂરો કામ કરતા, **એ અત્યારે** સામાન્ય હોટલમાં **ડિશ ધોતો** હતો. જે રમેશના મહેલ જેવા **બંગલા** હતા, એ અત્યારે **ફૂટપાથ** ઉપર પડી રહેતો, ઠંડી હોય કે વરસાદ. રમેશનું શરીર ઝીંક ઝીલી ન શક્યું. વ્યસનોએ એના શરીરને આમેય ખોખલું કરી નાંખ્યું હતું.

એને એક દિવસ **ટી.બી.** થયો. દવાના પૈસા ક્યાંથી કાઢવા ?



તાવ, ઉધરસ અને લોહીના ગળફા... એ હાડપિંજર થઈ ગયો.

એની બૈરી ભાગી ગઈ.

એ પગ ઘસડતો ઘસડતો **મૃત્યુ પામ્યો**. એની બિનવારસી લાશ જ્યારે પોલીસે કબજે કરી ત્યારે એની લાશની બાજુમાં **એક ચિઠ્ઠી** પડી હતી. એમાં એક જ વાક્ય લખ્યું હતું,

'મહેરબાની કરીને કોઈ જુગારની લતે ચઢશો નહિ.'

જુગાર એટલે ખુવારી, જુગાર એટલે હરામવૃત્તિ. જુગાર એટલે વિનાશ. ઓછી મહેનતે વધારે કમાઈ લેવાની વૃત્તિ એટલે જુગારવૃત્તિ. (લોટરી, વરલી-મટકા, ઘોડારેસ, કોઈ પણ સટ્ટા વગેરે બધું જ હરામવૃત્તિ કહેતાં જુગારવૃત્તિ છે.) પુરુષાર્થ કરવાની ભાવના ઉપર એને લીધે છીણી વાગી જાય છે, અને આ વૃત્તિ પછી જીવનની પ્રગતિ રૂંધી નાંખે છે.

વિદ્યાર્થી મહેનત કર્યા વગર ચોરી કરીને પાસ થવાની વૃત્તિ રાખે એ પણ હરામવૃત્તિ છે.

શિક્ષક મન દઈને ભણાવ્યા વગર પગારની ઇચ્છા રાખે એ પણ હરામવૃત્તિ છે.

મજૂર વગર મહેનતે મજૂરીની ઇચ્છા રાખે એ પણ હરામવૃત્તિ છે.



● તમે શું કહો છો ?

૧. વિવિધ પ્રકારના જુગારની સરખામણી કરો.

૨. રમેશના પતનમાં સૌથી પ્રથમ કારણ કયું કહી શકાય ?

● તમે શું વિચારો છો ?

૧. ઘણા બધા લોકો જુગારના ગેરફાયદા જાણે છે, છતાં જુગારખાનાં વગેરે કેમ વધતાં જાય છે ?

૨. જુગારથી પાયમાલી થઈ હોય તેવા ૨-૩ પ્રસંગો કહો.

૩. 'કોઈ જુગારી કરોડપતિ થયો નથી,' – આ વાક્ય પર તમારા વિચારો આપો.

૪. નિબંધ લખો : 'જુગારમાં યુધિષ્ઠિરે ખોયેલું રાજ્ય.'

● તમે શું ધારો છો ?

૧.જન્માષ્ટમીના દિવસે ગુજરાતભરમાં ને ભારતભરમાં જુગાર રમાય છે.

☞આને કૃષ્ણભક્તિ કહેવાય ? શા માટે ?

૨. 'પરીક્ષાનાં પેપર સહેલાં કાઢો !', 'નવો કોર્સ અઘરો કર્યો તે સારું ન કહેવાય', 'મુખપાઠ ઓછો કરો', 'તપાસવામાં થોડી ઢીલ કરો.'

☞ વિદ્યાર્થીઓની આ બધી વૃત્તિને શું કહી શકાય ?

● આટલું યાદ રાખો

૧. જેને લાગ્યો જુગારનો પાસ,
તેને હૈયે કલિયુગનો વાસ.

૨. જે કોઈ થયો જુગારી,
એણે જિંદગી બગાડી.

૩. ઘર-કુટુંબનો નથી વિચાર,
તે મૂરખ રમે જુગાર.



સત્સંગ સમજણ વિભાગ

જીવના શત્રુરૂપ દોષો

- **કામ :** કામ-જ્ઞાનને હરી પાપ તરફ પ્રવૃત્ત કરે છે.
- **લોભ :** લોભથી બુદ્ધિ નષ્ટ થાય છે.
- **ધન :** એક માત્ર ધનોપાર્જનની વૃત્તિથી મનુષ્ય દૈત્ય બની જાય છે, અને ધર્મ, શાંતિ, નિર્ભયતા અને સુખ તેના જીવનમાંથી ચાલ્યા જાય છે.
- **તૃષ્ણા :** તૃષ્ણા નવીન રૂપ ધારણ કરી મનુષ્યને બાળતી રહે છે.
- **અસંતોષ :** અસંતોષ હંમેશા મનુષ્યને અભાવનો અનુભવ કરાવી દુઃખી કરે છે.
- **પરિગ્રહ :** પરિગ્રહની વૃત્તિ હંમેશા નવી વસ્તુઓ એકત્રિત કરવાની ચિંતાથી મનુષ્યને ઉદ્વેગમાં રાખે છે.
- **સ્તેય :** પારકી સંપત્તિ હરી લેવાનું પાપ કરાવે છે.
- **અસત્ય :** અસત્ય બોલવાથી વાણીનું તેજ નષ્ટ થઈ જાય છે. અને લોકોનો વિશ્વાસ ઊઠી જાય છે.
- **નિંદા :** નિંદાથી બીજાના દોષ જોવાની વૃત્તિ વધે છે, પારકા પાપોનો સંગ્રહ થાય છે. જેમની નિંદા થાય છે તેઓની સાથે ઈર્ષ્યા અને વેર વધે છે.
- **બહુ બોલવું :** બહુ બોલવાથી વાણી-બળનો ક્ષય થાય છે અને વ્યર્થ સમય બગડે છે.
- **પરચર્યા :** પરચર્યામાંથી સમય નષ્ટ થવા ઉપરાંત નિંદાની આદત પડે છે અને રાગ-દ્વેષ વધે છે.
- **ક્રોધ :** ક્રોધ માણસને ભાન ભૂલાવી રાક્ષસ બનાવે છે.
- **હિંસા :** હિંસા મહાપાપ છે.
- **નિર્દયતા :** નિર્દયતા માણસને ભયંકર પશુ અને પિશાચ બનાવે છે.
- **ચિંતા :** ચિંતા ચિતાથી પણ વિકરાળ છે, હૃદયમાં સદાય સળગતી રહે છે.
- **શોક :** શોકથી માણસ મોહવશ થઈ કર્તવ્યહીન બને છે.
- **અહંકાર :** અહંકાર સમગ્ર બંધનોનું મૂળ છે. શરીર અને નામનો અહંકાર જીવને જન્મમરણના ચક્રમાં ફેરવે છે.
- **અભિમાન :** ખોટી મોટાઈનું સર્જન કરી બીજાનું અપમાન કરાવે છે અને નવા ક્લેશ-કંકાસનું સર્જન કરે છે.
- **મદ :** મદ માણસને ભાન ભૂલાવે છે. આ એક ખરાબ નશો છે.
- **પ્રમાદ :** પ્રમાદી માણસ કરવા લાયક કાર્યનો ત્યાગ કરી, ન કરવા જેવું કરી બેસે છે.
- **ઇન્દ્રિયોની ગુલામી :** ઇન્દ્રિયોની ગુલામી મન-બુદ્ધિની પવિત્રતાને નષ્ટ કરી દુષ્કર્મો તરફ વાળે છે અને આંતરિક તેમજ બાહ્ય શક્તિનો નાશ કરે છે.
- **મનની ગુલામી :** મનની ગુલામીથી મનુષ્ય ઉચ્છૃંખલ બની કુમાર્ગે વળે છે અને અશાંતિથી પીડાય છે.
- **કુસંગ :** કુસંગથી મનુષ્યનું સર્વ રીતે પતન થાય છે. જીવન વેડફાય છે અને લાંબા કાળની નરક પીડા ભોગવવાનું સાધન એકઠું થતું જાય છે.
- **ભજન ભાવનો અભાવ :** ભજનનો અભાવ તો માનવ જીવનને જ વ્યર્થ કરી મૂકે છે.

સ્વાધ્યાય

પ્રશ્ન-૧ નીચેના આપેલા પ્રશ્નોના જવાબ આપો.

(૧) પ્રસ્તુત પાઠમાં કોની સત્ય ઘટના રજુ કરવામાં આવી છે?.....

(૨) રમેશના પિતાને કેટલા વિઘાની વાડી હતી?.....

(૩) રમેશના પતનની શરૂઆત ક્યાંથી થઈ?.....

(૪) રમેશ જુગારના અડ્ડે કેવી રીતે બંધાણી થયો?

.....

.....

(૫) રમેશે જુગારમાં અંતે શું દાવમાં લગાવ્યું?

.....

.....

(૬) જુગાર એટલે ખુવારી - કંઈ રીતે તે સમજાવો.

.....

.....

પ્રશ્ન-૨ ખાલી જગ્યા પૂરો.

(૧) માણસને .....ભાન ભુલાવે છે.

(૨) પારકી સંપતિ હરી લેવાનું પાપ .....કરાવે છે.

(૩) .....થી વાણીબળનો ક્ષય થાય છે.

(૪) .....થી માણસ મોહવશ થઈ કર્તવ્યહીન બને છે.

(૫) સમગ્ર બંધનોનું મૂળ .....છે.

(૬) .....એ જ માયા છે.

(૭) .....એ મહાપાપ છે.

(૮) .....થી બુદ્ધિ નષ્ટ થાય છે.

(૯) જુગાર એટલે .....

(૧૦) મહેનત કર્યા વિના ચોરી કરીને પાસ થવાની વૃત્તિ.....છે.

પ્રશ્ન-૩ જુગારના કારણે થયેલ પતનના ઉદાહરણો જણાવો.

દા.ત. પાંડવો

.....

.....

.....


સભા-૪૦ :કર્તા હર્તા મહારાજ છે

એકવાર મહારાજ ગઢપુરથી **વરતાલ** રામનવમીનો સમૈયો કરવા પધાર્યા હતા. એક દિવસ સાંજે **ધારુ તળાવને** કાંઠે મહારાજ સભા કરીને બિરાજતા હતા. ત્યાં ઝાડ પર કૂદતો કૂદતો **વાંદરો** આવીને બેઠો. વાંદરા સામું જોઈ કાઠી દરબારોએ મરમ કર્યો : 'મહારાજ ! રામચંદ્રની સેનામાં આવા જ વાંદરા હશે ને ! આવા વાંદરા શું હથિયાર ધરીને લડ્યા હશે ?'

મહારાજે કહ્યું : 'હા, આવા વાંદરાઓ જ **ભગવાનને પ્રતાપે** સામર્થી પામ્યા હતા. તેઓ યુદ્ધ લડ્યા હતા.'

દરબારોએ કહ્યું : 'એમ ! તો આ વાંદરા આગળ કાંઈ દૈવી પ્રક્રિયા કરી બતાવો ને !'

મહારાજે વાંદરા સામે **દૃષ્ટિ** કરી. વાંદરો તરત જ કૂદીને સભામાં આવ્યો. મહારાજને પગે લાગી, સામે બેઠો. મહારાજે તેને **માળા** આપી. **સ્વસ્તિક આસન વાળી તેણે 'સ્વામિનારાયણ' મંત્ર ઉચ્ચારતાં માળા ફેરવી. પછી કેટલીક તુલસી-રામાયણની ચોપાઈઓ વાંદરો બોલ્યો.**



આ જોઈ દરબારો બોલ્યા : 'આ તો ખરું, પણ આટલું **નાનું દેહ** વાંદરાનું, તે તેણે કેવી રીતે **ગંધમાદન** જેવો મહાન **પર્વત** ઉપાડ્યો હશે?'

ત્યાં તો મહારાજે વાંદરા સામું જોયું. સૌને દર્શન થયાં કે વાંદરાનું સ્વરૂપ **વિશાળ** થઈ ગયું. હાથમાં ગંધમાદન પર્વત ઉપાડીને આકાશમાં ઊડતો ઊડતો વાંદરો અદૃશ્ય થઈ ગયો. સૌ જોઈ રહ્યા.

આ સૃષ્ટિમાં ભગવાનની ઈચ્છા વિના પાંદડું ય હલી શકતુ નથી અને ભગવાનની ઈચ્છા-કૃપા-પ્રતાપથી તો ગમે તેવું અશક્ય કામ પણ શક્ય થાય છે માટે કર્તા-હર્તા શ્રીજી મહારાજ જ છે એમ સમજવું

सत्संग समजण विभाग

शिखा (चोटली)

હિંદુધર્મના દરેક અનુયાયીને મસ્તક પર **શિખા (ચોટલી)** રાખવાનો આદેશ વેદશાસ્ત્રો, સ્મૃતિગ્રંથો અને પુરાણોમાં આપવાનાં આવ્યો છે. યજુર્વેદમાં શિખા રાખવાનો નિર્દેશ કરતા કહ્યું છે કે,

यशसे श्रियै शिखा।

અર્થ : યશ, કીર્તિ અને કલ્યાણ માટે શિખા રાખવી જોઈએ.

મનુસ્મૃતિ વગેરે ગ્રંથોમાં કહ્યું છે કે,

सदोपवीतिना भाव्यं सदा बद्धशिखेन च।

અર્થ : હંમેશાં **'ઉપવીત'** (જનોઈ) અને **'શિખા'** ધારણ કરવા જોઈએ.



પુરાણગ્રંથોમાં કહ્યું છે કે,

गायत्री मन्त्रेन शिखा बद्ध्वा ।

અર્થ : ગાયત્રી મંત્રથી શીખા બાંધવી જોઈએ.

શિખા રાખવાથી અનેક **ફાયદા**ઓ થાય છે. આપણા શરીરમાં ચક્ષુ (બે), કાન (બે), નાક (બે), મુખ, ગુદા, જનનેન્દ્રીય એમ **નવ પ્રત્યક્ષ દ્વાર** છે. જ્યારે **દસમું** દ્વાર છે **બ્રહ્મરંધ્ર.** તે શિખાની નીચે આવેલું છે અને શિખા દ્વારા **આવૃત્ત (ઢંકાયેલું)** રહે છે. મસ્તકમાં જ્યાં વાળની ભમ્મર પડે છે ત્યાં **બ્રહ્મરંધ્ર** અને **સહસ્ત્રદળ કમળ** આવેલ છે.



શાસ્ત્રોમાં લખ્યું છે કે અંતકાળે જીવ જો આ **બ્રહ્મરંધ્ર**માંથી નીકળે તો તેને **પરમગતિ** પ્રાપ્ત થાય છે. તેનો **મોક્ષ** થાય છે. માટે આ **બ્રહ્મરંધ્રરૂપી દશમાં દ્વારની ખૂબ જાળવણી કરવી જોઈએ**. તેના પર કોઈ વસ્તુ પદાર્થનો આઘાત થાય તો તુરંત માણસ **મૃત્યુ** પામે છે અથવા **માનસિક ક્ષતિ** થાય છે અને વળી, આસુરી શક્તિઓનો દુષ્પ્રભાવ સીધો બ્રહ્મરંધ્ર પર પડે છે તેથી તેની રક્ષા માટે **આચ્છાદન (શીખા)નું આવરણ** ખૂબ જરૂરી છે. શીખા બ્રહ્મરંધ્રને ઠંડી, ગરમી અને અન્ય આઘાત-પ્રત્યાઘાતથી બચાવે છે.

વળી, જપ, તપ, ધ્યાન, હોમ, સ્વાધ્યાય વગેરે આધ્યાત્મિક સાધના કરવાથી આપણા શરીરમાં **(નાભિમાં)** પ્રચંડ ઊર્જાશક્તિ ઉત્પન્ન થાય છે તે સુષુમ્ણામાર્ગે **મસ્તિક (માથા)** સુધી પહોંચે છે અને બ્રહ્મરંધ્રરૂપી **દશમાં દ્વાર**થી **બહાર નીકળવા કોશિશ** કરે છે. જો બ્રહ્મરંધ્ર **ખુલ્લું** હોય અર્થાત્ તેના ઉપર કોઈ **આચ્છાદન** ન હોય તો તેમાંથી ઊર્જાશક્તિ સહેલાઈથી ધીરે ધીરે **સ્રવી (નીકળી)** જાય છે અને સાધકને સાધનાની કોઈ **ફળ પ્રાપ્તિ** થતી નથી માટે જ મનુસ્મૃતિમાં કહ્યું છે કે **"સ્નાન, દાન, જપ, હોમ, સંધ્યા, દેવપૂજન વગેરે સાત્વિક કર્મોમાં શિખાબંધન કરવું જોઈએ.** શીખા બંધન





કરીને કરવામાં આવતા આધ્યાત્મિક કર્મોથી મનુષ્યમાં 'ઓરાશક્તિ'નો વધારો થતો જોવા મળે છે. ટૂંકમાં, બ્રહ્મરંધ્રનું **આરક્ષણ** અને **આચ્છાદન** કરવું ખૂબ જરૂરી છે. તે માટે શીખાનો આદેશ શાસ્ત્રોએ આપ્યો છે. શીખાથી તેજ, મનોબળ, બુદ્ધિ, સૌંદર્ય, શક્તિ વગેરેમાં વધારો થાય છે. તન, મનની તાકાત પણ વધે છે અને આયુષ્યમાં પણ વધારો થાય છે.

✳ જૂના જમાનામાં ઋષિમુનિઓ, તત્ત્વવેત્તાઓ, મહાન વૈજ્ઞાનિકો અને રાજા-મહારાજાઓ પણ **માથા પર મોટી જટા** અને **મોટા વાળ** રાખતાં હતાં. જટા નિભાવવી બધા માટે સુગમ ન હોવાથી જનસાધારણ માટે વેદે **શિખા** ધારણ કરવાનો આદેશ આપ્યો છે. **સુબદ્ધ શિખાથી** જટા જેવું જ કાર્ય થઈ શકે છે.

✳ **દરેક ધર્મ**ના અલગ-અલગ **ઓળખ ચિહ્નો** હોય છે. **શિખા** એ **હિંદુ ધર્મ**નું એક મુખ્ય **ઓળખ ચિહ્ન** છે. પહેલાંના જમાનામાં શિખા કાપવી એ **મૃત્યુદંડ** સમાન માનવામાં આવતું હતું. આપણે ફક્ત **'હિન્દુ'** શબ્દ માત્રથી હિંદુ થઈ જતા નથી. હિંદુ ધર્મનું ઓળખ ચિહ્ન પણ આપણે રાખવું જોઈએ. દરેક ધર્મના અનુયાયીઓ જો પોતાનું ધર્મચિહ્ન રાખવામાં **ગૌરવ** અનુભવતા હોય તો આપણે પણ હિન્દુ ધર્મનું ઓળખ ચિહ્ન શિખા રાખવાનું ગૌરવ હોવું જોઈએ. તેમાં વળી **શરમ** કે **સંકોચ** શાનો ?

ટૂંકમાં, શિખા રાખવાથી **આરોગ્ય, મનોવિજ્ઞાન** અને **આધ્યાત્મિક** દૃષ્ટિએ ઘણાં ફાયદા છે. શિખા એ માત્ર સાધુ-બ્રાહ્મણનો ધર્મ નથી. પરંતુ **મનુષ્ય માત્રનો ધર્મ** છે. દેખાદેખી કે ફેશનના કારણે શિખાનો ત્યાગ કરવાથી આપણે ઘણું બધું ગુમાવ્યું છે અને ગુમાવીએ છીએ. **શિખા ન રાખવાથી હિંદુ ધર્મને કોઈ હાની થવાની નથી પરંતુ અંતે નુકસાન તો આપણને જ થવાનું છે.**



સ્વાધ્યાય

પ્રશ્ન -૧ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.

(૧) શ્રીજી મહારાજ ગઢપુરથી વરતાલ શા માટે પધાર્યા હતા. ?

.....

(૨) સજીવ નિર્જીવ સર્વના નિયંતા કોણ છે ?

.....

(૩) ધારુ તળાવને કાઠે શું થયું ?

.....

પ્રશ્ન-૨ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) જીવપ્રાણીમાત્રની દોરી કોના હાથમાં છે.

( ) A ભગવાનના ( ) B ઈન્દ્રના

( ) C ભવાયાઓના ( ) D બ્રહ્માના

(૨) કર્તા હર્તા એક છે, તે કોણ છે?

( ) A ઈન્દ્રદેવ ( ) B મહાદેવ

( ) C ભગવાન ( ) D બ્રહ્માજી

પ્રશ્ન-૩ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરાની (✓) નિશાની કરો.

(૧) હિન્દુ ધર્મના અનુયાયીઓને મસ્તક પર શું રાખવાનો આદેશ છે ?

( ) A - ટોપી ( ) B - શિખા ( ) C - પાઘડી

(૨) બ્રહ્મરંધ્ર ક્યાં આવેલ છે ?

( ) A - ગુજરાત ( ) B - બ્રહ્મલોક ( ) C - મસ્તક

(૩) વેદ કેટલા છે ?

( ) A - એક ( ) B - બે ( ) C - ચાર

(૪) ઉપવીત એટલે શું ?

( ) A - દોરડું ( ) B - વસ્ત્ર ( ) C - જનોઈ

(૫) સ્નાન, દાન, જપ, હોમ, સંધ્યાવંદનમાં શું કરવું જોઈએ ?

( ) A - દાન ( ) B - ધ્યાન ( ) C - શિખાબંધન

પ્રશ્ન - ૪ નીચે આપેલ વાક્ય સાચું (✓) છે કે ખોટુ (×) તે જણાવો.

(૧) વાંદરાઓ ભગવાનના પ્રતાપે સામર્થી પામ્યા હતા. ☐


(૨) વાંદરો ગીતાના શ્લોકો બોલવા લાગ્યો. ☐

(૩) ભગવાનશ્રી રામચંદ્રની સેવામાં હનુમાનજી હતા. ☐

(૪) ગંધમાદન પર્વત વાંદરાએ ઉપાડ્યો. ☐

(૫) ભગવાનની ઈચ્છા વિના સુકું પાંદડુય હલી શકતું નથી. ☐

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ



● આ વસુંધરા પર જીવનકાળ :

જન્મ : ચૈત્ર સુદ નવમી, વિક્રમ સંવત ૧૮૩૭, તા. ૩-૪-૧૭૮૧

દેહત્યાગ : જેઠ સુદ ૧૦, વિક્રમ સંવત ૧૮૮૬, તા. ૧-૬-૧૮૩૦

કુલ સમય : ૪૯ વર્ષ, ૨ માસ, ૧ દિવસ

જન્મસ્થળ : છપૈયા (અયોધ્યા પાસે), જિલ્લો - ગોંડા, ઉત્તરપ્રદેશ, ભારત.

બાળવયનું નામ : ઘનશ્યામ, હરિકૃષ્ણ

● પરિવાર-જનો :

પિતા : ધર્મદેવ પાંડે (સામવેદી બ્રાહ્મણ),

માતા : ભક્તિદેવી

મોટાભાઈ : રામપ્રતાપભાઈ,

નાનાભાઈ : ઇચ્છારામભાઈ

● સ્મરણીય બાળલીલા :

☞ ૪ વર્ષની બાળવયે છપૈયામાં **સમાધિ**નું ઐશ્વર્ય બતાવ્યું.

☞ ૫ વર્ષની વયે અયોધ્યામાં શાસ્ત્રોનું **અધ્યયન** શરૂ કર્યું.

☞ **૧૦ વર્ષની વયે** વેદાદિક તમામ શાસ્ત્રોનો સાર કાઢીને, કાશીમાં પ્રખર વિદ્વાનોની ચર્ચામાં પોતાના આગવા તાત્ત્વિક મતનું પ્રતિપાદન કર્યું.

☞ ૧૧ વર્ષની વયે વિક્રમ(આષાઢી) સંવત ૧૮૪૯, અષાઢ સુદ દશમ,

તા. ૨૯-૬-૧૭૯૨ને દિવસે **ગૃહત્યાગ** કર્યો અને ખુલ્લા પગે તથા ખુલ્લા શરીરે અખિલ ભારતની કઠિન પદયાત્રાનો પ્રારંભ કર્યો.

● સ્મરણીય ભારત-પરિભ્રમણ લીલા :

- **નીલકંઠ નામ** ધારણ કરીને સતત **૭ વર્ષ** સુધી કુલ ૧૩,૦૦૦ કિ.મી.ની પદયાત્રા, ૧૬૯ તીર્થસ્થળોની યાત્રા કરી.
- ખુલ્લા શરીરે ઠંડી, વરસાદ, ઘનઘોર જંગલોની ભયંકરતા વચ્ચે **ઉત્તર**માં હિમાલયનાં તીર્થો, તેમજ **પૂર્વ ભારત** અને **દક્ષિણ ભારત**માં છેક કન્યાકુમારી સુધી તીર્થોની યાત્રા કરી, ગુજરાતમાં **લોજ** ગામે પધાર્યા.
- **માત્ર ૧૧ વર્ષની વયે** ભયંકર શીતઋતુમાં -૩૫ ડિગ્રી ઠંડા વાતાવરણમાં, જીવન જરૂરિયાતની કોઈપણ સાધન સામગ્રી વિના, હિમાલયમાં છ મહિના સુધી **માનસરોવર**ની એકલા કઠિન યાત્રા ખેડી.
- નેપાળમાં ગંડકીના તટે હિમાલયમાં **પુલહાશ્રમ (મુક્તિનાથ)**માં અઢી માસ સુધી **એક પગે** ઊભા રહી **તપશ્ચર્યા** કરી.
- **૧૫ વર્ષની** વયે માત્ર ૧ જ વર્ષમાં **ગોપાળયોગી** નામના યોગી પાસેથી **અષ્ટાંગ યોગ** સિદ્ધ કર્યો.
- ઠેર ઠેર સામાન્ય મુમુક્ષુઓથી લઈને રાજા-મહારાજાઓ અને પ્રખર ધર્મસ્થાનોના મઠાધિપતિઓ તેમની ચુંબકીય દિવ્ય પ્રતિભાથી તેમના પ્રત્યે **આકર્ષાયા**. નીલકંઠ બ્રહ્મચારીને પોતાનાં રાજ્યો કે સ્થાનોમાં રોકવા માટે સૌએ અનેક **પ્રલોભનો** આપ્યા. છતાં, લાખોની આવક ધરાવતા **શ્રીપુર**ના મઠની મહંતાઈ, **નેપાળ**ના કાઠમંડુ તથા **બુટવાલ**ના મહારાજાઓથી લઈને અનેક રાજાઓનાં રાજવી સન્માન, પોતાની કુંવરીઓ સાથે લગ્ન કરી રાજ્ય સ્વીકારવાના મહારાજાઓના આગ્રહોને ઠેલીને નીલકંઠ અનાસક્તભાવે પરિભ્રમણ કરતા રહ્યા.
- અનેક તીર્થો, ધર્મસ્થાનો, સંપ્રદાયો અને આશ્રમોનું સુક્ષ્મ નિરીક્ષણ કર્યું. **જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ** - આ **પાંચ અનાદિ ભેદ** સંબંધી પ્રશ્નો પૂછ્યા.
- પોતાના યોગમાં આવનાર **પિબેક** વગેરે યોગભ્રષ્ટ જીવો તથા અનેક મુમુક્ષુઓને **કલ્યાણનો માર્ગ** બતાવ્યો.
- સતત **૭ વર્ષના** પરિભ્રમણ બાદ વિક્રમ(આષાઢી) સંવત ૧૮૫૬, શ્રાવણ વદ ૬ (તા. ૨૧-૮-૧૭૯૯)ના દિને પશ્ચિમ ગુજરાતમાં **લોજ ગામે** નીલકંઠની યાત્રાએ **વિરામ** લીધો. **મુક્તાનંદ સ્વામી**ના આગ્રહથી **રામાનંદ સ્વામી**ના **આશ્રમ**માં નિવાસ કર્યો.

☞ આશ્રમમાં બીજા જ દિવસે સૌ સંતો-ભક્તોના નિયમ-ધર્મની શુદ્ધિ માટે ક્રાંતિ કરી. **બાઈ-ભાઈની સભા જુદી** કરાવી. પાડોશી સ્ત્રી સાથે રસોઈ માટે થતી અગ્નિની આપ-લે માટે **ગોખલા**ને જોતાં જ તેમણે કહ્યું : **'આ દીવાલમાં નહીં, પરંતુ ધર્મમાં છિદ્ર છે.'** એમ કહીને એ ગોખલો પૂરાવ્યો.

☞ અનેક દિવ્ય ઐશ્વર્યનું દર્શન કરાવ્યું, છતાં વિનમ્રભાવે નાનામાં નાની સેવા કરી : આશ્રમના સદાવ્રત માટે ભિક્ષા માંગી, ભક્તો અને યાત્રિકો માટે રસોઈ બનાવી, ઝાડુ લઈ આશ્રમની સ્વચ્છતા કરી, માંદા સંતોની સેવા કરી, સંતોને યોગાસન શીખવ્યા. એ રીતે સેવાધર્મની પ્રેરણા આપી.

☞ વિક્રમ સંવત ૧૮૫૭, કાર્તિક સુદ એકાદશીએ (તા. ૨૮-૧૦-૧૮૦૦) **પીપલાણામાં રામાનંદ સ્વામીએ નીલકંઠને ભાગવતી દીક્ષા** આપી, **સહજાનંદ સ્વામી** અને **નારાયણમુનિ** – બે નામ આપ્યાં.

● ભગવાન સ્વામિનારાયણની સ્મરણીય લીલાઓ અને કાર્ય :

☞ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને **૨૧ વર્ષ**ની વયે **ધર્મધુરા સોંપી**. ધર્મધુરા ગ્રહણ કરતી વેળાએ તેમણે ભક્તોની સુખાકારી માટે આ **બે વરદાન માગ્યાં** અને વિશ્વના ઇતિહાસમાં **કરુણા**નું સર્વોચ્ચ દર્શન કરાવ્યું:

૧. ભગવાનના ભક્તને એક વીંછી કરડ્યાનું દુઃખ થવાનું હોય તો તેને બદલે એ દુઃખ મને રૂંવાડે રૂંવાડે થાય પણ તમારા ભક્તને તે દુઃખ ન થાય.

૨. ભગવાનના ભક્તના પ્રારબ્ધમાં રામપાત્ર (ભિક્ષાપાત્ર) લખ્યું હોય તો તે મને આવે પણ ભગવાનના ભક્ત અન્ન-વસ્ત્ર કરીને દુઃખી ન થાય.

☞ ૨૧ વર્ષની વયે **સર્વોપરી 'સ્વામિનારાયણ' મહામંત્ર** આપીને પોતાનું ભજન કરાવ્યું અને લાખો લોકોના હૃદયમાં **'ભગવાન સ્વામિનારાયણ'** તરીકે બિરાજમાન થઈ ગયા.

☞ અનેક મનુષ્યને **સમાધિ** કરાવી અને અસાધારણ ઐશ્વર્યદર્શન કરાવ્યું અને પોતાના સર્વોપરી સ્વરૂપની **ઓળખ** કરાવી.

☞ **૨૬ વર્ષ**ની વયે **૫૦૦ સંતોને** કાલવાણીમાં એક જ રાત્રિએ **પરમહંસની દીક્ષા** આપી. પોતાના જીવનકાળ દરમિયાન **૩,૦૦૦ સંતો** અને લાખો અનુયાયીઓનો સત્સંગ સમાજ તૈયાર કર્યો.

☞ ઠેર ઠેર **લોકસેવાનાં કાર્યો** કર્યાં. દુઃખીઓને ઉગાર્યા. તરસ્યાં ગામડાંઓમાં પાણીની સમસ્યા નિવારવા વાવ-કૂવા-તળાવ ખોદાવ્યાં, ભૂખ્યાઓ માટે ભોજન-સદાવ્રત શરૂ કરાવ્યાં, દુષ્કાળમાં

ઘરે ઘરે જઈ સહાય કરી. **સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ** પૂરું પાડ્યું.

- સમાજના **કુરિવાજો** જેવા કે સતીપ્રથા, બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ, લગ્નમાં ફટાણાં ગાવાના રિવાજ વગેરે બંધ કરાવ્યા.
- સ્ત્રીઓનાં સન્માન અને ઉત્કર્ષ માટે ક્રાંતિ કરી. સ્ત્રીઓનાં શિક્ષણ અને આધ્યાત્મિક પ્રગતિ માટે અલગ મંદિરોની વ્યવસ્થા કરી તેમને ગૌરવ અપાવ્યું.
- વર્ણાશ્રમ ધર્મમાં પેઠેલા સડાને દૂર કરવા નિમ્નવર્ણોને **શુદ્ધ આચરણયુક્ત** કરી ઉચ્ચવર્ણ જેવા **સંસ્કારી** કર્યા અને તેમને આદર આપ્યો.
- ધર્મમાં પેસી ગયેલ બદીઓને દૂર કરી શુદ્ધ કર્મ-પરંપરાઓનું પુનઃ સ્થાપન કર્યું. જેમ કે,
- **અહિંસક યજ્ઞો** અને **શુદ્ધ ઉત્સવો**ની પરંપરા દ્વારા વિધિ-વિધાનો અને પ્રણાલીઓની શુદ્ધિ કરી.
- **પંચવર્તમાનયુક્ત** ત્યાગીઓ બનાવી ત્યાગાશ્રમધર્મની શુદ્ધિ કરી.
- છ શિખરબદ્ધ **મંદિરો** રચી તેમાં ભગવાનની મૂર્તિની પૂજા-અર્ચનની શાસ્ત્રોક્ત રીત પ્રવર્તાવી ભક્તિ પરંપરાની શુદ્ધિ કરી. ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય સહિત ભક્તિ અર્થાત્ એકાંતિક ધર્મનું પ્રવર્તન કરી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિવાળા ભક્તો તૈયાર કર્યા.
- વેદોના રહસ્યજ્ઞાનને પોતાના ઉપદેશ વચનોમાં સરળ ભાષામાં સમજાવી આગવું **તત્ત્વજ્ઞાન** આપ્યું.
- **સાહિત્ય** અને **કલા**નું નવસર્જન કર્યું. ગુજરાતી-હિન્દી-વ્રજ-સંસ્કૃત વગેરે ભાષાઓમાં વિપુલ સાહિત્ય રચાવીને તેમણે **ભક્તિ-આંદોલન**નું મોજું પ્રસરાવ્યું.
- તેમની હયાતીમાં તેઓના ઉપદેશના ગ્રંથ **'વચનામૃત'**નું સંપાદન થયું અને તેમણે તેને પ્રમાણભૂત કર્યો.
- અનુયાયીઓનાં પવિત્ર વર્તન અને આચરણનું નિદર્શન કરતી આચારસંહિતારૂપ **'શિક્ષાપત્રી'** રચી.
- સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપન અને પ્રવર્તન દ્વારા શાંતક્રાંતિ કરી અને સમાજની નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ કરી.
- **સર્વ અવતારના અવતારી** અને **સર્વોપરી ભગવાન** તરીકે **સ્વસ્વરૂપની યથાર્થ ઓળખ કરાવી**, ગઢડામાં વિક્રમ સંવત ૧૮૮૬, જેઠ સુદ દશમ (તા. ૧-૬-૧૮૩૦), **૪૯ વર્ષની વયે** દેહલીલા સંકેલીને સ્વધામ પધાર્યા.

શ્રીજી મહારાજના જીવનચરિત્રલક્ષી પ્રશ્નોત્તર

નોધઃ નીચે આપેલા પ્રશ્નોત્તર કંઠસ્થ કરવા. ૧ થી ૭૫ પ્રશ્નો પ્રથમ પરીક્ષામાં અને ૧ થી ૧૪૦ પ્રશ્નો બીજી પરીક્ષામાં પુછાશે.

(૧) આપણા સંપ્રદાયનું મુળ નામ શું છે? **ઉદ્ધવ સંપ્રદાય**

(૨) અત્યારે આપણા સંપ્રદાયનું નામ શું છે? **સ્વામિનારાયણ સંપ્રદાય**

(૩) આપણા આરાધ્ય-ઉપાસ્ય ઈષ્ટદેવ કોણ છે? **સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ.**

(૪) ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યારે થયો હતો ? **સંવત ૧૮૩૭ ચૈત્રસુદ-નવમી (તા.૩-૪-૧૭૮૧, સોમવાર) રાત્રે દશ અને દશ મિનિટે.**

(૫) ભગવાન સ્વામિનારાયણનો જન્મ ક્યાં અને ક્યા ગામમાં થયો હતો? **ઉત્તર પ્રદેશના અયોધ્યા પાસેના છપૈયા ગામમાં.**

(૬) ભગવાન સ્વામિનારાયણની અટક કંઈ હતી ? **પાંડે**

(૭) ભગવાન સ્વામિનારાયણની જ્ઞાતિ કંઈ હતી ? **સરવરિયા બ્રાહ્મણ.**

(૮) ભગવાન શ્રી સ્વામિનારાયણના માતા-પિતાનું નામ શું હતું? **ધર્મદેવ - ભક્તિમાતા**

(૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનના માતા-પિતાના મૂળનામ શું હતુ ? **ભક્તિમાતાનું મૂળનામ બાળા અને પ્રેમવતી હતું. ધર્મદેવનું મુળનામ દેવશર્મા અને હરિપ્રસાદ હતું.**

(૧૦) ભક્તિમાતાનો જન્મ ક્યા ગામમાં થયો હતો? **છપૈયા (ઉત્તરપ્રદેશ)**

(૧૧) ધર્મદેવનો જન્મ ક્યાં ગામમાં થયો હતો ? **ઈટારપુર (ઉત્તરપ્રદેશ)**

(૧૨) ધર્મદેવના કુળદેવ કોણ હતા? **હનુમાનજી**

(૧૩) શ્રી સ્વામિનારાયણ ભગવાનના કુલ કેટલાં નામ હતા? ક્યા ક્યા ? **કુલ અગિયાર નામ હતા (૧) ઘનશ્યામ (૨) હરિ (૩) કૃષ્ણ (૪) હરિકૃષ્ણ (૫) નીલકંઠવર્ણી (૬) સરજુદાસ (૭) સહજાનંદ સ્વામી (૮) નારાયણમૂનિ (૯) શ્રીજી મહારાજ (૧૦) ન્યાલકરણ (૧૧) સ્વામિનારાયણ.**

(૧૪) ભગવાન શ્રી સ્વામિનારાયણનું ઘનશ્યામ નામ કોણે પાડ્યું હતું? **ભક્તિમાતા અને છપૈયાની સ્ત્રીઓએ.**

(૧૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના માર્કંડેય મુનિએ કેટલાં નામ પાડ્યા હતા? **હરિ, કૃષ્ણ અને હરિકૃષ્ણ.**

(૧૬) ભગવાન સ્વામિનારાયણને નીલકંઠવર્ણી કહીને કોણ બોલાવતા હતા? **જંગલના મનુષ્યો અને ઋષિમુનિઓ**

(૧૭) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સર્જુદાસ નામ કોણે પાડ્યું હતું ? **મુક્તાનંદ સ્વામી**

(૧૮) શ્રી સ્વામિનારાયણ ભગવાનના ગુરૂ રામનંદ સ્વામીએ કેટલાં નામ પાડ્યા હતા? **સહજાનંદ સ્વામી અને નારાયણમુનિ**

(૧૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનને નંદસંતો ક્યા નામથી બોલાવતા હતા? **શ્રીજી મહારાજ**

(૨૦) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું આંબાશેઠે ક્યુ નામ પાડ્યુ હતું? **ન્યાલકરણ**

(૨૧) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું 'સ્વામિનારાયણ'ના કોણે પાડ્યું હતું ? **સ્વયં-પોતે**

(૨૨) ભગવાન શ્રી સ્વામિનારાયના કેટલાં ભાઈ હતાં ? **બે ભાઈ હતા. (૧) મોટા - રામપ્રતાપભાઈ (૨) નાના-ઈચ્છારામભાઈ**

(૨૩) રામપ્રતાપભાઈના પત્નીનું નામ શું હતું ? **સુવાસિની બાઈ**

(૨૪) ઈચ્છારામ ભાઈના પત્નીનું નામ શું હતું ? **વરીયાળી બાઈ**

(૨૫) સ્વામિનારાયણ ભગવાન છપૈયામાં કેટલા વર્ષ રહ્યા હતા? **ત્રણ વર્ષ**

(૨૬) છપૈયા છોડ્યા પછી સ્વામિનારાયણ ભગવાન ક્યાં રહેવા ગયા? **અયોધ્યા.**

(૨૭) શ્રી સ્વામિનારાયણ ભગવાન અયોધ્યામાં ક્યા ક્યા મંદિરે રોજ દર્શન કરવા જતા?
હનુમાનગઢી, કનકભુવન, વિદ્યાકુંજ.

(૨૮) શ્રી સ્વામિનારાયણ ભગવાને સૌ પ્રથમ શાસ્ત્રાર્થ ક્યાં અને કોની સાથે કર્યો ? **કાશીના ગૌમઠમાં - કાશીના પંડિતો સાથે.**

(૨૯) શ્રી સ્વામિનારાયણ ભગવાનની યજ્ઞોપવિત ક્રિયા કેટલા વર્ષની ઉંમરે કરવામાં આવી હતી ? **આઠ વર્ષે**

(૩૦) શ્રી સ્વામિનારાયણ ભગવાન ઘરનો ત્યાગ કરી વનવિચરણ કરવા ક્યારે નીકળ્યા હતા?
સંવત્ ૧૮૪૯- અષાઢસુદ-દશમ (તા.૨૯-૬-૧૭૯૨) પ્રભાત સમયે.

(૩૧) શ્રી સ્વામિનારાયણ ભગવાને ગૃહત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર કેટલી હતી? **૧૧ વર્ષ, ૩ માસ, ૧ દિવસ.**

(૩૨) શ્રી સ્વામિનારાયણ ભગવાને કેટલો સમય વનવિચરણ કર્યું? **૭ વર્ષ, ૧ માસ અને ૧૧ દિવસ (આશરે-૨૫૬૨ દિવસ)**

(૩૩) શ્રી સ્વામિનારાયણ ભગવાને કેટલા દેશોમાં કેટલા કિલોમીટર વનવિચરણ કર્યું ? **૬ દેશ (ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન, બર્મા) અને ભારત ૧૪ રાજ્યોના ૧૭૦થી વધુ શહેરો અને ગામડાઓમાં અંદાજીત ૧૩,૦૦૦ કિલોમીટરની ઉઘાડાપગે મુસાફરી કરી.**

(૩૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનનું વનવિચરણ ક્યારે અને ક્યાં સમાપ્ત થયું ?
સંવત ૧૮૫૬ શ્રાવણવદ-છઠ્ઠના દિવસે લોજગામે.

(૩૫) નીલકંઠવર્ણી વનવિચરણ દરમ્યાન ક્યો પ્રશ્ન દરેકને પૂછતાં?- **જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનાં સ્વરૂપ વિષે.**

(૩૬) નીલકંઠવર્ણીને લોજમાં પ્રથમ ક્યા સંતનો મેળાપ થયો હતો? **સુખાનંદ સ્વામી**

(૩૭) મુક્તાનંદસ્વામી અને નીલકંઠવર્ણીનો મેળાપ સૌ પ્રથમ ક્યા ગામમાં થયો હતો? **લોજ**

(૩૮) શ્રી સ્વામિનારાયણ ભગવાન લોજમાં કોની આજ્ઞામાં રહ્યા હતાં? **મુક્તાનંદ સ્વામીની**

(૩૯) મુક્તાનંદસ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાનથી ઉંમરમાં કેટલા વર્ષ મોટા હતા ? **૨૩ વર્ષ**

(૪૦) મુક્તાનંદસ્વામી અને નીલકંઠવર્ણીના મિલન સમયે બન્નેની ઉંમર કેટલી હતી ?
મુક્તાનંદસ્વામી ૪૨ વર્ષ અને નીલકંઠવર્ણી-૧૯ વર્ષ

(૪૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન રામાનંદ સ્વામીને મળ્યા પહેલાં મુક્તાનંદસ્વામી સાથે કેટલો સમય રહ્યા હતા? **૧૦ માસ, ૬ દિવસ.**

(૪૨) નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામીનું મિલન ક્યારે અને ક્યા ગામમાં થયું હતું? **સંવત ૧૮૫૬ જેઠ વદ બારસે (૧૯-૬-૧૮૦૦) પીપલાણા**

(૪૩) રામાનંદ સ્વામી કોણ હતાં ? **સ્વામિનારાયણ ભગવાનના ગુરુ**

(૪૪) રામાનંદ સ્વામીનો જન્મ ક્યાં થયો હતો? **અયોધ્યા**

(૪૫) આપણો મત ક્યો છે? **વિશિષ્ટાદ્વૈત**

(૪૬) નીલકંઠવર્ણીને મહાદીક્ષા કોણે આપી? **રામાનંદ સ્વામી**

(૪૭) શ્રી સ્વામિનારાયણ ભગવાને મહાદીક્ષા ક્યા ગામમાં લીધી હતી? **પીપલાણા ગામમાં સંવત-૧૮૫૭, કારતક સુદ-૧૧**

(૪૮) શ્રી સ્વામિનારાયણ ભગવાને ગાદીનો સ્વીકાર કયા ગામમાં કર્યો હતો? **જેતપુર**

(૪૯) શ્રી સ્વામિનારાયણ ભગવાન ક્યારે ગાદીએ બેઠા? **સંવત ૧૮૫૮ કારતક સુદ-૧૧ (૧૬-૧૦-૧૮૦૧)**

(૫૦) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર કેટલા વર્ષની હતી? **૨૧ વર્ષ**

(૫૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન ગુરુ રામાનંદ સ્વામી પાસે કેટલું રહ્યા ? **૧ વર્ષ - ૫ માસ - ૧૬ દિવસ**

(૫૨) શ્રીજીમહારાજે સૌપ્રથમ દીક્ષા કોને આપી? **શીતળદાસ - વ્યાપકાનંદ સ્વામી**

(૫૩) શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા બે વરદાન પોતાના ગુરુ પાસે માગ્યા?

(૧) **હરિભક્તોને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે કોટી વીંછીના ડંખની વેદના જેટલું મને થાય પણ તમારા ભક્તોને ન થાય.** (૨) **સત્સંગી હોય તેના કર્મમાં રામપત્તર મળે એવી ગરીબાઈ લખી હોય તો તે મને મળજો પણ હરિભક્તો અન્ન વસ્ત્રે દુઃખી ન થાય.**

(૫૪) શ્રીજીમહારાજે સમાજસેવાનું સૌ પ્રથમ કયુ કાર્ય કર્યું હતું? **કારિયાણી ગામમાં તળાવ ખોદાવ્યું.**

(૫૫) શ્રીજીમહારાજે ક્યા સંતને સમાધિ નથી કરાવી? **મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી**

(૫૬) શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ક્યા ધામમાં લખી? **વડતાલમાં હરિમંડપમાં.**

(૫૭) શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય ત્રણ ગ્રંથોના નામ શું છે ? **(૧) શિક્ષાપત્રી (૨) વચનામૃત (૩) સત્સંગિજીવન**

(૫૮) શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોમાં સંપ્રદાયના મુખ્ય સંત તરીકે કોનું નામ છે ? **મુક્તાનંદ સ્વામી**

(૫૯) વચનામૃતમાં મુક્તાનંદસ્વામીના કુલ કેટલા પ્રશ્ન છે ? **૯૦**

(૬૦) સ્વામિનારાયણ ભગવાન કયા સંતની મર્યાદા રાખતા હતાં? **મુક્તાનંદ સ્વામી**

(૬૧) મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજે સદ્‌ગુરુ તરીકે ક્યા ગામમાં નીમ્યા હતા? **આદરજ ગામ**

(૬૨) શ્રીજી મહારાજે ક્યાં રસોઈયા જેવું સ્વરૂપ ધારણ કર્યું હતું? **લોયાધામ**

(૬૩) મુક્તાનંદ સ્વામીને ક્યા-ક્યા વાદ્યો વગાડતા આવડતુ હતું? **વીણા, સરોદ, યુગન નામનું મોરચંગ**

(૬૪) મુક્તાનંદ સ્વામીએ નૃત્ય દ્વારા કંકુથી શેનું ચિત્ર દોરેલુ? **ગઢપુરમાં, હાથીનું ચિત્ર**

(૬૫) મહારાજે મુક્તાનંદ સ્વામીને શું આજ્ઞા કરી હતી ? **દેહ રહે ત્યાં સુધી શાસ્ત્ર રચવાની.**

(૬૬) મુક્તાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર કેટલા વર્ષ રહ્યા? **૮૪ વર્ષ**

(૬૭) શ્રીજીમહારાજે કયાં સાડી પહેરી હતી? **લીંબલી ગામમાં સગરામ ભગતના ઘરે**

(૬૮) શ્રીજીમહારાજે સૌથી વધુ કયો ઉત્સવ કર્યો ? **રંગોત્સવ**

(૬૯) શ્રીજીમહારાજે સૌથી વધારે થાળ કોનો ગમતો? **જેતલપુરના ગંગાબા**

(૭૦) દર્શન કરવાની રીત મહારાજે કોની વખાણી? **ધરમપુરના કુશળકુંવરબા**

(૭૧) શ્રીજીમહારાજે કયા ભક્તની સેવા વખાણી? **ગુઢપુરના ઉકાખાચર**

(૭૨) શ્રીજી મહારાજના સખા ભક્ત કોણ હતા? **લોયાધામના સુરાખાચર**

(૭૩) શ્રીજી મહારાજે ક્યા ભગતની નનામી જાતે ઉપાડી હતી? **પંચાળાના જીણાભાઈ**

(૭૪) શ્રીજી મહારાજે કોનો અગ્નિ સંસ્કાર જાતે કર્યો? **ગોપાળયોગી, કરિયાણાના મીણબાઈ**

(૭૫) શ્રીજી મહારાજના હજુરી સેવક કોણ હતા? **મુળજી બ્રહ્મચારી**

(૭૬) શ્રીજી મહારાજના હજુરી સેવક પાર્ષદ કોણ હતા? **વીર ભગુજી**

(૭૭) માણકી ઘોડીની સેવા કોણ કરતુ હતુ ? **નાજા જોગીયા**

(૭૮) શ્રીજી મહારાજની ઘોડીનું નામ શું હતુ? **માણકી ઘોડી**

(૭૯) શ્રીજી મહારાજના ઘોડાનું નામ શું હતુ? **રોઝો ઘોડો**

(૮૦) શ્રીજી મહારાજનો અવાજ કેવો હતો? **ઘેરો**

(૮૧) શ્રીજી મહારાજની ચાલ કેવી હતી? **લટકંતી અને ઉતાવળી**

(૮૨) શ્રીજી મહારાજનો સ્વભાવ કેવો હતો? **અતિ દયાળુ, પર દુઃખહારી**

(૮૩) "સત્સંગની માં"નું બિરુદ કયા સંતને મળ્યુ હતુ? **મુક્તાનંદ સ્વામી**

(૮૪) મહારાજ પોતાના ગુરુ તરીકે કયા સંતને સ્વીકારતા? **મુક્તાનંદ સ્વામી**

(૮૫) શ્રીજી મહારાજના લેખક (લહીયા) કોણ હતુ? **શુકાનંદ સ્વામી**

(૮૬) શ્રીજી મહારાજે બન્ને આચાર્યોના કાંડા કોને સોપ્યા? **ગોપાળાનંદ સ્વામી**

(૮૭) શ્રીજી મહારાજે કોની સેવા સામે ચાલીને સ્વીકારી? **દિવબંદરના પ્રેમબાઈ**

(૮૮) શ્રીજી મહારાજે સખી કોને બનાવ્યા? **પ્રેમાનંદ સ્વામી**

(૮૯) શ્રીજી મહારાજે સૌથી વધારે વાર દંડવત્ કયા સંતને કર્યા? **મુક્તાનંદ સ્વામી**

(૯૦) શ્રીજી મહારાજે કયા સંતને ભાઈ બનાવ્યા? **શ્રી રામદાસ સ્વામી, શ્રી આત્માનંદ સ્વામી**

(૯૧) વૈરાગ્યમુર્તિ તરીકે કયા સંતની ઓળખ છે? **નિષ્કુળાનંદ સ્વામી**

(૯૨) શ્રીજી મહારાજ સૌથી વધારે ક્યા ગામમાં રહ્યા? **ગઢપુર**

(૯૩) શ્રીજી મહારાજે કયા અવતારની સૌથી વધારે પ્રસંશા કરી? **શ્રી કૃષ્ણ અવતાર**

(૯૪) શ્રીજી મહારાજે ક્યાં ક્યાં મોટા યજ્ઞ કર્યા હતા? **ડભાણ, જેતલપુર**

(૯૫) શ્રીજી મહારાજે સૌથી મોટો રંગોત્સવ કયાં કર્યો? **વડતાલ-જ્ઞાનબાગમાં**

(૯૬) શ્રીજી મહારાજ કોના સારથી બન્યા હતા? **ગઢપુરના દાદાખાચરના**

(૯૭) શ્રીજી મહારાજે વધારે જડક્રીડા કઈ નદીમાં કરી હતી? **ગઢપુરમાં ઘેલાનદી (ઉન્મત ગંગા)**

(૯૮) શ્રીજી મહારાજ કોની પાસે વધારે કથા કરાવતા? **નિત્યાનંદ સ્વામી, પ્રાગજી પુરાણી**

(૯૯) શ્રીજી મહારાજને કયા વસ્ત્રો વધારે ગમતા? **સફેદ (શ્વેત)**

(૧૦૦) શ્રીજી મહારાજને સૌથી વધુ પ્રિય ફુલ ક્યા હતા? **ગુલાબ, મોગરો**

(૧૦૧) શ્રીજી મહારાજે સૌપ્રથમ શિક્ષાપત્રી કોને આપી? **રાજકોટમાં સર માલ્કમને**

(૧૦૨) કાંટા વગરની બોરડી કયાં આવેલી છે? **રાજકોટમાં**

(૧૦૩) શ્રીજી મહારાજના કોઠારી કોણ હતા? **હરજી ઠક્કર**

(૧૦૪) શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં ચરણારવિંદમાં કેટલા ચિહ્ન છે ? **૧૬ ચિહ્ન છે (જમણા ચરણારવિંદમાં-૯) (ડાબા ચરણારવિદમાં-૭)**

(૧૦૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરીર પર કેટલા તિલ અને ચિહ્ન છે ? **૬૩ (ત્રેસઠ) તિલ અને પર (બાવન) ચિહ્ન છે.**

(૧૦૬) શ્રીજી મહારાજે સંપ્રદાયનું સૌપ્રથમ શિખરબધ્ધ મંદિર કયા બાંધ્યું? **અમદાવાદમાં**

(૧૦૭) સંપ્રદાયનુ સૌ પ્રથમ હરિમંદિર ક્યાં છે? **લોયાધામમાં**

(૧૦૮) શ્રીજી મહારાજે પોતાનું સ્વરૂપ કયા ધામમાં પધરાવ્યુ? **વડતાલમાં, શ્રી હરિકૃષ્ણ મહારાજ**

(૧૦૯) શ્રીજી મહારાજે પોતાના અંગો-અંગનું માપ લઈને કઈ મૂર્તિ બનાવડાવી? **ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજ**

(૧૧૦) શ્રી સ્વામિનારાયણ ભગવાને ક્યા ધામમાં પોતાનો દેહ ત્યાગ કર્યો? **ગઢપુર**

(૧૧૧) શ્રી સ્વામિનારાયણ ભગવાને કયારે પોતાના દેહનો ત્યાગ કર્યો ? **સંવત ૧૮૮૬ના જેઠ સુદ-૧૦ને દિવસે બપોરે ૧૨ કલાકે**

(૧૧૨) શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર કેટલા વર્ષ રહ્યાં? **૪૯ વર્ષ - ૨ માસ - ૧ દિવસ**

(૧૧૩) મુક્તાનંદસ્વામી કયા સ્થાનમાં રહી અક્ષરધામમાં ગયાં? **ગઢપુર**

(૧૧૪) મુક્તાનંદ સ્વામીને ગુરુ રામાનંદ સ્વામીના સૌ પ્રથમ દર્શન ક્યા ગામમાં થયા હતા? **સરધારમાં**

(૧૧૫) મુક્તાનંદ સ્વામી કેટલા વર્ષની ઉંમરે સાધુ થયા હતા? **૨૮ વર્ષ**

(૧૧૬) "શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ" આ સુત્ર કોણે-ક્યાં અપાવડાવ્યું? **મુક્તાનંદ સ્વામીએ, વડોદરાના શાસ્ત્રાર્થમાં**

(૧૧૭) અંગ્રેજોએ સુરતમાં તમામ ભુતીયા મકાનો કોને નામે લખી આપ્યા હતા? **મુક્તાનંદ સ્વામી**

(૧૧૮) શ્રીજી મહારાજના નખ ઉતારતા કયા સંતને સારુ આવડતુ હતું? **મુક્તાનંદ સ્વામી**

(૧૧૯) મુક્તાનંદ સ્વામીએ કેટલા ગ્રંથોની રચના કરી? **૩૫ જેટલા સંસ્કૃત - પ્રાકૃત ગ્રંથો**

(૧૨૦) મુક્તાનંદ સ્વામીના ગ્રંથો કેવા છે? **જ્ઞાન-ભક્તિ પ્રધાન**

(૧૨૧) મુક્તાનંદ સ્વામી વિશેષ અભ્યાસ માટે ક્યાં ગયા હતા? **ભુજ**

(૧૨૨) મુક્તાનંદ સ્વામીએ ભુજમાં કયા કયા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો? **પિંગળ શાસ્ત્ર, અલંકાર શાસ્ત્ર, સંગીત વિદ્યા, ગાંધર્વ વિદ્યા, આયુર્વેદ તથા સંસ્કૃત વેદાન્તશાસ્ત્ર**

(૧૨૩) મુક્તાનંદ સ્વામી પાસે ક્યા સંતો રહેતા? **ભણનારા વિદ્યાર્થી સંતો**

(૧૨૪) ગોપાળાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામી પાસે શું ભણ્યા? **રામાનુજગીતા ભાષ્ય**

(૧૨૫) મુક્તાનંદ સ્વામીએ કેટલા પદોની રચના કરી છે? **૧૦,૦૦૦ જેટલા કીર્તનોના પદો**

(૧૨૬) આપણા ગુરુજીનું નામ શુ છે? **પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રીજી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**

(૧૨૭) આપણા ગુરુજી કયા સ્વરૂપની સેવા કરે છે? **આદિગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામી સેવીત શ્રી ઠાકોરજી મહારાજ**

(૧૨૮) આપણા ગુરુજી આ પૃથ્વી પર ક્યારે પધાર્યા? **૨૬-૭-૧૯૫૮, શનિવાર (અધિક શ્રાવણ સુદ એકાદશી)**

(૧૨૯) આપણે કયા નંદસંતની પરંપરાના છીએ? **સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી**

(૧૩૦) આપણા દાદાગુરુજીનું નામ શું છે? **સદ્‌ગુરુ શ્રી નંદકિશોરદાસજી સ્વામી**

(૧૩૧) પૂજ્ય ગુરુજીએ પ્રથમ પ્રવચન કયાં કર્યું હતું? **વડતાલમાં સભામંડપમાં**

(૧૩૨) પૂજ્ય દાદાગુરુજીએ પુજ્ય ગુરુજીને નવાવર્ષે શું ભેટ આપી હતી? **ઉર્ધ્વરેખાના સ્પષ્ટ દર્શન થતા પ્રસાદીના ચરણારવિંદ**

(૧૩૩) પૂજ્ય દાદાગુરુજીએ આપેલા પ્રસાદીના ચરણારવિંદ ગુરુજી કયાં રાખે છે? **પોતાની પૂજામાં**

(૧૩૪) પૂજ્ય ગુરુજીને રાજી કરવા બાળકોએ શું કરવું ? **નિયમિત બાળસભામાં જવું, ભક્તિ કરવી, અભ્યાસ બરાબર કરવો, સાચા સત્સંગી બનવું. માતા-પિતા-વડીલોને આદર આપવો, કુસંગ ન કરવો.**

(૧૩૫) મનુષ્ય જન્મનો હેતુ શું છે? **કોઈપણ ભોગે ભગવાનને પામી જ જવું**

(૧૩૬) આપણે કોનુ બળ રાખવું ? **ભગવાન અને સદ્‌ગુરુ સંતોનું બળ રાખવુ.**

(૧૩૭) સત્સંગમાં કેવી રીતે રહેવાનુ છે? **દાસના દાસ થઈને**

(૧૩૮) મહારાજ અને ગુરૂજી ક્યારે રાજી થાય? **મહારાજ અને સંતો ભક્તોને રાજી કરીએ તો.**

(૧૩૯) સંતો ભક્તો આપણા પર કેમ રાજી થાય? **તેમની આજ્ઞામાં રહીએ તો, સારુ વાણી-વર્તન રાખીયે તો.**

(૧૪૦) આપણામાં ભગવાનનું બળ ક્યારે આવે? **સંતોનું બળ રાખીયે, ભગવાનની આજ્ઞા પાળી, ભગવાનનું ભજન કરીએ ત્યારે.**

(૧૪૧) લોયાધામના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શુ છે : **બાલુડા શ્રી ઘનશ્યામ મહારાજ**

(૧૪૨) લોયાધામ કંડારીના શ્રી ઘનશ્યામ મહારાજનું નામ શુ છે **: વાલીડા શ્રી ઘનશ્યામ મહારાજ**

(૧૪૩) લોયાધામ ન્યુજર્સીના શ્રી ઘનશ્યામ મહારાજનુ નામ શુ છે **: પીયુડા શ્રી ઘનશ્યામ મહારાજ**

વિશેષ મુખપાઠ

સુચન :- સંચાલકોએ નીચે આપેલ "શ્રી હરિચરિત્રામૃતસાગર"ની કડીઓ સ્વયં ગાય - બાળકો પાસે ગવડાવી કંઠસ્થ કરાવવી

સોરઠા

૧. હરિકે દાસ હિ દાસ, તિનકે દાસ હોઈ કર ।
છલ કપટ કરના નાશ, વર્તના શુદ્ધ હોઈ કર ॥
૨. હરિ તવ ચરન હિ પાસ, નિવાસ અખંડ મોય દિજીયે ।
તવ દાસન કે દાસ, મતિ રહે શુભ સદાય મમ ॥
૩. તુમારે ચરન બિન ઓર, મતિ ન રહે અબ કોહુ મહિ ।
યે હિ પ્રાર્થના મોર, માગત હું કર જોરિ કર ॥
૪. સંત રુ હરિજન માંહિ, મુક્ત ભાવ જેહિ ઉર રખત ।
આદુનિ મુક્ત હો જાંહિ, ઐસો પ્રતાપ હે સમજુહુકો ॥
૫. જો જો ભયે અવતાર, સબ કે મૂર સો પ્રગટ યેહિ ।
યૂં કરના નિરધાર, ઇનસે અધિક ન ભયે કોઈ ॥
૬. અક્ષર આદિક મુક્ત, તાકું જાન ન પરત કબુ ।
ઐસે સામ્રથ જુક્ત, શ્રીહરિકું કુંન લખ સકે ॥
૭. સબ કારન અવતાર, શ્રીકૃષ્ણકું કહત સબ ।
તિનસે દેખે પાર, ધર્મકુંવર ઘનશ્યામકું ॥
૮. સંત મિલે તબ હરિ મિલે, યામે નહિ સંદેહ ।
પાવત પ્રાની પરમપદ, બઢત હે પ્રભુપદ નેહ ॥
૯. સંત કૃપા તે હોત હે, પામર પરમ પુનિત ।
જ્યું કીટ હોત હે ભ્રમ સમ, સેવત દૃઢ કરી પ્રીત ॥
૧૦. સકલ અર્થ સિદ્ધ હોત હે, સંત સમાગમ પાય ।
સંત કૃપા પ્રસાદ તે, સકલ દોષ દુઃખ જાય ॥
૧૧. શ્રીહરિ બોલત ભયે, સુનિયે સંત સુજાન ।
સંત સમૂહમેં રહિવો, એહી હે પરમ કલ્યાન ॥
૧૨. થોરે પુન્ય ન મિલત હે, સંત સમાગમ એહિ ।
અનેક જન્મકે પુણ્યસે, પ્રાપ્ત હોત હે તેહિ ॥
૧૩. નારાયણ બોલત ભયે, સુનો નર તુમ ભ્રાત ।
અવતાર અનંત હિ ભયે, એસી ન સુનિ કોઉ બાત ॥
૧૪. અવતાર અનંત કારન, યહ અક્ષરપતિ અવિનાશ ।
શ્રીપુરુષોત્તમ પ્રગટે, અધર્મ કે કરન નાશ ॥
૧૫. ધન્ય ભાગ્ય વિન હોત નહિ, સંત હરિજન કી સેવ ।
દુર્લભ મેં દુર્ભલ યહ, નિશ્ચે હમ જાને એવ ॥










ચોપાઈ

૧૬. દયા નેહ ભર પૂરિત નેના, પર ઉપકાર કરત દિનરેના ।
નિજ ગુન ગિરિ સમ અણું કરી જાને, પર ગુન અનુ પર્વત કરી માને ॥
૧૭. કરી પ્રીત કોઉ ભોજન કરાવે, તા કર સંસૃતિ રહન ન પાવે ।
પૂજત સાધુ કરી વિવેકા, લહત પરમ પદ સો હમ દેખા ॥
૧૮. મોરે ભક્ત હૈ મોરે પ્રાના, તિનકું તેસે કરી મે માના ।
ભક્ત કે મે સદા આધીના, ભક્ત મોય તેહિ બાંધીકે લીના ॥
૧૯. મુક્તમુનિકું કહે બર્નીરાયા, ધ્યાન કરિયે ગુરુ કો સુખદાના ।
ગુરુ કો મહિમા હે અતિ ભારી, ગુરુગીતા મેં કહ્યો ત્રિપુરારી ॥
૨૦. ગુરુકી મૂર્તિ કહે ધ્યાન કો મૂલા, પૂજા ગુરુપદ કહે અમૂલા ।
મંત્ર કો મૂલ કહે ગુરુકી બાની, મોક્ષ કો મૂલ ગુરુકૃપા કહે ગ્યાની ॥
૨૧. સત્પુરુષકો બચન જોઉ, બ્રહ્માંડ ફિરે યહ ફિરે ન સોઉ ।
ઐસે દૃઢ રખિ વિસવાસા, અનન્ય દૃઢ હોના હરિદાસા ॥

લોયાધામ મહિમા

'तरन्ति अनेन इति तीर्थः' જેનાથી ભવસાગર તરી શકાય તેને **તીર્થ** કહેવાય છે. લોયાધામ ભવસાગર પાર કરવાની નૌકા છે. **મોક્ષનું ધામ છે.** તેના દર્શન કરવાથી, જાત્રા કરવાથી જન્મ-જન્માંતરના પાપ નાશ થાય છે ને મોક્ષ મળે છે. કેમકે જ્યાં શ્રીજીમહારાજ અને પાંચસો પરમહંસો રહ્યાં છે, બેઠાં છે, ફર્યા છે, નાહ્યાં છે, રમ્યાં છે, જમ્યાં છે, જમાડ્યા છે અને અનેકવાર પધારી અનેક લીલાઓ કરી છે. આ ભૂમિના કણ-કણ પ્રસાદીના છે. આ પવિત્ર ભૂમિ અક્ષરધામ તુલ્ય છે.



શ્રીજીમહારાજના સ્વમુખના શબ્દો નોંધતા નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જિયાં જિયાં અમે વિચર્યા,
વળી રહ્યાં જે જે ગામ;
તે જરૂર જન જાણજો,
સર્વે થયા છે સ્વધામ.
તિયાં પ્રાણી કોઈ તન તજે,
જાણ્યા વિના એહ જાગ્ય;
કહ્યાં ન જાય વળી કોઈથી,
એવા ઉઘડિયાં એના ભાગ્ય.
ચરણે અંકિત જે અવનિ,
વળી પદની સ્પર્શેલ રજ;
તે જોતાં ન જડે જાણજો,
જેને ઇચ્છે છે ઈશ્વર અજ.

(પુરુષોત્તમપ્રકાશ-૪૪/૨-૩-૪)

લોયાધામમાં **સુરાખાચર**ના નિખાલસ ભક્તિભાવ અને સખાભક્તિને વશ થઈને સ્વયં પ્રભુ **'રસોયા'** બન્યા છે. ને પોતાના હાથે રીંગણનું શાક બનાવીને સંપ્રદાયનો અદ્વિતીય અને અનોખો **'દિવ્ય શાકોત્સવ'** કર્યો છે. દરબારગઢના આંગણે શ્રીહરિએ કહેલા **'ઉપનિષદ્‌સમા ૧૮ વચનામૃતો'** ના શબ્દો આજે પણ ગુંજારવ કરે છે.

● સંપ્રદાયના ઐતિહાસિક પ્રસંગોની શુભ શરૂઆત પ્રથમવાર લોયાધામમાં :


- સંપ્રદાયનું સર્વપ્રથમ હરિમંદિર લોયાધામમાં
- સંપ્રદાયમાં સૌ પ્રથમવાર ગાદી સ્થાપના લોયાધામમાં.
- શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથની સૌ પ્રથમવાર પારાયણ લોયાધામમાં.
- તિલક-ચાંદલાની સૌ પ્રથમવાર વ્યવસ્થિત શરૂઆત લોયાધામમાં.
- ધર્મકુળનું સૌ પ્રથમવાર મિલન લોયાધામમાં.
- માણકી ઘોડી સૌ પ્રથમવાર લોયાધામમાં.
- મૂળી મંદિરના રાધાકૃષ્ણદેવ સૌ પ્રથમવાર લોયાધામમાં.











- પરાવાણી સ્વરૂપ વચનામૃત ગ્રંથનું પ્રથમવાર વિમોચન લોયાધામમાં.
- સંપ્રદાયમાં અદ્વિતીય શાકોત્સવની શરૂઆત લોયાધામમાં.

● પ્રસાદીના સ્થાનો :

દરબારગઢ, પરમહંસોના ઉતારા, મુક્તરાજ લીંબવૃક્ષ, પ્રસાદીની ચુલ, પ્રસાદીનો પટારો, તલવાર, પ્રસાદીનું સૌ પ્રથમ હરિમંદિર, સિંહાસન, પ્રસાદીના ઠાકોરજી, ૪૦ ચરણારવિંદ અંકિત ગોદડી, પાતાળિયો કુવો, સંગમ કુવો, સુખભાદર નદી, ક્ષુદ્રનદી, ધર્મકુળ મિલનનો ઓટો, પ્રસાદીની વાડી, ખીજડા, દાતણ, થાંભલી, પ્રસાદીનું શિવ મંદિર, ભાળીયો કુવો, અંતાક્ષરી છત્રી, પ્રસાદીનું મંદિર (નાગડકા) પ્રસાદીનાં પાયા વગેરે...

આવું અતિ પ્રસાદીનું સ્થાન એટલે

''આપણું લોયાધામ''

જ્યાં ઠાકોરજી મહારાજ સર્વોપરી ભગવાન
મુક્તાનંદસ્વામી સર્વોપરી સંત.
લોયાધામ સર્વોપરી તીર્થધામ,
શાકોત્સવ સર્વોપરી ઉત્સવ.
નૂતનમંદિર સર્વોપરી મંદિર.

આવાં પરમપવિત્ર **લોયાધામની સેવા** પરમ પૂજ્ય ગુરુજીને **ઈ.સ. ૧૯૯૮**ની સાલમાં **અખાત્રીજ**ના દિવસે મળી. અત્યારે લોયાધામમાં કરોડો રૂપિયાના ખર્ચે સફેદ આરસનું ભવ્ય-ગગનચુંબી **સર્વોપરી મંદિર** બની રહ્યું છે. ગુરુજી સ્વયં તેની અંગત દેખરેખ રાખે-રખાવે છે. આ લોયાધામની સેવા કરવાનો અમૂલ્ય અવસર આપણને પણ પ્રાપ્ત થયો છે તે આપણાં બહુ મોટાં ભાગ્ય છે. ગુરુજી ઘણીવાર કહે છે : **'આપણે તો લોયાધામના બળદિયા છીએ.'** ગુરુજી એ આપેલ આ સૂત્ર આપણે પણ આપણા જીવનમાં ઉતારીએ અને તન-મન-ધનની લોયાધામની સેવા કરીએ !!











લોયાધામ પરિવારમાં મોક્ષ પાક્કો



વ્હાલા બાળમુક્તો ! તમે જાણો છો ? લોયાધામ પરિવારનાં આરાધ્ય ઉપાસ્ય ઇષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનું પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ **આદિ ગુરુદેવ શ્રી મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ છે. પરમ પૂજ્ય ગુરૂજી આ પ્રસાદીના ઠાકોરજી મહારાજની પ્રતિદિન ખૂબ જ ભાવથી સેવા કરે છે તે લાડ લડાવે છે.**

પરમ પૂજ્ય ગુરુજી ઘણીવાર કહે છે : લોયાધામ એ આપણો એક **દિવ્ય પરિવાર** છે. શ્રીજીમહારાજ આપણાં પિતા છે અને મુક્તાનંદસ્વામી આપણી **'સગી માં'** છે. સૌ સંતો-ભક્તો આપણાં સાચા સગાં છે. તેમની સાથે સંપ-સુહૃદભાવને એકતાથી રહેવું ને દેહ ને દેહના સંબંધી જેવી **આત્મબુદ્ધિ** કરવી.

તો બાળમિત્રો ! ચાલો, આ પાઠમાં આપણે આપણાં **'લોયાધામ પરિવાર'** અને તેની સંસ્થાઓ અને કાર્યો વિષે જાણીશું !!

લોયાધામ પરિવાર અને તેની શાખાઓ





(૧) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ગુજરાત
(૨) શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ લોયાધામ-કંડારી
(૩) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-વડોદરા
(૪) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-નાવલી
(૫) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-સુરત
(૬) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ન્યુજર્સી (યુ.એસ.એ.)
(૭) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-મેકન (યુ.એસ.એ.)
(૮) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-ફ્લોરિડા (યુ.એસ.એ.)
(૯) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-કેનેડા
(૧૦) શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ-લંડન (યુ.કે.)

(૧૧) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-મુંબઈ
(૧૨) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-આસ્ટ્રેલીયા
(૧૩) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-ન્યુઝીલેન્ડ
(૧૪) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-આફ્રિકા
(૧૫) શ્રી સ્વામિનારાયણ પરિવાર લોયાધામ-જર્મની

વ્હાલા બાળકો ! લોયાધામ અને તેની તમામ સંસ્થાઓ અને તેની સાથે જોડાયેલા તમામ હરિભક્તો **'લોયાધામ પરિવાર'** તરીકે ઓળખાય છે.

(૧) મુખ્ય સંસ્થાનું નામ : લોયાધામ
(સુરેન્દ્રનગર-ગુજરાત-ભારત)

(૨) આરાધ્ય ઉપાસ્ય : ભગવાન શ્રી સ્વામિનારાયણનું અર્ચાસ્વરૂપ મુક્તમુનિ સેવિત શ્રી ઠાકોરજી મહારાજ

(૩) આદિગુરુદેવ : સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

(૪) પ્રગટ સત્પુરુષ : પરમ પૂજ્ય ગુરુજી

(૫) ટૂંકો પરિચય : સનાતન હિન્દુ વૈદિક સંસ્કૃતિના મૂલ્યોનું સંરક્ષણ-સંપોષણ અને સંવર્ધન કરતી સંસ્થા. - નાત-જાતના ભેદભાવ વિના નિ:સ્વાર્થભાવે સૌના કલ્યાણમાં રત, આધ્યાત્મિક અને સામાજિક સંસ્થા.

(૬) સ્થાપના : લોયાધામની સ્થાપના ઓગણોતેરા કાળ (વિ.સં. ૧૮૬૯)માં શ્રીજીમહારાજે ગુરુદેવ મુક્તમુનિ અને ભણનારા ૬૦ સંતોને લોયા મુક્યા ત્યારથી થઈ. આ ધામની સેવા કરવાનો અવસર પરમ પૂજ્ય ગુરુજીને ઈ.સ. ૧૯૯૮-અખાત્રીજના દિવસથી મળ્યો.

(૭) મુખ્ય સિદ્ધાંત :

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा।
(શિક્ષાપત્રી-૧૧૬)

(૮) મૂળ સમજણ : શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન. સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી અનાદિ મુક્તોમાં મુખ્ય અને સત્સંગની **'માં'** અને સર્વોપરી સંત, સત્પુરુષ લોયાધામનાં પ્રાણ. દાસના દાસ થઈ, સંતો ભક્તો સાથે સંપ-





















સુહૃદભાવ એક્તાથી રહેવું. દિવ્યભાવ મહિમા રાખી સેવા કરવી, ભજન ખૂબ કરવું.

(૯) ઉદ્દેશ : આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ.

(૧૦) મુખ્ય શાસ્ત્ર : વચનામૃત, શિક્ષાપત્રી, નંદસંતોના ગ્રંથો

(૧૧) સૂત્રો : 'આપણે સૌ લોયાધામના બળદિયા.' આપણને મહારાજે લોયાધામની સેવા આપી છે. આપણને મહારાજે મુક્તાનંદીય ગુરુ પરંપરાની સેવા સોંપી છે.

લોયાધામ પરિવાર સાથેના જોડાણથી થતો લાભ :

- સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની શુદ્ધ સમજણ અને સર્વોપરી ઉપાસનાની સમજણ પ્રાપ્ત થાય છે.
- જીવનનું અંતિમ લક્ષ્ય ભગવાન છે તે સમજાય છે. તેમને પામવા માટે આત્મા-અનાત્માની ચોખ્ખી સમજણ પ્રાપ્ત થાય છે.
- સંતો સાથેના સંપર્કને કારણે કુસંગથી રક્ષા થાય છે. જીવન નીતિમત્તાભર્યું પ્રામાણિક બને છે ને સમાજમાં ગૌરવ મળે છે.
- જીવનમાં સુખ-શાંતિ અને આનંદ આવે છે ને સંતોષભર્યું જીવન જીવવાની દૃઢતા થાય છે.
- બાળ-કિશોર અને યુવા મંડળો અને ઘરસભા, સત્સંગસભાના કારણે ઘર પરિવારમાં અને સંતાનોમાં સંસ્કાર જળવાય છે. નૂતન ચારિત્ર્ય નિર્માણ થાય છે. કુસંગમુક્ત, વ્યસનમુક્ત જીવન બને છે.
- શિક્ષાપત્રી આદિક શાસ્ત્રોના પાલનથી વિષય, વ્યસન ને વહેમ ટળે છે, આર્થિક પ્રશ્નો ને ધંધાકીય પ્રશ્નો ઘટે છે.
- સંતો-ભક્તોના હૂંફ-બળ અને માર્ગદર્શનથી જીવનમાં આવતી સમસ્યાઓનું સમાધાન મળે છે. જીવનમાં નવી ઊર્જાનો સંચાર થાય છે.
- પ્રગટ સત્પુરુષનું દિવ્ય સાનિધ્ય પ્રાપ્ત થવાથી ભગવાન સાથેના જોડાણની અનુભૂતિ થાય છે.

– સત્પુરુષનો રાજીપો મળતાં જીવન દરમિયાન આનંદ અને મૃત્યુ બાદ પણ અક્ષરધામમાં ભગવાનનું અખંડ સુખ મળે છે.

ખરેખર, લોયાધામ પરિવાર સાથે જોડાવવું એ બહુ જ મોટા ભાગ્યની વાત છે. માટે ક્યારેય નાના-મોટા સુખો-દુઃખો આવે, કે અપમાન થાય કે ઉપેક્ષા થાય તો પણ ભગવાન ને ભગવાનના સંતોનો સમાગમ છોડવો નહિ. દાસના દાસ થઈ લોયાધામના બળદિયા બનીને રહેવું.

લોયાધામ પરિવારનાં સભ્યોનું કર્તવ્ય :

– આપણી મુક્તાનંદીય ગુરુપરંપરાના સદ્‌ગુરુઓના જ્ઞાનને ઊંડાણથી સમજીને તેની જીવનમાં દૃઢતા કરવી.

– લોયાધામ પરિવારના તમામ સંતોના સદ્‌ગુણો અને કાર્યોની જાણ હોવી અને કોઈ બે સંતો સાથે વ્યક્તિગત સંપર્કમાં રહેવું.

– લોયાધામની તમામ સંસ્થાઓના કાર્યોથી વાકેફ રહેવું.

– આપણા યોગમાં આવનાર મિત્રો આદિક તમામને શ્રીજી મહારાજ, મુક્તાનંદ સ્વામી, ગુરુપરંપરા ને સંસ્થાના મહિમાની વાતો કર્યા જ કરવી.

– મિત્રો આદિકને લોયાધામ પરિવાર સાથે જોડવાં. મંદિરમાં લાવવાં, સમૈયા-ઉત્સવમાં લાવવાં અને સંતો સાથે પરિચય કરાવવો.

– સાંપ્રદાયિક-બિનસાંપ્રદાયિક ને અન્ય સંસ્થાઓના અનુયાયીઓ સાથે આવકારભર્યો મીઠો વ્યવહાર કરવો, વાણી-વર્તન, નમ્ર અને નિર્મળ રાખવા.

– પોતાનું જીવન પ્રામાણિક રાખવું અને નિઃસ્વાર્થભાવે, પક્ષપાત વિના સૌને અપનાવવા ને સામેવાળાનું હિત થાય તેવું જ ચિંતવન કરવું.



















સંસ્થાની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ


- ૫૦ જેટલા સ્ત્રી-ધનના ત્યાગી સુશિક્ષિત સાધુતાવાન સંતો દ્વારા દેશ-વિદેશમાં સત્સંગ પ્રચાર.
- હજારો સ્ત્રી-પુરુષોનો એકાંતિક વર્ગ
- અનેક ઉત્સવો, પારાયણો, બ્રહ્મસત્રો, ગામડે-ગામડે કથાવાર્તા, બાળસભા, યુવાસભા વગેરે.
- શિક્ષણ સાથે સંસ્કાર આપતી ગુરુકુળ સંસ્થાઓ દ્વારા અનેકવિધ આયોજનો.
- મંદિરો બાંધવા, મંદિર જીર્ણોદ્ધાર વગેરે.











સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓ

ગૌસેવા અને ગૌશાળાઓ, ગામડે તળાવ બાંધવા, હોસ્પિટલ બાંધવી, સ્કૂલો બાંધવી, વ્યસનમુક્તિ અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ, ભૂકંપ રાહત સેવા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિમાં સેવાકાર્યો, ફૂડપેકેટ વિતરણ, ઘાબળા વિતરણ, અન્નક્ષેત્ર, સદાવ્રત, ગરીબ બાળકોને નિઃશુલ્ક વિદ્યાદાન, શાળા-છાત્રાલયો દ્વારા લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ સેવા વગેરે.

દુષ્કાળ, પૂર, હોનારત, વાવાઝોડું વગેરે આપત્તિઓમાં પીડિતોને સેવા.



પરમ પૂજ્ય ગુરુજી કહે છે

મારા નાથનું વહાલું, વહાલું, વહાલું.
લોયાધામ, લોયાધામ, લોયાધામ !

આપણને મહારાજે આ લોયાધામ અને મુક્તાનંદીય સદગુરુ પરંપરાની સેવા કરવા માટે જ અહીંયા રાખ્યા છે. એમાં જ મારું કલ્યાણ છે. પૂર્ણકામપણું છે, હું કૃતાર્થ થયો છું એમ માનવું !!!

કરોડ જન્મના પુણ્યે પણ આ લોયાધામની સેવા મળે નહિ તે ભગવાનની ને મોટા સદ્‌ગુરુઓની કૃપાથી આપણને મળી છે. હવે લોયાધામના બળદિયા થઈને રેવું. લોયાધામની સેવા એટલે સાક્ષાત્ શ્રીજી મહારાજની સેવા !! લોયાધામની સેવાથી અક્ષરધામ પાક્કુ !!!

લોયાધામની સેવા એ જ મારા માટે ભક્તિ અને મુક્તિ છે અને એજ મારું લક્ષ્ય છે એમ જીવમાં દૃઢ કરવું !!!

સંસ્કારી બાળક


નિત્ય પૂજા


આરતી


નિયમિત બાળસભા


રાજીપો


સંત સમાગમ


માતા-પિતાને વંદન


આત્મીયતા


અભિનય


માનસીપૂજા


ભજન ભક્તિ


નિયમિત અભ્યાસ


પ્રવચન


પ્રભુપ્રેમ


સત્પુરુષનો સંગ

INDEX



આપણું લક્ષ્ય અયોધ્યા

